વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૭મું
જાન્યુઆરી - ૨૦૨૨
અંક - ૫૨૪



# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




## ચલી... ચલી... રે પતંગ મેરી ચલી... રે...

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6001, 4890 6002, 4890 6003, 4890 6004
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kutchijainahd.org

તંત્રી મંડળ :
પ્રતાપ નારણજી દંડ - મુખ્ય તંત્રી
દિનેશ આર. મહેતા - સહતંત્રી

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વયસ્ક સમિતિ

## તા. ૨૫-૧૧-૨૦૨૧ના રોજ યોજાયેલા કાર્યક્રમની તસવીરી ઝલક



ડૉ. ભાવેશ પારેખ (ડાબી તરફ)નું બહુમાન...
વચ્ચે નવનીત ઠાકરશી, પ્રતાપભાઈ દંડ, રજનીકાંત પારેખ



ડૉ. શિલ્પાબેન તોશનીવાલ (ડાબી તરફ)નું બહુમાન કરતા
રેવંતીબેન ગોસર



ડૉ. હિમાંશુ શાહ (જમણી તરફ)નું
બહુમાન કરતા રમણિકલાલ ગોસર



કેનેરા બેંકના ચીફ મેનેજર શ્રી પ્રશાંત સર (ડાબી તરફ)નું
બહુમાન કરતા કે. ડી. શાહ



સાઉન્ડ લાઇફ સ્પીચના ઉમેદ ચૌહાણ (ડાબી તરફ)નું
બહુમાન કરતા ડૉ. હિમાંશુ શાહ



ભદ્રાબેન વાઘેલા (ડાબી તરફ)નું
બહુમાન કરતા પ્રભાબેન વીરા



કોકિલાબેન ભોગીલાલ કોરડિયા (ડાબી તરફ)નું
બહુમાન કરતા લક્ષ્મીબેન વીરા



રાહુલ સંઘવી (ડાબી તરફ)નું
બહુમાન કરતા લક્ષ્મીચંદ વીરા

છેલ્લા ૪૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૪
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**સહ તંત્રી**

**દિનેશ આર. મહેતા**

**મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**
- સાઈબર ક્રાઈમના જોખમોને ટાળવા અત્યાધુનિક ટેકનોલોજીની આવશ્યકતા ..... **દિનેશ આર. મહેતા** ..... ૫
- આગામી કાર્યક્રમોની એક ઝલક... ..... ૬
- પુષ્પાંજલિ : સ્વ. મૂળજી નરશી લોડાયા... ..... ૭

**દીપશીખા**
- પરિશ્રમનો મહિમા ● સમયનું મૂલ્ય ..... **ભરત અંજારિયા** ..... ૮

**સ્તુતિ**
- પ્રાર્થના ..... **હરજીવન રંગપરિયા** ..... ૯

**પ્રાસંગિક**
- આપણા દેશનું બંધારણ ..... **જસ્મીન દેસાઇ 'દર્પણ'** ..... ૧૦
- પતંગની વાતો અને તેનો ઈતિહાસ ..... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૧૧

**કથા ચરિત્ર**
- ઐતિહાસિક એરણે : રામભક્ત શબરી ..... **ચંદ્રકાંત પટેલ 'સરલ', સાહિત્યકાર** ..... ૧૩
- નેપથ્યમાં 'નાગરાઇ!' ..... **જગદીશચંદ્ર ચં. છાયા 'શ્રેયસ'** ..... ૧૬

**ગુલશન (ચાલુ શ્રેણી) (મણકો-૧૪)**
- સદાબહાર કવયિત્રી : પ્રજ્ઞા વશી ..... **ચંદ્રકાંત પટેલ 'સરલ', સાહિત્યકાર** ..... ૧૭

**નારી ગૌરવગાથા (ચાલુ શ્રેણી) (મણકો-૧૦)**
- કન્યા કેળવણીની જ્યોત જલાવનારા શિક્ષિકા : શોભનાબેન વ્યાસ ..... **રાકેશ પટેલ** ..... ૨૦

**સુમિરે... બલબીરા, સ્મૃતિપટ પર સંભારણાં** (સંકલન : બલવીરસિંહ જાડેજા)
- વાંસદાના મહારાજા સાથે અનુભવની ખાટી મીઠી વાતો ..... **જિતેન્દ્ર વી. શાહ** ..... ૨૧
- રીતરિવાજો નિભાવીને પણ જનસેવા થઇ શકે : વિંઝાણના ગં.સ્વ. મયાકુંવર બા ..... **ડૉ. પૂર્વી ગોસ્વામી** ..... ૨૨

**સંસ્થા / વ્યક્તિ વિશેષ**
- ગાંધીજીએ હિંદી ભાષાને 'એકતાની ભાષા' કહી છે ..... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૨૪
- ગાંધીના ગૌરવવંતા ગોવાળિયાઓ ..... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૨૫
- ખોવાયેલી લોકકલાની મધુરી માવજત : જોરાવરસિંહ જાદવ ..... **રતિલાલ સાં. નાયક** ..... ૨૭
- ગીત - ગઝલનું ઉન્નત શિખર : રમેશ પારેખ ..... **રમેશ પટેલ** ..... ૩૦

**યાત્રા**
- જાતરા ..... **એમ. ડી. સોલંકી** ..... ૩૨

**સાહસ**
- મારી – તમારી વાત ..... **ડૉ. અલ્કા સુનીલ શાહ** ..... ૩૫

**નિબંધ**
- પગપાળા - જાત્રા ..... **ભૂપતરાય ઠાકર 'ઉપાસક'** ..... ૩૬

**સ્વાસ્થ્ય**
- મને વારંવાર માથાનો દુ:ખાવો (માઇગ્રેન) થાય છે–(૫) ..... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૩૭
  સારવાર ..... **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

**નજરાણું**
- સાંજની ટ્રેન અને.... ● ઊંઘ ..... **ચંદ્રકાંત પટેલ 'સરલ', સાહિત્યકાર** ..... ૩૯

**સંગાથ**
- ઢળતી સંધ્યાનો સૂર્યોદય ..... **મિતેશ રાઠોડ** ..... ૪૦

**જીવન સાફલ્ય**
- અહંકાર અને અભિમાન ..... **હરીશ પંડ્યા** ..... ૪૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હીરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


**કામધેનુ**
● ગાય માતૃ દેવો ભવઃ – (૧)............................ **સૌજન્ય : મનસુખભાઈ સુવાગિયા**..... ૪૨
**સંપાદન : મહેન્દ્રભાઈ જોષી, પ્રમુખ : લોકસાહિત્ય સેતુ, અમરેલી**

**સપ્તપદી**
● તમામ પગલા સાથે સાથે... ........................................ **રમીલા મહેતા**..... ૪૩

**નવલિકા**
● કોરોનાંતિકા.......................................... **પ્રભુદત્ત ભટ્ટ**..... ૪૫
● અમે ઉડણ ચરકલડી રે.... .................................**નટવર આહલપરા**..... ૪૮

**સૃષ્ટિ**
● પાનખર.............................................. **હરીશ પંડ્યા**..... ૫૦

**માતૃપ્રેમ**
● 'વંદે માતરમ'ના રચયિતા બંકીમબાબુ... ...................... **બી.જી. કાનાણી, પ્રિન્સિપાલ**..... ૫૧

**નોલેજ બેંક**
● ગુજરાતી સાહિત્ય નોલેજ બેંક – (૮) : વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ... **રમેશ પટેલ**..... ૫૨
● ભારતીય બંધારણ ● વિશેષ સામાન્ય જ્ઞાન.. ................................................ ૫૪

**કારકિર્દી**
● કરંટ અફેર્સના રીડિંગની ત્રણ આઈએમપી ટિપ્સ ......................................... **હીરેન દવે**..... ૫૫

**ગઝલ / કાવ્ય સૃષ્ટિ**
● જ્યોતિર્લોક : **સુધા ઝવેરી** ● તપ્ત અમદાવાદ : **ભાવના ધૃતેશકુમાર રાવલ** ........................ ૫૬
● ઘર બનાવ્યું છે : **પ્રજ્ઞા વશી** ● એકલા હતા? : **ભૂપેન્દ્ર પટેલ 'નીલમ'** ................................ ૫૬
● તારે ભરોસે : **મનુભાઈ પી. પટેલ** ● ગઝલ : **આબિદ ભટ્ટ**........................................ ૫૭
● ફોરમ તો લઈ આવો કોઈ : **રમેશ પટેલ** ● પીછો કરવા આવ્યા છીએ : **સાહિલ**..................... ૫૭

**YOUTH CLUB**
● Some Golden Thoughts ..................................Presentation : Dinesh R. Mehta ....... ૫૮

**વૈવિધ્ય**
● આંજો કાગર ................................................ ૫૯
● અન્ય સંસ્થાઓના સમાચાર ................................................ ૬૨

**કચ્છ દર્શન**
● કચ્છ દર્શન ................................................ ૬૩
● પુસ્તક સમીક્ષા (લઘુનવલ : "સતયુગનો માણસ") ................................................ ૬૪

**ગેમ્સ ગેલેરી**
● મકરસંક્રાંત : પતંગની ગેમ ........................................ **ભાવના એ. ઝવેરી**..... ૬૫

**તીર્થ દર્શન**
● શ્રી સિદ્ધગિરિ પાલિતાણા તીર્થ (શ્રી આદિશ્વર ભગવાન)................. **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ**..... ૬૬

**નિયમિત વિભાગો**
● *Nano Nine* શબ્દ રમત-૧૭૮ ● *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૩૬) ...... **સંકલન : રજનીકાંત પારેખ**...... ૬૭

**ફિલ્મી દુનિયા**
● હિંદી ફિલ્મોના યાદગાર ગીતો ................................................ ૬૮

**માહિતી**
● વીજળીમાં એસી અને ડીસી કરંટ ● કમ્પ્યુટરની અંદરનું વિજ્ઞાન ● તાપમાન અને થર્મોસ્ટેટ........... ૭૦

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**સંસ્થા સમાચાર**
● સંસ્થા સમાચાર ................................................ ૭૧
● નવા સરનામાની માહિતી ન હોવાથી તથા અન્ય કારણોસર
'મંગલ મંદિર'ના અંકો મોકલાવવાનું બંધ કરવા અંગે ................................................ ૭૪


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**



તંત્રી લેખ

# સાઇબર ક્રાઇમના જોખમોને ટાળવા અત્યાધુનિક ટેકનોલોજીની આવશ્યક્તા....



દિનેશ આર. મહેતા

૨૦૨૦માં વિશ્વભરમાં ફેલાયેલા કોરોના વાઈરસ બાદ લાગુ થયેલા લોકડાઉન અને તેને પગલે વર્ક ફ્રોમ હોમ તથા ઓનલાઈન પ્રવૃત્તિઓમાં વધારા પછી સાઈબર હુમલાને લગતા અહેવાલો અવારનવાર જોવા મળે છે. વિશ્વમાં અનેક સ્થળોએ આવા હુમલા થતા રહ્યા છે. **ભારત પર સાઇબર હુમલામાં વધારો થવા પાછળનું મુખ્ય કારણ દેશની પ્રગતિને ખોરવી નાખવાનું છે.** ચીન સાથે રાજકીય અને સીમાકીય પ્રશ્નો સામે આવ્યા બાદ તે ભારત પ્રત્યે રોષે ભરાયેલું છે. ભારતને આર્થિક ક્ષેત્રે નુકસાન પહોંચે તે રીતે આ સાઈબર યુદ્ધ કરવામાં આવી રહ્યું છે. બીજી તરફ જોઈએ તો, સાઈબર હુમલામાં દુશ્મન દેશને ફાવટ આવવાનું મુખ્ય કારણ **આપણી સરકાર તથા ઉદ્યોગો પૂરતા પ્રમાણમાં સાઇબર સ્ટ્રેટેજી, સલામતી તથા જરૂરી પ્રક્રિયાઓનો અભાવ ધરાવે છે.** સામાન્ય રીતે ઔદ્યોગિક એકમો, કંપનીઓ જ્યારે આઈ.ટી. માળખા અથવા ડિજિટલ પ્રક્રિયા ઊભી કરે છે ત્યારે સાઈબર સલામતીના પાસાંને ગંભીરતાથી લેતું નથી.

છેલ્લા લગભગ દસ વર્ષથી ભારતની અનેક મોટી કંપનીઓની અને ખુદ સરકારી વિભાગોની વેબસાઈટ્સથી લઈને સર્વર્સ પર થઈ રહેલા સાઈબર હુમલામાં મોટેભાગે પાડોશી દુશ્મન દેશો તરફ જ શંકાની સોય જતી જોવા મળી છે. **સાઇબર હુમલામાં માનવ જાનહાનિ થતી નથી અને સશસ્ત્ર યુદ્ધ કરતાં આ પ્રકારના હુમલા પ્રમાણમાં સસ્તા તથા આસાન હોવાથી દુશ્મન દેશો આ રીતે હુમલા કરીને પોતાના શત્રુઓને પરેશાન કરવાની અનીતિ ધરાવે છે.**

નાણાંકીય વ્યવહારો તથા સરકારી સેવાઓમાં આધુનિક ટેકનોલોજી - ડિજિટાઈઝેશનનો વ્યાપક ઉપયોગ કરવાનું ભારતે છેલ્લા કેટલાક વર્ષોથી શરૂ કર્યું છે. તેમાં થોડી પ્રગતિ પણ થઈ છે. જેના કારણે પ્રતિદિન અસંખ્ય ડેટા જનરેટ થઈ રહ્યા છે. આ ડેટાની સલામતી જાળવવી પણ ખૂબ મહત્ત્વની બાબત છે. કોરોના મહામારી બાદના વિશ્વમાં આકાર પામનારી કામકાજની નવી પદ્ધતિને સલામત રીતે ચલાવવા દરેક યુનિટોએ પોતાના કર્મચારીઓની કુશળતામાં વધારો કરવો પડશે. જેથી સાઈબર હુમલા રોકવામાં સફળતા પ્રાપ્ત થઈ શકે.

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એક અહેવાલમાં જણાવાયું હતું કે, ઓક્ટોબર ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧ના સમયગાળા દરમિયાન દેશમાં મોબાઈલ સાઈબર હુમલામાં ૮૪૦ ટકા જેટલો વધારો થયો હતો. કોરોના મહામારીના કારણે મોટાભાગના કોર્પોરેટ વર્ક ફ્રોમ હોમ કરી રહ્યા છે અને છાત્રો પણ ઘરે બેસી ઓનલાઈન શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. આ સંજોગોમાં સાઈબર હુમલામાં થયેલો વધારો એક પડકારરૂપ છે. ડિજિટલ પ્રક્રિયામાં વધારાના કારણે વિવિધ પ્રકારની એપ્સનો ઉપયોગ વધી ગયો છે. દૂરના સ્થળોએથી કામની પદ્ધતિમાં ફેરફાર અને વધારાના કારણે લગભગ મોટાભાગના એકમોએ સાઈબર હુમલાનો સામનો કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

ભારતની નબળાઈ છે કે, તેના ડિજિટલ માળખામાં ઉપયોગમાં લેવાતા હાર્ડવેર સહિતની અનેક સાધન સામગ્રીઓ ચીનની બનાવટની હોય છે. આ હકીકતને જોતાં એવો કોઈ વિશ્વાસ આપણે રાખી શકીએ એમ નથી કે તેનાં હાર્ડવેરમાં એવા કોઈ ગુપ્ત સાધનો નહીં હોય, જેની સામે આપણા ડેટાની સલામતી રાખી શકીએ. આ પ્રકારની સ્થિતિમાં આ સાધનોનો વિકલ્પ શોધવાનું ભારત માટે અતિ જરૂરી બની ગયું છે. **સાઇબર હુમલા અટકાવવા હશે તો દેશમાં ટેકનોલોજીનો ઉપયોગ કરતા દરેક માળખાકીય સુવિધાને મજબૂત કરવા તરફ ધ્યાન આપવું પડશે.** સાઈબર ક્રાઈમનાં જોખમો સામે અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ સમયની માંગ બની ગઈ છે. દેશના યુવાધન માટે પણ આ એક મોટો પડકાર છે.

*૩૦૨, મર્લિન અર્હમ્, ૧૧, વિશ્વકુંજ સોસાયટી, નારાયણનગર રોડ,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.* • *મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮*

## આગામી કાર્યક્રમની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● સોમવાર, તા. ૨૪-૦૧-૨૦૨૨ બપોરે ૦૩.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વયસ્ક સમિતિ | સમિતિના સભ્યો માટે કાર્યક્રમ |
| ● બુધવાર, તા. ૨૬-૦૧-૨૦૨૨ સવારે ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ |
| ● બુધવાર, તા. ૨૬-૦૧-૨૦૨૨ સવારે ૧૦.૦૦ વાગે | સેવા ભવન - ગીતા મંદિર એસ.ટી. સ્ટેન્ડ પાસે, ગીતા મંદિર | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ડાયાલિસિસ સેન્ટરનું ઉદ્‌ઘાટન |
| ● બુધવાર, તા. ૨૬-૦૧-૨૦૨૨ સવારે ૧૦.૩૦ વાગે | ટાગોર હોલ, પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ગીતા મંદિર ખાતેના સેવા ભવનના ડાયાલિસિસ સેન્ટરના ઉદ્‌ઘાટન નિમિત્તે સ્ટેજ પ્રોગ્રામ |
| ● બુધવાર, તા. ૨૬-૦૧-૨૦૨૨ બપોરે ૧.૩૦ વાગે | ટાગોર હોલ, પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ભોજન સમારંભ |
| ● બુધવાર, તા. ૨૬-૦૧-૨૦૨૨ બપોરે ૨.૩૦ વાગે | ટાગોર હોલ, પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાંસ્કૃતિક સમિતિ | સાંસ્કૃતિક કાર્યક્રમ અને હાઈ-ટી |

*(વધુ વિગત માટે સંસ્થા સમાચાર વિભાગમાં જોશો.)*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવા વિજ્ઞાપન માટે દરોની વિગત...


| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટિ કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટિ કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટિ કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટિ કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સિંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ** : ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

*જરૂરી રકમ "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામે મોકલાવવા વિનંતી.*
*(ઓનલાઈન / ડિજિટલ પેમેન્ટ માટેની જરૂરી વિગત અન્યત્ર આપી છે.)*

**નોંધ : જાહેરાતની સાઈઝ** (૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

# પુષ્પાંજલિ



**મૂળજી નરશી લોડાયા**
જન્મ : તા. ૨૭-૧૧-૧૯૩૫
નિધન : તા. ૨૪-૧૨-૨૦૨૧

કચ્છમાં અબડાસા તાલુકાના કોઠારા ગામના હીરબાઈ નરશી ભારમલ શાહ (લોડાયા)ના સુપુત્ર ધર્મકાર્યના મહારથી અને સામાજિક સેવા ક્ષેત્રના સારથી મૂળજીભાઈ નરશી લોડાયાનું મુંબઈ ખાતે તા. ૨૪-૧૨-૨૦૨૧ના રોજ દુઃખદ નિધન થયું છે (સદ્‌ગતશ્રીનું દેહદાન કરવામાં આવેલ છે). તેમના દુઃખદાયક અવસાનના સમાચારથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પદાધિકારીઓને, ટ્રસ્ટીગણને, કારોબારી સમિતિના દરેક સભ્યોને તથા સંસ્થાના પરિવારજનોને ખૂબ આઘાત લાગ્યો હતો. સંસ્થાના સ્ટાફવર્ગ અને અન્ય કચ્છી ઘટક સમાજમાં પણ આ દુઃખદ સમાચારથી ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. તેમની અચાનક વિદાયથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે એક ઉચ્ચ કક્ષાનું વ્યક્તિત્વ ધરાવનાર ઉમદા કાર્યકર - હિતેચ્છુને ગુમાવ્યા છે, જેનો હંમેશાં રંજ રહેશે.

તેમના પિતાશ્રી નરશી લોડાયા તેમના વતનમાં બાવન ગામની જ્ઞાતિના પટેલ હતા. તેથી ગામમાં પટેલ તરીકે જાણીતા હતા. તેનાં પરિણામ સ્વરૂપે સ્વ. મૂળજીભાઈ પણ ગામમાં પટેલ તરીકે ઓળખાતા હતા.

કોઠારામાં પ્રાથમિક શિક્ષણ લીધા બાદ તેઓ મુંબઈ ગયા. શરૂઆતમાં ત્યાં ઘડિયાળની લાઈનમાં નોકરી કરી. તેઓએ ૧૯૬૨થી ઘડિયાળના પટ્ટા બનાવવાનું કામ મુંબઈમાં શરૂ કર્યું હતું. ત્યારબાદ ૧૯૬૯માં અમદાવાદ આવ્યા હતા અને એક કંપનીના કામકાજમાં જોડાયા હતા. કામના સમય સિવાય, તેઓ અમદાવાદના જ્ઞાતિબંધુઓ સાથે બેસીને જ્ઞાતિના સંગઠન અને વિકાસની સતત ગોષ્ઠી કરતા હતા. તેના પરિણામે ૧૯70માં અમદાવાદ ખાતેના "શ્રી કચ્છી જૈન વીસા ઓસવાળ મંડળ"માંથી શ્રી કચ્છી જૈન સમાજની સ્થાપના થઈ હતી. ત્યારથી સ્વ. મૂળજીભાઈ સમાજની પ્રવૃત્તિઓમાં અને સમાજના ઉત્કર્ષમાં જોડાઈ ગયા હતા. એટલું જ નહીં, પરંતુ પોતાની કાર્ય નિપુણતા તથા અનોખી વિચારસરણીના કારણે તેઓશ્રી શ્રી કચ્છી જૈન સમાજના પ્રમુખપદના હોદ્દા સુધી પહોંચ્યા હતા. ત્યારબાદ લાંબા સમય સુધી સમાજના ટ્રસ્ટ મંડળ સાથે સંકળાયેલા હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક આધારસ્તંભ – પાયાના પથ્થર તરીકે તેમનું નામ સદાય અંકિત રહેશે. આંખોમાં ભક્તિનું અંજન, તન-મન-ધનથી કામ કરવાની ભાવના, ભીતરમાં પ્રભુનું સદાય સ્મરણ તથા હૃદયમાં તેઓશ્રી હંમેશાં સામાજિક સેવાની જ્યોત જલતી રાખતા હતા. આવી જાજરમાન વ્યક્તિ સમાજમાં સૌના હૃદયમાં કાયમ બિરાજમાન હતી. પરિવારના આદરમાન એક મોભી હતા. સમાજ અને સામાજિક કાર્યો માટે તેઓ હંમેશાં પ્રેરણામૂર્તિ રહ્યા હતા.

સમાજના અન્ય કેટલાક આગેવાનો સાથે સતત પ્રયત્નશીલ રહીને તથા પ્રગતિની મંઝિલે તેમની કામગીરીના સ્વરૂપે અમદાવાદ ખાતે ગીતા મંદિર સ્થિત 'સેવા ભવન' તથા પાલડી સ્થિત 'જૈન ભવન' નિર્માણ પામ્યા હતા. બંને ભવનની સ્થાપના બાદ તેઓશ્રી આ સમાજને સતત અને લાંબા સમય સુધી પોતાનું સામાજિક યોગદાન આપી રહ્યા હતા. સમાજની સામાજિક પ્રવૃત્તિઓ માટે જરૂરી એવા ફંડફાળા એકત્ર કરવામાં તેઓનું યોગદાન નોંધપાત્ર હતું. વર્ષ ૨૦૦૧ના કારમા ધરતીકંપના સમયે સ્વ. મૂળજીભાઈ કચ્છ જિલ્લામાં સતત હાજર રહ્યા હતા અને સમાજના સામાજિક કાર્યમાં સક્રિય હતા. આ રીતે સામાજિક સેવાના ક્ષેત્રમાં તેઓશ્રી હંમેશાં અગ્ર સ્થાને રહેતા હતા.

માત્ર શ્રી કચ્છી જૈન સેવા સમાજ સાથે નહીં પરંતુ કચ્છની અનેકવિધ સામાજિક સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દા પર રહીને પોતાની સેવાકીય પ્રવૃત્તિઓની જ્યોત સદાય જલતી રાખી હતી.

તેઓશ્રી સૌમ્યશીલ, મિલનસાર, જાહેર જીવનના કાર્યોમાં સમર્પિત રહેનારા, પરદુઃખભંજન હતા તથા સુમધુર સંબંધોથી સૌના સહૃદયી બની સમાજ પરિવારજનોને સ્નેહના તાંતણે ગુંથી રાખનારા હતા.

*આવું અનોખું વ્યક્તિત્વ ધરાવનાર, પરમ ઉપકારી મૂળજીભાઈ લોડાયા*
*પરમ પદને પામે એ જ સૌની અભ્યર્થના છે.*

**પ્રમુખશ્રી, મંત્રીશ્રી, ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિના સર્વે સભ્યશ્રીઓ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## પરિશ્રમનો મહિમા

માનવ જીવનમાં પરિશ્રમનો મહિમા અનેરો છે. **કોઈ પણ કાર્ય કે ધ્યેયની સિદ્ધિ તથા હેતુ પ્રાપ્ત કરવા પરિશ્રમ જરૂરી છે.** કહેવાય છે ને કે સખ્ત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. આપણે ત્યાં મહેનત, કામ કે પરિશ્રમ કરવા માટે પ્રથમ ઈચ્છાશક્તિ જોઈએ, પછી ધન શક્તિ અને શરીર શક્તિ. ખેતી, ઉદ્યોગ, વેપાર કે નોકરી – બધે જ શ્રમ વિના સફળતા મળતી નથી. **ક્યારેક કામ કર્યા પછી પણ નિષ્ફળતા મળે છે. તેથી નિરાશ થવું જોઈએ નહીં. કરોળીયો જાળ બનાવતી વખતે વારંવાર પડી જાય છે છતાં તે કદી હિંમત હારતો નથી.** તે ફરીને ફરી જાળ બનાવવામાં લાગી જાય છે. પક્ષીઓ પણ નાનાં નાનાં તણખલા ભેગા કરીને પોતાનો માળો બનાવે છે. ભગીરથ પ્રયત્ન, એ સફળતાનો મહામંત્ર છે. કર્મ એ ધર્મ છે.

સંસ્કૃત સાહિત્યમાં એક સુવાક્ય છે : "આલસ્ય હિ મનુષ્યાણાં, શરીરસ્થોન્મહારિપુઃ" **આળસ એ મનુષ્યનો મહાન શત્રુ છે. જે માનવી આળસુ છે તે કદી સફળ થઇ શકતો નથી.** આપણે ત્યાં કામનું માહાત્મ્ય અનેકગણું છે. કામ વિશેની કહેવતો : "કામ કરે ઈ જીતે." "કામ કર્યું, તેણે કામણ કર્યું." "કામ કરે તે સહુને વહાલા લાગે."

સંસ્કૃતમાં એક ખૂબ જ પ્રચલિત સુભાષિત છે. તે પ્રમાણે સૂતેલા સિંહના મુખમાં મૃગ કદી જાતે પ્રવેશતા નથી. સિંહ ગમે તેટલો બળવાન હોય છતાં તેણે મૃગને ખાવા માટે કે મારવા માટે પ્રયત્ન કરવો પડે છે. **પ્રયત્નોથી જ કાર્યો સિધ્ધ થાય છે, ફક્ત દીવાસ્વપ્નો જોવાથી નહીં.**

ભારતમાં શ્રમને લગતા કે મજૂરોને લગતા અનેક કાયદાઓ પ્રચલિત છે. મજૂરો માટે મજૂર અદાલત કે લેબર કોર્ટ પણ ચાલે છે. શ્રમ કાયદાઓ મજૂરોનાં હિતોનું રક્ષણ કરે છે. મજૂરોને લગતી સમસ્યાઓ કે પ્રશ્નોનો નિકાલ લેબર કોર્ટમાં આવે છે. મજૂરોના વેતન, રજાઓ, પગાર, બોનસ કે આરોગ્યની સારવાર માટેના અનેક પ્રાવિધાન મજૂર કાયદાઓમાં જોવા મળે છે. મજૂરોનાં કલ્યાણ માટે પણ વિવિધ યોજનાઓ જોવા મળે છે.

નાના બાળકથી લઈને વૃદ્ધો સુધી, બહેનો કે મહિલાઓ – બધાએ પરિશ્રમ તો કરવો જ પડે છે. **કોઈ પણ કાર્ય કે ઇચ્છાની પ્રાપ્તિ માટે અથાક પરિશ્રમ અનિવાર્ય છે. મહેનત વગર કદી કંઈ મળતું નથી. વગર મહેનતે મળેલું લાંબુ ટકતું પણ નથી.**

પરિશ્રમ, એ ઈચ્છાપૂર્તિ કે ધ્યેય સિદ્ધિની પારાશીશી છે. પરિશ્રમરૂપી પુંજીથી સિદ્ધિની આવક વધે છે. પરિશ્રમના પડછાયામાં ચાલવાથી સફળતા ચૂમતી આવે છે. પરિશ્રમ કરનારે થાક કે નિરાશાનો અનુભવ ન કરવો જોઈએ. પરિશ્રમથી જ સફળતા મળે છે. સ્વામી વિવેકાનંદે પણ કહેલું કે, 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.' **'મુન્નાભાઈ લગે રહો...'** નામની એક ફિલ્મ પણ આવી હતી.

પરિશ્રમ જીવનની સફળતાનો મહામંત્ર તથા અભિન્ન અંગ છે. **પરિશ્રમની પાટીમાં મહેનતના અક્ષરો લખવાથી અદ્ભુત સફળતા સાંપડે છે.** આવો, આપણે પણ પરિશ્રમનો મહિમા સમજીએ, તે જ આજના સમયની માંગ છે.

★

## સમયનું મૂલ્ય

માનવ જીવનમાં સમયનું મૂલ્ય અનેકગણું છે. સમય પરિવર્તનશીલ છે. સમય સદા વહેતો પ્રવાહ છે. **સમયની સાથે સદા રહેવામાં મજા છે.** કહે છે ને કે ગયેલો સમય કદી પાછો આવતો નથી. સમયનું ચક્ર સદા ફરતું રહે છે. તેથી સમય ક્યાં ચાલ્યો જાય છે તેની ખબર પડતી નથી. સમય આવ્યે યોગ્ય પગલાં કે નિર્ણય લેવાથી ફાયદો પણ થાય છે. સમય કોઈની વાટ જોતો નથી. સમય આવ્યે બોલવાથી લાભ પણ થતો હોય છે, તો ક્યારેક વિપરીત સમયમાં મૌન પણ લાભકારક નીવડે છે.

**દરેક માટે સારો કે ખરાબ સમય કાયમ આવતો જ રહે છે.** સમય જ રંકને રાય કે રાયને રંક બનાવી દે છે. સમય આપણને ઘણું શીખવી જાય છે. કેટલીક વાર અમુક લોકો વિચિત્ર વર્તન કરતા જોવા મળે છે. નાની વયના લોકો મોટી ઉંમરના લોકોનું અપમાન કરતા હોય છે કે મર્યાદાહીન બની જતા હોય છે. પરંતુ આખરે સમય આવ્યે જ તેઓને ભાન થાય છે. અન્યનું અપમાન કે નિંદા તેમને અમુક સમય પછી ભારે પડતી હોય છે. સમય જ સહુને પોતાનો પરચો દેખાડે છે.

**અત્યારના સમયમાં પૈસાની જેમ સમયની બચત પણ કરવાની જરૂર છે.** સમયનો વ્યર્થ અને ખોટો વ્યય આપણને જ નુકસાનકર્તા સાબિત થાય છે. સમયનો સદુપયોગ કરવાથી અનેક પ્રકારના લાભ થતા જોવા મળે છે.

સંસ્કૃતમાં એક વાક્ય છે : "કાલસ્ય કુટિલા ગતિઃ" કાળની ગતિ કુટિલ છે. આજને તમે સાચવશો તો કાલ તમને સાચવશે. એક ખૂબ જ જાણીતી પંક્તિઓ પણ છે :

*સમય સમય બલવાન, નહીં મનુષ્ય બલવાન;*
*કાબે અર્જુન લુંટીયો, વહી ધનુષ, વહી બાણ.*

સમયની સાથે ચાલવામાં સફળતા પણ મળે છે. આવતીકાલનો સમય સુધારવા માટે આજને પણ સુધારવી જરૂરી છે. **સમયની કિંમત સમજીએ તે જ આજના સમયની માંગ છે.**

*ભરત અંજારિયા*
*'આસોપાલવ', ઇન્કમટેક્સ સોસાયટી, રૈયા રોડ,*
*રાજકોટ-૩૬૦ ૦૦૭. • મો. ૯૪૨૬૪ ૧૭૮૫૪*



સ્તુતિ

# પ્રાર્થના



હરજીવન રંગપરિયા

સામાન્ય રીતે પ્રાર્થના એટલે કોઈને વિનંતી અથવા આજીજી કરવી. ધાર્મિક દૃષ્ટિએ પ્રાર્થના એટલે ઈશ્વરની સ્તુતિ. સર્વ શક્તિમાન ઈશ્વરને ભક્તિભાવપૂર્વક યાદ કરવા પ્રાર્થના કરવામાં આવે છે. **પ્રાર્થના એટલે નિર્મળ હૃદયથી પરમતત્ત્વ સાથે કરેલું ભાવાત્મક અનુસંધાન.**

ઈશ્વરની મૂર્તિ અસ્તિત્વમાં આવી તે પહેલાં આપણા પૂર્વજો કુદરતની અપાર લીલાનું અહોભાવની લાગણીથી મનન કરતા. વિવિધ જાતનાં છોડ-વૃક્ષો, ભાતભાતનાં આકારવાળા તથા રંગબેરંગી પશુ-પંખીઓ, રંગબેરંગી ફળ-ફૂલો તથા ગુરુત્વાકર્ષણના અકલ્પનીય બળે આકાશમાં લટકી, અવિરતપણે ઘુમતા આકાશી તારાઓ - ગ્રહો — આ બધા આપણાં પૂર્વજોને આ સઘળાનાં રચયિતા એવા પરમ તત્ત્વનાં ગુણગાન ગાવા પ્રેરિત કરતા. કદાચ આપણાં પૂર્વજો / ઋષિમુનિઓની આ પ્રથમ ભાવાત્મક પ્રાર્થના હતી.

**પહેલાની આવી પ્રાર્થનાને કોઈ મંદિર, મસ્જિદ, ચર્ચ કે ગુરુદ્વારા કે ઇશ્વરની કોઈ મૂર્તિની જરૂર નો'તી. આ પ્રાર્થનાને સ્થળ, સમય, ભાષા, ધર્મ કે સંપ્રદાયનાં કોઈ બંધન નહોતા.** ઈશ્વરની મૂર્તિ અસ્તિત્વમાં આવતા, આવી ભાવાત્મક પ્રાર્થનાનું સ્થાન ઇચ્છાપૂર્તિ કરતાં ઈશ્વરની ખુશામતે લીધું. કાળક્રમે જુદા જુદા સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા. દરેક સંપ્રદાયે પ્રાર્થનાની અલગ અલગ રીતો વિકસાવી. **ભાવની જગ્યાએ પ્રાર્થના માટે શબ્દો અસ્તિત્વમાં આવ્યા.** ઈશ્વરને પ્રાર્થના, વિવિધ મંત્રો, શ્લોકો, બંદગી રચાયા. જો કે દરેક ધર્મની પ્રાર્થનાનો હેતુ સર્વ શક્તિમાન ઈશ્વરની સ્તુતિ કરી ગુણગાન ગાવાનો હતો. પરમ તત્ત્વની કૃપા મેળવી, આંતરિક શક્તિ વિકસાવી, આધ્યાત્મિક ઉન્નતિ કરવાનો હતો.

**શુધ્ધભાવથી કરેલી પ્રાર્થનાનું બળ અમાપ છે. તે હૃદય, મન તથા આત્માને શુદ્ધ કરે છે.** ઈશ્વરનાં સ્મરણથી તથા તેની કૃપા મળવાની લાગણીથી માનવીનું મન આત્મવિશ્વાસથી ભરાઇ જાય છે. તેનું મનોબળ દૃઢ થાય છે. વિકટ પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ જન્મે છે. મનનાં વિકારો, હતાશા, ચિંતા દૂર થાય છે. રોગ પ્રતિકારક શક્તિ વિકસે છે. આધિ, વ્યાધિ તથા ઉપાધિથી મુક્તિ મળે છે. અશાંતિ, ક્રોધ દૂર થાય છે.

પ્રાર્થના ગમે તે સ્થળે, ગમે ત્યારે કરી શકાય છે. પરંતુ આપણાં ધર્મગુરૂઓ / ઋષિમુનિઓ સૂર્યોદય વેળા થતી પ્રાર્થનાને શ્રેષ્ઠ ગણે છે કારણકે સૂર્યોદય વેળાનાં કોમળ કિરણો તથા પ્રદૂષણ રહિત વાતાવરણનાં કોસ્મિક કિરણો આપણા મનની ચેતનાને જગાડે છે. વળી, રાતભરની નિંદ્રાથી તૃપ્ત થયેલું પ્રફુલ્લિત મન સરળતાથી ઈશ્વર સાથે જોડાઈ શકે છે. **શ્રદ્ધા, એ પ્રાર્થનાનું બળ છે.** અહંકાર રહિત સમર્પિત ભાવવાળા મનથી કરેલ પ્રાર્થના શ્રેષ્ઠ ફળ આપે છે. પ્રાર્થનામાં આપણો અવિશ્વાસ અડચણરૂપ બને છે.

**પ્રાર્થના વેળા આપણે બાહ્ય રીતે સ્વચ્છ ન હોઈએ તો ચાલે પરંતુ હૃદય તથા મનની શુદ્ધિ આવશ્યક છે.** પ્રાર્થના વેળા મન શાંત તથા શૂન્ય હોવું જોઈએ. મન કે હૃદય નફરત, ઈર્ષ્યા, અદેખાઇ કે એષણાઓનાં ભારથી મુક્ત હોવું જોઈએ. મન અશાંત હશે તો પ્રાર્થના માટે હાથ જોડાયેલા હશે પણ મનમાં દુન્યવી મલિનતા ઘુમરાયા કરશે. ગોખી રાખેલી પ્રાર્થના ક્યારે પૂરી થઈ જશે તેનું પણ ભાન નહીં રહે. હાથમાં માળા ફરતી હશે, ને ખોખલાં શબ્દો યંત્રવત્ બોલાતા રહેશે. અંતરનાં દ્વાર તો બીડાયેલાં જ રહેશે. આવી પ્રાર્થના હૃદય, મનનાં બંધ બારણે અથડાઇ, હૃદયને જરાપણ સ્પર્શ કર્યા વગર પૂરી થઈ જશે. આવી યંત્રવત્ પ્રાર્થનાનો કશો અર્થ નથી. આવી પ્રાર્થના તો ઉલટાનો મનનો ભાર વધારે છે. અશાંતિ કે મનમાં ઉદ્વેગો તો શાંત થતા જ નથી. ભક્તનું મન અશાંત જ રહે છે. હૃદય, મન ને ઈશ્વર વચ્ચેનો સેતુ સધાતો નથી.

**એવું લાગે છે કે આપણે પ્રાર્થના કરતા યાચના વધુ કરીએ છીએ. આપણી પ્રાર્થનામાં ભાવ નથી હોતો, પણ ભીખ હોય છે.** આપણે માંગણીનું લાંબુલચક લિસ્ટ ઈશ્વરના ચરણોમાં ઢાળી દઈએ છીએ. આપણે પ્રાર્થના સ્વાર્થ માટે કરીએ છીએ, પરમાર્થ માટે નહીં. આપણી પ્રાર્થનામાં ધન, માન અને ઐશ્વર્યની માંગણી હોય છે. આપણી પ્રાર્થના આપણાં શરીર સુખ અને દુન્યવી સુખ પૂરતી સીમિત થઇ ગઈ છે. ઈશ્વરને ભોળા ને મૂર્ખ સમજી લેતી દેતી ને સોદાબાજી કરીએ છીએ, ને ઈશ્વરને શ્રીફળ વધેરવાનાં કે અમુક રકમ ધરવાનાં શરતી પ્રલોભનો આપતા રહીએ છીએ. **આવી માંગણીસભર પ્રાર્થનાં સ્વ તથા પરમાત્મા સાથેની છેતરપિંડીથી વિશેષ કશું નથી.** હકીકતમાં

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૯ ઉપર)



પ્રાસંગિક

# આપણા દેશનું બંધારણ



જસ્મીન દેસાઇ 'દર્પણ'

આપણો દેશ તા. ૧૫-૦૮-૧૯૪૭ના શુભ દિને સ્વતંત્ર થયો. ત્યારબાદ એક સ્વાયત્ત દેશમાં સરકાર ચલાવવા તેમજ અનેક વહીવટી બાબતો અર્થે દેશને પોતાના એક બંધારણની જરૂર ઊભી થઈ. આથી એની રચના વિશે **બંધારણ સભાની એક સમિતિની રચના તા. ૧૯-૦૮-૧૯૪૭ના રોજ કરવામાં આવી અને દેશને બિનસાંપ્રદાયિક એટલે કે સર્વધર્મી ઘોષિત કરવામાં આવ્યો.** તેમાં દેશનો વહીવટ એક લોકશાહી દેશ તરીકે ચલાવવાનું નક્કી થયું. જે અર્થે સમગ્ર દેશ માટે સંસદ અને અલગ અલગ રાજ્યો માટે વિધાન સભાઓની રચના કરવાનું નક્કી થયું.

આ બંધારણની રચના રૂપે નીમવામાં આવેલી બંધારણની 'પ્રારૂપ' સમિતિના સભ્યોમાં મુખ્યત્વે **ડૉ. બી.આર. આંબેડકર** પ્રમુખ હતા જ્યારે અન્ય આવા સભ્યો **એન. ગોપાલસ્વામી આયંગર, કનૈયાલાલ મુનશી, સૈયદ મોહમદ સાહુલ્લા, ડી.પી. ખૈતાન** (જેમનું અધવચ્ચે અવસાન થતાં તેના સ્થાને ટી.ટી. કૃષ્ણામાચારીને નીમવામાં આવ્યા હતા), **બી. એલ. મીત્તર.** જો કે કેટલાક સમય બાદ તેના સ્થાને **એન. માધવરાવ**ની નિમણુંક કરવામાં આવી હતી.

બંધારણને સમજવા 'આમુખ'ની રચના કરવામાં આવી. બંધારણ વિશે વિશેષ આલેખીએ તે પહેલાં કહેવાનું કે તેને તૈયાર કરવામાં ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસો લાગ્યા હતા. બંધારણનો ખરડો ૨૬-૦૯-૧૯૪૯ના શુભ દિને પસાર થયેલો અને સત્તાવાર અમલ તા. ૨૬-૦૧-૧૯૫૦થી શરૂ થયો. એ વખતે આ અર્થે રૂા. ૬૪ લાખનો ખર્ચ થયેલો. તેના કુલ ૫૨૦ પૃષ્ઠો હતા.

આપણું બંધારણ વિશ્વની સર્વે લોકશાહીમાં ઉત્તમ પ્રકારનું કહેવાય છે. આનું કારણ એ છે કે તેને ઘડવામાં વિશ્વનાં અનેક બંધારણોની લાક્ષણિકતાઓનો પૂરો અભ્યાસ કરીને આપણને યોગ્ય હોય તેને આપણા બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું હતું. આમાં જોઈએ તો રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, રાજ્યસભામાં સાહિત્ય, કળા, વિજ્ઞાન વગેરે ક્ષેત્રે નામાંકિત નાગરિકોને સ્થાન વિશે આયરલેન્ડ મુળભૂત અધિકારો, ઉપરાષ્ટ્રપતિ પદ, સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર વિશે અમેરિકા, આમુખનો ખ્યાલ પણ અમેરિકા, સંસદીય શાસન વિશે બ્રિટન, સંઘ રાજ્યોની વહેંચણી એટલે કે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તા અને અધિકારોની વહેંચણી અને વિભાજન વિશે કેનેડા, સમવર્તી સૂચિ તેમજ બંધારણના પ્રસ્તાવની ભાષા વિશે ઓસ્ટ્રેલિયા કટોકટીના પ્રાવધાન વિશે જર્મની પ્રજાસત્તાક રાજ્ય વિશે ફ્રાન્સ, સંશોધન પદ્ધતિ વિશે દક્ષિણ આફ્રિકા, મુળભૂત ફરજો વિશે રશિયાનાં બંધારણોની જોગવાઈઓનો આપણા બંધારણમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે એ નોંધીએ કે તત્કાલીન આપણા તજજ્ઞ નેતાઓએ આ વિશે કેટલી કાળજી અને જહેમત ઉઠાવી હશે એ વિચારવું રહ્યું.

આ સાથે સ્વતંત્ર ભારતના પ્રથમ 'ઍડહોક' એટલે કે સર્વસંમતિથી વરાયેલ કેન્દ્ર સરકારનું પ્રધાન મંડળ આ મુજબ હતું. જેમકે (૧) જવાહરલાલ નહેરુ (વડાપ્રધાન, વિદેશખાતું), (૨) વલ્લભભાઈ પટેલ (ગૃહ, રિયાસતો, દેશી રાજ્યોના વિલિનીકરણ, માહિતી અને પ્રસારણ), (૩) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (અનાજ અને ખેતીવાડી), (૪) મૌલાના આઝાદ (કેળવણી), (૫) સરદાર બળદેવસિંહ (સંરક્ષણ), (૬) ડૉ. જહોન મથાઇ (રેલવે), (૭) સી.એચ. ભાભા (વેપાર), (૮) ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી (ઉદ્યોગ અને પુરવઠો), (૯) ડૉ.બી.આર. આંબેડકર (કાયદો), (૧૦) રફી એહમદ કીડવાઈ (વ્યવહાર ખાતું), (૧૧) સર ષણમુખમ ચેટ્ટી (નાણાં), (૧૨) એન.વી. ગાડગીલ (માઇન્સ, ઈલેકટ્રિસિટી, બિલ્ડિંગ, ફેક્ટરીઝ), (૧૩) જગજીવનરામ (લેબર), (૧૪) રાજકુમારી અમૃત કૌર (આરોગ્ય).

અને... ભારતના મતદારો દ્વારા ચૂંટાયેલા સાંસદો પૈકી સર્વપ્રથમ રચાયેલ પ્રધાન મંડળ જૂન ૧૯૫૨થી કાર્યરત થયું હતું.

*'નીલયમ', એસ.બી.એસ. સોસાયટી, સહકારનગર મેઇન રોડ, મહિલા કૉલેજ પાસે, રૈયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭. • મો. ૯૪૨૮૩ ૪૯૮૧૨*

*સિતાર ઉપરના તાર ભલે જુદા લાગે પણ આખરે એક છેડા ઉપર તેઓ એક જગ્યાએ મળે છે. બંસરી ભલે ગમે તેવી સુંદર હોય, સૂરીલી હોય પણ એના દેહમાંથી મધુર સંગીત તો ત્યારે જ પ્રગટ થાય છે કે જ્યારે કોમળ હોઠ સાથે એનું મિલન થાય છે.*



પ્રાસંગિક

# પતંગની વાતો અને તેનો ઇતિહાસ



ડૉ. મિહિર એમ. વોરા

**મિત્રો, ૨૦૨૦-૨૦૨૧નું વર્ષ ખૂબ દુ:ખદ રહ્યું છે ત્યારે ૨૦૨૨નું વર્ષ નવી સવાર અને આશા લઇને આવે છે** ત્યારે કોરોના સંક્રમણ વચ્ચે પેલો લાડીલો તહેવાર આવશે મકરસંક્રાંતિ. ત્યારે ચીકી, ઊંધિયું, શેરડી, જલેબી, ધાબુ, અગાસી, પતંગ, ફીરકી, રંગબેરંગી ચશ્માં, મ્યુઝિક અને મસ્તી સાથે પ્રેમાલાપ યાદ આવે છે. એટલે જ આજે હું આ તહેવાર સાથે જેનો અતૂટ નાતો છે તેવા પતંગની વાતો અને તેનો ઇતિહાસ લઇને આવ્યો છું. મિત્રો, અહીં મેં માત્ર માહિતી આપી છે જેની નોંધ લેવા વિનંતી છે. જેમાં વિવિધ સંદર્ભોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.



લગભગ બે હજાર વર્ષ પહેલા ચીનના ખેડૂતે પોતાની હેટ પવનથી ઉડી ન જાય તે માટે હેટને પતંગ બાંધી રાખી હતી. ચાઈનીઝ જનરલ હુઆન થેંગ હુએ સેનાની વ્યૂહરચના બનાવીને અંતરનો અંદાજો મેળવીને પોતાની સેનાને શહેરની અંદર પ્રવેશ કરાવીને જીત મેળવી હતી.

ચીનથી કોરિયા અને સમગ્ર એશિયા તથા ભારતમાં જુદા જુદા પ્રકારની પતંગો પ્રચલિત થઇ અને તેને ઉડાડવા પાછળના વિવિધ સાંસ્કૃતિક હેતુઓ પણ જોડાવા લાગ્યા. સાતમી સદીમાં બૌદ્ધ સાધુઓ દ્વારા પતંગ જાપાનમાં પહોંચી. તેઓ પતંગનો ઉપયોગ શેતાની શક્તિને ડામવા માટે અને પોતાના ફળદ્રુપ પાકને સુરક્ષિત રાખવા માટે કરતા હતા. એના સમયગાળા દરમિયાન જાપાનમાં પતંગને સૌથી વધુ પ્રસિદ્ધિ મળી હતી. **ભારતમાં પતંગ ઉડવાનો પુરાવો ૧૫૦૦માં મોગલ કાળના એક ચિત્રમાં મળ્યો.** જેમાં એક પ્રેમીને પોતાની કેદી પ્રેમિકાને પતંગ દ્વારા યુક્તિપૂર્વક સંદેશો મોકલતો દર્શાવ્યો છે.

માઇક્રોનેશિયાના લોકો પાંદડાની પતંગનો ઉપયોગ માછલી પકડવાના સાધન તરીકે કરતા હતા. પોલિનેશિયનોની લોકવાયકા પ્રમાણે બે દેવતાઇ ભાઈઓએ મનુષ્યને પતંગનો ખ્યાલ આપ્યો હતો. ૧૩મી સદીના અંતમાં **માર્કો પોલો**એ યુરોપમાં પતંગની કહાણી પહોંચાડી હતી. ૧૬મી અને ૧૭મી સદીમાં જહાજના સહેલાણીઓ જાપાન અને મલેશિયાની પતંગો લાવ્યા. યુરોપિયન સંસ્કૃતિમાં પતંગે કુતુહલ જગાવ્યું હતું. ૧૮મી અને ૧૯મી સદીમાં વૈજ્ઞાનિક સંશોધનો માટે પતંગનો ઉપયોગ વાહન અને સાધનો તરીકે થવા લાગ્યો. **બેન્જામિન ફ્રેંકલીન** અને **એલેકઝાન્ડર વિલ્સે** પવન અને હવામાનની વધુ માહિતી મેળવવા માટે પતંગનો ઉપયોગ કર્યો હતો. સર જ્યોર્જ કેલી, સેમ્યુઅલ લેન્ગલી, લોરેન્સ હારગ્રેવ, એલેકઝાન્ડર ગ્રેહામ બેલ અને વેટ બ્રધર્સે **પતંગો સાથે વિવિધ પરીક્ષણો કર્યા અને એરોપ્લેનના વિકાસમાં ફાળો આપ્યો હતો.** બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટીશ, ફ્રાન્સ, ઇટાલી અને રશિયન આર્મી પતંગનો પ્રયોગ કરીને દુશ્મનોની જાણકારી મેળવીને તેઓ પોતાના જવાનોને એરોપ્લેનમાંથી તાત્કાલિક માહિતી પહોંચાડવા માટે કર્યો હતો. બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકન નૌકાદળે પતંગના અન્ય ઉપયોગો શોધ્યા. **હેરી સાઉલ**ની બેરેજ પતંગે એરોપ્લેનોને તેમના લક્ષ્યથી વધુ પડતા નીચે ઊડતાં અટકાવ્યા. દરિયામાં ખોવાઈ ગયેલા અથવા ભૂલા પડેલા પાઈલોટ ગીબ્સને ગર્લ બોક્સ પતંગ દ્વારા પોતાની ભાળ આપી હતી. પાઉલ ગારબરે બનાવેલી ટારગેટ પતંગમાં જડેલા મોટા હીરાને કારણે દરિયામાં રહેલા એરક્રાફ્ટને ઓળખી શકાતા હતા. વૈજ્ઞાનિક સંશોધનો અને શોધોને કારણે હવે મિલિટરીમાં પતંગોનો ઉપયોગ ઘટ્યો છે. ૫૦ વર્ષ પહેલાં જોવા મળતી પતંગોમાં નવા મટિરિઅલ્સનો

પ્રયોગ કરીને તેને નવું રૂપ આપવામાં આવ્યું. નાયલોન, ફાઈબર ગ્લાસ, કાર્બન પેપરનો પ્રયોગ કરીને તેને કલરફુલ બનાવવામાં આવી.

પતંગની શોધનો દાવો કરનાર **ગ્રીકો અને ચીનાઓની માન્યતા એવી છે કે, પ્રથમ પતંગ બનાવનાર પુરુષ હકીમ લુકમાન હતા.** ઈસવીસનના આરંભના અરસામાં ચીનના હળવંશી સમ્રાટના રાજ્ય પર જંગલી મોગલો ચડી આવ્યા હતા. તે રાજાના દરબારમાં હુઆગ થેંગ નામનો એક વિચક્ષણ વિદ્વાન દરબારી હતો. તેણે ભમરા જેવી અનેક પતંગો ચડાવી તેમજ ભમરા જેવા ગુંજારવ માટે તેણે પતંગમાં મોટા ભૂંગળા ગોઠવ્યા હતા. મોગલો અંધારી રાતે આકાશમાં થતા રહસ્યમય અવાજથી ડરી ગયા અને તેઓ ભાગી ગયા.

ચીન, કોરિયા અને જાપાનમાં પતંગનો ઉપયોગ જાહેરખબર માટે કરવામાં આવતો હતો. બેઈજિંગ (ચીન)ની પૂર્વે આવેલા તીઆન જિલ નામના એક પતંગ ઉસ્તાદે અનેક આકારના પતંગની શોધ કરી હતી. તેની ડિઝાઈનોની આજે પણ નકલ કરવામાં આવે છે. સૌપ્રથમ ચીનમાં ડ્રેગન નામનો પતંગ બનાવવામાં આવ્યો હતો. તે ૩૦ સે.મી. વ્યાસવાળા પતંગમાં ૨૪ નાના-નાના પતંગોના તોરણ બનાવવામાં આવ્યા હતા. આ પતંગ આકાશમાં સતત ગોળ ગોળ ફરતો રહે છે. ચીની ફિલ્મ નિર્માતા જિન ફુગોંગ અઠંગ પતંગ પ્રેમી હતો. **તેણે ૧૯૫૮માં પતંગ પર એક ફિલ્મ પણ બનાવી હતી.**

ચીનના રૂઢિ અને રિવાજ મુજબ છોકરો સાત વર્ષનો થાય ત્યારે તેના ભવિષ્યને રુંધતા અનિષ્ટ આત્માઓને દૂર ઉડાડી દેવામાં આવે છે. જેથી કરીને છોકરાને ભવિષ્યમાં નડે નહીં તે માટે તેઓ મોટી પતંગ પર એકડો થઇ શકે એટલો દોર ચડાવવામાં આવે છે. પછી પ્રાર્થના સાથે તેને આકાશમાં છોડી દેવામાં આવે છે. ઉપલા વાતાવરણના પ્રબળ પવનની પાંખે ચડીને પતંગ દૂર દૂર જતી રહે છે અને તે સાથે બાળકને નડતા અમંગળ તત્ત્વો પણ દૂર દૂર ફેંકાઈ જાય છે. કહેવાય છે કે ઈસા પૂર્વ ત્રીજી સદીમાં ચીનમાં પતંગની શોધ થઇ હતી. પતંગ બનાવવા માટે જરૂરી સામગ્રી જેવી કે પતંગ ઉડાડવા માટેનો મજબૂત દોરો, તેને અનુરૂપ હલકી ને મજબૂત વાંસ તથા રેશમનું કપડું ચીનમાં ઉપલબ્ધ હતું. ચીન પછી પતંગનો ફેલાવો જાપાન, કોરિયા, થાઈલેન્ડ, બર્મા, ભારત, અરબ, ઉત્તર આફ્રિકા સુધી થયો. પતંગ ઉડાડવાનો શોખ દુનિયાના અનેક ભાગોમાં થઈ ભારતમાં પહોંચ્યો અને ભારતની સંસ્કૃતિ અને સભ્યતામાં વણાઈ ગયો. **ઉત્તરાયણ એટલે સૂર્યનું ઉત્તર દિશામાં પ્રયાણ થવું.** આ દિવસને પવિત્ર ગણવામાં આવે છે. જેથી નદીમાં સ્નાનનું ખાસ મહત્ત્વ વણાયેલું છે. ઉપરાંત, આ દિવસે ગરીબોને દાન આપવાની પરંપરા ચાલતી આવી છે. અન્ય દેશોમાં પતંગ ૨૩૦૦ વર્ષના ઈતિહાસમાં વિવિધ માન્યતાઓ, પરંપરાઓ અને અંધવિશ્વાસોની વાહક પણ રહી છે. માનવીની આકાંક્ષાઓને આકાશની ઊંચાઈઓ સુધી લઈ જનારી પતંગ ક્યાંક અપશુકનની કે પછી ક્યાંક ઈશ્વર સુધી પોતાનો સંદેશ પહોંચાડવાના માધ્યમના રૂપમાં પ્રતિષ્ઠિત છે. ચીનમાં કિંગ રાજવંશના શાસક દરમિયાન પતંગ ઉડાડીને તેને અજ્ઞાત છોડી દેવાને અપશુકન માનવામાં આવતું. તદુપરાંત કપાયેલી પતંગને પકડવી કે ઉઠાવવાને પણ અપશુકન માનવામાં આવતું. પતંગ ધાર્મિક આસ્થાઓના પ્રદર્શનનું પણ માધ્યમ રહી છે. થાઈલેન્ડના લોકો પોતાની પ્રાર્થના ભગવાન સુધી પહોંચાડવા માટે વર્ષાઋતુમાં પતંગ ઉડાડતા. કોરિયામાં પતંગ પર બાળકોના નામ અને તેની જન્મ તારીખ લખીને ઉડાડવામાં આવતી કે જેથી એ વર્ષે બાળક સાથે સંકળાયેલું દુર્ભાગ્ય પણ પતંગની સાથે જ ઉડી જાય. પતંગ સાથે હવામાનનું થર્મોમીટર જોડી માહિતી મેળવવા આગાહી અને અભ્યાસ કરવા ઉપરાંત ૧૦૨ m ના પતંગ દ્વારા ૧૦ કિલોવોટ સુધીની ઉર્જા ઉત્પાદનનો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. આ અંગે જે વિસ્તારોમાં હવાનો પ્રવાહ તેજ હોય તેવા વિસ્તારોમાં પતંગની દોરી સાથે ટર્બાઈનની મુવમેન્ટ જોડીને ઉર્જા ઉત્પાદન ક્ષેત્રે સંશોધનના સતત પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે.

આમ, મકર સંક્રાંતિમાં પતંગ દેશ, દુનિયા, સમાજ, લોકો, ભાષા, ઉતિહાસ, વર્ણ, જાતિ બધાને એકબીજા સાથે જોડે છે અને દોડે છે. એટલે જ મકર સંક્રાંતિને એક પવિત્ર તહેવાર તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે.

*સંદર્ભ : વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો અને જાણીતા તમામ લેખકોના બ્લોગ ઉપરથી માહિતી લેવામાં આવી છે.*

***“પરમેશ્વરી”, પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

*પૃથ્વીના પછેડા ઉપર કુદરતે એવા રંગ પૂર્યા છે કે એક જુઓ અને એક ભૂલો. દરેક ક્ષેત્રમાં ઝીણામાં ઝીણી વસ્તુઓમાં તેણે નવીનતાની નકશી કરી છે અને માણસના હૃદયમાં તેણે એવો ખજાનો ભર્યો છે કે જેમાંથી શું નથી નીકળતું એ જ એક પ્રશ્ન છે. એમાં દેવનાં દર્શન થાય છે તો એમાંથી દાનવ પણ પ્રગટે છે. કોઈ ઠેકાણે દયા, કોઈ ઠેકાણે ભરપૂર પ્રેમ તો કોઈ ઠેકાણે તિરસ્કાર! નાનકડા એવા હૃદયમાં કુદરતે આખું વિશ્વ ભરી દીધું છે અને અનેક પ્રકારની ઊર્મિઓના તાર ત્યાં સદા ઝણઝણતા રહે છે. દરેક વ્યક્તિમાં કુદરતે કંઈ ને કંઈ નવીનતા મૂકી છે.*



કથા ચરિત્ર

# ઐતિહાસિક એરણે : રામભક્ત શબરી



ચંદ્રકાંત પટેલ 'સરલ'

**કેટલાક લોકપ્રિય અને રસપ્રદ વિભાગો સામેલ કર્યા બાદ....**

**વિદ્વાન વાચકવર્ગના સૂચનથી નવા વર્ષે નવલા નજરાણા સ્વરૂપે...**

**'મંગલ મંદિર' એક કદમ આગે જઈ રહ્યું છે....**

*મોટાભાગના લોકો અને તમામ વયનો વાચકવર્ગ ઈતિહાસના પૌરાણિક પાત્રોના માત્ર નામ જ જાણે છે પરંતુ તેની કથા... તેમના જીવન પરિચયથી તદ્દન અજાણ હોય છે. એટલે આવા પાત્રોની જાણકારી સાથે તેની વિશેષ વિગત જૂની / નવી પેઢીના લોકોને મળે તેવા ઉદ્દેશથી પૌરાણિક પાત્રો / કથા ચરિત્ર વિષયક લેખોની અત્રે પ્રસંગોપાત રજૂઆત કરતા રહીશું.*

*તજજ્ઞ લેખકશ્રીઓને આ સંબંધી પોતાના લેખો મોકલાવવા આમંત્રિત કરીએ છીએ.* **– તંત્રી મંડળ**

શબરી મહાન રામભક્ત હતી. એ જ કારણે તેને મહાન સ્ત્રીઓની પંગતમાં સ્થાન અપાયું છે. પુરાણોમાં શબરી વિશે માત્ર એટલો જ ઉલ્લેખ થયો છે કે તે શબર રાજાની કન્યા હતી અને ઋષિ મુનિઓની છૂપી રીતે સેવા કરતી હતી. તેણે રામને એંઠા બોર ખવડાવ્યા હતા. આ સિવાય વધારે માહિતી પુરાણમાં નથી લખાઈ.

ખરી હકીકત એ છે કે, શબરી શબર રાજાની દીકરી ન હતી, કે ન તો તેનું સાચું નામ 'શબરી' હતું. **'શબર' એ ભીલ સમાજની એક જાતિ છે.** શબર વ્યક્તિ વિશેષ નામ નથી. એ સમય એટલે ત્રેતાયુગમાં ભીલ જાતિને શુદ્ર જાતિમાં મૂકાઈ હતી. તેથી જ શબરી ઋષિ મુનિઓની સેવા રાતના સમયે અંધારામાં છુપાઈને કરતી હતી.

- **શબરીનો પૂર્વજન્મ :**

લોકોમાં શબરી નામે ઓળખાતી આ ભીલ કન્યાની કથા મારા પરમ મિત્ર અને લોક સાહિત્યકાર એવા શ્રીમાન અભેસંગજીભાઈ બારોટ પાસેથી મળી છે. તેમણે મને આવા અનેક પાત્રોનો ઈતિહાસ આપ્યો છે. હું તેમનો આ તકે ઋણી જ છું.

ત્રેતાયુગની આ ભીલ કન્યા શબરી તેના પૂર્વજન્મમાં અંગ દેશના ભગવદીય રાજા ધર્મધ્વજની સંસ્કારી, સુશીલ, પતિપરાયણ અને અતિ સૌંદર્યમાન મહારાણી હતી. તેનું ખરું નામ વેદવતી હતું. પરંતુ તેના અપ્રતિમ સૌંદર્યને કારણે રાજાએ તેનું નામ 'રૂપવતી' રાખ્યું હતું. રાણી રૂપવતી સૌંદર્યના ભારથી એવી તો લચી પડી હતી કે જોનારાના દેહમાં કામદેવ આળસ મરડીને બેઠો થઈ જતો. રાણીના સૌંદર્યને ગુપ્ત રાખવા રાજા ધર્મધ્વજ રાણીને પરદામાં જ રાખતો. તે બહાર નીકળે ત્યારે પણ તેના આડે પડદો રાખી દાસીઓ ચાલતી.

મહારાણી રૂપવતી વિષ્ણુ ભગવાનની પરમ ઉપાસક હતી. સંત - મહાત્માઓ અને ઋષિમુનિઓ પ્રત્યે તેને ખૂબ જ ભાવ રહેતો. સંતોના દર્શન કરવા તે હંમેશાં તલપાપડ રહેતી. મહેલમાં પરદા પ્રથાને કારણે તે સાધુ-સંતોના દર્શન કરી શકતી નહીં. પરદાને કારણે કાયમ બાધા રહેતી હતી. રૂપવતીનું હૃદય સાત્ત્વિક હતું, પણ તે લાચાર હતી. મનથી ખૂબ જ વિવશ હતી.

એક દિવસ ફરતાં ફરતાં નારદજી અંગ દેશમાં આવ્યાં. ધર્મધ્વજ રાજાએ તેમનું સ્વાગત કર્યું ને મહેલમાં ઉતારો આપ્યો. નારદજીએ રાજા-રાણીને પ્રયાગના કુંભપર્વની વાત કરી ને કુંભમાં જવા માટે કહ્યું. નારદજીની વાત સાંભળી, સંતોના દર્શનનો લાભ મળશે તેવી આશાથી રાણી રૂપવતી ખૂબ જ રાજી થઈ. નારદ મુનિની વિનંતીથી થોડાક મંત્રીઓને લઈ રાજા-રાણી માફાઢંક વેલડું જોડાવી પ્રયાગ તરફ નીકળ્યા.

કુંભપર્વમાં લાખો સાધુ-સંતો અને ઋષિમુનિઓ આવ્યા હતા અને એ બધા ત્રિવેણી જળમાં ડૂબકીઓ લગાવી સ્નાન કરી રહ્યા હતા. ત્રિવેણીમાં સ્નાન સમયે પણ રાજાએ દાસીઓને પાણીમાં ઉતારી રાણીની આડે પરદાની આડશ ગોઠવી હતી. પરદાને કારણે સંત દર્શનમાં અડચણ - બાધા આવવા લાગી. રાણીને પોતાના રૂપ ઉપર તિરસ્કાર છુટ્યો. ચીડ ચઢી. પોતાના અપ્રતિમ સૌંદર્યે જ આ પરદાપ્રથાને જન્મ આપ્યો હતો, એવું

વિચારી રાણીને સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો, ને પોતાના લૌકિક બંધનોને ધિક્કારતાં ધિક્કારતાં ત્રિવેણી માતાને પ્રાર્થના કરી : "હે ત્રિવેણીદેવી! મારે રાજસુખ નથી જોઈતું, મારે ભોગવિલાસ પણ નથી જોઈતો. મારે તો સંતોની સેવા જ જોઈએ છીએ. માટે હે માતા! હે જળદેવીમા! હવે પછી મારો જન્મ જ્યાં થાય ત્યાં મને સંતસેવાનો અવકાશ - અધિકાર મળે. ભલે કુળ ગમે તે મળે, પણ તેનું મૂળ સંતસેવામાં રહે એવી કૃપા કરજો. અહીંની જેમ એ જન્મમાં પણ પરદાપ્રથા બાધા ન બને તેટલા માટે મને સુંદરતાથી અળગી રાખજો..."

- **શબરીનો શ્રમણા નામે જન્મ :**

ત્રિવેણી માતાના આશીર્વાદ અને કૃપાથી પૂર્વજન્મની રાણી રૂપવતી ત્રેતાયુગમાં ઈ.સ. પૂર્વે ૫૧૫૮ના માગશર શુક્લપક્ષ પંચમીને દિવસે ભીલની પેટા શબર જાતિના મુખ્યા (આગેવાન) શ્રમણની પત્ની મદાલાની કૂખે જન્મી. પિતા શ્રમણના નામ ઉપરથી તે કન્યા 'શ્રમણા' કહેવાઈ. **તે શબર જાતિની હોવાથી 'શબરી' તરીકે પણ ઓળખાવા લાગી હતી.**

શ્રમણાને બીજી બે બહેનો પણ હતી. જેમાં નાની 'અક્ષમાલા' ને વચલી 'ભ્રામરી.' નૈમિષારણ્યના ભીલ રાજા (આગેવાન) વૈરસીને આ ત્રણે બહેનો સગપણે ભાણેજો થતી હતી.

શ્રમણા સૌથી મોટી હતી. નાનપણથી જ તેનામાં પૂર્વસંસ્કાર રૂપે ભક્તિભાવ હતો. સંત-ઋષિઓને જોઈને તે તેની પાસે દોડી જતી ને દૂર ઊભીને ઋષિ મુનિઓને પ્રણામ - નમન કરતી હતી.

- **શબરી (શ્રમણા)નો કરુણા ભાવ :**

શ્રમણા યુવાવસ્થાએ પહોંચી ત્યારે શ્રમણે તેના સગપણ માટે કોઈ સારો મુરતિયો શોધી લાવવાનું કામ પોતાના સાળા વૈરસીને સોંપ્યું. વૈરસીએ મધુપુરીના અંગરાજ નામના ભીલ આગેવાનના પુત્ર 'ચકરીક' સાથે શ્રમણાનું વેવિશાળ પાકું કરી દીધું.

ભીલ જાતિના રિવાજ પ્રમાણે શ્રમણાનાં લગ્નમાં જાનને તથા નાતીલાઓને જમાડવા માટે શ્રમણ રાજાએ અસંખ્ય પશુઓને પોતાના તબેલામાં બાંધી રાખ્યા હતા. પશુઓના ગાંગરવાના અવાજો સાંભળી શ્રમણા તબેલામાં ગઈ. તબેલામાં ઘેટાં, બકરાં, ઊંટો, પાડા, પાડીઓ, વાછરડા વગેરેને બંધાયેલા જોઈને શ્રમણાએ તેની સહેલી વનલતામાલાને પૂછ્યું કે, પિતાજીએ આટલા બધા પશુઓ અહીં શા માટે બાંધ્યા છે? ત્યારે વનલતામાલાએ કહ્યું : આ બધા પશુઓ તારા લગ્નમાં ભાગ લેનારા મહેમાનો તથા આપણા નાતીલાઓનાં ભોજન માટે જ તારા પિતાજીએ ખરીદ્યા છે. આ બધા પશુઓનો વધ કરી સૌને જમાડવામાં આવશે.

**જીવહત્યાની વાત સાંભળી શ્રમણાનું હૃદય કકળી ઉઠ્યું.** જો મારા કારણે જ આ બધા નિર્દોષ - મૂંગા જનાવરોનો ભોગ લેવાતો હોય તો તે બધાનું પાપ મારા માથે જ ચઢશે. સાત જન્મમાં પણ હું એ પાપથી છૂટી શકીશ નહીં. માથા પર પાપ ચઢાવીને લગ્ન કરવાની જરૂર પણ શી? આવું વિચારી શ્રમણાએ **એ રાતે જ તમામ પશુઓને બંધન મુક્ત કરી જંગલ બાજુ હાંકી મૂક્યા.** તેનાં પુણ્યનો ઉદય થયો. વૈરાગ્યભાવથી ભાવિત થઈ શ્રમણા ઘર છોડીને ભાગી નીકળી, ને દંડકારણ્યના પશ્ચિમ ભાગમાં આવેલ પંપા નદીને કાંઠે રહેવા લાગી.

- **શ્રમણાની અનોખી ભક્તિ :**

દંડકારણ્યમાં હજારો ઋષિઓ પોતપોતાના આશ્રમો બાંધી તપસ્યા કરી રહ્યા હતા. શ્રમણા જાતની ભીલડી હોવાથી પ્રગટરૂપે ઋષિઓ તેની સેવા ન સ્વીકારે તેટલા માટે એ રાતના અંધારામાં ઋષિઓ સૂઈ જાય તે પછી વનમાં જઈ લાકડાં કાપી, આશ્રમ પાસે ઢગલા કરતી. આશ્રમ આસપાસની જગ્યા વાળીઝૂડી સાફસૂફ કરતી. લાકડાં હવન કરવા ખપ લાગતા હતા.

રોજેરોજ લાકડાંના ઢગલા તથા રસ્તાઓની સફાઈ જોઈને ઋષિઓને નવાઈ લાગતી કે આવું કામ કોણ કરે છે? કોઈ દેવી આવે છે, ભૂત આવે છે કે પછી કોઈ માનવ આવીને આ કામ કરે છે? આ વાતનું રહસ્ય જાણવા ઋષિઓએ શિષ્યોની ચોકી બેસાડી. તેમાં એક વહેલી સવારે શ્રમણા પકડાઈ ગઈ. શિષ્યો શ્રમણાને મતંગમુનિ પાસે લાવ્યા. ત્યારે ધ્રુજતા ધ્રુજતા શ્રમણાએ અથથી ઈતિ સુધીની બનેલી વાત મતંગ મુનિને સંભળાવી. સાંભળીને મતંગ મુનિનું હૃદય પીગળી ગયું. રહેવા માટે શ્રમણાને પોતાના જ આશ્રમમાં એક પર્ણકુટિર બાંધી આપી અને તેના કાનમાં 'શ્રી સીતારામનામ' એવો દીક્ષામંત્ર આપી એ મંત્રનો જાપ કરવા જણાવ્યું.

મતંગમુનિએ શ્રમણા નામની શુદ્ર ભીલડીને આશ્રમમાં સ્થાન આપ્યું તથા તેને મંત્રદાન પણ કર્યું છે, એ વાત જાણીને બધા ઋષિઓએ મતંગ મુનિને બહિષ્કૃત કર્યા. તે છતાં મતંગ મુનિએ શ્રમણાનો ત્યાગ ન કર્યો. શિષ્યા તરીકે જ રાખી.

- **મતંગ મુનિની વિદાય :**

ઘણા સમયે તપસ્યા પૂર્ણ થતાં મતંગ મુનિએ શ્રમણાને કહ્યું : 'શ્રમણા! મને પ્રભુની આજ્ઞા થઈ છે. મારે હવે તેમના ધામમાં જવું પડશે. તું આ જ આશ્રમમાં રહીને રામનું ભજન કરજે. શ્રીરામ સ્વયં તારાં દર્શન કરવા અહીં જ આવશે. શ્રીરામ સાક્ષાત્ પરમાત્મા-પરબ્રહ્મ છે. એમનાં દર્શનથી તારું કલ્યાણ થશે.

ઈ.સ. પૂર્વે ૫૦૮૯ના માઘ કૃષ્ણપક્ષની સાતમ ને ચિત્રા નક્ષત્રના સિદ્ધયોગને કુંભ લગ્નના શુભ સમયે મતંગ મુનિએ દેહ છોડ્યો ત્યારે શ્રમણા ખૂબ જ રડી હતી. ગુરૂજી હતા ત્યાં સુધી તો તકલીફ ન હતી, પણ હવે છુતાછુતના વાડાઓ વચ્ચે તે કઈ રીતે આ આશ્રમમાં રહી શકશે? આસપાસ વસતા તમામ ઋષિઓ પોતાને અસ્પૃશ્ય ગણતા હતા. એવા વિચારે શ્રમણા આકળ-વિકળ દશામાં જીવી રહી હતી. એક ઉંમરનો બોજ અને બીજો

ગુરૂજીની વિદાયનો બોજ! બે બોજને માથે લઈને તે રામ દર્શનની આશામાં પોતાનું જીવન વ્યતીત કરી રહી હતી.

**• ભગવાન શ્રી રામનું આગમન :**

શ્રમણા શ્રીરામ દર્શન - આગમનની પ્રતીક્ષાથી વ્યાકુળ રહેવા લાગી હતી. **વનમાંથી જે વૃક્ષના ફળ મધુર-મીઠાં હોય તે ચાખીને પછી શ્રીરામ માટે સંઘરવા લાગી હતી.** ઉત્કંઠાવશ પોતાના પ્રભુના આગમનના માર્ગને સાફસુફ કરી રામની વાટ જોયા કરતી. મતંગની વિદાય પછી આમને આમ બીજા ૧૨ વર્ષ નીકળી ગયા.

અને એક દિવસ તેની શ્રદ્ધાનો દીવો થયો. સીતાજીની શોધમાં નીકળેલા રામ અને લક્ષ્મણ ઇ.સ. પૂર્વે ૫૦૭૭માં પંપા સરોવરને કાંઠે બાંધેલા મતંગ મુનિના આશ્રમમાં આવ્યા. આ સમયે રામની ઉંમર ૩૭ વર્ષની હતી અને શ્રમણાની ઉંમર ૮૧ વર્ષની હતી. બંને વચ્ચે ૪૪ વર્ષનો તફાવત હતો. એટલે ચોક્કસપણે કહી શકાય છે કે શ્રમણા (શબરી)નો જન્મ ઇ.સ. પૂર્વે ૪૯૯૬માં થયો હતો.

રામના આગમનના સમાચાર જાણી શ્રમણાનો તમામ શોક હટી ગયો. પરંતુ પોતાના શરીરની ઉત્પત્તિ નીચ જાતિમાં થયાનું સ્મરણ થવાથી સંકોચવશ ભાગીને તે વૃક્ષોનાં ઝુંડ નીચે છૂપાઈ ગઈ. શ્રીરામે ઋષિઓને પૂછ્યું : શ્રમણા ક્યાં ગઈ? ઋષિઓને બદલે શ્રીરામ શ્રમણાને મળવા માંગે છે એવું જાણીને ઋષિઓ સ્તબ્ધ થયા.

**ભક્તનો પ્રેમ પ્રભુ પર જ્યારે પરમ સપાટીએ પહોંચે છે ત્યારે ભગવાનને સ્વયં આવવું પડે છે.** ત્યાં જાતિ-પાતિ, ઊંચ-નીચનો ભેદ નથી રહેતો. જ્યારે સર્વોચ્ચ પ્રેમદશામાં ભક્ત હોય છે ત્યારે છુતાછુતનો દોષ નથી રહેતો.

મારા ભગવાન મને શોધે છે, ને હું સંતાઇ ગઈ? એમ વિચારી શ્રમણા ઝાડીમાંથી બહાર આવી. દૂરથી જ શ્રીરામને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ભગવાન શ્રીરામે ખુદ ઉતાવળા જઇને તેને ઉઠાવી લીધી. રામના સ્પર્શથી તેની તમામે તમામ ચિંતાઓ દૂર થઈ ગઈ. તેણે રામને ઝુંપડીમાં બેસાડ્યા. પૂજા કરી પછી અર્ધ્ય-પાદ્ય-પૂર્વક વનમાંથી લાવેલાં બોરને ચાખી ચાખી ભગવાનને ખવડાવવા લાગી. એઠાં બોર ખાતા ખાતા રામે કહ્યું : **'હે માતેય! માર્ગનો શ્રમ અને દુઃખ આજ આ મધુર-મીઠાં બોર ખાવાથી મટી ગયો છે.**

*દુર્લભ ભક્ત અનન્ય મતિ, પ્રેમી અરુ નિષ્કામ ।*
*નર વપુરે કો કહાં મિલૈ, તરસત રાજા રામ ॥*

અહિંયા શ્રીરામ અને શ્રમણા (શબરી) બંને પ્રેમી છે. બંનેની આંખોમાં આંસુ ચાલ્યા જાય છે. શ્રમણા કહે છે : મારું અભિષ્ટ આજે પૂરું થયું, તો શ્રીરામ માને છે, મારું અભિષ્ટ પૂર્ણ થયું.

શ્રમણા પાસેથી વિદાય લઇ રામ-લક્ષ્મણ આગળ જવા તૈયાર થયા ત્યારે શ્રમણાએ કહ્યું : 'હે જગતના નાથ! આપનો વિરહ મારાં આ ઘરડાં શરીરથી હવે નહીં ખમાય. આપનાં દર્શનથી મારો અવતાર ધન્ય થઇ ગયો છે. આપ મને દેહત્યાગની રજા આપો.'

શ્રમણાની વાત સાંભળી રામ બોલ્યા : 'હે માતા! હે તપોધન! આપ કાંઈક માંગો. માગ્યા પછી જ હું તમને દેહોત્સર્ગની આજ્ઞા કરીશ.'

રામના અતિ આગ્રહથી શ્રમણા બોલી : 'હે કૌશલ્યાકુમાર! હવે હું શું માગું? આપે દર્શન આપી મને સર્વસ્વ આપી દીધું છે. આપની કાંઈક આપવાની ઇચ્છા જ છે તો મારી અરજ એટલી છે કે હું ભવોભવ સંતોની સેવા કરતી રહું અને અમારા 'શબર કુળ'ને આપની સેવા પૂજા કરવાનો પ્રથમ અધિકાર પ્રાપ્ત થાય. **માનવ-માનવ વચ્ચેથી છુતાછુતના ભેદ ટળે એવી કૃપા કરો.**'

શ્રીરામે કહ્યું : 'હે માતેય! તમારી મનોકામના અવશ્ય પૂરી થશે. હું સ્વયં જગન્નાથરૂપે અવતરી શબરને સેવાનો અધિકાર આપીશ.'

**• શ્રમણા (શબરી)નો ત્રીજો જન્મ :**


પૂર્વજન્મની શ્રમણા (શબરી) પોતાના નવા જન્મમાં પુરીના જંગલમાં વસતા શબર જાતિના પારધી વિશ્વાવસુની કન્યારૂપે જન્મી. તેનું નામ 'લલિતા' પાડવામાં આવ્યું. લલિતાના પુણ્યસંસ્કારના કારણે તે નીલમાધવ ભગવાનની ભક્તિમાં તરબોળ બની. માલવ રાજાના એક પ્રધાન વિદ્યાપતિ પંડિત સાથે રાજાએ લલિતાને પરણાવી ઊંચ-નીચ, છુત-અછુતના ભેદ ટાળ્યા.

ભગવાન શ્રીરામ પોતે જગન્નાથરૂપે અવતર્યા ને પૂર્વકાલે આપેલું વચન સિધ્ધ કરવા શબર જાતિની વ્યક્તિને સેવા-પૂજાનો પ્રથમ અધિકાર આપવા માલવ રાજાને સ્વપ્નમાં આજ્ઞા કરી. માલવપતિએ પ્રભુ જગન્નાથજીની આજ્ઞાને માથે ચડાવી જગન્નાથ મંદિર ઉપર શબરભીલ વ્યક્તિને કુલ અધિકાર આપ્યો. બારોટ અભેસંગભાઈ જણાવે છે કે વિશ્વાવસુના વંશજો આ મંદિરમાં પ્રથમ પૂજા કરે પછી જ બીજા લોકો, પૂજારી આરતી વગેરે કરતા હતા. હવે શબર લોકો પૂજા કરે છે કે નહીં તેની જાણકારી નથી.

શ્રમણાએ જ્યારે પ્રાણત્યાગ કર્યો હતો ત્યારે શ્રી રામને છુતાછુતનો કોઈ ભેદ નડ્યો નહોતો. રામે જાતે જ વનમાંથી લાકડાં લઇ આવી શ્રમણાને માતા સમાન ગણી પ્રાણસંન્યાસ સમયે અગ્નિસંસ્કાર કર્યો હતો.

*સંદર્ભ-સાહિત્ય સહયોગ : (૧) બારોટ અભેસંગભાઈ, (૨) વાલ્મિકી રામાયણ, (૩) ભક્તમાળા, (૪) મતંગ ચરિત્ર, (૫) શ્રમણા કી કહાની (હિંદી લેખ), (૬) શુભ સંગ્રહ.*

*C/o. "સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,*
*રતનપરા શેરી નં.-૧, નીલકંઠ બંગલાની સામે,*
*બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩.૦ (જિ. જુનાગઢ)*
*મો. ૮૭૩૫ ૯૦ ૨૪૨૪*



કથા ચરિત્ર

# નેપથ્યમાં ‘નાગરાઇ!’

જગદીશચંદ્ર ચં. છાયા
‘શ્રેયસ’

પૂર્વજોનાં પુનિત પદચિન્હોનું પગેરું લેતાં **નાગરો લખપતનાં હાટકેશ્વર દાદાનાં દર્શને ખાસ જાય છે.** એ ભૂમિમાં જતા જ આધ્યાત્મિક ચેતનાનો અદ્‌ભુત અનુભવ થાય છે. એટલે કદાચ ત્યાં અવારનવાર જવાનું મન થતું રહે છે. એ જાગતી ભૂમિમાં નાગરો બહુ જ શ્રદ્ધાભાવથી ધાર્મિક આયોજનો ગોઠવે છે પણ નાગરોના પૂર્વજોએ બનાવેલી નાગરાઈ તળાવડી જોવા જતા નથી. એ સ્થળ પર નાગરોને રસ નથી એવું નથી પણ એમની પાસે એ વિશે જાણકારી જ નથી.

**તાજેતરમાં શ્રી ભુજ હાટકેશ સેવા મંડળ દ્વારા લખપત હાટકેશ્વર મંદિરે ધાર્મિક આયોજન થયું હતું.** એમાં અમે હોંશથી ભાગ લીધો હતો. સાથે વ્યક્તિગત રીતે મેં અને મારા પુત્ર ધૈર્યએ નાગરાઈ તળાવડીનું નિરીક્ષણ કર્યું હતું.

હાટકેશ મંદિરની જેમ એ સ્થળ પણ પૂર્વજોનાં પદચિન્હોને યાદ કરે છે તેથી ઘણા સમયથી એ સ્મૃતિ સ્થળ જોવાની ઈચ્છા હતી, તે આ વખતે પૂરી થઇ. હવે એનો આનંદ અમે વાગોળીએ છીએ.

અલબત્ત, નાગરાઈ તળાવડી બહુ પ્રસિદ્ધ નથી તેમ એના વિશે કદાચ બહુ લખવામાં પણ નથી આવ્યું. એટલે ખુદ નાગરોમાં પણ આ સ્થળ વિશે જાણકારીનો અભાવ છે. એટલે એ સ્થળ જોવા જવાનો કોઈને વિચાર ન આવે એ સ્વાભાવિક છે.

લખપતની આજે કુલ વસતિ છે, બે સદી અગાઉ એટલી વસતિ ફક્ત નાગરોની હતી. **સૌથી વધુ નાગર પરિવારો લખપતના વિકાસમાં ભાગીદાર હતા.** શુદ્ધતા - પવિત્રતામાં વિશેષ માનતા નાગરો એ સમયે બહારનો ખોરાક લેતા નહીં. પોતાનું રાંધે અને જમે. એટલું જ નહીં, નહાવા માટે તળાવડી પણ પોતાની બનાવી હતી. બ્રાહ્મણોએ પણ બાજુમાં એમના માટે ‘બ્રહ્મસર’ તળાવ બનાવ્યું છે. એ વખતની રહેણીકરણી મુજબ આ એક વ્યવસ્થા હતી. નાગરો નાગરાઈમાં સ્નાન કરીને ચીકટો પહેરીને હાટકેશ દાદાનાં દર્શન કરતા હતા.

૧૮૫૦ના અરસામાં ગુજરાતભરના નાગરો લખપતમાં આવ્યા હતા અને શાનદાર રીતે ધામધૂમથી હાટકેશ પાટોત્સવ ઉજવ્યો હતો એવો ઉલ્લેખ ત્યાં જોવા મળતાં આનંદ થયો. વખતોવખત નાગરો લખપત મંદિરે ધાર્મિક આયોજનો કરતા રહે છે. હવે ફરી એકવાર રાજ્યભરના નાગરો લખપતમાં ભેગા મળીને હાટકેશ દાદાનો ઉત્સવ ઉજવે એવી મહેચ્છા વ્યક્ત કરું છું.

અલબત્ત, લખપતમાં નાગરોની વસતિ હવે નથી પણ મારા ફેસબુક મિત્ર મૂળ લખપતના અને હાલ વડોદરા રહેતા દિનેશભાઈ ઠક્કરે જાણકારી આપી છે કે લખપતમાં છેલ્લું નાગર કુટુંબ જીકાકાનું હતું. ગામમાં તેઓ જીકાકાના હુલામણાં નામે ઓળખાતા. તેઓ ટ્યુશન કરતા અને એમના ધર્મપત્ની મુક્તાબેન લખપત કન્યાશાળામાં નોકરી કરતા હતા. આ નાગર દંપતી નિવૃત્તિ પછી લખપત છોડી ગયા. આ અંગે વિશેષ વિગતો મેળવવા પ્રયત્ન કરતાં માંડવીના નાગર અગ્રણી ભરતભાઈ વોરા અને જામનગરથી ભરતભાઈ છાયાએ ખૂટતી વિગતોની પૂર્તતા કરી. જીકાકા તે પ્રતાપરાયભાઈ રાણા. એ દંપતી માંડવીમાં મધુભાઈ રાણા સાથે રહેતું હતું.

નાગર + તરાઈ = નાગરાઈ. અહીં ‘ત’નો લોપ થયો છે એટલે નાગરાઈ કહેવાય છે. જેમ કે મોચીરાઈ, સાંભરાઈ, બાંભડાઈ, ડાકડાઈ...

હવે આ તળાવડી પ્રસિદ્ધ બને એવા પ્રયત્નો કરવા છે જેથી નાગરો અને અન્ય પ્રવાસીઓ પણ લખપત આવે ત્યારે લખપતનાં જળાશયો - જળમંદિરો નિહાળવામાં રસ લેતાં થાય, તો એનો વિકાસ પણ થાય.

જૂનાગઢથી રાજીવભાઈ એન. મહેતાએ પણ આ પોસ્ટમાં રસ લઇ, આ મુજબ કોમેન્ટ કરી છે.

“સુંદર માહિતી... જ્યાં જ્યાં નાગરો જઇ વસ્યા ત્યાં ત્યાં ઈતિહાસ દટાયેલો છે. ત્રણેક વર્ષ પહેલાં ડભોઇ પાસે સાઠોદર જવાનું થયેલું. ત્યાંના હાટકેશ મંદિરે ગયો. ગામમાં હાલ એકપણ નાગર પરિવાર નથી પણ પાટોત્સવ પર ગુજરાતભરમાંથી સાઠોદરા મુકામે નાગરો આવે અને ગામના લોકો સરભરા કરે. ત્યાં મંદિરની બાજુમાં સાત પાળિયા છે, જે નાગરોના છે. વિસ્તૃત ઈતિહાસ જાણવા ન મળ્યો, પણ છાતી તો ફૂલી જ.

મેં પણ એ જગ્યાની મુલાકાત લઇ નાગરોના પાળિયાઓને શ્રદ્ધાપૂર્વક નમન કર્યા છે. આભાર રાજીવભાઈ.

વડનગરમાં છેલ્લા નાગર કુટુંબની વિગત મારી પાસે હતી પણ હવે મળતી નથી. કદાચ કુટુંબ નહીં, એક વ્યક્તિ જ વડનગરમાં રહેતા છેલ્લા નાગર હતા.

***E-mail : jagdishchandra.chhaya@yahoo.in***



ગુલશન

# "દિલની જબાન"

## સદાબહાર કવયિત્રી : પ્રજ્ઞા વશી

મણકો-૧૪



ચંદ્રકાંત પટેલ 'સરલ'



**પ્રજ્ઞા વશી**
એ-૧૦૨, સિલ્વરપામ એપાર્ટમેન્ટ,
કદમપલ્લી સોસાયટી,
નાનપુરા, સુરત.
મો. ૯૨૨૮૩ ૩૧૧૫૧
E-mail : pdvashi@gmail.com

*સાહિત્ય, કલા, નૃત્ય, સંગીત જેવા વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા વિવિધ કલાકારો, સર્જકોના પ્રદાનને ઉજાગર કરતી "કલાસંસ્કૃતિ" નામની એક કોલમ 'સંદેશ' દૈનિકપત્રમાં ચાલે છે. જેના લેખિકા છે : પ્રજ્ઞા દીપક વશી. કવિતા, નૃત્ય, નાટક, ગાયન, વાદન અને સંગીત આદિમાં ઊંડી રસ-રૂચિ ધરાવતાં બહુઆયામી સર્જક એટલે સદાબહાર કવયિત્રી પ્રજ્ઞાબહેન વશી. અસલ અનાવિલ સન્નારી.*

*આ કવયિત્રીનો જન્મ ૨ જૂન, ૧૯૫૬ના રોજ સુરત તાબાના ભરથાણા નામના ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ રમણભાઈ વશી અને માતાનું નામ સુમિત્રાબહેન વશી. 'વશી' એ અનાવળા બ્રાહ્મણની એક અટક છે. મૂળમાં એ ઔદિચ્ય બ્રાહ્મણ. ભગવાન રામચંદ્રજીએ આ કોમને ઊંચી ગણાવી છે.*

*'વશી' વિશે વધારે જાણવા વાચકોએ 'કુમાર' અને 'તાદર્થ્ય' સાહિત્યિક સામયિકમાં છપાયેલા મારા બે લેખો વાંચી જવા.*

*પ્રજ્ઞાબહેને સુરતને પોતાની કર્મભૂમિ બનાવી. ધોરણ-૫ થી એસ.એસ.સી. સુધીનો અભ્યાસ અમરેલીમાં તથા એમ.ટી.બી. આર્ટસ કોલેજમાં **M.A.** કરી બાદમાં સુરતમાં જ **B.Ed.** કર્યું અને ૧૯૮૦માં સુરતની પ્રખ્યાત સ્કૂલ તાપીદાસ અને તુલસીદાસ વ્રજદાસ શાળામાં જોડાયા, ને આચાર્યપદ ભોગવી ૨૦૧૪માં નિવૃત્ત થયા છે.*

*કવયિત્રીએ ૯મા ધોરણથી જ લખવાની શરૂઆત કરી હતી. ૩૪ વર્ષ શિક્ષણ, નાટક, લેખન, સંગીત, વક્તવ્ય, સંચાલન, આયોજન અને સેવાકીય પ્રવૃત્તિ દ્વારા અનુભવનું ઘણું મોટું ભાથું બાંધ્યું છે. કવયિત્રીએ સાહિત્યિક, રાસગરબા, સંગીત સ્પર્ધા, નાટક સ્પર્ધા આદિ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવાઓ આપી છે ને હજી આપી રહ્યા છે. તેઓ ગુજરાતી સાહિત્યમાં કવિતા, નવલકથા, નિબંધ, હાસ્ય તેમજ લલિત નિબંધ, નાટકો, મોનો એકટિંગ, વાર્તા વગેરે જેવા વિવિધ સ્વરૂપમાં કામ કરે છે.*

*આ કવયિત્રીએ શાળા - મહાશાળાઓમાં 'હું જ મારો સારથી' નામનું મોટીવેશન ચલાવ્યું છે. વાર્તા, કવિતાના કાર્યક્રમો કરી બાળકોને માતૃભાષાનું મહત્ત્વ તેમજ જીવનદર્શન જ્ઞાન સાથે ગમ્મત અને ભણતરનો મહિમા કર્યો છે. કવયિત્રીએ પાંચસો કરતાં વધારે આ પ્રકારના વ્યાખ્યાનો આપ્યા છે.*

*કવયિત્રીનાં ગુજરાતી સાહિત્યમાં કવિતા, નિબંધ, નવલકથા, હાસ્ય લેખન, નાટક, વાર્તા, મોનો ઈમેજ, એકટિંગ જેવા વિષયો પર લખાયેલાં ૧૫ પુસ્તકો પ્રગટ થયા છે જેમાં સ્પંદન વન, આકાશે અક્ષર, શ્વાસ સજાવીને બેઠા, મોનો ઈમેજ, પિકનિક પર્વ, ગઝલે સુરત, સાતત્ય, નારીની ગઈકાલ અને આજ, અસતને પેલે પાર, નિસ્બત, તમાચો, અભિતપ્ત, કોરોના વિષયક નવલકથા, હું કામાક્ષી સૌમ્ય, ઋત્વીની સફર, એકાંકી નાટક સંગ્રહ વગેરે.*

*કવયિત્રી પ્રજ્ઞાબહેનને માન-સન્માન ઍવોર્ડ, બેસ્ટ શિક્ષક ઍવોર્ડ, ગુજરાત રાજ્યનો પ્રતિષ્ઠિત 'કલા પ્રતિષ્ઠાન સાહિત્ય ઍવોર્ડ', એની સરૈયા નિબંધ ઍવોર્ડ, રાજ્યકક્ષાનો બેસ્ટ એકટિંગ ઍવોર્ડ – આવા તો અસંખ્ય ઍવોર્ડસ તેમના ખાતામાં જમા થયા છે. સ્થળ સંકોચને કારણે બધાના નામ લખી શકાય તેમ નથી. કવયિત્રીએ દૂરદર્શન તથા આકાશવાણી પર કવિ સંમેલનના લાઈવ શો કર્યા છે. આવડી મોટી સફળતા કોઈ સર્જકને મળી નથી. 'મંગલ મંદિર' કવયિત્રી પ્રજ્ઞાબેન વસીને શુભકામના પાઠવે છે.*

*– તંત્રી મંડળ*

વર્તમાન સમયના કવિઓમાં બે વર્ગ દેખાય છે : એક સહજવૃત્તિવાળો કવિ અને બીજો કષ્ટસાધ્ય પ્રયાસ કરીને સર્જન કરતો કવિ. કષ્ટસાધ્ય કવિ કાઠું કાઢી શકતો નથી, જ્યારે સહજવૃત્તિવાળો કવિ સમાજને અમૂલ્ય વિચારો ધરે છે.

પ્રજ્ઞાબહેનનું સર્જન સહજવૃત્તિવાળું જણાઈ આવ્યું છે. તેથી જ તેમાં ચેતન-તત્ત્વ ભારોભાર દેખાઈ રહ્યું છે. તેમની નિરીક્ષણ શક્તિ અને જીવન સાથે સાંકળી લેતી સર્જન દૃષ્ટિએ જ કવયિત્રીને નામ અપાવ્યું છે.

અહીં જીગર મુરાદાબાદીની એક ગઝલનો શે'ર યાદ આવે છે :

***તકલ્લુફ સે, તસન્નો સે, બરી હૈ શાયરી અપની,***
***હકીકત શે'ર મેં જો હૈ, વહી હૈ જિંદગી અપની.***

આ કવયિત્રીએ પણ પોતાના શે'રમાં પોતાની જિંદગીના અનુભવો ઢાળ્યા છે. એ વગર જીવંત શે'ર ન જ મળે. કવયિત્રી કોઈ જાતના વર્ગો, મત, ધર્મ, પક્ષ કે કોમ - જાતિના બંધિયાર વાડામાં પૂરાયા નથી. એટલે જ તેમનાં કાવ્યો સર્વવ્યાપી, સર્વોપયોગી બની ગુણવત્તામાં અવ્વલ રહ્યાં છે.

કવયિત્રીનું વૈયક્તિક જીવન પણ સૌજન્ય આભિજાત્ય ને સંસ્કારી હોવાને લીધે 'શીલ તેવી શૈલી'ની રૂએ તેમનાં સર્જનમાં એ ગુણો અનુસ્યુત થયેલાં જોઈ શકાય છે. કવયિત્રીએ જંજાળના બધા મહોરાં ફગાવીને ભીતરમાં સાહિત્યિક ધૂણી ધખાવી છે. જુઓ તેમનો શે'ર :

***બધાં મહોરાં ફગાવીને હજી હમણાં જ આવી છું,***
***ધૂણી ભીતર જલાવીને હજી હમણાં જ આવી છું***
***નકામો બોજ સુખનો હું ઉઠાવી દોડતી'તી પણ;***
***સમયસર એ હટાવીને હજી હમણાં જ આવી છું.***

અનુભૂતિ અને સહાનુભૂતિ એ ગઝલકલાનો નૈસર્ગિક સ્વભાવ છે. કેવળ કાફિયા - રદીફની ચમક-દમકથી ગઝલ લક્ષ્ય સાધી પાર નથી ઉતરતી. કવિ કાંતિ કડિયા પણ એ અવાજને દોહરાવી કહે છે કે — થોડા જાણીતા રદીફ - કાફિયા અને તદબીરોનાં સંકુચિત વર્તુળમાં ગઝલને અટવાવી મારવી, એ વિકસેલા કાવ્યસુઝવાળા સાધકને ન પરવડે. સરળતા જાળવીને વ્યંજકતા અને સુઘટ્ટ પોત સિધ્ધ કરવું પડે. આ વાત આ કવયિત્રી બરાબર સમજ્યા છે. એટલે જ કવયિત્રીએ સૂક્ષ્મ સંવેદનાઓ પોતાની ગઝલમાં અભિવ્યક્ત કરી મોટો અવાજ આપ્યો છે. જુઓ તેમનો આ શે'ર :

***સ્હેજ પણ સ્પર્શી નહીં હોવાપણાંની વેદના,***
***તો પછી મેં શું ગુમાવ્યું? જેનું રોઈ બેઠી છું?***

આ શે'રમાં કવયિત્રીએ આજના સંવેદનહીન, લાગણીહીન અને સ્વાર્થ સુધીના સંબંધોની વાત સૂક્ષ્મ રીતે કરી છે. જીવંત માણસની કદર કે તેના હોવાપણાંની નોંધ નથી લેવાતી. પરંતુ તેના ગયા પછી અર્થાત્ મૃત્યુ પછી પાછળ પોક મૂકાય છે. પણ શા માટે? જીવનભર જેમની હયાતીની જાણ સુધ્ધાં ન રહી હોય એ જીવના મરણ પછી તેની પાછળ રોવા-ધોવાનો દેખાવ કરવો વ્યર્થ છે. જે જાય છે તે પાછળ જે જે વસ્તુ મૂકી જાય છે, તેનું આયુષ્ય ચિરંજીવ તો નથી જ હોતું. ઉર્દુ શાયર ઇકબાલનું આ બયાન જુઓ :

***જિનકે હંગામોં સે થે આબાદ વીરાને કભી,***
***શહર ઉનકે મીટ ગયે, આબાદી બન હો ગઈ.***

***— ઇકબાલ***

જે પૃથ્વીના સરતાજ, પૃથ્વીપતિ કહેવાતા હતા, જેની વીરતા અને શૌર્યથી જંગલ પણ કોલાહલમય બન્યા હતા. જેની હાકથી ધરા ધ્રૂજતી હતી એ રાજા-મહારાજાઓ તેની પાછળ મૂકી ગયેલી સંપત્તિ - સત્તા - ગામ - ગરાસ ને વસાવેલા શહેરો નાશ પામ્યાં છે. આબાદી બન એટલે વન-જંગલ બનીને સાફ થઈ ગઈ છે.

***કવયિત્રીનો વધારે એક શે'ર જુઓ :***

***મને એટલી ખુશી કે ઉગે સૂર્ય તારે ગામે,***
***ભલે હું કિનારે પહોંચી જરી આથમી ગયો છું.***

આ પ્રતિકાત્મક - સાંકેતિક ભાવ વ્યક્ત કરતો શે'ર છે. મા-બાપ દુઃખી હોય, સુખી હોય કે વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા હોય, તો પણ તે પ્રથમ સંતાનોનું સુખ જ જુએ છે. બહાર વસતા સંતાનોના જીવનમાં હંમેશાં સુખનો સૂરજ ઉગે એવી જ કામના માવતરને રહેતી હોય છે. **કવયિત્રીએ વૃદ્ધાવસ્થાએ પહોંચેલા માનવને સાંકેતિક રીતે ઢળતો સૂરજ અને સંતાનોને ઉગતા સૂરજની ઉપમા આપી છે.**

— અને એ જ સંતાનો મોટા થઇ જાય ને માવતરથી અળગા થવા લાગે છે. ગમા-અણગમા થવા લાગે છે ત્યારે માવતરનો પ્રેમ તો એ જ હોય છે, સંતાનોની ઘૃણા - નફરતોને તે નાથી શકતા નથી. જુઓ કવયિત્રીનો આવો એક શે'ર :

***પ્રેમને વિસ્તારવાનું સહેજ પણ સહેલું નથી,***
***ને ઘૃણાને નાથવાનું સહેજ પણ સહેલું નથી.***

આપણી આસપાસ ઘટતી, આકાર લેતી વિવિધ ઘટનાઓ, વિવિધ પરિસ્થિતિઓ, સ્થિતિઓને કવયિત્રીએ કેવી બેખૂબીથી ગઝલમાં પરોવી લીધી છે તે જુઓ :

***તોફાન ચાર આંખનું હદથી વધી જશે,***
***'કર્ફ્યુ' નાંખવો પડે, તોફાની શ્વાસમાં;***
***જે ખમે અન્યાય ને જુલ્મોસિતમ,***
***આંસુઓ એની કમાણી હોય છે.***

પ્રજ્ઞાબહેનની ગઝલોમાં મુખ્યત્વે જે છંદો પ્રયોજાયા છે, તે સરળ છંદો જ છે. 'વાફિર મુસમ્મન', 'કામિલ મુસમ્મન', 'સરીઅ મુસદ્દસ' વગેરે જેવા છંદોથી કવયિત્રી દૂર જ રહ્યા છે. મોટાભાગના છંદો 'રમલ', 'મુક્તઝબ-મુસમ્મન', 'મનસરિહ મુસમ્મન',

'મુજતસ્સ', 'મુતકારિબ', 'હઝજ' વગેરે સરળ પ્રકારના છંદો તેમની ગઝલોમાં પ્રયોજાયેલા જોવા મળ્યા છે. 'તવીલ' છંદ પણ વાપર્યો છે. **કવયિત્રી છંદ પર કાબૂ ધરાવતા હોવાથી તેમની ગઝલો લયબધ્ધ બની શકી છે, પ્રાણવાન બની છે.**

'રમલ-મુસમ્મન' છંદમાં લખાયેલી તેમની ગઝલનો એક શે'ર જુઓ :

*એક હોલિકા બળે ઈલાજ એનો થાય પણ,*
*રોજ બળતી કંઈ અહીં લાચાર, નર્કાગારમાં!*

આ શે'રમાં વર્તમાન સમયમાં નારી પર થતા અત્યાચારની વાત સાંકેતિક ભાવમાં કવયિત્રીએ કરી છે. વર્તમાન ઘટનાને કાવ્ય સ્વરૂપ આપ્યું છે. પ્રજ્ઞાબહેન સૂક્ષ્મ વિચારોના કવયિત્રી છે. **આવા ગઝલ / ગીતકારો જ સમાજને ઉચ્ચકોટિના કાવ્યો બક્ષતા હોય છે.** કવયિત્રી પાસે ધાર્યું નિશાન તાકવાની કુદરતી બક્ષીસ છે. જુઓ તેમનો એક શે'ર :

*જડો ખીલા નહીં એને, ગુનો પુરવાર ના જેનો;*
*અહીં એનાથી બદતર લોકની લંગાર જોઉં છું.*

આ શે'રમાં કવયિત્રીએ પુરાકલ્પનને વિષય બનાવ્યો છે. **ઇસુ ખ્રિસ્તને ગુના વગર ક્રોસ પર જડી દેનારા ધર્માંધ લોકો પર પ્રહાર કર્યો છે.** આજે પણ આવા લોકો લંગારબધ્ધ છે, જે નિર્દોષોને વગર ગુનાએ રહેંસી રહ્યા છે.

કવયિત્રીના દાવા-દલીલને સમર્થિત કરતા ગઝલના ટ્રેડિશનલ ફોરમેટને માફક આવે તેવો સરસ શે'ર જુઓ. આ શે'રને **કવિ મુકુલ ચોક્સી**એ વખાણ્યો છે.

*દાખલો ત્યારે જ ખોટો હોય છે,*
*જ્યારે ગણવા પર ભરોસો હોય છે.*

આપણા ગઝલકારોમાં **કોઈ એવો કવિ નહીં મળે કે જેમણે 'મા' ને યાદ ન કરી હોય.** તમામ કવિઓમાં 'મા' ઉપર કાવ્ય-ગઝલ લખ્યા છે. પ્રજ્ઞાબહેને જરા 'હટકે' લખ્યું છે. જુઓ :

*મોટા ઘરો હતાં છતાં ખૂણો નસીબ ક્યાં?*
*ને એ છતાં 'મા' હેતને છલકાવી રહે.*

★

*ગમે તેવી સ્થિતિ હો એક એ કિસ્મત મને આપો,*
*હું 'મા'ના ખોળે હળવી થાઉં એ રાહત મને આપો.*
*અમે 'પ્રજ્ઞા'ને બદલે ક્યાં કદી માગ્યું છે એવું કંઈ,*
*લઈ લો રૂપ મારું, 'મા' સમી સુરત મને આપો.*

ગઝલકારની ભાવસ્ફુરણાને વધારે ઉદ્દીપ્ત કરનારું જો કોઈ પરિબળ હોય તો તે છે કવિનું પ્રાજ્ઞ, કલા સભાન મન. આ તત્ત્વો જ ગઝલને ઊંડાઈ બક્ષે છે.

**બકુલેશ દેસાઇ** કહે છે કે – સ્વયં સ્ફુરણા, નૈસર્ગિક સર્જકતાનો ધસમસતો પ્રવાહ પ્રજ્ઞા વશીમાં છે. તેમનામાં જે સાલસતા, ખુલ્લાપણું ને ગુણગ્રાહિતા છે, તે મારી આસપાસના ભાગ્યે જ કોઈ ગઝલકારમાં જોયા છે.

**રાજેશ વ્યાસ 'મિસ્કીન'** લખે છે કે – પ્રજ્ઞા દી. વશી સુરતના ગઝલકારોમાં ધીમું પણ મક્કમતાથી સર્જન કરી રહ્યાં છે. તેમની સર્જકતા ગઝલનાં સ્વરૂપને પામવાનો જે પ્રયત્ન કરી રહી છે તે અભિનંદનીય છે.

**ડૉ. હરીશ ઠક્કર** કહે છે કે – પ્રજ્ઞા અસ્સલ અનાવિલ સન્નારી છે. જેનો એક આગવો મિજાજ હોય છે અને આ મિજાજ જ ગઝલમાં પ્રજ્ઞાબહેન વશીને અનોખું સ્થાન અપાવે છે.

ઉર્દુ શાયર નિદા ફાજલીનો એક શે'ર છે :

*સીધા-સાદા ડાકિયા, જાદુ કરે મહાન,*
*એક હી થૈલે મેં ભરે આંસુ ઔર મુસ્કાન.*

આપણા આ કવયિત્રીએ પણ ગઝલથેલામાં પ્રેમ, લાગણી, વિરહ, દંભ, વિદ્રોહ, સામાજિક વિષમતા, નારીનું શોષણ, મૂલ્યોના હ્રાસ, શરીર-જીવન, ધૃણા, વાદ-વિખવાદ, સંબંધોની મીઠાશ, કડવાશ આદિ મિજાજો ભર્યા છે. તેમનો એક શે'ર જુઓ :

*જીવનમાં નાના પ્રશ્નો પણ લાગે મોટા પર્વત છે,*
*પણ લડવામાં એની સામે કેવી ભારે રંગત છે!*

આ કવયિત્રી જ્યાંથી, જે રસ્તેથી પસાર થાય છે તેમાંથી કાવ્ય શોધી લે છે. **તો એ વિચારોના રસ્તેથી નીકળે છે ત્યારે સ્વયં કવિતા ઉડાન ભરતી તેમની પાસે આવી જાય છે.** કવયિત્રીને કવિતાની, ગઝલની જ ખુશ્બૂ આવે છે. કદાચ એટલે જ ઉર્દુ શાયર મહેમૂદ 'અતહર' દાહોદી લખે છે :

*જીધર જીધર સે ભી ગુજરુ, ઉડાન ખુશ્બૂ દે,*
*કભી જમીન, કભી આસમાન ખુશ્બૂ દે.*

*– મહેમૂદ 'અતહર' દાહોદી*

કવયિત્રી પ્રજ્ઞાબહેનને ચારે તરફથી શબ્દોની, અર્થોની, ભાવની મહેક તેમની ગઝલોમાં ગુંથાઈ સુગંધિત કરતી રહે અને તમામ (સાહિત્યિક) ઊંચાઈ તેઓ સર કરતાં રહે એવી અભ્યર્થના.

અંતે 'કવિતા' ઓગસ્ટ-૨૦૨૧ના અંકમાં પ્રગટ થયેલી મારી ગઝલનો શે'ર અર્પણ કરી વિરમું છું :

*ઊભા છીએ કદી, કદી બેઠા છીએ અમે,*
*પણ આપનાથી વેંતે ન ઊંચા છીએ અમે.*

*('કવિતા' ઓગસ્ટ-૨૦૨૧, ચંદ્રકાંત પટેલ 'સરલ')*

*C/o. "સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,*
*રતનપરા શેરી નં.-૧, નીલકંઠ બંગલાની સામે, બાગ દરવાજા,*
*માણાવદર-૩૬૨ ૬૩.૦ (જિ. જુનાગઢ) ● મો. ૮૭૩૫ ૯૦ ૨૪૨૪*



નારી ગૌરવગાથા – ૧૦

# કન્યા કેળવણીની જ્યોત જલાવનારા શિક્ષિકા : શોભનાબેન વ્યાસ



રાકેશ પટેલ

તાજેતરમાં સરકારશ્રીના પ્રયત્નો અને સામાજિક જાગૃતિના પરિણામે કન્યા કેળવણીને પ્રોત્સાહન મળ્યું છે. દીકરીઓની પણ હવે બરાબરની ભાગીદારી જોવા મળી રહી છે. પરંતુ અગાઉના વર્ષોમાં જ્યારે કન્યા શિક્ષણ વિશે ઉપેક્ષિત મનોવલણ હતું ત્યારે કન્યાઓને શિક્ષણ આપવાનું બીડું શ્રીમતી શોભનાબેન વ્યાસે ઝડપ્યું અને સફળતા પણ મેળવી. કચ્છ જેવા વિશાળ પ્રદેશ અને અંતરિયાળ ગામડાંમાં આમેય શિક્ષણ બહુ ઓછું રહેતું. ત્યારે આવા સમયે કન્યાઓને શિક્ષણ આપવું, તેમના વાલીઓને સમજાવવા, મનાવવા તો ક્યારેક સંઘર્ષમાં ઉતરવું, ક્યારેક સામાજિક રીતરિવાજો, પરંપરાઓનો સામનો કરવો અને રૂઢિવાદી માનસિકતા સામે અડીખમ ઊભા રહી દીકરીઓને **શિક્ષણ માટેના સતત પ્રયત્નો કરતા રહેવું અને હિંમત હાર્યા વગર આ શિક્ષણ સેવા કાર્યમાં સતત આગળ વધવું એ માટે શોભનાબેન વ્યાસે જે પ્રયત્નો કર્યા છે એ ખરેખર કાબિલેદાદ છે.** આજે પણ ભૂલી શકાય તેમ નથી અને પરિણામે આજે તેમની પાસેથી શિક્ષણ પ્રાપ્ત કરી દીકરીઓ ડૉક્ટર, એન્જિનિયર સુધીનો અભ્યાસ કરી શકી અને ઊંચા હોદ્દા પર પહોંચી તેમના સેવાકાર્યોને આગળ ધપાવી રહી છે.



**શોભનાબેન વ્યાસ**
**(કચ્છી મહિલા)**
**મુ. અંજાર, કચ્છ.**
**મો. ૯૯૧૩૫ ૩૬૬૪૭**

શોભનાબેન વ્યાસ આમ તો પ્રાથમિક શિક્ષક છે અને હાલ નિવૃત્ત જીવન વિતાવી રહ્યા છે. તેઓ મૂળ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના વારાપધ્ધર ગામના. અબડાસા જેવા દુર્ગમ વિસ્તારમાં શિક્ષણ માટે ઘણા સંઘર્ષ કર્યા અને ગુરૂજનોના માર્ગદર્શન થકી તેઓ પી.ટી.સી. કરી પ્રાથમિક શિક્ષક બન્યા અને શૈક્ષણિક કાર્ય કરતાં કરતાં તેમણે એમ.એ. પણ પૂર્ણ કર્યું. એ માટે તેમનું કહેવું છે કે, 'મારા પતિ ચંદ્રકાંત પંડ્યાનો સાથ સહકાર મળી રહ્યો અને તેમના પ્રેમ - પ્રોત્સાહન થકી જ હું સેવા કાર્યોમાં જોડાઈ શકી.'

સાથે સાથે તેમણે આરોગ્ય અને મહિલા સશક્તિકરણ અંગે પણ કામ કર્યું છે. ગામડાંઓમાં નોકરીના ભાગરૂપે મહિલાઓની વધુ નજદીક જઈ શક્યા અને પોતાના પગ પર ઊભા થવાની તાલીમ અને માર્ગદર્શન પૂરૂં પાડતા રહ્યા. રૂઢિવાદી પરંપરાઓ તથા સ્ત્રી એક શક્તિ છે એ સૂત્ર તેમણે સાબિત કરી બતાવ્યું. અનેક મંડળો બનાવ્યા ને તેમાં સક્રિય રહ્યા. એ બદલ અનેકનો પ્રેમ પામ્યા. સ્ત્રીઓને સાચા અર્થમાં પગભર ઊભા થતા શીખવ્યું.

આ સિવાય પણ સામાજિક સેવાની સાથે સાથે તેમણે ધાર્મિક સેવાઓમાં પણ તે એટલાં જ સક્રિય રહી શક્યા છે. તાજેતરમાં જ રામ મંદિર માટે દાન ભંડોળ એકત્ર કરવામાં પણ તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તો કોઈ મંદિરો અથવા આનુસંગીક જે કંઈ નાણાંની જરૂર હોય ત્યાં દાન ધર્મ કરતાં પણ ખચકાતા નથી.

**શોભનાબેન હાલ અઢાર જ્ઞાતિના પ્રમુખપદને શોભાવી રહ્યા છે** અને સમાજમાં તેમનું માન સન્માન આ પરથી જ સમજી શકાય તેમ છે. તેઓ આજ દિન સુધી અનેક સામાજિક, શૈક્ષણિક, રાજકીય અને અનેક મંડળો, ટ્રસ્ટો દ્વારા સન્માન પામ્યા છે. શ્રેષ્ઠ **શિક્ષક તરીકે રાજ્ય સરકારશ્રીએ એમને એવોર્ડ આપ્યો હતો અને તેમના કાર્યોને બિરદાવ્યા.** તો મોરારિબાપુએ પણ ચિત્રકુટ ઍવોર્ડ આપી શોભનાબેનને સન્માન્યા. આ સિવાય પણ અનેક ઍવોર્ડ - સન્માન તેમને મળી ચૂક્યા છે.

શોભનાબેન વ્યાસે સમાજના દરેક વર્ગ માટે સેવા કરી છે. કેવળ શિક્ષણ જ નહીં પણ અનેક ક્ષેત્રોમાં તેઓ નિઃસ્વાર્થભાવે સેવા કરી રહ્યા છે ત્યારે ભગવાન તેમને સારું સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ આપે જેથી સમાજને તેમનો મહત્તમ લાભ મળતો રહે.

*૩૯૮/મંગલેશ્વર, આદિપુર, કચ્છ*
***મો. ૯૩૭૭૫ ૫૯૧૯૪, ૯૪૨૯૨ ૯૭૭૭૦***

*દીપક જલાવવા માટે એક જ દીવાસળીની જરૂર પડે છે. પણ આપણી પાસે દીપક ન હોય અને આખું બાકસ સળગાવી નાખીએ તો પણ પરિણામ ક્યાંથી આવે? છેવટે આપણે માટે તો અંધારું જ સરજાયું છે કારણકે આપણે આપણી શક્તિનો વ્યવસ્થિત ઉપયોગ કરી જાણતા નથી.*



યાદગીરી

# સુમિરે.... બલબીરા

## (સ્મૃતિપટ પર સંભારણાં)



સંપાદક :
બલવીરસિંહ જાડેજા

*(કોઈપણ વાચક પોતાના જીવનના સંભારણાંની વિગત આ વિભાગમાં મોકલાવી શકે છે.)*

### વાંસદાના મહારાજા સાથે અનુભવની ખાટી મીઠી વાતો...



જિતેન્દ્ર વાડીલાલ શાહ

ઈ.સ. ૨૦૦૩થી ૨૦૦૯ દરમિયાન હું ગુજરાત રાજ્યની વડોદરા રેકર્ડ ઓફિસમાં સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતો હતો. આ સમયે સરકારી કામ અર્થે મારે અવારનવાર વિવિધ દેશી રાજ્યોનાં રાજવી તથા સ્વાતંત્ર્ય સેનાનીઓને મળવાનો અવસર મળતો હતો. એક સમયે સુરત જિલ્લામાં પલસાણા તાલુકા મુકામે દક્ષિણ ગુજરાત ઈતિહાસ પરિષદનું અધિવેશન મળેલ. જેમાં અતિથિ વિશેષ તરીકે વાંસદાના મહારાજા શ્રીમંત દિગ્વીરેન્દ્રસિંહજી હતા. આ પ્રસંગે તેમની સૌજન્ય મુલાકાત લઇ તેમનો એક ઈન્ટરવ્યૂ લેવા તેઓશ્રીની સંમતિ અમારા તરફથી માંગવામાં આવી હતી, જે તેઓશ્રીએ તુર્ત જ આપી હતી.

ગુજરાત સરકાર દ્વારા **રાષ્ટ્રની આઝાદી સમયે બલિદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓ અને વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરનાર અન્ય મહાનુભાવોનાં કાર્યનો, એમની કાર્ય પદ્ધતિનો અને એમના ફાળાનો વિગતવાર ઇતિહાસ નવી પેઢીને હાથવગો થાય તે માટે 'ઓરલ હિસ્ટ્રી' (Oral History)નો પ્રોજેક્ટ શરૂ કરાયેલ છે.** આવા ખ્યાલથી ગુજરાત સરકારનાં અભિલેખાગાર ખાતા દ્વારા સ્વાતંત્ર્ય સેનાનીઓની અને અન્ય મહાનુભાવોની મુલાકાત લઈ જરૂરી રેકોર્ડિંગ કરવામાં આવે છે. તેમના અનુભવો તથા સંસ્મરણો એટલે ઈતિહાસની એક અમૂલ્ય સંપત્તિ કહી શકાય.

વાંસદાના મહારાજાએ એમનાં ઈન્ટરવ્યૂમાં વાંસદા રાજ્યની કલા, સંસ્કૃતિ, સુશાસન-વ્યવસ્થા, પ્રજા કલ્યાણનાં કાર્યો, વન અને પર્યાવરણ પ્રત્યેનો પ્રેમ તેમજ અન્ય રાજ્યો સાથેનાં મૈત્રીભર્યા સંબંધો અંગે પણ વિગતવાર અને રસપ્રદ શૈલીમાં વાત કરી હતી. વાંસદામાં આવેલ 'નેશનલ પાર્ક' પણ બતાવ્યો હતો અને તેની વિવિધ વિશિષ્ટતાઓ અમારી મુલાકાત દરમિયાન જણાવેલ.

વાંસદા સ્ટેટ (હાલ નવસારી જિલ્લો)નાં રાજવી પાસે એ.ડી.એમ. રિપોર્ટ તેમજ અન્ય રેકોર્ડ સંગ્રહિત હતું. રેકર્ડની ફોટો નકલો મળે તો સંશોધનકાર / પત્રકાર કે નવી પેઢીને વાંસદા સ્ટેટ વિશે અગર સંશોધનકાર્ય કરવું હોય તો તે માહિતી વડોદરા રેકર્ડ ઓફિસેથી ઉપલબ્ધ થાય. તેવા ઉદ્દેશથી અમે રેકર્ડની ફોટો નકલ માંગી હતી. આ માટે તેઓશ્રીએ તાત્કાલિક સંમતિ આપી હતી. ત્યારબાદ આ રેકર્ડ વડોદરા કચેરીમાં તબદિલ કરેલ અને મેં તેઓને વડોદરા આવવા તથા અમારી કચેરીની મુલાકાતે પધારવા ખાસ આમંત્રણ આપ્યું. મારા આમંત્રણ બાદ તેઓ બે માસ પછી તેમને કોઈ સામાજિક કામ અર્થે વડોદરા આવવાનું થતાં, અમારી કચેરીની મુલાકાતે આવ્યા હતા. ગરમીનો સમય હોતાં, 'કઇ ફ્લેવરનો આઈસ્ક્રીમ આપ લેશો?' એમ નમ્રભાવે જણાવીને એમની પસંદગી - ફ્લેવરનો આઇસ્ક્રીમ લેવા મેં તૈયાર કર્યા હતા. જેના જવાબમાં મને કહેલ કે, 'જિતેન્દ્રભાઈ, આઈસ્ક્રીમ ભલે મંગાવો, પરંતુ મારી વાઈફને આ વાત કહેશો નહીં. નહિં તો મારે ઠપકો સહન કરવો પડશે.' આ ઘટનામાં પણ તેમની નિર્દોષ રમૂજવૃત્તિ નિહાળવા મળે છે.

વડોદરા રેકર્ડ ઓફિસનાં વિવિધ વિભાગો તેમને બતાવતાં, વાંસદા સ્ટેટના રેકર્ડની ગોઠવણીથી તેઓ ખૂબ જ ખુશ થયા હતા. અને મુલાકાતી રજિસ્ટરમાં પણ ખૂબ સુંદર પ્રતિભાવ આપ્યો હતો. વાંસદા મહારાજા ખૂબ સારી રીતે જાણતા હતા કે આજે માનવ વ્યવહારમાં એક પણ એવો વિષય નથી જેના વિશે અગત્યની માહિતી રેકર્ડમાંથી ઉપલબ્ધ થતી ના હોય.. **દફ્તરો, એ માનવ સંસ્કારનો મહામૂલો વારસો છે. તેનું યોગ્ય રીતે રક્ષણ કરવાની સહુની ફરજ છે.** જે રેકર્ડ સચવાઈને પડેલું છે તે ભાવિ પેઢી માટે અણમોલ અને અવિસ્મરણીય ખજાનો છે.

આમ, આ વાંસદાના મહારાજા શ્રીમંત દિગ્વીરેન્દ્રસિંહજી આઈ. સોલંકી સાથેના અનુભવોની ખાટી-મીઠી વાતો આજે પણ મને સતત યાદ આવે છે. જેને એક મધુર સંભારણા સ્વરૂપે આજે

પણ હું વાગોળું છું. મારી ફરજ દરમિયાન મેં ૨૦૦ કરતાં વધારે મહાનુભાવો / સ્વાતંત્ર્ય સેનાનીઓની રૂબરૂ મુલાકાત કરી છે. તે સમયે પ્રશ્નોત્તરી કરીને તેનું રેકોર્ડિંગ કર્યું હતું. તે પૈકી ઉપરોકત ઈન્ટરવ્યૂ સર્વશ્રેષ્ઠ ગણાવી શકાય.

વાંસદા રાજયના લોકપ્રિય મહારાજા શ્રીમંત દિગ્વીરેન્દ્રસિંહજીનાં વર્ષ ૨૦૧૮માં થયેલ દુઃખદ અવસાનથી એક ઉમદા ઉદારચરિત, વિશિષ્ટ રાજવંસી વ્યક્તિત્વની ખોટ પડી છે. ભારતને આઝાદી મળી ત્યારે ભારતમાં જોડાઈ જનાર તમામ રાજવીઓમાંના તેઓ અંતિમ હયાત રાજવી હતા. તેઓ મિલનસાર, નિખાલસ તથા નિરાળુ વ્યક્તિત્વ ધરાવતા હતા. જૂના નવા સમયની વાતો જયારે તેઓ કરતા હતા ત્યારે સમતા અને સ્વસ્થતાપૂર્વક કરતા હતા. એમનો શાસનકાળ ટૂંકો રહ્યો પરંતુ તેઓ હંમેશાં લોકપ્રિય રહ્યા. ડાંગ વાંસદાનું પડોશી હોવાથી ડાંગના ૧૧ રાજ્યો અને તેનાં નાયકો વાંસદાના મહારાજાને અગ્રણી માર્ગદર્શક માનતા હતા. મહારાજાશ્રી દિગ્વીરેન્દ્રસિંહજી, લાલજી મહારાજનાં હુલામણાં નામે પ્રજાજનોનાં હૃદયમાં આદરભર્યું સ્થાન ધરાવતા હતા. વાંસદાની શ્રી પ્રતાપ હાઈસ્કૂલમાં શિક્ષણ મેળવીને હજારો વિદ્યાર્થીઓએ રાજયનું નામ દેશ વિદેશમાં રોશન કર્યું છે તેનો સંપૂર્ણ યશ તેમને જાય છે.

*સ્વસ્તિક સોસાયટી, બ્લોક નં.-૧૦૯૧, સેક્ટર નં.-૨૭, ગાંધીનગર-૩૮૨ ૦૨૮. મો. ૯૪૨૮૮ ૦૩૨૫૮*

★

*(નોંધ : કચ્છની જાજરમાન મહિલાઓ વિશે ભુજના ડૉ. પૂર્વીબેન ગોસ્વામી દ્વારા એક યાદગાર વ્યક્તિનું જીવન ચરિત્ર અત્રે પ્રસ્તુત છે.)*

## રીતરિવાજો નિભાવીને પણ જનસેવા થઈ શકે

**– ડૉ. પૂર્વી ગોસ્વામી**

પ્રકૃતિએ આપણાં દેહને કોઈ સર્વોત્તમ ઉપહાર આપ્યો હોય તો તે છે આંખો... દૃષ્ટિ. જ્યારે આંખોનાં અજવાળાં ઓસરવા માંડે છે, ત્યારે જ આપણને દૃષ્ટિની સાચી કિંમત સમજાય છે અને ત્યારે જ દૃષ્ટિકોણ બદલાય છે. આ દૃષ્ટિકોણ બદલાય છે, આધુનિકતા તરફ અથવા આધુનિકતાથી પરંપરા તરફ.

ધર્મ કે સંસ્કૃતિની અવહેલના કર્યા વગર સંસારની ગતિવિધિઓ સાચવી અને વિકસિત કરી શકાય છે. એક સન્નારી કે જેનો જન્મ જાડેજા દરબારના કુળમાં થયો, તેમણે જીવનપર્યંત ગામનાં લોકોની સેવા કરી. સમજાવટથી તૂટતાં ઘરોને બચાવ્યાં અને જરૂર પડી ત્યારે તલવાર ઉપાડવા તૈયારી બતાવી. લોકો તેમને જીજામા (**જી** : જીગરવાળા, **જા** : જાનમાલનું કલ્યાણ કરનારા, **મા** : માવડી) તરીકે ઓળખતા. **આ જીજામા એટલે વિંઝાણના ગંગાસ્વરૂપ મયાકુંવર બા.** જનમ તો લીંબડી સ્ટેટના પરાલી ગામે થયેલો, પરંતુ વહુ તે કચ્છનાં. ૩૦ની ઉંમરે વિધવાપણું આવ્યું છતાંય સાધનસંપન્ન પિયર જવાને બદલે તેઓ કચ્છનાં બનીને રહ્યાં.

ચૌદની ઉંમરે પરણેલા દરબારનાં દીકરીબા વિંઝાણ જાગીરના પાંચમા ભાગીદાર અને ભાયાત ભાણજીભાના પુત્ર માસ્તર ભુરાજીનાં વહુ બન્યા. ૧૫ વર્ષના વખતસિંહજી અને ૧૩ના અમરસિંહજીના માથે પિતાની છાયા વિખૂટી પડી. ઘરની બધી જવાબદારી જેમના શિરે આવી તેવા મયાકુંવરબાને ઓઝલ પ્રથા (પડદા પ્રથા)ને સાચવવાની હતી. જો ખૂણો પકડીને બેસી રહે તો કિશોરોનાં પેટ ભરી શકાય નહીં. પ્રથા તૂટે તો ખુદ મયાંબાને પોસાય તેમ ન હતી. વ્યવહારકુશળતા, હિસાબની લાગટ નિયમિતતા, મહેનતની નિત્ય મંજૂષા, ભણતર અને ગણતરનો બાહોશ સહારો મયાંબા માટે સંસારની ઘોડી દોડાવનારા સાબિત થયા. માણસો રખાવીને ખેતીવાડી વ્યવસાય ચાલુ રાખ્યો. તે સમયમાં સ્ત્રી શિક્ષણ લગભગ નહિવત. પરંતુ તેઓ ગુજરાતી જ નહીં સંસ્કૃત પણ લખી - વાંચી શકતા. બાનું ઘરનાં હિસાબ-કિતાબનું કામ ચોક્કસ હતું.

દરબારગઢની બહેનો તેમની પાસે પત્ર લખાવવા આવે. તેઓ ભજન - સત્સંગમાં ભાગ લે અને ત્યારે સૌને દીકરીઓને ભણાવવાની ભલામણ કરે, તો ક્યારેક બીમાર બાળકોની નાની-મોટી બીમારીના દેશી ઇલાજ પણ ત્યાં જ થઇ જતા. આ બહેનોના મેળાવડામાં રીતસરનો મેરેજ બ્યુરો ચાલતો. દીકરા-દીકરીની બધી માહિતી જીજામા પાસે રહેતી. એટલે સગપણની સલાહ, સૌ તેમની પાસે લેતા. સગપણ વખતે બનાવવાની રસોઇનો અંદાજ, ખર્ચની વિગત સાથે તેઓ કાઢી આપે અને લગ્ન વખતે પોતાની હાજરી પણ નોંધાવે. તેઓ સાફો સરસ બાંધતા. લગ્ન પ્રસંગમાં જીજામા ન આવવાના હોય તો વરરાજા સહિત તમામ પુરુષો તેમના હાથે સાફો બંધાવવાને બહાને બોલાવીને આશીર્વાદ મેળવતા. આજુબાજુનાં ગામના ભાયાતો તેમની પાસે આવતા અને કોઈનું સગપણ તૂટતું હોય તો જીજામા અભિપ્રાય ભરી સગપણ જોડી દેતાં.

વિંઝાણ ગામના બ્રાહ્મણ કાંતિલાલ સુંદરજી રાડિયા કહે છે, ‘લગ્નની શાસ્ત્રોક્ત વિધિ તો હું જાણું, પરંતુ જાડેજાઓની વ્યવહારિક વિધિઓથી હું અજાણ હતો. પરંતુ મને જીજામાએ દરબારી વિધિઓથી અવગત કરાવ્યો હતો..

ભુજમાં રહેતા વિંઝાણ કન્યા શાળાના નિવૃત્ત શિક્ષિકા પુષ્પાબહેન ભૂપેન્દ્રભાઈ ઠક્કર કહે છે કે, ‘મારે શિક્ષિકા તરીકે છેક મુંબઇથી વિંઝાણ આવવાનું થયું ત્યારે ગામમાં એકલા રહેવાનો ડર હતો. પરંતુ મને જીજામા મળ્યા અને કહ્યું કે – દીકરી બેધડક નોકરી કરજે, હું તારી સાથે છું. તેમનાં આ

આશ્વાસનના શબ્દો પછીથી હિંમત આવી, ને નિવૃત્તિના સમય સુધી વિંઝાણમાં નોકરી કરી.'

મહિપતસિંહ દોલુભા યાદ કરતા કહે છે, 'પોલીસની ભરતીમાં જન્મ તારીખ પ્રમાણે મારી ઉંમર ઓછી પડી. ભરતીમાંથી પાછો આવ્યો, પણ જીજામાએ મારી સાચવી રાખેલ જન્મપત્રી આપી, જે પુરાવાને અધિકારીઓએ માન્ય રાખતાં ભરતી થઈ શકી અને અત્યારે હું નિવૃત્ત છું.' ભુજના જેલ સુપ્રિ. દિલાવરસિંહજી વાઘેલા જીજામાના સગા થતા. તેમને જીજામા ભલામણ ચિઠ્ઠી લખી આપે અને ચિઠ્ઠી લાવનારની ભરતી થઈ જતી. આમ અનેકના ઘરના ચૂલા જીજામાની ભલામણથી નિર્ભર બન્યા હતા.

નિવૃત્ત અમૃતબા આજે પણ જીજામાને યાદ કરતા કહે છે, 'ઘરમાં આર્થિક સંકડામણ હોય છતાં પણ ક્યારેય કોઈને તકલીફ ન થતી. તેમનો ઓરડો સ્વચ્છ અને સુશોભિત. ગાલીચા અને ગાદી-તકિયાં પાથરેલા હોય. પટારાને મોટાં તાળાં મારેલા અને તેમનો ઓરડો તાંબા-પિત્તળ-કાંસાના વાસણોથી સુશોભિત હતો. તેમની પાસે મદદ માટે કોઈ બહેન આવે તો કોઈને ખાલી હાથે પાછાં ન વાળે.' મોટી વરંડીના અમૃતબા ચૌહાણનાં લગ્ન ડુમરા થયેલા. ભણેલી-ગણેલી વહુ યુવાન વયે જ વિધવા બની. તેને શિક્ષિકાની નોકરી કરવા ફરજ પડી. પરંતુ જમાનાની માર થકી ઘણી મૂંઝવણો હતી. આ બધી મૂંઝવણો હવે જીજામાની બની ગઈ હતી. તેમની સમજાવટથી પરિવારે નોકરી માટે સહર્ષ સ્વીકાર કર્યો.

મહિલાઓને સ્વરોજગારી મળે તે માટે ખાદી ગ્રામોદ્યોગ તરફથી વિંઝાણમાં અંબર ચરખાના વર્ગો શરૂ થાય એને ટેકો આપનાર અને તાલીમ આપનાર જીજામા હતા. દરબાર બહેનોની ઓઝલ પ્રથાને જાળવીને, જ્યાં સુધી તાલીમ ચાલે ત્યાં સુધી પોતે હાજર રહેતાં અને બહેનોને પ્રોત્સાહિત કરતાં. પછી તો ગામમાં મહિલા મંડળો સ્થપાયા. સીવણ વર્ગ શરૂ થયા. જીજામા કહે એટલે ઘરવાળાં પણ બહેનોને વર્ગોમાં આવવા ના પાડતા નહીં. આ વર્ગો સાથે જ તેમણે ઘણી અભણ બહેનોને અક્ષરજ્ઞાન આપ્યું. બાળકના જન્મ સમયની રાશિ બ્રાહ્મણ જોઈ આપે એટલે નામની પસંદગી માટે બહેનો જીજામા પાસે આવતી. કેટલીય બહેનોના ઘરસંસાર તેમણે તૂટતા બચાવ્યા છે. તેઓ ગામના વિકાસમાં પણ રસ લેતા અને વિંઝાણ ગ્રામ-પંચાયતના સ્ત્રી સભ્ય પણ હતા. સુરેશભાઈ અબોટી જીજામાને યાદ કરતા કહે છે, 'એક રાતે મારા કાકા શિવશંકર પર કોઈએ હુમલો કરી, ધાડ પાડી ત્યારે હું દોડતો દોડતો વખતસિંહ ભારાજીની ડેલીએ મદદ માટે ગયેલો. વખતસિંહજી અને તેમના કુમાર સાવજસિંહજી હથિયાર લઇ મારી સાથે આવ્યા અને અમે કાકાના ઘરે પહોંચ્યા, ત્યારે જીજામા પણ પાછળ તલવાર લઈને કાકાના ઘેર આવેલા. આવતાં જ તેમણે કહ્યું, 'બ્રાહ્મણનું ઘર લૂંટાતું હોય અને હું દરબારમાં બેસી રહું એવું ન બને.' આવા શૌર્ય અને કરુણામૂર્તિ રાજપુતાણી સન્નારી હતા તેઓ. જીજામાના બે સુપુત્રોનો આજે વિશાળ વંશ વિસ્તાર છે. પૂર્વજોનાં પુણ્ય પ્રતાપે સાધનસંપન્ન છે અને સમાજમાં સારો માનમરતબો ધરાવે છે.

જે.કૃષ્ણમૂર્તિએ કહ્યું છે, **'સંબંધો દર્પણ છે અને જીવવું એટલે સંબંધોમાં જીવવું.'** આ સંબંધ-સંપન્ન જીજામાના શબ્દો હતા. 'કર્મની ક્રાંતિ સંસારથી વિરુદ્ધ જઇને નહીં, પણ તેમને આપણી સાથે રાખીને સાધી શકાય.' તા. ૨૯-૧૨-૧૯૭૮ના રોજ જીજામાએ ૭૨ વર્ષે દુનિયામાંથી વિદાય લીધી.

*ખુલ્લાં મને મ્હોરી શકો, તો તમે આઝાદ છો,*
*મર્યાદા-એ-ચોકઠાં તોડી શકો, તો તમે આઝાદ છો.*

***સંપાદકનું સરનામું*** *: ૧૨, ઘરઆંગણ ફ્લેટ્સ, પ્રોફેસર્સ કોલોની સામે, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯. મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

## ગાંધીજીએ હિંદી ભાષાને 'એકતાની ભાષા' કહી છે

**(અનુસંધાન : પાના નં. – ૨૪ ઉપરથી ચાલુ)**

પ્રશ્ન પર ખૂબ જ વિચાર વિમર્શ કરીને નિર્ણય લેવાયો હતો. **ભારતીય બંધારણની ૧૭મા અનુચ્છેદની કલમ-૩૪૩(૧)માં વર્ણન કરવામાં આવ્યું છે કે, રાષ્ટ્રીય ભાષા હિંદી અને લિપિ દેવનાગરી રહેશે.** દેશમાં જોઈએ તો આસામમાં બોલાતી આસામી અને બોડો, તો બંગાળમાં બોલાતી બંગાળી, જમ્મુ અને કાશ્મીર તરફની ડોંગરી, ગોવા તરફથી બોલાતી કોંકણી, ગુજરાતની ગુજરાતી, સાઉથની તમિળ તેલુગુ, કન્નડ, મલયાલમ તથા મણિપુરમાં બોલાતી મણિપુરી, મરાઠી, પંજાબી, સિંધી, ઉર્દૂ, સંથાલી, ઉડિયા અને સંસ્કૃત પણ પ્રાદેશિક જ છે પણ બંધારણ સભાએ ૧૯૪૯માં અધિકૃત રાષ્ટ્રીય ભાષા તરીકે હિંદી ભાષાને જાહેર કરી હતી. વિશ્વ હિંદી દિવસ ઉજવણીનો ઉદ્દેશ હિંદી ભાષાના પ્રચાર-પ્રસાર માટે જાગૃતિ કેળવવાનો અને આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે રજૂ કરવાનો છે. વિદેશમાં ભારતીય એલચી કચેરીઓ દ્વારા પણ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમાં વિવિધ વિષયો પર હિંદી ભાષામાં વ્યાખ્યાનો યોજીને હિંદી ભાષાના વિકાસ અને પ્રચાર પર ભાર મૂકવામાં આવે છે.

ઉપર આપણે જોયું તેમ, ગાંધીજીએ હિંદી ભાષાને સ્પષ્ટ રીતે અને ભારપૂર્વક 'એકતાની ભાષા' કહી છે ત્યારે ૩૦મી જાન્યુઆરીએ આવતી તેમની નિર્વાણ તિથિને યાદ કરીને આપણે તેમને શબ્દાંજલિ અર્પણ કરીએ છીએ...

*સંદર્ભ : વિકિપીડિયા અને વિવિધ અખબારી અહેવાલો*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***




સંસ્થા / વ્યક્તિ વિશેષ

# ગાંધીજીએ હિંદી ભાષાને ‘એકતાની ભાષા’ કહી છે



ડૉ. મિહિર એમ. વોરા

૧૦ જાન્યુઆરીનો દિવસ બધા જ ભારતીયો તથા હિંદી પ્રેમીઓ માટે ખાસ છે કારણકે આજના દિવસે આખા વિશ્વમાં ‘હિંદી દિવસ’ મનાવવામાં આવે છે. **હિંદી દુનિયાની સૌથી વધુ બોલાતી ભાષાઓમાંથી એક છે.** વિશ્વ હિંદી દિવસની શરૂઆત ૨૦૦૬માં થઈ હતી. પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહે વિશ્વ હિંદી દિવસની ઘોષણા કરી હતી. આજના દિવસને ઉજવવાનું કારણ હિંદી ભાષાના પ્રચાર - પ્રસારને પ્રોત્સાહન આપવાનું હતું. **હિંદી ખાલી એક ભાષા નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિની વાહક ભાષા પણ કહેવાય છે.** જેથી લોકો તેમની હજારો વર્ષ જૂની સંસ્કૃતિથી જોડાયેલા રહે છે. હિંદી આજે વૈશ્વિક ભાષા બની રહી છે અને તેનો પ્રચાર અને ફેલાવો સતત વધી રહ્યો છે. ભારતમાં ૧૪ સપ્ટેમ્બરે ‘હિંદી દિવસ’ ઉજવવામાં આવે છે. ૧૯૪૯માં આ દિવસે સંવિધાન સભાએ હિંદી ભાષાને પહેલીવાર સત્તાવાર ભાષાના રૂપે સ્વીકાર્યું. ભારતીય બંધારણના ૧૭મા અનુચ્છેદ ૩૪૩(૧)માં વર્ણન કરવામાં આવ્યું છે અને ત્યારથી દર વર્ષે આ દિવસ હિંદી દિવસ તરીકે ઉજવાય છે. **સરકારે ૨૬મી જાન્યુઆરી, ૧૯૬૫ના દિવસે રાષ્ટ્ર ભાષાનો દરજ્જો આપ્યો.** દેવનાગરી લિપિ સાથે રાષ્ટ્રભાષા તરીકે તેનો સ્વીકાર થયો છે. વિશ્વમાં ચીની ભાષા પછી સૌથી વધારે બોલાતી ભાષા હિંદી છે. ભારતમાં અને વિદેશમાં કુલ ૬૦ કરોડથી પણ વધારે લોકો હિંદી બોલે છે, વાંચે છે અથવા લખે છે. ગાંધીજીએ હિંદી ભાષાને ‘એકતાની ભાષા’ કહી છે. વિશ્વ હિંદી દિવસ તરીકે ૧૦મી જાન્યુઆરી ઉજવવામાં આવે છે.



છેલ્લા ૭૨ વર્ષથી હિંદી ભાષા આ દરજ્જો ભોગવે છે. હિંદી શબ્દનો ઉદ્‌ભવ ‘હિંદ’માંથી થયો છે. ‘હિંદ’ શબ્દ ભારતની પશ્ચિમે આવેલા મુસ્લિમ દેશો દ્વારા ભારત માટે વપરાતો શબ્દ છે. હિંદુ શબ્દ પણ આ રીતે આવેલો છે. હિંદ અને હિંદુ તે સંસ્કૃત શબ્દ સિંદઉનો અપભ્રંશ છે. **હિંદી ભાષા મુખ્યતઃ સંસ્કૃત ભાષામાંથી ઉતરી આવેલી છે.** ખાસ કરીને તેમાં ઘણા ફારસી શબ્દોનો સમાવેશ થાય છે. હિંદી અને ઉર્દુ ભગીની ભાષા કહેવાય છે કારણકે તેમના વ્યાકરણ અને શબ્દ ભંડોળમાં ખૂબ સમાનતા છે.

હિંદી સંવૈધાનિક રૂપે ભારતની પ્રથમ રાષ્ટ્રભાષા છે અને સૌથી વધુ બોલાતી અને સમજાતી ભાષા છે. હિંદી અને તેની બોલીઓ ઉત્તર અને મધ્ય ભારતના વિવિધ પ્રાંતોમાં બોલાય છે. ચીની ભાષા પછી હિંદી વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષા છે. ફિજી, મોરેશિયસ, ગુયાના, સુરીનામ અને નેપાળની મોટાભાગની પ્રજા હિંદી બોલે છે.

ભાષાવિદો હિંદી અને ઉર્દુને એક ભાષા સમજે છે. હિંદી દેવનાગરી લિપિમાં લખવામાં આવે છે અને શબ્દાવલિના સ્તર પર મોટા પ્રમાણમાં સંસ્કૃતના શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે. ઉર્દુ નાસ્તાલિકમાં લખવામાં આવે છે અને શબ્દાવલિના સ્તર પર તેના ફારસી અને અરબી ભાષાની અસર વધારે છે.

હિંદી, ઈન્ડો - આર્ય કુળની ભાષા છે. અનેક શબ્દો સંસ્કૃત, અરેબિક, ફારસી ભાષામાંથી પણ આવ્યા છે. સંપર્ક ભાષા તરીકે હિંદીએ સ્થાન લીધું છે. ફિલ્મો તો ખૂબ લોકપ્રિય બની છે. અંગ્રેજી ભક્તો પણ હિંદી ફિલ્મો જુએ છે અને હિંદી ગીતો સાંભળે છે. આજે વિશ્વના તમામ દેશોમાં હિંદી ભાષીઓ અને જાણનારાઓ વસે છે. વિદેશીઓ પણ હિંદી નિષ્ણાત બની ગયા છે. દેશની અંદર હિંદીમાં દેશભક્તિ ગીતો સાંભળવા મળે છે. તેમ છતાં ભારતમાં ભાષાના નામે રાજકારણ રમાતું આવ્યું છે. વિદેશોમાં અભ્યાસક્રમોમાં યુનિવર્સિટીઓમાં હિંદીનો સમાવેશ થાય છે અને આપણા દેશમાં જ તેની બાદબાકી થાય છે. ૧૯૪૯માં બંધારણીય સભાએ એકમત થઈને હિંદીને રાષ્ટ્રીય ભાષા તરીકે સ્થાપિત કરી હતી ત્યારથી હિંદી દિવસથી દર વર્ષે ઉજવણી થાય છે. દેશમાં હિંદીનો પ્રચાર-પ્રસાર કરવા માટે પ્રચાર સમિતિ પણ નિમાઈ છે. સ્વતંત્ર ભારતની રાષ્ટ્રીય ભાષાના આ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૩ ઉપર)



સંસ્થા / વ્યક્તિ વિશેષ

# ગાંધીના ગૌરવવંતા ગોવાળિયાઓ....
# લોકસેવકોનું સ્મરણ



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*ગાંધીજી ખાસ કરીને રચનાત્મક કાર્યો તેમજ રાજકીય - સામાજિક સમત્વ અને બંધુત્વ માટે સતત પ્રયત્નશીલ રહ્યા હતા. એમના સમકાલીનો કે અનુગામીઓ એમનાં પગલે ચાલીને સમાજસેવાનાં અનેક ક્ષેત્રોમાં આજીવન પ્રવૃત્ત રહ્યા છે. ગાંધીવાદી વ્યક્તિત્વ (ગાંધીયન પર્સનાલિટી) ધરાવતા આવા વિવિધ ગાંધીઓ કે કર્મશીલ ગાંધીજનોના પ્રદાનને આપણે ભૂલી શકીએ નહીં.આ બધા પોતપોતાનાં વિસ્તારોમાં 'જે તે પ્રદેશના ગાંધી' તરીકે ઓળખાયા અને આદર પામ્યા છે. અહીં ગાંધીજીના આવા કેટલાક ગૌરવશીલ ગોવાળિયાઓનું (અકારાદિ પ્રદેશ ક્રમે) સ્મરણ કરાવ્યું છે. આ યાદીમાં પોતાની જાણકારી અનુસાર સુધારા કે વધારાને અવકાશ છે.*

## કચ્છ

- 'કચ્છના ગાંધી' : ગોકુલદાસ ખીમજી બાંભડાઈ (૧૮૮૧ – ૧૯૬૨), ગાંધી હરિજન બાળાશ્રમ (માંડવી)
- 'વાગડના ગાંધી' : ચાંપશી ગુણશી છાડવા (૧૮૯૫ – ૧૯૬૩), સામખિયાળી (તા. ભચાઉ)ના 'ભગતબાપા'
- 'વાગડની ગાંધી ત્રિપુટી' : ૧. દયારામ રામદાસ કેવડિયા (૧૯૨૦-૨૦૦૮), સર્વોદય આશ્રમ, લીલપુર (તા. રાપર)
  ૨. મગનલાલ ગોવિંદજી સોની (થાવર) (૧૯૦૯-૯૧), સરદાર છાત્રાલય, વલ્લભપુર (તા. રાપર)
  ૩. મણિભાઈ ન્યાલચંદ સંઘવી (૧૯૨૧-૨૦૦૮), ગ્રામ સ્વરાજ સંઘ, નીલપર (તા. રાપર)
- 'સિંધી ગાંધી' : હુંદરાજ લીલારામ માણેક ઉર્ફે 'દાદા દુઃખાયલ' (૧૯૧૦-૨૦૦૩)
  મૂળે સિંધ (પાકિસ્તાન)ના અને ભાગલા બાદ ૧૯૪૮થી આદિપુર ખાતે વસવાટ

## સૌરાષ્ટ્ર

- 'અમરેલીના ગાંધી' : ડૉ. જીવરાજ નારાયણ મહેતા (૧૮૮૭-૧૯૭૮), ગુજરાતના પ્રથમ મુખ્યપ્રધાન
- 'ગુજરાતના ગ્રંથના ગાંધી' : મહેન્દ્ર ઝવેરચંદ મેઘાણી (જન્મ ૧૯૩૦), લોકમિલાપ ટ્રસ્ટ - ભાવનગર
- 'ગોંડલના ગાંધી' : પટેલ બેચરભાઈ ધરમશીભાઈ ઘોણિયા (૧૯૩૫-૨૦૨૧)
  સૌરાષ્ટ્ર સર્વોદય પ્રવૃત્તિના ચાલકબળ અને સર્વ સેવા સંઘ સૌરાષ્ટ્ર વિભાગના પ્રમુખ
- 'જામખંભાળિયાના ગાંધી' : હરિલાલ રામજી નકુમ, કોંગ્રેસના ધારાસભ્ય
- 'સાવરકુંડલાના ગાંધી' : દેવીબહેન ગણપતરાય પટ્ટણી (૧૯૦૨-૨૦૦૫), સાવરકુંડલા (જિ. અમરેલી)
  'સાવરકુંડલાના ફૈબા' અને 'સોરઠની સિંહણ' તરીકે પણ જાણીતા

## ગુજરાત

- 'કરાડી-દાંડીના ગાંધી' : દિલખુશભાઈ બળસુખરામ દીવાનજી (મહેતા) (૧૮૯૯-૧૯૯૧)
  કરાડી, તા. જલાલપોર, જિ. નવસારી.
- 'કુદરતી ખેતીના ગાંધી' : ભાસ્કર હીરજી સાવે (૧૯૨૨-૨૦૧૫), દેહરી, તા. ઉમરગામ, જિ. વલસાડ.
- 'છોટા ગાંધીજી' : છોટાલાલ ઘેલાભાઈ ગાંધી (જ. ૧૮૮૨), પારડી, તા. માંડવી, જિ. સુરત.

- ‘ડાંગના ગાંધી’ : છોટુભાઈ નાયક (મૃ. ૧૯૮૭), ડાંગ સ્વરાજ આશ્રમ.
- ‘દક્ષિણ ગુજરાતના ગાંધી’ : જુગતરામ ચીમનલાલ દવે (૧૮૯૨-૧૯૮૫), વેડછી, તા. વાલોદ, જિ. સુરત.
- ‘વસોના ગાંધી’ : મૂળજીભાઈ મણિલાલ સુતરિયા (૧૯૧૨-૨૦૦૩), વસો, તા. નડિયાદ, જિ. ખેડા.

## ભારત

- ‘કેરાલાના ગાંધી’ : કોયાપલ્લી કેલપ્પન નાયર (૧૮૮૯-૧૯૭૧), કાલિકટ
- ‘કોંકણના ગાંધી’ : સીતારામ પુરુષોત્તમ ઉર્ફે અપ્પાસાહેબ પટવર્ધન (૧૮૯૪-૧૯૭૧), ગોપુરી આશ્રમ, કણકવલી, જિ. સિંધુદુર્ગ.
- ‘નાગાલેન્ડના ગાંધી’ : નટવરભાઈ છબીલદાસ ઠક્કર (૧૯૩૨-૨૦૧૮), મૂળે : દહાણું, જિ. પાલઘર.
- ‘દક્ષિણ ભારતના ગાંધી’ : ગોરા ઉર્ફે ગોપારાજુ રામચંદ્ર રાવ (૧૯૦૨-૧૯૭૫), વિજયવાડા (આંધ્ર પ્રદેશ)
- ‘બિહારના ગાંધી’ : ડૉ. રાજેન્દ્રપ્રસાદ મહાદેવપ્રસાદ સહાય (૧૮૮૪-૧૯૬૩), ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ.
- ‘મદુરાઈના ગાંધી’ : એન.એમ.આર. સુબ્બારામન (૧૯૦૫-૧૯૮૩), તામિલનાડુ
- ‘મરાઠાવાડના ગાંધી’ : ડૉ. ગંગાપ્રસાદ અગ્રવાલ (૧૯૨૩-૨૦૧૮), વસમત, જિ. હિંગોલી.
- ‘વિલેપાર્લેના ગાંધી’ : ડૉ. જગન્નાથ દામોદર વોહરા (૧૯૦૬-૨૦૦૨)

## વિદેશ

- ‘અમેરિકાના ગાંધી’ : ૧. ડૉ. માર્ટીન લ્યુથર કિંગ – જુનિયર (૧૯૨૯-૧૯૬૮)
  ૨. સીઝર એસ્ટ્રેડા શાવેઝ (૧૯૨૭-૧૯૯૩), કેલિફોર્નિયા (મૂળે મેક્સિકન)
- ‘ઇટાલીના ગાંધી’ : દાનિલો દોલ્સી (૧૯૨૪-૧૯૯૭), સિસિલી (ઇટાલી)
- ‘ઇન્ડોનેશિયાના ગાંધી’ : આગસ ઇન્દ્ર ઉદયન, ગાંધીપુરી આશ્રમ (બાલી)
- ‘ગલ્ફના ગાંધી’ : ભરતકુમાર જયંતીલાલ શાહ (૧૯૩૨-૨૦૧૯), મૂળે સુરેન્દ્રનગર, નિવાસે રાજકોટ અને દુબઇના ઉદ્યોગપતિ
- ‘જાપાનના ગાંધી’ : ૧. ટોયોહિકો કાગાવા (૧૮૮૮-૧૯૬૦)
  ૨. રેવ. નિચિદસ્તુ ફુજી (૧૮૮૫-૧૯૮૫)
- ‘ઝામ્બિયાના ગાંધી’ : ડૉ. કેનેથ ડેવિડ કોન્ડા (જન્મ ૧૯૨૪), ઝામ્બિયાના પ્રથમ પ્રમુખ.
- ‘દક્ષિણ આફ્રિકાના ગાંધી’ : ડૉ. નેલ્સન મંડેલા (૧૯૧૮-૨૦૧૩)
- ‘નેપાળના ગાંધી’ : તુલસી મેહર શ્રેષ્ઠા (૧૮૯૬-૧૯૭૮)
- ‘પેલેસ્ટાઇનના ગાંધી’ : મુબારક અવાદ (જન્મ ૧૯૪૩), હાલે અમેરિકાવાસી
- ‘ફ્રાન્સના ગાંધી’ : લાન્ઝા ડેલ વાસ્તો ઉર્ફે શાંતિદાસ (૧૯૦૧-૧૯૮૧), મૂળે ઇટાલિયન.
- ‘બ્રાઝિલના ગાંધી’ : ફાધર કુન્ટ્ઝ (મૂળે જર્મન)
- ‘વિયેટનામના ગાંધી’ : થિક હાટ હાન્હ (જન્મ ૧૯૨૬)
- ‘શ્રીલંકાના ગાંધી’ : અહંગમયે ટ્યુડર (એ.ટી.) એરિયરત્ને (જન્મ ૧૯૩૧)
- ‘સરહદના ગાંધી’ : ખાન અબ્દુલ ગફાર ખાન (૧૮૯૦-૧૯૮૮), પાકિસ્તાન
- ‘સિંધના ગાંધી’ : ભગત કંવરરામ (૧૮૮૫-૧૯૩૯), પાકિસ્તાન.


*‘શિવમ્’, ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*



સંસ્થા / વ્યક્તિ વિશેષ

# ખોવાયેલી લોકકલાની મધુરી માવજત

રતિલાલ સાં. નાયક



જોરાવરસિંહ જાદવ

લોક સાહિત્યક્ષેત્રે પાયાનું અને સંમાર્જનનું કામ ઝવેરચંદ મેઘાણીએ કર્યું. પણ એ પછી લોક સાહિત્ય, લોકકલા અને લોક સંસ્કૃતિ – એ ત્રણેનું સંશોધન, લેખન અને જાળવણીનું બળવત્તર કામ જોરાવરસિંહ જાદવ દ્વારા થઇ રહ્યું છે. કોઈએ એમને આ ત્રણેયના પ્રહરી કહ્યા છે, તો ઘણાએ એમને વૈજ્ઞાનિક કહ્યા છે. એકલે હાથે એકલવીર બની પ્રજા સમૂહનો - લોકનો સાથ લઇ એ આપણી જૂની અને પૌરાણિક વિરાસતને ઉજાગર કરી રહ્યા છે. એ માટે એમણે **‘ગુજરાત લોક કલા ફાઉન્ડેશન’**ની સ્થાપના કરી છે. જેના દ્વારા આપણી લોક-સંસ્કૃતિ, પુસ્તકો, પ્રદર્શનો, કાર્યક્રમો, અધિવેશનો વગેરેથી ફૂલતી ફાલતી રાજ્ય, દેશ અને હવે વિદેશ સુધ્ધામાં આગળ વધતી રહી છે. જોરાવરસિંહના ૮૩મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે જેટલા વધુ સન્માનીએ એટલી આખરે તો ગુજરાતની જ એક જોરૂકી વ્યક્તિ સંપદા બની રહેશે. આ બલિષ્ઠ કલા મર્મજ્ઞની અંતરની આહ હતી : “વરૂણ દેવ રૂઠે ને દુકાળ પડે તો અનાજની આયાત પરદેશથી કરી શકાશે, પણ જો ગુજરાતમાં લોક સંસ્કારનો દુકાળ પડશે તો પરદેશથી આયાત કરી શકાશે નહીં. આ કલાના છોડવાઓને ગુજરાતી ધરતી પર રોપવા પડશે, ઉગાડવા પડશે અને જતન કરીને જાળવવા પડશે.”

એમની આ ‘આહ’ સામે બે વાર વાહ કહી શકીએ એવી એમણે અવિસ્મરણીય કામગીરી કરી છે. લોક સંસ્કૃતિ ઉપર એમણે સચિત્ર અભ્યાસ સમૃધ્ધ અને માહિતીપૂર્ણ ગ્રંથો રચ્યા છે. આમાંના નમૂનારૂપ લોકસંસ્કૃતિ પરિચય ગ્રંથ શ્રેણીના ગ્રંથો વિશે લેખકને બિરદાવતા ડૉ. બળવંત જાનીએ યથાર્થ લખ્યું છે : “ગુજરાતની લોક સંસ્કૃતિના જ્ઞાનકોષ અર્થાત્ સર્વસંગ્રહ સમાન છે. ગુજરાતની લોક સંસ્કૃતિના મૂળ સ્રોતરૂપ અધિકૃત સામગ્રીનું એકીકરણ, શ્રદ્ધેય સામગ્રીનું ચયન, આ સામગ્રીનું ચિત્રાત્મક તેમજ સાહિત્યિક ઉદાહરણો સાથે નિરૂપણ – એ જોરાવરસિંહ જાદવની આલેખન પદ્ધતિ છે. સામગ્રીની આવી અર્થપૂર્ણ અભિવ્યક્તિના સ્વરૂપને કારણે **જોરાવરસિંહ લોકસંસ્કૃતિ મૂલક ગ્રંથ શ્રેણી ગુજરાતની લોક સંસ્કૃતિનો પરિચય કરાવતો જ્ઞાનકોશ છે.**

લોક સંસ્કૃતિ મૂલક રચનાની વાતથી પણ એમણે લોક સાહિત્ય અને લોકકલા ઉપર પણ મબલખ કામગીરી કરી છે. આપણે કેટલીક સંજ્ઞાઓ સમજવી પડશે. અંગ્રેજીમાં જેને Folklore કહે છે તે ‘લોકવિદ્યા’ અને ‘Folk-literature’ કહે છે તે ‘લોકવાઙ્મય.’ આ ‘લોકવાઙ્મય’ માટે સામાન્ય રીતે ‘લોક સાહિત્ય’ સંજ્ઞા વપરાય છે. ‘લોક વિદ્યા’ એટલે મુખ પરંપરાથી કે રીતરિવાજની પરંપરાગત ઉતરતી આવેલી સામગ્રી અને તે અંગેની બધી જાણકારી કે વિદ્યા!

લોકવિદ્યાની પ્રશાખા તે લોકવાઙ્મય. લોકવાઙ્મયને આમ સમજાવી શકાય : “તળપદી ભાષામાં તળપદા સંસ્કાર મૂર્ત કરતી અજ્ઞાત કર્તૃત્વવાળી પેઢી દર પેઢી મુખ પરંપરાથી ઉતરતી આવેલી, સર્જકની સભાન વ્યક્તિમત્તાના લક્ષમો વિનાની, લોક સમજની મુગ્ધ નિર્વ્યાજતા ને નૈસર્ગિકતાવાળી ગીત હોય તો ક્યારેક ટેક-ઠેક નૃત્ય રમતને સાથે લાવતી, સહેજે યાદ રહી જાય તેવા શબ્દ પ્રયોગની રચના કે શબ્દલાધવ વાળી, ઉપદેશ વૃત્તિના અભાવવાળી, જે તે સમાજના પ્રાણના ધબકારવાળી, નિર્દંભ, સરળ અને ભાવસુંદર; મોટેભાગે સંધોર્મિઓમાં વહેતી, મોટેભાગે નિરલંકૃત, છતાં જો હોય તો લોક કલ્પનાને જે સુઝે એવા અલંકારોથી ઓપતી, જે રચનામાં લોક સમૂહમાંના કોઈને પણ ઘટાડવા વધારવાની અનુકૂળતા અને છૂટ હોય ને એથી જેના પાઠાંતરો અનેક કે અગ્રગણ્ય હોય તેવી અથવા કે જેનો એક નિશ્ચિત અદૂર પાઠ જ ન હોય તેવી શબ્દના કે ભાવવિચાર લાગણીના પ્રભુત્વ માત્રથી ધ્યાન ખેંચી લે તેવી નહીં, બલ્કે જેમાં ઉપરથી લદાતું કોઈ જ પ્રભુત્વ, કોઈ દેખાડો ન હોય તેવી સૂક્ષ્મ અંગત સંવેદનો કે વિચારમંથન, આત્મનિરીક્ષણ, પરીક્ષણ, પૃથક્કરણ – આ બધું ન હોય ને તરત પરખાઈ જાય તેવી ઘેરી લાગણીઓ હોય તેવી, આંટીઘૂંટી વિનાની, અત્યંત સરળ રચનાવાળી, મૂળમાં લેખિત કે લિપિબધ્ધ નહીં પણ મુખ પરંપરાગત કથ્ય કે ગેય વારસારૂપ સાંપડેલી શબ્દવિદ્યા તે લોકવાઙ્મય.”

સમગ્ર માનવવાઙ્મય આકલનો ત્રણ વિભાગમાં વહેંચી શકાય : (૧) અભિજાત સાહિત્ય (Literature), (૨) લૌકિક સાહિત્ય (Popular Literature), (૩) લોકસાહિત્ય. 'અભિજાત' સાહિત્ય અને 'લૌકિક' સાહિત્યમાં ભેદ માત્ર એટલો કે લૌકિક સાહિત્યનો કર્તાકૃતિ તો માત્ર પોતાના નામે કરે, અફર પાઠવાળી રચના હોય પણ હોય કોઈક બોલીમાં ને લોક લક્ષણમાં – કોઈ અમુક ચોક્કસ સમાજ માટે હોય. જેમ કે ચારણી સાહિત્ય કે પારસી સાહિત્ય. એ જે તે સમાજમાંના એના વ્યાપક સાહિત્ય કે પ્રચાર - પ્રસારને કારણે, લોકલઢણોના અનુસરણને કારણે, લોક લઢણોના અનુસરણને કારણે, લોક ભાવો રમાડતા હોવાના કારણે, લોકવિદ્યાની કૃતિ હોવાનો એવો ભ્રમ ઊભો કરે કે 'લોક' તો ઠીક વિચારકો પણ એને 'લોક સાહિત્ય'માં મૂકી દે છે. પણ તાત્ત્વિક રીતે એ અલગ વિભાગ છે. એ જ રીતે 'લોક સાહિત્ય' એ પણ સાહિત્યેતર લોકવિદ્યા પ્રકાર છે. એ વિશદતા ખાતર પણ એને માટે લોકવાઙ્મય સંજ્ઞા વધુ ઉચિત છે. લોકવાઙ્મય દેશ, ભાષા, જાતિ, જુથ, જ્ઞાતિ, ઋતુ, લેનાર સ્ત્રી કે પુરુષ કે બાળક, વસ્તુ કે કર્મવિધિ કે પ્રસંગ (જેમ કે લગ્નગીતો) – એમ જે વર્ગીકરણો થાય છે તે અનુકૂળતા ખાતર ઠીક છે. સ્વરૂપને ધોરણે એનું વિભાગીકરણ પ્રચલિત છે. લોકવાઙ્મયના બોલાતા, ગવાતા અને કેવળ સઘોષ ઉચ્ચારણ જ રહેતા હોય એવા સ્વરૂપોમાંથી હર્ષ-શોકાદિ ધ્વનિઓ વાંભ હા ના સૂચક ડચકારા વગેરે શ્રમના કે હાલરડાના કે મરણપોક કે જન્મ મંગલના વગેરે ધ્વનિઓનો અભ્યાસ થવો હજી બાકી છે. અહીં બોલાતા સ્વરૂપો અને ગેય સ્વરૂપો જોઈએ.

બોલાતા કથ્ય સ્વરૂપો મુખ્ય આટલા છે : કહેવત, રૂઢિપ્રયોગો, ટુચકા-ઓઠા, લોકકથા (Folk Tale), લોક નાટ્ય (Folk Drama), લોક વ્યુત્પત્તિ વગેરે. ગેય સ્વરૂપો મુખ્ય આટલા છે : મંત્રો વગેરે (Charms etc.), ઉખાતા, લોકગીત, ગીતકથા કે રાસડો (Folk Ballad), કથાગીત (કથાત્મક દીર્ઘકથા), લોકાખ્યાન (Folk Epic). આમાંથી કહેવત - રૂઢીપ્રયોગો, મંત્રો અને ઉખાણા નિયત શાબ્દી છે, તો બાકીના બધા અનિયત શાબ્દી છે. જોરાવરસિંહનો આ કાર્ય પ્રદેશ છે.

લોકકલા અને કલા વચ્ચે થોડો ભેદ છે. કાવ્ય અને ગીત કલા છે, એવી જ રીતે ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય પણ કલા છે. એથી ભિન્ન એવી કારીગરી, કરામત, હુન્નર વિષયક રચના તે પણ કલા છે. લોકકલા થોડીક જુદી એ રીતે પડે છે કે એમાં રચનાર તે ગ્રામીણ 'લોક' છે. માટીકામ કરનાર, છોડઝાડ ઉછેરનાર, જાદુ કરામત કરનાર, ગ્રામીણ અર્થાત્ લોક છે. એટલે એમના કલા કારીગરીના કૌશલ્યને લોકકલા કહીને ઓળખાવાય છે. આપણે ગુજરાતીઓ જેના માટે ગૌરવ લઇએ છીએ તે ભીંત ચિત્રણ, કાષ્ટ કંડારણ, લીંપણ, નકશી, આલેખ ચિત્રો, ધાતુ પાત્રો, ઘાટ-સુઘાટના ઘરેણા, મોતી પરોવણું, હીરભરત, ચંદરવાનું છાપકામ, મોચીકામ, કટાબકામ, વિવિધ વસ્ત્રો પરનું હાથ છાપનું નકશીકામ વગેરે હુન્નર કળાઓ છે. આ બધાનો આપણી સંસ્કૃતિ સાથે સંબંધ છે. **આ બધી આપણી સાંસ્કૃતિક વિરાસત છે. આ ક્ષેત્રે કામ કરનાર જોરાવરસિંહ કદાચ પહેલા છે. આ શ્રેય એમને આપવો ઘટે.**

આપણા લોકઉત્સવો, આપણા લોક મેળા, લોક જીવનને મનોરંજન પૂરૂં પાડતા લોક નૃત્યો, લોક ભવાઇ, કઠપુતળી, બહુરૂપી, વાદી, મદારી, નટ બજાણીયાના ખેલો, ભાંડ, તુરી, રામલીલા, લોકસંગીત, સંતવાણી, ડાયરા, ગાગરીયા, માણ ભટ્ટોની ભજવણી યુક્ત કથાઓ – એ બધામાં ગુજરાતની સંસ્કૃતિ ધબકે છે, ને એ એના નૂર ને હીર સાથે ફુલતી ફાલતી રહે, એ સમાજની ફરજ છે, રાજ્યની ફરજ છે.

જોરાવરસિંહ જાદવ એક હજારા બની આપણી આ ધરોહરને પુસ્તક લેખનથી, મંચન કે પ્રદર્શનોથી, દૂરદર્શન પર કાર્યક્રમોથી, સંશોધન ને જાળવણીના નુસખાઓથી દૈનિક અને સામયિકોમાં લેખોથી **કલાકારોના સન્માનોથી આગળ વધારી રહ્યા છે.**

પશ્ચિમની સંસ્કૃતિ અને પ્રચાર માધ્યમોના આક્રમણને કારણે આ ગુજરાતનો લોકવારસો પડી ભાંગવા લાગ્યો છે. એને જીવાડવાનો શ્રી જાદવ ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે. ગુજરાત લોકકલા ફાઉન્ડેશન એમણે સ્થાપ્યું છે. એના એ મેનેજિંગ ટ્રસ્ટી છે અને એની મારફતે આ કલા કારીગરોને બેઠા કરી ગુજરાતમાં, ગુજરાત બહાર અને વિદેશમાં મોકલી ગુજરાતની સંસ્કૃતિને આગવું સ્થાન અપાવી રહ્યા છે.

આંકડાથી એમની કામગીરી માપવી હોય તો એમના દોરી સંચારયુક્ત વિવિધ રાજ્યોના ૫૦૦૦ ઉપરાંત લોક કલાકારો દેશભરમાં બેનમૂન કાર્યક્રમો આપતા રહ્યા છે. જેમણે અમદાવાદ, મુંબઇ કે દિલ્હી નહોતું જોયું એ કલાકારો ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, જાપાન, રશિયા, અમેરિકા અને દુબઈ - મસ્કત સુધી જતા - આવતા ને જર ને જશ રળતા થયા છે.

આવા કાર્યક્રમોમાં આગળ આવેલા થોડા નામો જોઈએ.

જયપુરની કાલબેલિયા (મદારણ) નૃત્યાંગના ગુલાબોને જોરાવરસિંહની સંસ્થાનો સથવારો સાંપડતા આજે વિશ્વના ૧૦૦ ઉપરાંત દેશોમાં કાર્યક્રમ આપી આવ્યા છે ને શૂન્યમાંથી સર્જન પામ્યા હોય તેવો આત્મસંતોષ અનુભવે છે. એ છે મશહુર કાલબેલિયા નર્તકી ગુલાબો.

હું લોકભવાઈ કરતી કોમમાંથી આવું છું. મારા પિતા ભાથીપણું કરતા ને ભવાઈ ટોળું ગુજરાતમાં ઝાલાવાડ અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં જતા. ઝવેરચંદ મેઘાણી, રા.વિ. પાઠક સાથે એમનું ભાથીપણું જોવા અમારા વતન કડી ખાતે

આવ્યા ને મારા પિતાએ કડીમાં મનીપુર ખાતે સિંધવાઈ માતાના મંદિર નજીક ભવાઈ ગોઠવી, કેટલાક વેશ બતાવેલા. તે વેળા હું રા.વિ. પાઠકનો એલ.ડી. આર્ટસ કોલેજનો વિદ્યાર્થી હતો. પાઠક સાહેબે મને બને એટલા ભવાઈ વેશ ભવૈયાઓ પાસેથી સાંભળીને લખી લેવા, ને બને એટલી ભવાઈ કળાની દશા જે નાશ તરફ જતી દેખાઈ રહી હતી, તેને ઉગારવા પ્રયત્ન કરવા શીખ આપેલી. મહેસાણામાં અમારી જ્ઞાતિનું સંમેલન ભરાયું તે વેળા **'ભવાઈ કલાકાર સંઘ'**ની રચના પાઠક સાહેબની શીખને આધારે અમે કરી. મને જોરાવરસિંહ જાદવ યાદ આવ્યા. હું જે કામગીરી કરતો તે કેટલે વીસે સો થાય છે તે હું જાણતો હોઈ મેં એમની નજીક જવા પ્રયત્ન કર્યો. મેં એમને ગંભીર ને ગર્વિષ્ટ માનેલા. જ્યારે પાસે જતા એ હમદર્દ જણાયા. મારી સાથે 'ભવાઈ કલાકાર સંઘ'નું કામ ડૉ. ચીનુભાઈ નાયક પણ કરતા. જરૂર પડ્યે અમે જોરાવરસિંહની પણ મદદ લેતા થયા.

મારા વતન કડીમાં મોહનભાઈ શંકરભાઈ નાયક ચાર ચોપડી ભણેલા અને મામા કાભાઈ સાથે ટોળામાં જઈ **'વામન મઢી'**નો વેશ શીખેલા ને પછી તો મોહન મઢી તરીકે પંકાઈ ગયેલા. સમયાંતરે ભવાઈની પડતી દશા થઇ ને મોહનભાઈ પૈસેટકે બરબાદ થયા. એવામાં જોરાવરસિંહે એમનો કકળતો આર્તનાદ સાંભળ્યો ને એમને બેઠા કરવા કશ્મકશ પ્રયત્ન કર્યા. એમની મઢીના વેશની કુશળતા જોઈ એમને દૂરદર્શન પર તક આપી. ને પછી અમેરિકા એ વેશ ભજવવા લઇ જવા તૈયાર કર્યા. એ જવા તૈયાર પણ થયા ને તેવામાં પેટમાં ગાંઠ થઇ ને એવા બીમાર પડ્યા કે આજ જાય - કાલ જાય ને કુટુંબ બેહાલ થાય. એમના કુટુંબની ચિંતા ટાળવા જોરાવરસિંહ તા. ૧૩-૨-૨૦૦૬ના રોજ 'ગુજરાત લોકકલા ફાઉન્ડેશન'ના પ્રતિનિધિઓ સાથે કડી આવ્યા, ને મારા ને ડૉ. દિનકર ભોજકના હાથે ગુજરાત લોકકલા ઍવોર્ડને મોટી રકમ હજારેક જ્ઞાતિજનોની હાજરીમાં મોહન મઢીને આપીને એમના કુટુંબને ખરા વખતે અમૂલ્ય મદદ કરી.

ખાખરાળાના ભવાઇ ક્ષેત્રના કસબી બાબુભાઈ વ્યાસ અમારા 'ભવાઈ કલાકાર સંઘ'ની એક બેઠકમાં મળેલા ત્યારે વાત નીકળતા બોલેલા : 'રતિભાઈ, **આવા એક નહીં અનેકને જોરાવરસિંહજીએ ઉજળા કર્યા છે. એમના સ્પર્શથી સોનાના બની ગયા છે** અને આર્થિક, સામાજિક વિકાસની કેડીએ ચડ્યા છે.'

આવા અમારી આથમતી ભવાઇ કળાને ભેરૂ બની ઉગારનાર જોરાવરસિંહને લાખ લાખ સલામ.

---

## પ્રાર્થના

**(અનુસંધાન : પાના નં. – ૯ ઉપરથી ચાલુ)**

પ્રાર્થનામાં ક્યારેય પરિણામનું મહત્ત્વ નથી હોતું. જો પ્રાર્થના કોઈ ખાસ હેતુ માટે કરાતી હોય, તો એ પ્રાર્થના નથી.

વિવિધ ભાષાઓ તો મનુષ્યની શોધ છે. પ્રાર્થના માટે બોલાતા શબ્દો, શ્લોક કે મંત્રો તો આપણી રચના છે. પરમાત્માને આવા શબ્દો સાથે સંબંધ ન હોઈ શકે. ગમે તેવા શબ્દોથી રચિત પ્રાર્થના બોલો, પણ તે વેળા ઈશ્વર સાથે તમારું ભાવાત્મક જોડાણ ન થાય, તો એ પ્રાર્થના શબ્દોનાં બબડાટથી વિશેષ કશું નથી. **પ્રાર્થના વખતે હૃદયનાં તાર ઇશ્વરના ભાવથી ઝણઝણી ન ઉઠે, તમારું મન ભાવવિભોર ન થાય, કે તમારી આંખોમાંથી હર્ષની અશ્રુધારા વહે નહીં તો સમજજો તમારી પ્રાર્થના ઇશ્વરને પહોંચશે નહીં.** પરમ તત્ત્વ તો શબ્દો રહિત હૃદયની ભાષા જાણે છે. આવી ભાવવિભોર હૈયે કરેલી પ્રાર્થના તમારા મનની મલિનતા દૂર કરી દેશે, હૈયું હળવું કરી દેશે. અંતરમાં આનંદ, સુખ ને શાંતિની લાગણી પ્રસરાવશે.

ઈશ્વર તો અંતર્યામી છે. તે ભક્તનાં ભાવને વગર જણાવ્યે પણ ઓળખે છે. તમારા ભાવ જ મોબાઇલનાં નેટવર્ક જેવું કામ કરી, તમારી પ્રાર્થનાને ઈશ્વર સુધી પહોંચાડે છે. આવી પ્રાર્થના આપણને અંધકારમાંથી ઉજાસ તરફ, અસતમાંથી સત તરફ, નિરાશામાંથી આશા તરફ, સ્વમાંથી પરમાર્થ તરફ, અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ તથા સંકુચિતતામાંથી વિશાળતા તરફ દોરી જાય છે. તમારું સમગ્ર અસ્તિત્વ ઓગળી પરમતત્ત્વમાં એકાકાર થઇ જાય છે. તમને મૃત્યુનાં ભયમાંથી મોક્ષ તરફ લઇ જાય છે.

આ સઘળી વાત પછી તમોને થશે કે તો શું, પ્રાર્થના જ ન કરવી? પ્રાર્થના માટે શું કરવું? પ્રાર્થના અવશ્ય કરવી, પણ પૂરા ભાવ સાથે, શાંત મને તથા નિર્મળ હૃદયે આપણે આવી પ્રાર્થના કરી શકીએ.

"હે ઇશ્વર, તેં મને વગર માગ્યે ઘણું આપ્યું છે. વિશાળ બ્રહ્માંડ તથા સ્વસ્થ શરીર આપ્યું છે. મારે કશાની જરૂર નથી. બસ, તું મને ફાલતુ ઈચ્છાઓથી બચાવ. મનને દુન્યવી એષણાઓથી મુક્ત કર. સુખ દુઃખમાં સાક્ષીભાવે રહેવાની ક્ષમતા આપ. ગરીબ, જરૂરિયાતમંદને મદદ કરવાની શક્તિ આપ. જે આવી પડે તેને કશી ફરિયાદ વગર સ્વીકારવાની શક્તિ આપ. હે ઇશ્વર, મારું મન જ્યારે દુન્યવી પીડાથી દુઃખી થાય ત્યારે એ પીડા સહન કરવાની ક્ષમતા આપ."

સમાપન કરીએ, આપણી સંસ્કૃતિએ આપેલ જગતની આ શ્રેષ્ઠ પ્રાર્થનાથી.

*અસતો મા સત ગમય તમસો મા જ્યોતિર્ગમય*
*મૃત્યો મા અમૃતમ્ ગમય ઓમ શાંતિઃ શાંતિઃ શાંતિઃ*

*"સિદ્ધિ વિનાયક", પ્લોટ નં. ૪૫/બી,*
*શેરી નં.-૧, નટરાજ નગર, ધોળકિયા સ્કૂલ સામે,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ. ● મો. ૯૯૦૫૦ ૯૯૭૨૭*



સંસ્થા / વ્યક્તિ વિશેષ

# ગીત - ગઝલનું ઉન્નત શિખર : રમેશ પારેખ



રમેશ પટેલ, લેખક-કવિશ્રી

ઈ.સ. ૧૯૬૭માં સર્જનની શરૂઆત કરીને કવિતા ક્ષેત્રે ધોધમાર ગીત - ગઝલનો વરસાદ વરસાવી ભાવકો અને કાવ્ય પ્રેમીઓને ભીંજવી દેનારા અમરેલીના કવિ રમેશ પારેખ સૌના પ્રિય કવિ છે. વિવેચકોની આંખ એમના સર્જન ઉપર ખંડાઈ અને ક્યાં, ખડિંગ, ત્ત્વ, હાઉક, દે તાલ્લી, ચીં, સતનન, ખમ્મા આલા બાપુને, મીરાં, સામે પાર, વિતાન સુદ બીજ અને કુમાર ચંદ્રક, નર્મદ ચંદ્રક, રણજિતરામ સુવર્ણ ચંદ્રક, સંસ્કાર ઍવોર્ડ, કલા ગૌરવ ઍવોર્ડ પ્રાપ્ત કરનારા અને મોરારિબાપુના પણ પ્રિય કવિ રમેશ પારેખ છે.



**કવિ રમેશ પારેખ**

તા. ૨૭-૧૧-૧૯૪૦ના રોજ અમરેલી મુકામે જન્મેલા અમરેલી જિલ્લા પંચાયતમાં 'રિકવરી ઓફિસર' તરીકે સેવા બજાવી સેવા નિવૃત્ત થઈ રાજકોટ ખાતે સ્થાયી થયા બાદ તા. ૧૭-૦૫-૨૦૦૬માં 'છ અક્ષરનું નામ' મૂકી વિદાય થયા. કવિશ્રી અનિલ જોશીના સંસર્ગને કારણે જ કવિ બની ગુજરાતી ગીતોની દુનિયામાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરી શક્યા છે.

કવિ રમેશ પારેખની કવિતાઓમાં આલા ખાચર, સોનલ અને કાગડો — આ કવિની ઊર્મિની ઓળખ બની ગયા છે.

**કવિની કલમ દિશાઓને રેતી રેતી બનાવી રણને દોડાવી શકે છે, તો બરફની કેડીએ સૂરજનો ઉદય કરાવી શકે છે. 'શહેર એટલે ખંડેરને આવેલું સ્વપ્નું' એવી ઉપમા આપી છે!** 'છ અક્ષરનું નામ' કવિશ્રી રમેશ પારેખનો સમગ્ર કવિતાનો ગ્રંથ છે.

કવિએ આધુનિક ટૂંકી વાર્તાઓ પણ આપી છે. ચિંતન લેખો, સંપાદન અને કાવ્યાસ્વાદ ક્ષેત્રે પણ કવિએ કલમ ચલાવી છે. સાતમા - આઠમા દાયકાના નોંધપાત્ર કવિઓમાંના એક છે.

લોકગીતો - ભજનોની પરંપરાને આત્મસાત્ કરી તેનું અદ્યતન સંવેદનાની અભિવ્યક્તિમાં આગવું રૂપાંતર સાધીને તેમણે કવિતામાં પોતીકો અવાજ ઊભો કર્યો હતો!

ગીતોમાં કવિની સર્જકતા વિશેષ છલકાતી - રણકાતી - પડઘાતી નજરે પડે છે.

રમેશ પારેખની કવિતાનું રૂપ રોમેન્ટિક છે. ગીત - ગઝલ તથા અછાંદસમાં તેમની ઊભરાતી સર્જકતાના કારણે તેમની રચનાઓમાં નૂતન ઉન્મેષ જોવા મળે છે.

જાણીતા સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરી 'તિલક કરે રઘુવીર'માં આ મુજબ લખે છે :

"નવમા દાયકાથી રમેશની કવિતામાં એક વળાંક વધુ અનુભવાય છે. 'સોનલદેને લખીએ'થી શરૂ કરનારો કવિ 'હવે તો હરિ લખે તો બને!' કહેવા સુધી - હરિવટો લેવા તૈયાર થયો છે. 'સોનલ' રમેશનું સર્જન છે. 'મીરાં' સાથે એને લીન થયું છે. રમેશના ઉન્મત્ત ભાવોને વ્યક્ત કરનારી કવિતા પણ ઉન્નત તો હતી જ. હવે એને ઉન્મુક્તની અભિલાષા છે — કહો કે અભીપ્સા છે!"

કવિ રમેશ પારેખે બાળકાવ્યો અને બાળ સાહિત્યમાં નોંધપાત્ર કામ કર્યું છે. જેમકે : હાઉક, દે તાલ્લી, ચીં, ડફરક લફરક, દરિયો ઝુલ્લમ ઝુલ્લા, હસીએ ખુલ્લમ ખુલ્લા, જંતર મંતર છૂ. સંપાદન તરીકે : ગિરા નદીને તીર, આ પડખું ફર્યો લે! સંગ્રહો આપ્યા છે. ત્રિઅંકી નાટક : 'સૂરજને પડછાયો હોય!' અને હાસ્ય ત્રિઅંકી નાટક 'તરખાટ' જાણીતા છે. **ફિલ્મ 'નસીબની બલિહારી'માં શ્રેષ્ઠ ગીતકાર તરીકેનો ગુજરાત રાજ્ય ફિલ્મ એવોર્ડ પણ મેળવ્યો છે!**

કવિશ્રી રમેશ પારેખની ગઝલોની કાવ્ય પંક્તિઓ માણીએ:

૧. *સાવ તરસ્યા તો ખજૂરીઓના પડછાયા રહ્યા,*
*પી ગયું રણ રેતીમાં કૈં ઓગળેલી ચાંદની.*

૨. *તમે ફોડી શકશો અરીસા કદી,*
*ચહેરાઓ ફોડી શકતા નથી.*

૩. *આંખો મિંચી દઉં તો સ્વપ્ન બહાર રહી જશે,*
*પાંપણની માથે વેદનાનો ભાર રહી જશે!*

૪. *ત્રણ અક્ષરોમાં માપી લીધું વિશ્વને 'રમેશ',*
*પૂછો કે એનું નામ હતું વેદના, તો હા!*

૫. *તમારા વગર એ કુંવારી જ રહેશે,*
*તમારી કબર તો તમારી જ રહેશે.*

*૬. હાથને ચીરો તો ગંગા નીકળે,*
*છેવટે એ વાત અફવા નીકળે.*

*૭. રમેશ, આમ કાગડાની જેમ તું કરાંજ મા...*
***You Stop... Stop... Stop... now** કાગડો મરી ગયો!*

*૮. શબ્દોના ડાઘુઓએ ઉપાડ્યો છે ભારને,*
*દફનાવશે ક્યાં જઈને મરેલા વિચારને?*

*૯. પાંદડું કેવી રીતે પીળું થયું કોને ખબર?*
*એટલે કે ઝાડમાંથી શું ગયું કોને ખબર?*

*૧૦. ફોટામાં હું સાદ કરું છું,*
*કેમ નથી મળતો હોંકારો?*

*૧૧. મને ફૂલ ટાંકી રહ્યું છે કોઈ,*
*કે શબ મારું ઢાંકી રહ્યું છે કોઈ?*

*૧૨. સૂર્યને એવું ક્યારે સમજાશે?*
*– કે ચીતરેલું જળ સૂકાય નહીં?*

*૧૩. ફૂલ મસ્જિદ, ફૂલ છે મંદિર,*
*ને એમાં મ્હેક એ જ શ્રી ઈશ્વર!*

*૧૪. ચીતર્યા દરિયાને અડકું તોય હું,*
*કોણ જાણે પણ પલળતો હોઉં છું.*

અંતે 'ફૂલ એ વૃક્ષે પેટાવેલા દીવા છે...' એવું લઘુકાવ્ય લખનારા કવિને વંદન!

*'પ્રાંજલ', ૩૦, આનંદ વાટીકા સોસાયટી,*
*સરદાર પુલ પાસે, અડાજણ રોડ,*
*સુરત-૩૯૫ ૦૦૯. મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*

## ફક્ત કર્મ જ આપણા

સીતાના રખેવાળ રામ હતા, જ્યારે હરણ થયું ત્યારે કોઈ ન હતું.

દ્રૌપદીના પાંચ પાંડવ હતા જ્યારે ચીરહરણ થયું ત્યારે તેઓ લાચાર હતા.

દશરથના ચાર દુલારા હતા. જ્યારે પ્રાણ ત્યજ્યા ત્યારે એ કોઈ ન હતા.

રાવણ ઘણો શક્તિશાળી હતો. જ્યારે લંકા સળગી ત્યારે તે કંઈ ના કરી શક્યો.

અભિમન્યુ રાજદુલારો હતો. પણ ચક્રવ્યૂહમાં તેની સાથે કોઈ ન હતું.

***સત્ય આ જ છે. એ દુનિયાવાલો, સંસારમાં આપણું કોઈ નથી. જે લેખ લખ્યા કર્મોએ, એ લેખ આગળ કોઈ નથી.***

## મારી – તમારી વાત

(અનુસંધાન : પાના નં. – ૩૫ ઉપરથી ચાલુ)

બીજા સાથે કનેક્ટ રહેવામાં અભ્યાસથી ક્યારે ડિસકનેક્ટ થઈ જવાયું છે, એની એમને ખબર જ નથી રહેતી. અને માતા-પિતા પણ સતત એમની પર ચાંપતી નજર કઈ રીતે રાખી શકે? એવું જો કદાચ કોઈ કરે તો એ લોકો જાસુસમાં ખપી જાય ને બાળકોની નારાજગી વધી જાય.

સગવડ જેટલી વધુ, એટલી માંગણી વધવાની છે. **ઓછામાં જીવવાનું ને ચલાવી લેવાનું હવે પરવડતું જ નથી. એ વાતો નવી પેઢીને વેવલાવેડા લાગે છે.** સંતાનોને અધિકારની રુએ મેળવવું બધું છે, પણ એમને ફરજની રુએ આપવા માટે ગલ્લાતલ્લા કરવા છે. પોતાના જ ઉજ્જવળ ભવિષ્ય માટેની આ બધી માંગણીઓ છે, એમ જ એ લોકો સમજે છે અને મા-બાપ પણ 'એ લોકો નારાજ ન થાય, ભટકી ન જાય, એમનો અભ્યાસ ન બગડે' એવા એવા ભયથી ફફડતા રહીને સતત એ માંગણીઓ પૂરી કરે જ છે. પછી ભલે એ મોંઘાદાટ વસ્ત્રો હોય, લેટેસ્ટ મોબાઈલ હોય કે નવું નક્કોર વાહન હોય અથવા બીજું કંઈ હોય – બધું એમને મને કમને, પૈસાની સગવડ હોય કે ન હોય તો પણ અપાવવું જ પડે છે.


સવાલ એ થાય છે કે 'મુડ ન હોવો, મન ન થવું' એવી લાગણીઓ (કે બહાના?) માત્ર સંતાનોને જ હોય? મોટા લોકો સદાય 'મુડ-મન'ને સાચવનારા જ હોય? **કો'ક દી માવતરના મનને લાગેલ દુ:ખની લાગણી તરફ તો કોઈ નજર કરો.** સતત ભીતિમાં જીવતા ને જીવનનું રગશિયું ગાડું હસતા હસતા ખેંચતા માવતરની પ્રસન્નતાની, લાગણીની દરકાર ક્યારેય સંતાનો કરશે ખરા?

મને ખબર છે, મારી આ વાત નવી પેઢી વાંચશે પણ નહીં કારણકે ગુજરાતીમાં છે! માતૃભાષા તરફ એમનો અણગમો સહજ રીતે આપણે સ્વીકારી લીધો છે, એ આપણો વાંક છે. એટલે જ આપણી આ વાતો એમના કાન સુધી પહોંચી એમના મનને વિચલિત નથી કરી શકતી.

તો મારો પ્રશ્ન એ છે કે બદલાવું કોને જોઈએ? એક તરફ "સૌ પોતપોતાની રીતે જિંદગીનો આનંદ લઈ લો, **આજમાં જીવી લો"ની આ નવી વિચારસરણીમાં માનતી નવી પેઢી છે અને બીજી તરફ સતત ચિંતાતુર જૂની પેઢી.**

આ માટે પોતાની જાતને બદલીને ચિંતામુક્ત બની જવાનું સાહસ કરવાનું સામર્થ્ય માતા-પિતા કેળવી શકે તો કંઈ બદલાવ આવશે એવું તમને લાગે છે?

*એ-૫, પ્રિયા પાર્ક, બેંક ઓફ ઇન્ડિયાની પાછળ,*
*ઇલોરા પાર્ક, વડોદરા-૩૯૦ ૦૨૩.*
*મો. ૯૪૨૯૩ ૨૩૫૬૭*



યાત્રા

# જાતરા



એમ. ડી. સોલંકી

શહેરની જાણીતી કોર્પોરેટ કંપનીના વિશાળ ફ્લેટના સોફા પર સૂતેલા અરવિંદ, કોણ જાણે કેમ આજે તમારી આંખમાં ઊંઘ જ નહોતી. પત્ની સવિતા નાના બાળકને લઈને એના પિયર ગઈ હતી. તમે પણ વતનના ગામડે જઈને હમણાં જ ફ્લેટ પર આવ્યા છો. આજે ઊંઘ તમારી વેરણ બની ગઈ હોય તેમ પ્રયત્ન કરવા છતાંય એ આવતી જ નહોતી. શૂન્યમનસ્ક ભાવે તમે સામેની દીવાલ તરફ જોઈ રહ્યા હતા ત્યારે આજ સુધીની વહી ગયેલી તમારી જિંદગીની કિતાબની તસવીરો એકાએક તમારી નજર સમક્ષ કોઈ ચિત્રપટની જેમ ઉભરી આવી.

અરવિંદ, તમને પોતાને તો ખાસ ખબર જ નહોતી. પરંતુ તમે સમજણા થયા ત્યારથી માંડીને આજ સુધી તમારી આસપાસ ચર્ચાતી વાતોમાંથી તમને જાણવા મળેલું કે તમને જન્મ આપનાર જનેતા કેસર મા તમને ત્રણેક વર્ષના મૂકીને સરગાપરની વાટે ચાલી નીકળ્યા.

પાંત્રીસેક વર્ષની ઉંમરે ઘરભંગ થયેલા તમારા પિતા મનોરભાઈને 'પુનઃલગ્ન' એટલે કે 'ઘરઘરણું' કરવા સમાજમાંથી કેટલાય હિતેચ્છુઓએ સમજાવેલા પણ એ પોતે એકના બે ન થયેલા! પુનઃ લગ્નની વાત લઈને આવનારને એ કહેતા : 'ના ભાઈ, મારે મારા અરવિંદ સાથે 'નવી-મા'નું સાલ નથી નાખવું. અરવિંદને એ બરાબર સાચવે નહીં તો? અને ભાઈ, એવુંય નથી કે આ મોંઘા મનખાવતારમાં આપણા બધાય ઓરતા પૂરા થાય. જીવતરમાં એકાદ રંગ ઓછો હોય તોય નિભાવી લેવું પડે. મારી રીતે હું અરવિંદનું લાલન-પાલન કરીને જીવતરનું ગાડું ગબડાવી લઈશ.'

કેસર માના અવસાન પછી મનોરભાઈના માથે મા અને બાપ બનવાની બેવડી જવાબદારી આવી પડેલી. મહેનત - મજૂરી કરીને જીવન વ્યતીત કરતા તમારા પિતા કોઈના ખેતરમાં મજૂરી કરવા જતા ત્યારે તમને પણ સાથે જ લઈ જવા પડતા હતા. કારણ? તમને સાચવવા તમારે ઘેર તો કોઈ હતું જ નહીં! બપોરના સમયે ખેતરમાં કોઈ ઝાડના છાંયડે સૌ રોંઢો કરવા બેસતા ત્યારે તમારા માટે ઘઉંનો રોટલો અને ગોળનું દડબું હોય, જ્યારે મનોરભાઈ બાજરીના રોટલા અને ડુંગળીના દડાથી ચલાવી લેતા. ડાંગર કાપતા, બાજરી લણતા કે પછી સીમમાંથી બળતણનો ભારો લાવતી વખતેય બાપ-દીકરો સાથે જ હોય! આવું જોઈને ગામલોક પણ કહેતું – 'મનોરભાઈ ખરા કે'વાય હોં! દીકરાના ભલા માટે થઈને એમણે 'ઘરઘરણું' તો ના કર્યું અને અરવિંદના લાલન-પાલન તથા ઉછેર કરવામાં જરાય કમી રહેવા દીધી જ નહીં.'

અરવિંદ, તમારા પિતાને મનમાં બસ એક જ વાતની લગન હતી. 'મારો અરવિંદ સારું ભણે.' સારું ભણતર હશે તો એની જિંદગી સુધરી જશે. આ માટે ગામની નિશાળમાં તમને ભણાવનાર શિક્ષકોને રૂબરૂ મળીને એ ભલામણ કરતા – 'જો જો સાહેબ, મારો અરવિંદ ભણતરમાં પાછળ ના રહી જાય.'

ગામનું ભણતર પૂરું થયા પછી આગળના અભ્યાસ માટે અરવિંદ, તમે શહેરની હોસ્ટેલમાં ગયા. તમનેય જાણે કે ભણતરની ભૂખ લાગી હોય એમ ધાબે ચડવાની સીડીના પગથિયાની જેમ તમે ભણતરમાં સડસડાટ આગળ વધતા જ ગયા અને આખરે તમે ગોવિંદપુર જેવા નાનકડા ગામમાં સૌપ્રથમ સિવિલ એન્જિનિયર બની ગયા. તમારા પિતાએ લાગે-ભાગે ખેતી અને મહેનત-મજૂરી કરીને તમારા ભણતરમાં પૈસાના અભાવે ક્યારેય વિક્ષેપ ના આવે એવી તકેદારી હંમેશાં રાખેલી. એના કારણે જ અરવિંદ, તમે આવું સારું ભણતર ભણી શકેલા.

સમયનું ચક્ર એની નિરંતર ગતિથી ફરતું જ રહ્યું.

સિવિલ એન્જિનિયરની ડિગ્રી મેળવ્યા પછી અરવિંદ, તમે સરકારી જાહેર પરીક્ષાઓની તૈયારી કરવા માંડી. બીજી તરફ મનોરભાઈ તમારા વિવાહની પેરવીમાં પરોવાયા. તમારું સારું ભણતર અને મનોરભાઈનો પરગજુ સ્વભાવ જોઈને સમાજમાંથી તમારા માટે કેટકેટલાય માંગા આવતા હતા. આખરે હમીરપરની સવિતા સાથે તમારા લગ્ન નક્કી થયા. બારમા ધોરણ સુધીનો અભ્યાસ કરેલી સવિતા રૂપેરંગે દેખાવડી હતી.

અરવિંદ, તમારા ઘરમાં સવિતાના આગમન પછી ઘરકામ અને રસોઈના કામની કોઈ જ ચિંતા રહી નહોતી. સવારમાં મનોરભાઈ કોઈના ખેતરમાં મજૂરી કરવા નીકળી જતા. બપોરે જમ્યા પછી આંગણામાં લીમડાના છાંયે ખાટલો ઢાળીને સૂઈ જતા. તમારી અને સવિતાની જોડી જોઈને એમના મનમાં હાશકારો થઈ જતો. 'બસ, હવે ભગવાને અમારી વેળા વાળી છે.'

તમારા સવિતા સાથેના લગ્ન જીવનમાં બારેક મહિના તો બધું સમું-સુતરું ચાલ્યું, પણ હવે સવિતા નજીવી બાબતેય

ઉશ્કેરાઈ જઈને છણકા-છાકોટા કરતી હતી. ક્યારેક મનોરભાઈને પણ એલફેલ બોલતી હતી. આવા સમયે અરવિંદ, તમારી સાથે પણ એને ચણભણ થઈ જતી હતી.

એક દિવસ સવિતાએ તમને કહ્યું – 'જો તમે હા પાડો તો મારે તમને એક વાત કહેવી છે. – **આપણે બાપા (મનોરભાઈ)ને શહેરમાં ચાલતાં 'ઘરડાં ઘર'માં મૂકી આવીએ** અને પછી ગામડાંનું આ ઘર બંધ કરીને આપણે બંને નજીકની જી.આઈ.ડી.સી.માં કંપનીએ બનાવેલી ઓરડીમાં રહીશું અને ત્યાં આપણે બંને કંપનીમાં કામે જઈશું. આપણા બંનેનો પગાર આવશે એટલે સારી બચત થશે.'

તમારા સગા બાપ (મનોરભાઈ)ને 'ઘરડાંઘર'માં મૂકવાની વાત સાંભળીને અરવિંદ, તમે ગુસ્સાથી લાલચોળ થઇ ગયા. 'સવિતા, તું કેવી વાત કરે છે? તારામાં અક્કલનો જરાય છાંટો છે ખરો? હું આવું કરું તો પછી આખાય સમાજમાં મારી કેવી વાત થાય? હું કોઈનેય મોં બતાવવાને લાયક જ ના રહું. અરે, જેણે મારા લાલન-પાલન અને ઉછેર પાછળ એમનું સમગ્ર જીવતર ન્યોચ્છાવર કરી દીધું હોય એવા મારા પિતાને હું જ સામે ચાલીને 'ઘરડાંઘર'માં મૂકી આવું? ના, ના, મારાથી આવું હરગીઝ બનશે જ નહીં.'

અને પછી તો તમારી બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ અને સવિતા રીસાઈને એના પિયર હમીરપર ચાલીગઈ.

પિયરમાં ગયેલી સવિતાએ પછી તો વાતનું વતેસર કર્યું. રિસાઈને પિયર આવવામાં એણે તો માત્ર મનોરભાઈનો જ વાંક કાઢ્યો. 'અમારે બેય માણસને તો ખૂબ જ સારું બને છે પણ એક મારા સસરા છે ને! બસ, એ જ હવનમાં હાડકા નાખે છે. એમની લીધે જ હું રિસાઈને પિયર આવી ગઈ છું.'

સવિતાને મનાવીને તમારા ઘેર લાવવા અરવિંદ, તમે જરાય તૈયાર જ નહોતા. આવા ઝઘડાળુ સ્વભાવવાળી સવિતા ભલે એના પીયરમાં રહેતી. એને જાતે મારા ઘેર આવવું હોય તો ભલે આવે, બાકી હું એને મનાવવા જવાનો જ નથી. આવું તમે મનોમન નક્કી કરી દીધેલું.

બંને પક્ષે વાત વધતી જ ચાલી. મનોરભાઈએ એમના વેવાઈને સંદેશો મોકલાવીને સવિતાને સમજાવીને સાસરે મૂકી જવા કહ્યું. પરંતુ વેવાઈ તો માટીપગો નીકળ્યો! એણે કહ્યું, 'મારી સવિતા જે કરતી હશે એ બરાબર જ હશે. એની ઈચ્છા પ્રમાણે જ થશે.'

જેમ જેમ સમય લંબાતો જતો હતો તેમ તેમ મનોરભાઈની મુંઝવણ વધતી જતી હતી. એમના મનમાં રહી રહીને બસ એક જ સવાલ ઊગીને આથમી જતો હતો. 'મારા અરવિંદના લગ્ન જીવનમાં ભંગાણ તો નહીં સર્જાય ને? શું કરું તો અરવિંદના જીવનમાં સવિતા પાછી આવે?' ખૂબ વિચાર કર્યા પછી એમણે હમીરપુર - સવિતાના પીયરમાં પરણાવેલી એમની ભાણીને, સવિતાને મળીને એના મનની વાત જાણી લાવવા કહ્યું. ચાર દિવસ પછી ભાણીએ મનોરભાઈને ખબર આપી. 'મામા, સવિતાને બસ તમારો જ વાંધો છે. તમે ઘરમાંથી નીકળી જશો તો સવિતા એની જાતે જ ગોવિંદપુર આવી જશે.'

આવી વાત સાંભળીને મનોરભાઈ પોતે ગંભીર બની ગયા. મારા અરવિંદનું ઘર મારા કારણે જ ના બંધાતું હોય તો પછી મારે પોતાને જ કંઇક વિચારવું પડે. ભલે મને ગમે તેટલી વિપત પડે પણ મારા દીકરાનું ઘર વસે તો ભયોભયો! અને એમણે મનોમન કોઈ નિર્ણય કરી લીધો. જેનાથી અરવિંદ, તમે પોતે સાવ બેખબર હતા.

અને એક દિવસ વહેલી સવારે અલીચાચાનો કૂકડો બાંગ પોકારે તે સમયે ફળિયાના કોઈ માણસ જોઈ ના જાય એની તકેદારી રાખીને મનોરભાઈ એક જોડ મેલાઘેલા અને ફાટેલા કપડાં કેસરમાની પેટીમાં મૂકીને ઘેરથી નીકળ્યા. જતા પહેલાં એમણે તમારા માથે હાથ મૂકીને કહેલું, 'અરવિંદ બેટા, હું મારા મસીયાઈ ભાઈના ઘેર કાઠિયાવાડમાં જવ છું. હાલમાં ત્યાં મગફળીની મોસમ ચાલે છે. એટલે બે'એક મહિના ત્યાં રોકાઈશ... તમે શાંતિથી રે'જો. મારી કોઈ ચિંતા કરશો નહીં. કોઈ મારા વિશે પૂછે તો કે'જો કે મારા બાપા (મનોરભાઈ) 'જાતરા'એ ગયા છે.'

મનોરભાઈ 'જાતરા'એ ગયા છે એવા વાવડ સાંભળીને સવિતા ચોથા દિવસે જ ગોવિંદપુર – અરવિંદ, તમારા ઘરે આવી ગઈ. એને મનમાં થયું, 'હાશ! મારું ધાર્યું જ થયું ને?'

પંદરેક દિવસ પછી અરવિંદ તમારા સરનામે કોઈ જાણીતી કોર્પોરેટ કંપનીનો રૂબરૂ ઈન્ટરવ્યૂ માટેનો કોલ લેટર આવ્યો. દર્શાવેલી તારીખે તમારી લાયકાતના તમામ ઓરિજિનલ સર્ટિફિકેટ લઈને હાજર રહેવાનું હતું.

રૂબરૂ મુલાકાતમાં જવાના ઉત્સાહમાં અરવિંદ, તમે તમામ ઓરિજિનલ સર્ટિઓને (સર્ટિફિકેટ્સને) ફાઈલમાં વ્યવસ્થિત ગોઠવી દીધા. પરંતુ સિવિલ એન્જિનિયરીંગનું ઓરિજિનલ સર્ટિ. ઘણુંય શોધવા છતાંય, એ ના મળ્યું. તમે અને સવિતાએ બબ્બે વખત આખાય ઘરમાં ખાંખાખોળાં કરવા છતાંય ક્યાંયથી એ મળ્યું જ નહીં. અરવિંદ, તમને તે દિવસ યાદ આવી ગયો. જ્યારે ઘરની સફાઈ કરતી વખતે તમે નકામા કાગળ - પસ્તી સળગાવી દીધા હતા. કદાચ ઓરિજિનલ સર્ટિ.નું એ કાગળ પણ એમાં સળગી ગયું હશે! રૂબરૂ ઈન્ટરવ્યૂમાં જવામાં બસ એક જ દિવસ બાકી હતો. તમે અને સવિતા બંને ઉદાસ થઇ ગયા હતા. તાત્કાલિક ડુપ્લિકેટ સર્ટિ. મળવાની કોઈ શક્યતા નહોતી. તમારા મનમાં થતું હતું કે હવે શું થશે? શું હાથમાં આવેલી તક ઝુંટવાઈ જશે? બરાબર, એ જ સમયે ગામના સરપંચનો દીકરો ફીંડલું વાળેલું

કાગળ લઈને તમારા ઘેર આવ્યો અને કહ્યું – 'આજે હું તાલુકે ગયો હતો ત્યારે બસ સ્ટેન્ડેથી કોઈ અજાણ્યા માણસે આ કાગળ તમને આપવા કહ્યું છે. લ્યો, આ કાગળ!' અરવિંદ, તમે ઉતાવળથી ફીંડલાવાળા કાગળને ખોલ્યું તો તમારી નવાઈનો પાર ના રહ્યો. ફીંડલાવાળું કાગળ જ તમારું સિવિલ એન્જિનિયરીંગનું ઓરિજિનલ સર્ટિ. હતું. સવિતા અને તમે ખૂબ ખુશ થઈ ગયા.

રૂબરૂ ઈન્ટરવ્યૂના પંદર દિવસ પછી તમારા સરનામે રજિસ્ટર એડી.થી કોર્પોરેટ કંપનીમાં ડેપ્યુટી મેનેજરની, સારો પગાર ધરાવતી નોકરીનો ઓર્ડર તમને મળ્યો. એટલું જ નહીં, કંપની તરફથી રહેવા માટે સુંદર ફ્લેટ પણ મળ્યો.

અરવિંદ, તમે સવિતા સાથે ફ્લેટમાં સુખચેનથી રહેતા હતા. ઘણીયવાર તમને તમારા બાપુ મનોરભાઈ યાદ આવી જતા હતા અને ત્યારે તમારા હૃદયની સંવેદનાના તાર ઝણઝણી ઊઠતા. 'મારા બાપુ અત્યારે ક્યાં હશે?'

નોકરી મળ્યાને બે માસનો સમય થયા પછી આજે રવિવાર હોવાથી સવિતા એના પિયર ગઈ હતી. અને અરવિંદ, તમે તમારા વતનના ગામે ગયા હતા. ઘરની ઓસરીની જાળી ખોલતાં જ તમને પરબીડિયાવાળી કોઈ ટપાલ જોવા મળી. ઉત્સુકતા અને ઉતાવળથી તમે એ ટપાલ ખોલીને વાંચવા માંડી, તો ઘડીભર તમારી આંખે અંધારા આવી ગયા. થોડીવારે સ્વસ્થ બનીને તમે ટપાલ વાંચવા માંડી – ટપાલ કોઈ 'ઘરડાંઘર'ના સંચાલકે લખી હતી. એમાં દર્શાવેલ સરનામે તમારે રૂબરૂ મળવા જવાનું લખ્યું હતું. અરવિંદ, તમે એ જ પગલે તમારા ફ્લેટ પર પાછા આવ્યા. 'ઘરડાં ઘર'માંથી આવેલી ટપાલે તમને બેચેન બનાવી દીધા હતા અને એટલે જ તો તમે આખીય રાત ઊંઘી શક્યા જ નહીં. સવારે સવિતા આવી ત્યારે એને ટપાલ બતાવીને તમે બંને 'ઘરડાં ઘર'ના દર્શાવેલ સરનામે પહોંચ્યા.

'ઘરડાં ઘર'ના કાર્યાલયે પહોંચતા જ અરવિંદ, તમે સંચાલકને પૂછ્યું, 'મારા બાપુ મનોરભાઈ અહીં રહે છે?'

'મનોરભાઈ? હા, એ અહીં રહેતા હતા. પ...ણ...'

'પણ એટલે શું?' તમે ઉતાવળે બોલી ઉઠ્યા.

'મનોરભાઈ અહિયા ઘરડાં ઘરમાં રહેતા હતા પણ હવે તો એ હયાત નથી. એ 'અનંતયાત્રા'ના પ્રવાસી બની ગયા છે. અમારી સંસ્થા તરફથી 'ઘરડાં ઘર'ના પચાસ વડીલોને ઉત્તરાંચલના ધાર્મિક સ્થળોના પ્રવાસે લઈ ગયા હતા. સંજોગોવશાત વાદળ ફાટવાથી અને બરફવર્ષા થવાના કારણે આપણા યાત્રાળુઓની બસ અકસ્માતે ઊંડી ખીણમાં ગબડી પડતા, અગિયાર યાત્રાળુઓના સ્થળ પર જ મૃત્યુ થયા હતા. જેમાં તમારા બાપુ મનોરભાઈ પણ હતા. આ અકસ્માત પછી ઉત્તરાંચલ સરકારે મૃત્યુ પામનાર યાત્રાળુઓના વારસદારોને રૂપિયા ચાર લાખની સહાય આપવાનું નક્કી કર્યું છે. આ સહાય મેળવવા જરૂરી કાગળોની પૂર્તતા માટે 'ઘરડાં ઘર'ની અમારી સંસ્થાના સર્ટિફિકેટની જરૂર પડશે. તમને આ માટે જ તમારા ગામડાંના સરનામે ટપાલ લખી હતી. લ્યો, આ ચોપડામાં સહી કરો અને મનોરભાઈનું સર્ટિફિકેટ લઈ લ્યો.'

સંચાલકની વાત સાંભળીને અરવિંદ - સવિતા અવાક્ બની ગયા. વાતાવરણમાં ગંભીરતા છવાઈ ગઈ.

થોડીવાર પછી સંચાલક એક રૂમમાં જઈને પતરાની નાની પેટી લઈ આવ્યા અને અરવિંદને પેટી આપતા કહ્યું, 'મનોરભાઈ આ પેટી લઈને અમારી સંસ્થામાં આવ્યા હતા. આ પેટીને એ જીવની જેમ જાળવતા હતા. એ અમને ક્યારેક કહેતા – પતરાની આ પેટી લઈને મારી કેસર પહેલીવાર સાસરે આવી હતી. અરવિંદની જનેતાની આ છેલ્લી નિશાની છે.'

પતરાની પેટી જોઈને અરવિંદ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. રડતા રડતા જ એ બોલ્યો, 'સાહેબ, નાના અરવિંદના ભલા માટે પોતાનું આખુંય જીવતર ન્યોચ્છાવર કરનાર મારા બાપુએ મહેનત-મજૂરી કરીને મને સિવિલ એન્જિનિયર બનાવ્યો. જે લાયકાતે મને જીવતરના રોટલા સમી ડેપ્યુટી મેનેજરની નોકરી મળી. આજે એમના મૃત્યુના સર્ટિફિકેટથી મને રૂપિયા ચાર લાખની સહાય મળશે. આવા પરોપકારી બાપુનું ઋણ હું જનમોજનમ ક્યારે નહીં ચૂકવી શકું. બાપુ, તમે મને માફ કરજો.'

'ખરું પૂછો ને સાહેબ, બધોય વાંક મારો જ છે. મારી જ ખોટી જીદના કારણે મારા સસરાને 'ઘરડાં ઘર'માં આવવું પડ્યું. મેં જ અભાગણીએ બાપ-બેટા વચ્ચે વિજોગ પડાવ્યો અને મારા દેવ જેવા સસરાના દિલને દુભવ્યું. જગતભરની તમામ દીકરીઓને મારે બસ એક જ વાત કહેવી છે. **રંગે-ચંગે પોતાના દીકરાઓને પરણાવનાર મા-બાપને એમની પુત્રવધૂઓ પાસે એવી કોઈ ઝાઝી અપેક્ષાઓ હોતી જ નથી. બસ, એમને બે ટંક તમારી સાથે પ્રેમથી જમાડો અને સ્નેહભરી હૂંફ આપશો તો એમનું ઘડપણ સચવાઇ જશે. પુત્ર કરતાંય માવતરને વધારે સાચવે એનું નામ જ પુત્રવધૂ!** આવું થશે તો કોઈનાય મા-બાપને 'ઘરડાં ઘર'નો આશરો લેવો જ નહીં પડે. મુંબઈની નામદાર હાઈકોર્ટે પણ સભ્ય સમાજને ટકોર કરતા કહ્યું છે, ઘરડાં મા-બાપની ખુશીઓ મર્યાદિત હોય છે. એમની મર્યાદિત ખુશીઓ છીનવાઈ ન જાય એનું ધ્યાન રાખજો.' ગળગળા સાદે સવિતા બોલી.

નિરાશ વદને આંખમાં ઝળઝળિયા સાથે કાર્યાલયમાંથી બહાર નીકળેલા અરવિંદ-સવિતાના પગમાં એક ડગલુંય આગળ ચાલવાની હિંમત રહી જ નહોતી.

*૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, મુ. કલિકુંડ,*
*તા. ધોળકા, જિ. અમદાવાદ.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*



સાહસ

# મારી – તમારી વાત



ડૉ. અલ્કા એસ. શાહ

કેટલાક પ્રસંગો અવારનવાર આપણી આસપાસ બનતા રહે છે. પણ આપણે ઘણીવાર એના વિશે વધુ વિચાર્યા વગર એ તરફ આંખ મિંચામણા કરી આગળ વધતા રહીએ છીએ.

આજે એવા જ એક પ્રસંગની વાતે મને વિચારતી કરી દીધી છે. બન્યું એવું કે ગઇકાલે સાંજના સમયે હું અમારા કમ્પાઉન્ડમાં ટહેલતી હતી એ સમયે બાજુમાં રહેતા દાદાજીએ ઉતાવળે મને બૂમ પાડીને કહ્યું, 'આરતીબેન, તમે અમારા ઘરે આવોને. અમારી લાડકી નવ્યા આજે રીસાઈ છે. ફરી આજે ટ્યુશન ન લઇ જવાની રટ લઇને રડ્યા જ કરે છે. અમે સમજાવીને થાક્યા પણ એ ટસથી મસ નથી થતી. કદાચ તમારું માને ને ટ્યુશન જવા માટે તૈયાર થાય. તમે સમજાવશો?'

અને હું તરત દાદાજીના ઘરે પહોંચી, તો એમના ઘરનો માહોલ એકદમ તંગ ને ભારેખમ. ટીનએજર નવ્યાની રડી રડીને સુઝી ગયેલ લાલ આંખો, એની મમ્મી નીતાનો ગુસ્સાથી તમતમતો લાલચોળ ચહેરો. મમ્મી અને વહાલી દીકરી વચ્ચે સમાધાન કરાવવાને ઘરની ખોવાયેલી ખુશીઓને શોધવા માટે અહીંથી તહીં રઘવાટથી દોડાદોડ કરતો નિત્ય, તો બીજી તરફ ખુરશીમાં બેઠેલા ચિંતાતુર દાદા દાદી. આ બધાને જોઈને ઘડીકવાર તો મને સમજાયું જ નહીં કે કોને શું કહેવું, ને નાનકડી નવ્યાને કેમ સમજાવવી?

વાત એમ હતી કે બે દિવસ મામાને ઘેર લગ્નપ્રસંગ માણીને આ લોકો ગઇકાલે જ પાછા ફરેલ. દીકરીનું દસમું ધોરણ એટલે એના અભ્યાસની ચિંતા વડીલોને સતત રહે એ સ્વાભાવિક છે. તેમાં પણ આ કોરોનાની મહામારીના કારણે બાળકોના અભ્યાસ પર બહુ અસર પડી. એટલે એ ટ્યુશનમાં નિયમિત જાય તેવો નીતાનો આગ્રહ ખોટો પણ ન જ હતો. પણ ન જાણે કેમ, 'આજે મને થાક લાગ્યો છે. આજે હું ટ્યુશનમાં રજા રાખીને આરામ કરીશ'ની જીદ નવ્યાએ પકડેલી અને બંને વચ્ચે બોલાચાલી થઇ. નીતાની સમજાવટનો સૂર નવ્યા સમજે નહીં અને પછી તો હઠે ભરાયેલ દીકરી પર મમ્મા ઉકળી ઉઠી. એટલે ઘરમાં અશાંતિ પથરાઈ ગઈ.

પ્રેમથી મેં પણ ખૂબ સમજાવી. માતા-પિતાનું માન રાખવા માટે પણ આજે તું ટ્યુશનમાં જઇ આવ એવી વિનંતી પણ નવ્યાને કરી. થાક ઉતારવા માટે ફટાફટ લીંબુ પાણી બનાવીને પીવડાવ્યું પણ એનો નકાર અટલ જ રહ્યો.

એક વાત મને ન સમજાઇ કે સતત પોતાનામાં જ વ્યસ્ત રહેતી નવ્યાએ થાકનું બહાનું કેમ કાઢ્યું? કોઈપણ પ્રકારના શ્રમ વગર શારીરિક થાક તો આ નવી પેઢીને લાગે ક્યાંથી એ સવાલ છે. કારણકે હવે એમની પાસે ટ્યુશન કે શાળાએ જવા માટે મોંઘીદાટ ગીયરવાળી સાઇકલ કે સ્કુટી અથવા એક્ટિવા જેવા ટુ-વ્હીલર હાજર છે. વળી જેવા એ લોકો ઘરે પાછા ફરે કે તરત ખાઇ-પી ને ઝટપટ અભ્યાસ કરવા બેસી જાય એની ચિંતામાં મમ્મી એમની માટે ભાવતા સ્નેક્સ, મિલ્ક શેક કે મનપસંદ ભાવતા ભોજનની થાળી તૈયાર જ રાખે છે. જેથી એમના લાડકડાનો જરાય સમય બગડે નહીં! એમાંય જો કો'ક દી એમનું ભાવતું ઘરમાં ન બનાવેલું હોય તો રીસાઇને ખાવાપીવાનુંય આ લોકો છોડી દે...

**વધતી વયની સાથે જે સમજણ આવવી જોઈએ એનો હવે અભાવ વરતાય છે. બાળકો જ્યારે બોર્ડની પરીક્ષા દેવાના હોય એ વર્ષે માતા-પિતાની ચિંતા સવિશેષ વધતી જાય છે.** સતત સ્પર્ધાત્મક વાતાવરણ વચ્ચે સારામાં સારી શિક્ષણ સંસ્થામાં પોતાના સંતાનને પ્રવેશ અપાવવા માટેની દોડધામ અને પછી પોતાનું સંતાન ક્યાંય પાછળ તો નથી રહી જતુંને, એવો સંદેહ એમના મનને સતત પીડતો રહે છે અને હમણાં તો બધું ઓનલાઇન બની જતાં આર્થિક, સામાજિક, સાંસારિક – દરેક બાબતે ભીંસાતા આજના મધ્યમવર્ગી મા-બાપ પોતાની વ્યથા કઈ રીતે હળવી કરે?

અભ્યાસ માટે અપાવેલ લેટેસ્ટ મોબાઇલ કે લેપટોપનું વળગણ થોડા સમયથી બાળકોને એટલું વળગ્યું છે કે એના સિવાય આ લોકો એકદમ પાંગળા બની જાય છે. **સોશિયલ મીડિયાના માધ્યમથી અભ્યાસ સિવાયની પ્રવૃત્તિઓ વધી ગઈ છે.** ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, ટ્વિટર અને વોટ્સ ઍપ પર એમનું સર્ફિંગ સતત ચાલતું જ હોય છે. એટલે જ એમના ફોન લોક હોય છે. એમની મરજી વગર એમના ફોનને હાથ પણ ન લગાડી શકાય. પરિણામે મન અભ્યાસમાં સ્થિર નથી થતું.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૧ ઉપર)



નિબંધ

# પગપાળા - જાત્રા



ભૂપતરાય ઠાકર 'ઉપાસક'

તે દિવસે અમે જાણે એક એક ઇંચ ચાલતા હતા. અસ્થિર સમય અને સ્થિર અંતર વચ્ચે આટલો ગાઢ નાતો હોય છે તેની અત્યારે - ત્યારે ખબર પડી. કલાક કાંટાની જેમ અમે સૌ કિલોમીટરનું ટીપે ટીપું નીચોવતા હતા. રસ્તાની બાજુમાં ઊભેલાં - ઊગેલાં વૃક્ષો, ઊભેલાં અને પથરાયેલાં પથ્થરો, મંદ મંદ ગતિતી મળવા આવતા હતા. 'મારે એક ડગલું બસ થાય!...' મિત્રો ડગુમગું ચાલતા હતા, કારણકે ચાલવાનો કોઈ વિકલ્પ જ નહોતો.

મુસાફરી - જાત્રાનો આ ત્રીજો દિવસ હતો. 'પગપાળા ચોટીલા જવું, ડુંગર ચડી માતાજીના દર્શન કરવા' એ દઢ નિશ્ચય હતો. ત્રીજા દિવસે, આ નિશ્ચય ક્ષીણ થતાં શરીરના બધા જ અંગ-ઉપાંગોએ પોતાની શક્તિનો ફાળો પગને પહોંચાડવા માંડ્યો હતો. અસરગ્રસ્ત કે અછતગ્રસ્ત વિસ્તારમાં સરકાર અને લોકો દાનનો પ્રવાહ વહાવે તેમ અંગોએ પોતાનું ચેતન પગને આપવા માંડ્યું. પગ જ ચાલતાં એવું નહીં, આખું શરીર જાણે ચાલતું હતું!

રસ્તા નજીકની વાડીઓમાં કામ કરતાં ખેડૂતો - શ્રમિકો દોડીને આવતા. ઠંડા પાણી પાઇને સંતોષાતા હતા. કેટલાક દયાળુ તો 'ચા'નો આગ્રહ કરતા. ચા પાતા પણ ખરા. હરિયાળા ખેતરો જેવા આ હેતાળવા લોકોના હેત ચાલવાનું પ્રેરકબળ હતા.

પાંચાળ ભૂમિ પર પાંડવો વનવાસ યાત્રા પ્રવાસ કરી રહ્યા હોય તેવી લાગણી, લોકોના ચહેરા પર દેખાતી / વંચાતી હતી. એક ઘરડા માજી તો પોતાના નેસડામાંથી આદુ નાખેલી ચા લાવ્યા. પોતાના દીકરાની જેમ બેસાડી, વહાલથી ચા પાઈ. શબરીના દર્શન અમને થયા. ઓળખાણ વગર આવો આદર-આગ્રહ કોણ કરે?

મૂળીનો ભોગાવો અમારા માટે સહરાના રણ સમો બની ગયો. રેતીના અફાટ પટને વિંધવાનું પગમાં જોર ક્યાં હતું? હા, ભોગાવામાં વીરડો ગાળી પાણી પીધું. આ તો જાણે કે નદીનું ધાવણ હતું! ફિલ્ટર પાણીની વાત બંગલામાં બેઠા બેઠા શહેરમાં કરાય. અહીં તો તણખલા, ડહોળ, કચરો ક્યાંય અદશ્ય હતા. પારદર્શક પાણી પીધું.

ચાલવું ક્રિયાપદ પણ હવે અળખામણું લાગતું હતું. શરીરનું એકેય અંગ આજ્ઞામાં - કહ્યામાં હતું નહીં. મારાથી એક દુહો રચાઇ ગયો :

*ઢાંકણિયું ઢીલી થઈ, પારકા થઈ ગયા પગ;*
*જોવા લાગ્યું આ જગ, ડુંગર ચઢવા દોહ્યલો.*

આખરે ઢસડાતા ઢસડાતા બામણબોર બાઉન્ડ્રી સુધી તો પહોંચ્યા.

ચાર રસ્તા પર અમે પાંચ જણ પગ પહોળાં કરીને, લાં...બા થઈને પડી ગયા. આવતા-જતા વાહનો, માણસો અમને બિનવારસી લાશ સમજતા હતા. પગમાં ફરફોલાં પડી ગયેલા, ડંખ પડેલા, તળિયા સુઝી ગયેલા, પગમાં પરુ નીકળે. ચહેરાની ચમક ઉડી ગયેલી, દાઢી વધી ગયેલી. ચાલવું અશક્ય હોવા છતાં પેલી ભીષ્મ પ્રતિજ્ઞા જાળવી રહ્યા હતા મનમાં!

એક સ્કુટર ચાલક ઘણે દૂર ગયા પછી પાછા વળીને અમારી પાસે આવ્યા. અંતરથી ખબર પૂછ્યા. દૂરની હોટલથી બિસ્કીટ-ચા લઇ આવ્યા. પૈસાની જરૂર હોય તો બોલો, આપતો જાઉં, ચિંતા કરશો નહીં.

ચા-બિસ્કીટના પૈસા ચૂકવી, હિંમત આપી ગયા. સ્નેહને ક્યાં સરનામું છે!

મુસ્લિમ બિરાદર જેવા આ માણસે અમને ભાઇના ભાવથી સાચવ્યા. અમને શક્તિ મળી.

*ફરફોલ્લાં ફૂટી ગયા, પરું થઈ ગયા પાપ,*
*હવે હાંઉ કરે મારા બાપ, ડુંગર ચઢવા દોહ્યલા.*

ચાલતા ચાલતા, ખેંચાતા ખેંચાતા પાંચ વાગે, ત્રીજા દિવસે, ચોટીલાના પ્રાંગણમાં એમ સમજો, ઢેઢુકી ગામમાં, જમવાનું નોતરું મળ્યું. કાઠી દરબારે પ્રેમથી જમાડ્યા.

**'ડુંગર દૂરથી રળિયામણા'** જાણે આત્મસાત્ થયા. હવે છેલ્લી કસોટી હતી. માણસોની મમતા, લાગણી, માયા, સહાનુભૂતિ એટલા મળ્યા કે શરીર થાકથી ભરાઈ ગયું હોવા છતાં મન અલૌકિક આનંદથી છલકાતું હતું. લાગ્યું કે ડુંગર ચઢવું સહેલું છે.

*આદરને આવકાર મારગ વચ્ચે મળતા રહ્યા,*
*સંબંધો થયા સાકાર, મોંઘા માનવજાતના.*

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૮ ઉપર)



સ્વાસ્થ્ય

# મને વારંવાર માથાનો દુખાવો (માઇગ્રેન) થાય છે : ભાગ-૫

## સારવાર





ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખો (ભાગ ૧ થી ૪)માં આપણે જાણ્યું કે વારંવાર માથાના દુઃખાવા / માઇગ્રેન / લાંબા ગાળાના માથાના દુખાવાના કિસ્સાઓમાં યોગ્ય નિદાન માટે (૧) ઊંડાણમાં માહિતી (લક્ષણો તથા ઘટનાક્રમ), (૨) વૈદ્યકીય તપાસ, (૩) લેબોરેટરી તપાસ, એક્સ-રે જરૂરી છે. જેમાં ખાસ કરીને મનની માનસિક તપાસ (Mental Status Examination – MSE) અને વૈજ્ઞાનિક પદ્ધતિથી માથાના દુઃખાવાની નોંધ (Scientific Headache Diary) ખૂબ અગત્યની છે.

મનની વૈજ્ઞાનિક તપાસ તથા માથાના દુઃખાવાની વૈજ્ઞાનિક પદ્ધતિની વ્યવસ્થિત નોંધ પરથી મનના આંતરિક પરિબળો તથા બાહ્ય પરિબળો, માથાના વારંવાર થતા દુઃખાવામાં શું અને કેટલો ભાગ ભજવે છે એ જાણી અને સમજી શકાય છે. આ માહિતી સારવારમાં તથા ખાસ કરીને કાઉન્સેલિંગમાં ખૂબ જ મદદરૂપ થાય છે, જેને લીધે સારવારના અપેક્ષિત પરિણામો મળે છે.

આ લેખમાં સારવાર વિશે જાણકારી મેળવીએ.

### સારવાર

સારવારમાં નીચેના મુદ્દાઓ પર લક્ષ કેન્દ્રિત કરવામાં આવે છે : (૧) માથાના દુઃખાવામાં રાહત, (૨) ફરીથી માથાના દુઃખાવાનો ઉથલો ન થાય.

**આપણે આગળના લેખોમાં જાણ્યું છે કે માથાના દુઃખાવામાં માનસિક સ્ટ્રેસ મહત્ત્વનો ભાગ ભજવે છે.** તેથી સારવાર માટે નીચેની પદ્ધતિઓનો ઉપયોગ કરાય છે.

**(અ) દવાઓ :**

૧. તાત્કાલિક રાહત (Acute Treatment)

૨. લાંબાગાળાની રાહત (Long Term Treatment)

**(બ) માનસિક સ્ટ્રેસ માટે સારવાર :**

૧. દવાઓ

૨. માનસિક શિથિલતા (Mental Relaxation)

૩. કાઉન્સેલિંગ - સાયકોથેરાપી.

**(અ) દવાઓ**

**I સ્નાયુઓના સંકોચાવાથી થતો માથાનો દુઃખાવો (Muscle Contraction Headache – MCH)**

**I-1 તાત્કાલિક રાહત :** સ્નાયુઓના સંકોચાવાથી થતા માથાના દુઃખાવામાં ચોક્કસ (સ્પેસિફિક) પ્રકારની દવાઓ આપવામાં આવે છે. બેન્ઝોડાયાઝેપીન ગ્રુપની દવાઓ શરીરમાં રહેલા સ્નાયુઓ (મસલ્સ)ને ઢીલા / શિથિલ કરે છે. કપાળ તથા મગજના સ્નાયુઓ (Frontal and forehead muscles) શિથિલ થાય છે તથા એનાથી દુઃખાવામાં રાહત મળે છે.

**I-2 લાંબાગાળાની રાહત :** જે ચોક્કસ દવાઓથી માથાના દુઃખાવામાં રાહત મળેલ છે એ જ દવાઓ યોગ્ય સમય સુધી ચાલુ રખાય છે. શરૂઆતમાં દુઃખાવામાં રાહત મળ્યા બાદ પણ દવાઓ ચાલુ રખાય છે. જેથી માથાના દુઃખાવાનો ફરી ઉથલો ન થાય.

જો ઉથલો થાય તો દવાઓ લાંબા સમય સુધી ચાલુ રાખવી પડે છે.

**II. માઇગ્રેન - આધાશીશી** (Migrain)

**II-1.તાત્કાલિક રાહત :** માઈગ્રેનના હુમલા વખતે માથાના દુઃખાવાને તાત્કાલિક કાબૂમાં લાવવું અગત્યનું છે. આ માટે અલગ અલગ ગ્રુપની દવાઓ વપરાય છે : (૧) NSAIDS, (૨) અરગોટામાઇન્સ, (૩) ઓપીઓઈડ્સ, (૪) ટ્રીપટાન્સ.

માઇગ્રેનના દરેક દર્દી માટે વ્યક્તિગત રીતે (અ) કયા ગ્રુપની દવા આપવાની છે, (બ) કેટલી માત્રામાં આપવાની છે, (ક) કેટલો સમય આપવાની છે, (ડ) ક્યારે આપવાની છે એ સ્પેશિયાલિસ્ટ ડોક્ટરને અનુભવ હોવાથી નક્કી કરે છે. જેથી અપેક્ષિત પરિણામ મળે.

**II-2.માઇગ્રેનના દુઃખાવાનો ફરીથી હુમલો અટકાવવા :** આના માટે અલગ પ્રકારની દવાઓ ઉપલબ્ધ છે. (અ) બીટા બ્લોકર્સ, (બ) કેલ્શિયમ ચેનલ બ્લોકર્સ, (ક) કેલ્સિટોનીન જીન રીલેટેડ પેપ્ટાઇડ્સ એન્ટાગોનિસ્ટ, (ડ) એન્ટી ડિપ્રેશન્ટ, (ઇ) એન્ટી કનવલસન્ટ, (એફ) બોટોક્ષ.

ઉપરોક્ત દવાઓ નિયમિત લેવી પડે છે. (અ) કઇ દવાઓ આપવી, (બ) કેટલી માત્રામાં આપવી વગેરે મુદ્દાઓ વ્યક્તિગત દર્દી પ્રમાણે નક્કી કરાય છે.

**(બ) માનસિક સ્ટ્રેસ માટે સારવાર.**

સંશોધન દ્વારા સાબિત થયેલ છે કે વારંવાર / લાંબા ગાળાના / માઈગ્રેનથી થતા માથાના દુઃખાવામાં ૮૫% કિસ્સાઓમાં માનસિક સ્ટ્રેસ મહત્ત્વનો ભાગ ભજવે છે. માનસિક સ્ટ્રેસને લીધે (૧) માથાનો દુઃખાવો શરૂ થઇ શકે છે અને / અથવા માનસિક સ્ટ્રેસને લીધે (૨) માથાના દુઃખાવાનો ઉથલો થાય છે, (૩) માથાના દુઃખાવાની તીવ્રતા વધી જાય છે.

સારવારમાં માનસિક સ્ટ્રેસના ઘટકને આવરી લેવું બહુ જ મહત્ત્વનું છે.

(૧) દર્દીનો લાગણીશીલ / સંવેદનશીલ વ્યક્તિત્વ, (૨) કુટુંબીજનોના વર્તન / વાણીની લાગણીશીલ મન પર નકારાત્મક અસર, (૩) નજીકના સંબંધોમાં અવારનવાર થતી ગેરસમજ, (૪) નિરાશાજનક લાગણીઓ તથા ભાવનાઓને વ્યક્ત કરવાની અણઆવડત, (૫) વાસ્તવિક્તા તથા અપેક્ષાઓ વચ્ચે જેમ અંતર વધારે તેમ સ્ટ્રેસ વધારે. ઉપરોક્ત મુદ્દાઓને લીધે માનસિક સ્ટ્રેસનું નિર્માણ થાય છે તથા શરીર પર નકારાત્મક અસરો થાય છે. એમાંની એક અસર છે લાંબા ગાળાનું / વારંવાર માથાનો દુઃખાવો થવો.

માથાના દુઃખાવાની વૈજ્ઞાનિક નોંધ પરથી માનસિક સ્ટ્રેસ વિશેની એ દર્દીમાં જાણકારી મળે છે, જે કાઉન્સેલિંગની સારવારમાં ખૂબ જ ઉપયોગી થાય છે. કયા પ્રકારની કાઉન્સેલિંગની સારવારની પદ્ધતિ આ દર્દી માટે ઉપયોગી નીવડશે એ નિર્ણય કરાય છે.

માનસિક સ્ટ્રેસનું નિવારણ તથા સારવાર માટેની ઊંડાણમાં જાણકારી હવે પછીના લેખમાં મેળવીશું.

*(ક્રમશઃ)*

*ફોન : (૦૨૨) ૨૫૦૧૯૦૦૧*
*E-mail : drmanilalgada@yahoo.com*
*E-mail : diptishah999@yahoo.co.in*

## પગપાળા – જાત્રા

**(અનુસંધાન : પાના નં. – ૩૬ ઉપરથી ચાલુ)**

માત્ર સત્તર મિનિટમાં ડુંગર ચડી ગયા. મંદિરના ઓટલે, માતાજીની સામે ચોધાર આંસુએ રડ્યા. દર્શનથી મન પ્રસન્ન થયું. હળવાશ થઇ. ચા-પાણી પીવાની તો તલપ હતી જ.

ડુંગર પરથી નીચે ઉતરતા ઉતરતા આભ-જમીન એક થઇ ગયા જાણે! છેલ્લા પચ્ચીસ-ત્રીસ પગથિયા બાકી હશે ત્યારે વિચાર આવ્યો... 'પડતું મૂક્યું હોય તો? શરીર આપમેળે, છેલ્લા પગથિયાં સુધી પહોંચીને અટકી જાશે.'

કાચા મનના માણસ કાચી કાયાનો એમ ક્યાં ઘા કરી શકે? દેહને ફેંકી શકે? ઊતરીને એમ્બ્યુલન્સ મંગાવવી પડે. એક એક પગથિયું, માં...ડ માં...ડ ઉતરાય!

ગૌતમગઢમાં, શાળાના પ્રાંગણમાં, ઊભેલી વ્યક્તિએ આવકાર આપ્યો. ગામનાં છોકરાં તો અમને કોઈ ખેલ કરવા આવ્યા હોય તેમ જોતા હતા. અમારા હાલ-હવાલ એવા હતા.

"આવો... મારે ઘેર આવો..." શિક્ષકે ભાવથી આવકાર્યા. ઘેર લઇ ગયા. ગરમ પાણીએ પગ ધોવા કહ્યું.

લાડુ, દાળ-ભાત, શાક અને ભજિયાનું ભોજન કરાવ્યું એ આ મંદિરના પગથિયે યાદ આવ્યું. આંખમાં આંસુ અને હૈયામાં આનંદ!

સંબંધ વગરના, આવા એક માણસે અમારા દુઃખમાં ભાગ લીધો.

હવે... છેલ્લું પગથિયું. અમારા માટે એક સફેદ મોટરકાર ઊભી હતી. કોઈ અમારી પ્રતીક્ષા કરી રહ્યા હતા. 'પહેલા તમે, ચા-પાણી-નાસ્તો પૂરો કરો. મેં તમારી કઠિન પગયાત્રા નજરે જોઈ છે. હું તમારી રાહ જોતો હતો. મારે રાજકોટ જવું છે. મારા બનેવીનું સાંજે ઓપરેશન છે, પણ મને થયું તમને મદદરૂપ થાઉં. કારમાં બેસી જાઓ, હું બસ સ્ટેન્ડ સુધી મૂકી જાઉં. હું ધ્રાંગધ્રા સુધી મૂકી જાઉં... પણ મારા બનેવી...'

'ઓપરેશન છે ને?' મેં પૂછ્યું.

'હા, છતાં થોડી મદદ કરી શકું.'

અમને બસ સ્ટેન્ડ મૂકી ગયા.

અમારી આંખોમાં આભારના આંસુ હતા. અમે કંઈ પણ બોલી ન શક્યા. મનોમન આભાર માન્યો.

**સફેદ મોટરકાર જોઈ ત્યારે ભગવાને પુષ્પક વિમાન મોકલ્યું હશે એવું લાગતું. આ વિમાન કોણે મોકલ્યું?**

મોટરકાર જતી રહી.

આ કારના માલિક કોણ? નામ શું? આટલી લાગણી શા માટે બતાવી? અમે તેમના શા સગા થતા હતા?

આ પ્રશ્નોના જવાબ નથી.

હજી માણસને માણસમાં 'દેવત્વ' દેખાતું હશે?

અમે બસમાં ધ્રાંગધ્રા આવ્યા.

પાંચ દિવસે ઘરની બહાર નીકળ્યા. જિંદગીભર યાદ રહી જાય આ 'પગપાળા જાત્રા.'

*'બહુચરાશિષ', ૮, રઘુવીર નગર,*
*ધ્રાંગધ્રા-૩૬૩ ૩૧૦. ● મો. ૯૯૨૫૫ ૬૬૨૯૮*

## સાંજની ટ્રેન અને....

*મારે ત્રણ માળના ત્રણ મજલા છે.*
*એમાં*
*આવેલ જુદા જુદા વિભાગોમાં અઢળક બારીઓ આવી છે.*
*ઉપરથી લઈ છેક નીચેના માળ સુધી,*
*સીધી લીટીમાં ત્રણ સમાંતર બારીઓ છે.*
*જેના ખૂલવાનો સમય*
*સવાર, બપોર અને સાંજનો છે.*
*મારો આખો પરિવાર*
*વારાફરતી બારીઓ બદલ્યાં કરે છે.*
*અને નીચેથી, સામેથી, પાછળથી પસાર થતી ટ્રેનો જોયા કરે છે.*
*હું ત્રીજા મજલે બેસી સાંજનો ઢળતો સૂરજ જોયા કરું છું.*
*હું સાંજની ટ્રેનનો માણસ.*
*સવારની કે બપોરની ટ્રેન પકડી શકતો નથી.*
*ટ્રેન જોવી તો મનેય ગમે છે.*
*પણ ટ્રેન ત્રીજા માળની બારી પાછળથી નથી નીકળતી.*
*ત્રીજા માળની બારી પાછળથી નીકળે છે સૂરજ.*
*મારો આખો પરિવાર ટ્રેનોને જોયા કરે છે.*
*કોઈ ઢળતા સૂરજ સામે નથી જોતું.*
*મને થાય છે કે,*
*સૂરજ શા માટે ઢળતો હશે?*
*પછી એવુંય સમજાય છે*
*કે જે ઊગે છે એ જ.....*

★

## ઊંઘ

*જળ અને સ્થળની સંતાકુકડી શરૂ થાય છે*
*ત્યારે*
*પાંપણો ભારે થઈ જાય છે.*
*ઊંઘને સંબંધ છે*
*વ્હેલ માછલીની પીઠ પર અસ્વાર થયેલ જળ-સ્થળ સાથે.*
*તમે ઊંઘની ફરિયાદ કરો છો*
*તમે આંખને પણ દોષ દો છો.*
*પાંપણને ભારે કરવા તમે ક્યારેય જળ-સ્થળને*
*ઊલટ-સુલટ કરવાનો પ્રયાસ કર્યો છે ખરો?*
*ના.*
*તો પછી તમે ઊંઘની આશા કેવી રીતે રાખી શકો?*
*તમારા*
*અવયવો હટ્ટાકટ્ટા છે,*
*તમારી ભુજાઓમાં બળ છે, તમે મસ્ત છો*
*તોય*
*પરવશ બની ચાલણઘોડીને ટેકે ક્યાં સુધી ચાલશો?*
*તમે*
*વસ્ત્રો વધારે ને ઊંઘ ઓછી પહેરો છો.*
*એટલે*
*વસ્ત્રો તમારી ન ઊંઘવાની દીનતાને ઢાંકી દે છે.*
*પણ*
*ઊંઘ તમને સાવ ઉઘાડા કરી મૂકે છે*
*તમે ક્યારેય એ વિચાર્યું છે કે*
*ઊંઘ વગર તમે સપનાની મજા ગુમાવો છો*
*તમે એવું વિચારી પણ નહીં શકો,*
*કારણકે ઊંઘ વગર તમારા અવયવો સાવ ખાલી થઈ જઈ*
*તમને સડક પર લાવી દે છે.*
*જેવી સડક છે એવી જ નિર્વસ્ત્ર તમારી દશા છે*
*પણ તમે એ નહીં સમજી શકો*
*કારણ તમે સૂતે સૂતે જાગો છો.*

**ચંદ્રકાંત પટેલ 'સરલ' – માણાવદર (જિ. જુનાગઢ)**
**મો. ૮૭૩૫ ૯૦ ૨૪૨૪**

## એ વસંતી રંગ છે

(ગીત)

રંગ છે રે રંગ છે,
એ વસંતી રંગ છે.
— રંગ છે રે...

રક્ત રંગો હોળી ખેલે
દેશની કરવાને રક્ષા
અહોરાત્રિ જાગ જાગ;
કેસુડો પણ દંગ છે.
— રંગ છે રે...

દુશ્મનોની ગોળી ઝીલે
યુધ્ધના મેદાનમાં એ
ગાય એવો રાગ રાગ;
સિંધુડો પણ દંગ છે.
— રંગ છે રે...

દુશ્મનોનાં દિલ મળિયાં,
રણમાં પણ ગુલ ખીલિયાં,
રંગ ઊડ્યા ફાગ ફાગ;
ગુલિસ્તાં પણ દંગ છે.
— રંગ છે રે...

**ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ' – રાજકોટ**
**મો. ૬૩૫૨૨ ૪૩૬૧૯**



સંગાથ

# ઢળતી સંધ્યાનો સૂર્યોદય

મિતેશ રાઠોડ

“અરે સાંભળો છો, તમે ઘરડા થઇ ગયા છો...” આમ કહી તેઓ નાના બાળકની જેમ મારી સામે જોઈને હસવા લાગ્યા. આજે પણ આ કર્ણપ્રિય અવાજ એટલા જ મધુર ધ્વનિ સાથે કાનના પડદાથી હૃદય સુધી પહોંચે છે. જાણે સદીઓથી આ સ્વરની પ્રતીક્ષા હતી અને કેમ નહીં? એ અવાજનો પ્રેમ આજે પણ શરીરમાં રૂધિરની માફક વહે છે.

વર્ષો પહેલાં આ જ દરિયો પોતાની સુંદર લહેરો થકી પોતાની સમીપ આકર્ષી ગયો અને મારા જીવનની નાવ એમના હૃદયના કિનારે પહોંચાડી ગયો. અમારી મુલાકાતનો સ્થળ... અવારનવાર આ ક્ષણનો આભાર માનવા અને એ ક્ષણની અનુભૂતિ કરવા કિનારે આવી જતા હોઈએ છીએ. કહેવા માટે તો ઉંમર વધી ગઈ હતી અને ચહેરા પર કરચલીઓ વધવા લાગી હતી પરંતુ એથી વધુ ઝડપે વધી રહ્યો હતો અમારો પ્રેમ... પ્રતિદિન એમના સાથના સંગાથનું ક્ષણ ક્ષણ માણસો. જેમ આ અમાપ દરિયાની ક્ષમતાનો અંદાજ લગાવી શકાય તેમ નથી, તેમજ અમારી એકબીજા પ્રત્યેના પ્રેમની કલ્પના કરવી પણ અસંભવ છે.

જીવનના આટલા વર્ષો સાથે વિતાવ્યા છતાં પણ જાણે ગઇકાલે જ મળ્યા હતા એ આભાસથી પ્રતિદિન વધુમાં વધુ સમય સાથે રહેવાની ઈચ્છા રહેતી. હંમેશાં એકબીજાને સમીપથી નીરખવામાં ક્યારે ફુરસત જ ના મળી કે આ કાળા વાળ ક્યારે સફેદ થઇ ગયા એ ખબર રહે. એકબીજાની આંખોમાં નિહારવામાં એટલા મશગુલ રહ્યા કે દૂરની દૃષ્ટિમાં હવે ઝાંખપ પડી ગઈ છે એજોવાની તસ્દી જ ના લીધી. બંને એકબીજાના સહારા બનીને જીવનમાં આજે પણ એવા અડીખમ હતા કે હવે હાથોમાં ધ્રુજારી પડી રહી છે એ મહેસુસ જ ના થયું. નશ્વર શરીર પર સાશ્વત પ્રેમનું પ્રભુત્વ એટલું હતું કે એકબીજાને ચાહવાની ફુરસત જ ના રહી. સમયની રેતી જીવનના હસ્તેથી સરકી રહી છે એ ખબર જ ના રહી.

સાંસારિક જીવનમાં પ્રવેશ કર્યા બાદ જ્યારે લોકોના જીવનસાથી જોડે અને પ્રેમથી અંતર વધતું જાય છે ત્યારે અમે ગૃહસ્થ જીવનની સાચી પરિભાષા પર હતા. આજે પણ તેઓ મને પહેલાથી વધુ સુંદર લાગે છે. તેમની એકની એક વાતો ફરી સાંભળવાનું મન થાય છે. દાયકાઓની જિંદગીથી અસંતુષ્ટ હું સદીઓના જીવન સંગાથથી, તૃપ્ત થવાની એમની સાથે ઈચ્છા રાખું છું. સાત જન્મોનો બંધન હું એકસાથે એક જન્મે ઈશ્વર પાસેથી માગું છું.

*“પ્રેમ છે ઈશ્વર*
*અને*
*અમે પ્રેમની પૂજા કરી હતી.*
*એકબીજા પ્રત્યેની*
*સમર્પણની ભક્તિ જોઈને*
*ઈશ્વરે પણ ઈર્ષા કરી હતી.”*

*૧૩૩, સરકારી વસાહત, ભાનુશાલી નગર,*
*મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૬૬ ૮૬૯૯૯*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે...**

| | | |
|---|---|---|
| એકાઉન્ટ નામ | : | શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ |
| Account Name | : | Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad |
| બેંકનું નામ | : | કેનેરા બેંક – પાલડી બ્રાંચ, અમદાવાદ |
| Bank Name | : | Canara Bank, Paldi Branch, Ahmedabad. |
| A/C No. : | : | 70072010016032 • IFSC : CNRB0017007 |

*જ્યારે પણ રકમ મોકલાવવામાં આવે ત્યારે તેની જાણ મેનેજરને વૉટ્સએપ નંબર : ૯૯૨૪૦ ૮૭૬૫૪ પર કરવી જરૂરી છે.*



જીવન સાફલ્ય

# અહંકાર અને અભિમાન



હરીશ પંડ્યા

માનવીના જીવનમાં સહજ રીતે પ્રવેશી જતા અહંકાર અને અભિમાન કે જે પછીથી માનવીની ઓળખ પણ બની જાય છે.

માનવીને અહંકારનો ભોગ બનાવવા માટે અનેક પરિબળો ભાગ ભજવતા હોય છે. ધન, સંપત્તિ, સત્તા કે પછી વિશેષ કલા-કૌશલ્યને પણ નજરઅંદાજ કરી શકાય નહીં.

અને પેલા ઊંટ અને રાવટીમાં સૂતેલાં દયાવાન માનવીને આખરે ઊંટ અંદર પ્રવેશીને રાવટીની બહાર ઠંડીથી ધ્રુજતા એના માલિકને મજબૂર કરી દે છે એ જ પ્રકારે અહંકાર પણ માનવીના મસ્તિષ્ક પર સંપૂર્ણ કબજો જમાવી લે છે.

અહંકાર માણસને સર્વપ્રથમ સારાસારનું વિવેકભાન ભૂલાવી દે છે. **કુટુંબમાં, સમાજમાં અને એનાં કાર્યક્ષેત્રમાં પણ હંમેશાં એનો અહંકાર પ્રતિપાદિત થતો જોવા મળે છે.** હું કહું એ જ સાચું, હું વિચારું એ જ સાચું અને હું જ સર્વશ્રેષ્ઠ છું — આ પ્રકારનો એનો મનોભાવ સતત એના કાર્યમાં વ્યક્ત થતો જોવા મળે છે.

ધાર્મિક ગ્રંથો - પુરાણોમાં અહંકારને કારણે માણસ ઋષિમુનિઓ કે ભક્તો અને દેવોને પણ પતનનો ભોગ બનવું પડે છે કે પછી સજા - દંડને પાત્ર બનવું પડતું હોવાના અનેક દૃષ્ટાંતો આપણને વાંચવા - જોવા મળે છે.

માનવીના જીવનમાં શરૂઆતમાં મળતી થોડી સફળતા — એ પછી કોઈપણ પ્રકારની હોય, એ પછીથી અહંકાર રૂપી ક્યારે એક વટવૃક્ષ બની જાય છે એ વાતની એને પણ સમજ પડતી નથી. અને જ્યારે આ વાત એને સમજાય છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.

શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે અહંકાર અને અભિમાન આમ જોઈએ તો એક સિક્કાની બે બાજુ જેવા છે. અહંકાર અને અભિમાનનો ભોગ બનેલો માનવી ક્રમશઃ પતનની ખીણ તરફ જ ધકેલાતો હોય છે.

આપણા મનમાં પ્રશ્ન જાગે કે શું અહંકાર અને અભિમાન બંને માનવજાતના શત્રુ છે? એવો પણ પ્રશ્ન થાય કે, માણસે કોઈ ક્ષેત્રમાં પોતાની શ્રેષ્ઠતા મેળવી હોય તો એ વાતનું અભિમાન ન લેવું જોઈએ?

માણસે સમાજ માટે પથદર્શક કાર્યમાં ઉત્તમ કામ કર્યું હોય તો એણે જરૂરથી એ વાતનું અભિમાન લેવું જ જોઈએ.

પણ... આ અભિમાનની સાથે એની પાછળ એક દુર્ગુણ પણ એનામાં પ્રવેશી જાય છે. અને એ છે અહમ્! **જ્યારે અભિમાન લેવા જેવા કાર્યમાં અહમ્ ભળે છે ત્યારે માણસની પ્રતિષ્ઠાને પણ હાનિ પહોંચે જ છે.**

આથી જ માણસે અભિમાનનો ભાવ કેળવતી વખતે અહમને ભૂલેચૂકે પણ પ્રવેશ ના મળે એની કાળજી લેવી જોઈએ. આથી એના સારા કાર્યોની સમાજ પ્રશંસા કરતો રહે અને સમાજમાં માન-આદર મળતા રહે. કલાના વિવિધ ક્ષેત્રોમાં, સમાજ કલ્યાણના કાર્યોમાં તથા શિક્ષણના ક્ષેત્રમાં ઉચ્ચત્તમ પ્રદાન કરતી વખતે આ બાબતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. **ઉદારતા અને નમ્રતાને કાર્યો દરમિયાન અગ્ર ભાગે રાખવા જોઈએ.**

આમ કરવાથી એનામાં માનવીય ગુણોનું સિંચન થશે અને એનું જીવન સૌ કોઈ માટે ઉદાહરણરૂપ બનશે જ એમાં શંકા નથી.

*ડી-૧, ત્રિલોચન સોસાયટી,*
*ઘોઘા જકાત નાકા પાસે, રિંગ રોડ,*
*સુભાષનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧. • મો. ૯૪૨૮૪ ૦૧૬૨૭*





કામધેનુ

## ગાય માતૃ દેવો ભવઃ – (૧)

# “ગીર ગાય આપણા આંગણે” રાષ્ટ્રીય યોજના ગોક્રાંતિ



મહેન્દ્રભાઈ સી. જોષી

*આર્યવતના આથમણા છેડે અને જ્યોતિર્લિંગ સોમનાથની બાવન ગજની ધ્વનિના ફરફરાટ વચ્ચે ભાતીગળ સંસ્કૃતિથી સમગ્ર ભારતવર્ષના વિશાળ ભૂમિ ઉપર “મા” તરીકે પૂજન થાય છે તે “ગાય માતા” વિશે ગરવા ગીરનાર પરથી દસ લાખ ગીર ગાય નિર્માણનો શંખનાદ કરનાર તથા ૧૬ વર્ષથી ગૌવંશના ચિંતન અને અભ્યાસ કરનાર શ્રી મનસુખભાઈ સુવાગીયાની કલમે લખાયેલ અને તેમની અનુમતિથી લોકસાહિત્ય હેતુ, અમરેલીના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ જોષી દ્વારા સંપાદિત લેખ અત્રે પ્રસ્તુત છે. આશા છે કે વિશાળ સંખ્યામાં વાચકોને આ લેખ ચોક્કસ ગમશે.*

*– તંત્રી મંડળ*



ગામે ગામ ગાયોની અવદશા જોઇ અમારો આંતરનાદ નીકળ્યો કે “આપણાં દેશમાં ગાય નહીં બચે.” જેના આઘાતમાંથી ગૌરક્ષાનો વિચાર જનમ્યો. સન ૨૦૦૦માં જામકા ગીર ગૌસંવર્ધન પાલન શરૂ કર્યું. તા. ૧૯-૦૯-૨૦૦૩ના રોજ જામકાની ધરતીમાં ગીર ગાય આપણાં આંગણે રાષ્ટ્રીય યોજનાનો પ્રથમ સંકલ્પ લેવડાવ્યો અને પાંચ કામધેનુ સુત્રની નવી યોજનાનો પ્રારંભ કર્યો. (૧) ગીર ગાય આપણા આંગણે, (૨) ગામમાં જાતવાન નંદીથી ગો સંવર્ધન, (૩) ગાયના જ દૂધ - ઘી - છાશના આહારથી ગાય આધારિત જીવન, (૪) ગાયના છાણ ગૌમૂત્રથી ગાય આધારિત કૃષિ, (૫) જળ સમસ્યા મુક્ત ગામ.

**જામકા ગામને આ યોજનાનું દેશનું પ્રથમ મોડેલ ગામ બનાવ્યું.** તા. ૧-૦૨-૨૦૦૪ના રોજ જામકામાં રાજ્યના બાર હજાર લોકોને ગીર ગો રક્ષાનો પૂજ્ય મોરારિ બાપુની ઉપસ્થિતિમાં સંકલ્પ લેવડાવ્યો. ૧૦૦૦૦૦૦ જાતવાન ગીરગાય નિર્માણનો ઈશ્વરીય સંકેત થતાં **૫૦૦ ગામોના લોકો સાથે ગીરનાર પરિક્રમા કરી તા. ૦૬-૧૧-૨૦૦૫ના દસ લાખ જાતવાન ગીર ગાય નિર્માણનો ઐતિહાસિક મહાસંકલ્પ લીધો.** ગાયને લોક હૃદયમાં પ્રસ્થાપિત કરવા ૨૫૫ દિવસમાં સોમનાથથી કચ્છ કોટેશ્વર અને દ્વારિકાથી શબરીધામ ડાંગની ૫૫૫ ગામોની ગોરક્ષા – જળ રક્ષા યાત્રા કરી ગુજરાતના ૨૫૦૦થી વધુ ગામોમાં જઇ લોકોના આંગણે જાતવાન દેશી કાંકરેજ ગાયો બંધાવી. સાથે જળરક્ષા ગાય આધારિત કૃષિની પ્રેરણા આપી. તા. ૨૨-૫-૨૦૦૯ના રોજ શાપર (રાજકોટ)ની ધરતી પર ૧૫,૦૦૦ લોકોને ગો સંસ્કૃતિ નિર્માણનો સંકલ્પ લેવડાવ્યો. બાર વર્ષના અભ્યાસ ચિંતન કાર્ય પછી મૂળ પાંચ સિદ્ધાંતની ગીર ગાય યોજનામાં ૯ સિદ્ધાંત ઉમેરી ૧૪ કામધેનુ સુત્રની યોજના બનાવી.

આ અભિયાન પહેલાં જે ગીર ગાયને કોઈ ઓળખતું નહોતું અને તેની કોઇ કિંમત ન હતી તથા ગાય તથા તેના દૂધ ઘી કોઈ માંગનાર કે ખરીદનાર નહોતું ત્યાં **આ ચોક્કસ દિશાના અભિયાનથી જાતવાન ગીર ગાય અને સાંઢનું મૂલ્ય ૫૦ હજારથી એક લાખ થઇ ગયું.** કચ્છ ઉત્તર ગુજરાતમાં ગામડે ગામડે જઇ કાંકરેજ ગાય વંશની રક્ષાની પ્રેરણા આપતા બે પાંચ હજારની જાતવાન કાંકરેજ ગાય અને ધણખૂટનું મૂલ્ય ૨૫થી ૫૦ હજાર થયું. **ઇતિહાસમાં પ્રથમ વખત ભેંસના દૂધ ઘી કરતા દેશી ગાયના દૂધ ઘી ઊંચા ભાવે વેચાતા થયા.** ગામડાંઓમાં ગાયનું દૂધ અને એક કિલો ઘી મળતું હતું ત્યાં આ યોજનામાં ગાયોનું ઘી ખૂબ ઊંચા ભાવે દેશભરમાં જથ્થાબંધ વેચાય છે અને

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૪ ઉપર)



સપ્તપદી

# ...તમામ પગલા સાથે સાથે....



રમીલા મહેતા

વહેલી સવારનો મીઠો કૂણો તડકો લાંબા કાળા ડામરના માર્ગને ઉજળો બનાવવા મથતો હતો. પૂર્વ દિશાની બારીએથી અરુણ દેવની સવારી આવી ચૂકી હતી. મંદિરનો ઘંટારવ વાતાવરણને મંગલમય બનાવતો હતો. મારી ઈશ્વર સાથે ગોઠડી ચાલુ હતી, ત્યાં જ વિક્ષેપ પડ્યો. 'કાં બેન, કેમ છો?' વિ. ઔપચારીક વાતો કરીને મહેશભાઈએ પણ ચાલતા ચાલતા પોતાના પરિવારની વાત સહજભાવે કરવા માંડી. આમ તો રોજ સવારે ફરવાના સમયે મળે ત્યારે હાથ ઊંચો કરી સહેજ હસવાનો સંબંધ... પણ આજે જે વાતો ચાલતા ચાલતા કરી એ કંઈ જુદી જ હતી. મહેશભાઈએ પોતાની વાત પૂરી કરતા કહ્યું, 'બેન, આ કરમની કઠણાઈ નહીં તો શું? નક્કી ગ્રહદશા અવળી ચાલતી હશે.'

એમણે જે વાત કરી તેનો સાર કંઈક આવો હતો. તેમણે મોટા પુત્ર શુભમના લગ્ન મે મહિનામાં રંગેચંગે પાર પાડ્યા. ઘેર પુત્રવધૂના કંકુ પગલા કરાવવાનો પત્ની આશાબેનને બહુ હરખ હતો. થોડા દિવસ તો બધું ઠીકઠાક ચાલ્યું. હનીમુનમાંથી પાછા આવ્યા બાદ શુભમ નોકરીએ લાગી ગયો. ઘરમાં સાસુ, સસરા, નાનો દિયર અને પુત્રવધૂ હેત્વી એટલા જ જણ... આટલો નાનો પરિવાર છતાં પુત્રવધૂને કામ કરવાનું ખટકતું. રસોઈ કરવી જ ન ઉકલે. આશાબેન બને ત્યાં સુધી હેત્વીને કંઈ કામ ચીંધતા જ નહીં, પણ ક્યારેક કહે તો વેઠ ઉતારે. ન કરવા જેવું કરે. એટલે આશાબેન માને કે, **'હૈયુ બાળવા કરતાં હાથ બાળવા સારા.'** દીકરી નહોતી એટલે હેત્વીને દીકરી માનીને પ્રેમથી રાખે. પણ હેત્વીને તો કશાની પડી જ નહોતી. મહેશભાઈ આ બધું જોયા કરે. પણ પોતાની મર્યાદા સમજી કશું બોલે નહીં. શુભમનો મોટાભાગનો સમય નોકરી પાછળ જતો. એટલે ઘરની કોઈ બાબતમાં માથું ન મારતો. અને હેત્વી અને આશાબેન વચ્ચેના સંઘર્ષમાં આવવા નહોતો માંગતો. સમય બધું શીખવી દેશે એમ માની આશાબેન ખેંચ્યે જતા હતા. પણ શીખવું હોય એ શીખે ને? આમને આમ એક વર્ષ માંડ માંડ વીત્યું. હેત્વીના પિયરમાં એ કશું શીખી જ નહોતી. કોલેજ પૂરી કરીને એક-બે વર્ષ નોકરી કરી. પણ તેમાંય એનો જીવ નહોતો ચોંટ્યો. જાતે નોકરી છોડી દીધી. બહેનપણીઓ, ટી.વી. જોવું, ફોન પર કલાકો પસાર કરવા, રોજ સાંજે બહાર જવાનો પ્રોગ્રામ, સરખે સરખા મિત્રો સાથે સમય પસાર કરવો — આ બધામાં એ એટલી મસ્ત રહેતી કે આ બધું જ મારું જીવન છે, એવું માનીને જીવતી. પણ ક્યારેક ભાભી કે મા કશું કહેતા તો કહેતી, હું કંઈ રસોઈ કરવા, ઘર સંભાળવા કે છોકરા પેદા કરી ઉછેરવા માટે થોડી છું? હું તો મારી જિંદગી મારી રીતે જીવવામાં માનું છું. ભાઈ પણ ક્યારેક કહેતો કે, 'આવું બધું ટી.વી. સિરિયલોમાં, ફિલ્મી દુનિયામાં હોય છે, જે સાચું નથી. વાસ્તવિક્તા તો જુદી જ હોય છે. પરિવાર - કુટુંબની પણ મજા હોય છે.' પણ હેત્વી તો પોતાના આઝાદ વિચારો અને ખયાલોની દુનિયામાં જ રાચતી હતી. પરણી તો ખરી પણ કોઈ જવાબદારી કે બાંધછોડની ભાવના વગર.

શુભમ વારંવાર સમજાવતો કે થોડું મમ્મીને કામમાં મદદ કરાવ... કશું નવું શીખ... ઘરમાં બધા સાથે હળી મળીને રહે. પણ અહીં તો જવાબ તૈયાર હતા : 'કામવાળી કે રસોઈવાળી બેન રાખી લો. મમ્મી પણ શા માટે કરે? એ પણ નિરાંતે બેસે.' મોલમાં ખરીદી માટે બહાર નીકળતા એણે પટ દઈને શુભમને જવાબ દઈ દીધો. પછી તો નાની વાતને મોટું સ્વરૂપ આપી એણે ઝઘડો કર્યો. મહેશભાઈએ વિચાર્યું, જુદા રહેશે તો જવાબદારીનું ભાન થશે. માથે પડશે તો જાતે શીખશે, કરશે... પણ શુભમ પોતાની વાતમાં મક્કમ હતો. હું મારા મા-બાપથી અલગ નહીં રહું. બસ, વાત છુટાછેડાની નોબત સુધી આવી. બંનેએ અરસપરસ સમજુતીથી છુટા પડવાનું નક્કી કર્યું અને હેત્વી એક સવારે જાણે કશું બન્યું જ નથી એ રીતે પોતાનો સામાન લઈ આ ઘેરથી પેલા ઘેર જતી રહી...!!

**સમાજની તાસીર જ બદલી ગઈ છે. પતિને એક નોકરથી વિશેષ ન સમજનારી સ્ત્રી ઘર-પરિવારને કઈ રીતે સાચવી શકે? (બધી સ્ત્રીઓ આ પ્રકારની નથી હોતી)** પણ જે રીતે છુટાછેડા, સગપણનું તૂટવું સમાજમાં વધ્યું છે એ પાછળ છુટછાટભરી જિંદગી, બધું માણી લેવું, બધું જ જીવી લેવું. જાણે કે કોઈ સમય જ પછી ન મળવાનો હોય! આ અધીરાઈ, ચંચળતાએ વિચારવાની ધારા જ બદલાવી નાખી. **લગ્ન એરેન્જડ હોય કે લવ મેરેજ હોય, દર પાંચમાંથી ત્રણ લગ્ન તૂટે છે.** માતા-પિતા દીકરીને ભણાવે છે, પ્રેમ આપે છે, એની માંગણીઓ પૂરી કરે છે પણ લગ્ન પછી ઘર-પરિવારમાં કેમ રહેવું એ શીખવે તો આટલી હદે લગ્નસંબંધ ન તૂટે. **લગ્ન સંસ્થાના પાયારૂપ સહજીવન, પરિવાર જીવન સમાધાન —**

**એ લગ્નજીવનરૂપી નાવને આગળ વધારનાર હલેસા સમાન હોય છે. આજે સીંગલ રહેવાનું ચલણ વધ્યું છે.** દત્તક બાળક લઈને જીવી લેવું કે લીવ-ઈન રિલેશનમાં રહેવાની ફેશન ચાલી છે. પણ એ બધામાં જીવન જીવવાનો સંતોષ છે ખરો? સંબંધોની ઓળખ ભૂંસાતી જાય છે.

બહુ નાની વાત લઈને થતાં ઝઘડામાં માતા-પિતા પણ હવે મધ્યસ્થી નથી કરતા. "હશે, એ એમનું ફોડી લે... આપણે શું?" એવી માનસિકતા પણ ઘણા મા-બાપ રાખે છે. પરિણામે સંતાનોને સાચું - યોગ્ય માર્ગદર્શન નથી મળતું. **દરેક ઘરમાં મોબાઇલ અને ટી.વી.નું સામ્રાજ્ય એટલી હદે વધ્યું છે કે માતા-પિતા કે જીવતા જાગતા દાદા-દાદી ક્યાંય ખોવાઈ ગયા છે!!** સાચું કહેનાર વડીલો ગમતા નથી પણ ખોટા માર્ગે દોરી જનાર માધ્યમો વિશેષ ગમે છે. એ સંભ્રાંતની દુનિયા સંબંધોને તોડે છે અને હેત્વી જેવી કેટલીય બહેન દીકરીઓ જીવનનો અર્થ સમજ્યા વગર જીવ્યા કરે છે (એમના વિચારો પ્રમાણે એ બધું યોગ્ય જ કરે છે!) એકલતા આત્મહત્યા તરફ દોરે છે અને નાની ઉંમરની વ્યક્તિમાં આત્મહત્યાના બનાવો જોવા મળે છે.

યુવક - યુવતી લગ્નજીવન માટે તૈયાર છે કે નહીં? એમને કોણ ઘડશે? **એક કાળે તપોવન શિક્ષણ પ્રથામાં ઋષિમુનિઓ યુવક પતિ તરીકે તૈયાર છે,** ઘર ગૃહસ્થી વહન કરવા લાયક છે? માત્ર લગ્ન કરી ભેગા રહેવાનું નહીં પણ એકબીજાને સમજી શકે, સમાધાન કરીને ઘરસંસાર માંડવાની તૈયારી કરે તો જ પરણી શકાય... **સ્ત્રી-પુરુષ બંનેની લાગણી અને માંગણીને સમજી શકે એટલી સમજ આવે પછી જ લગ્નજીવન શરૂ કરવાની તૈયારી બંને પક્ષે હોવી જોઈએ.** માત્ર પુરુષ સાથે નથી રહેવાનું પણ ઘર-પરિવાર સાથે રહેવાની તૈયારી પણ કન્યામાં હોવી જરૂરી છે. આજે આ બધી અત્યંત જરૂરી વાતો કૌંસ બહારની વાત બની ગઈ છે! અને તેથી જ પરિવાર, પરિવારજનો, હાંસિયામાં ધકેલાતા જાય છે! વૃદ્ધાશ્રમો નવા નવા ખૂલતા જાય છે!

એક વાત : રઘુવંશમાં રઘુ કૌત્સને પૂછે કે "તને ગુરૂએ પરણવાની પરવાનગી આપી છે?" ગુરૂજનો પણ પરિવાર વિશે લાંબુ વિચારતા. ઘણી ઘણી વાતો છે કે જે પરિવારને લૂણો લગાડે છે. વર્તમાન પેઢી હોંશિયાર છે, ચાલાક અને દક્ષ છે. **થોડી વાતો વડીલોની સાંભળે, ધીરજ રાખે તો લગ્નજીવન ટકી રહે અને લગ્ન સંસ્થા વધારે મજબૂત બની રહે.** છુટાછેડા લેનાર તો છૂટા થઈ જાય છે પણ નિવૃત્ત પિતા કે પચાસે પહોંચેલી માતાની આજની એકલતા, એના આંસુ અને વ્યથા હૃદય વિદારક નથી શું? સપ્તપદીના સાત પગલા, સાથે સાથે જીવવાના કોલ અને જીવન પ્રત્યે ગંભીરતા હોય તો મહેશભાઈ જેવા પિતા કે આશાબેન જેવાના 'ગ્રહ દશા બરાબર નથી કે જેવા આપણા કરમ...' માનીને જીવી જતા માતા-પિતાની લાગણી આજની યુવા પેઢી જે હોંશિયાર, તેજસ્વી અને લાગણીશીલ છે એ નહીં સમજી શકે? સપ્તપદીના સાતે સાત પગલાં સાથે જીવવાના કોલ માત્ર નહીં પણ નિભાવવાની, પ્રેમથી રહેવાની સમજ નહીં કેળવે...?!!

*૧૬/એ, ધવલધારા, ભાનુશાલી નગર,*
*પ્રાથમિક શાળા પાસે, રાધા-કિશન એપાર્ટમેન્ટ સામે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯*

---

## ગાય માતૃ દેવો ભવઃ – (૧)

**(અનુસંધાન : પાના નં.– ૪૨ ઉપરથી ચાલુ)**

લોકો દૈનિક અડધોથી એક લીટર દેશી ગાયનું દૂધ અને સારી માત્રામાં ઘી ખાતા થયા છે. શ્રીકૃષ્ણની ભૂમિ દ્વારિકાને ફરી જાતવાન ગાયોની ભૂમિ બનાવવા જામકાથી જાતવાન નંદી અને ગાયો આપ્યા અને કૃષ્ણ મંદિરમાં લોકોને ગીર ગોપાલનનો સંકલ્પ લેવડાવ્યો. **આજે દ્વારિકા ફરી જાતવાન ગીર ગાયોની ગો ભૂમિ બની છે.** એ જ રીતે ગીરના જંગલમાં વસતા ગોપાલકોને જાતવાન નંદી ભેટ આપ્યા. જેથી ફરી ગીરનું જંગલ ગીર ગાયોની ભૂમિ બની રહ્યું છે. પંચાલ પ્રદેશના ગીર ગોવંશને શ્રેષ્ઠતમ બનાવવા અનેક ગામોમાં જાતવાન નંદી આપ્યા અને લગભગ તમામ ગામોમાં જઇ ગોપાલકોને જાતવાન નંદી પાળવા તથા જાતવાન ગૌવંશ નિર્માણની પ્રેરણા આપી. જેનાથી ગામે ગામ ગીર ગાયની ક્રાંતિ સર્જાઈ છે. **ગીરગાય કામધેનું અને દેશી ગાયના દૂધ ઘી અમૃત રૂપે અંકાયા, એ પણ નવો ઇતિહાસ છે.** ગાય સેવાનું સાધન મટી કામધેનુ સિધ્ધ થઇ છે. ભારતના અન્ય દેશી ગૌવંશની રક્ષાની દેશને દિશા મળી છે. આ અભિયાનથી રાજ્યના પાંચ હજારથી વધુ ગામો અને દેશના ૧૫થી વધુ રાજ્યો ગીર અને અન્ય દેશી ગોવંશનું આંગણે પાલન અને સંવર્ધન કરતા થયા છે.

માનવ સંસ્કૃતિના પ્રારંભથી આઝાદી સુધી ગાયનું અસ્તિત્વ સુરક્ષિત હતું. એથી ભારત ખંડમાં લુપ્ત થતાં દેશી ગૌવંશને ઉગારવાનું વૈદિક યુગથી વર્તમાન યુગનું આ પ્રથમ યોજનાબદ્ધ સફળ મહાઅભિયાન છે. આ યોજનાથી દેશની પ્રજાના હૃદયમાં ગીર કાંકરેજ અને દેશી ગાયોનું તથા દેશી ગાયના દૂધ ઘીનું સોના સમાન મૂલ્ય અંકાયું. પૂરા દેશમાં સેવાનું સાધન બનેલી દેશી ગાય ફરી આંગણે જીવનદાતા માતા બની છે. દેશી ગાય 'રાષ્ટ્રીય કામધેનુ' સ્વરૂપે લોક હૃદયમાં સ્થાન પામી છે. ભારતભૂમિની ક્ષિતિજે પુનઃ ગો સંસ્કૃતિનો સૂર્યોદય થયો છે. આ ક્રાંતિનું જન્મદાતા 'જામકા' ગામ બન્યું છે.

*(સૌજન્ય : 'ગોવેદ' મનસુખભાઈ સુવાગીયા)*

*"સાંઇકૃપા", ગોપાલનગર-૧, બ્રાહ્મણ સોસાયટી,*
*અમરેલી. ● મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬*



અંતિમ ઘડી

# કોરોનાંતિકા (નવલિકા)



પ્રભુદત્ત ભટ્ટ

કોરોનાને કારણે ક્વોરન્ટાઈનમાં રહેલ સસરાજી વિમલકાંતને ખચકાતા અવાજે જમાઈરાજ જિતેન્દ્રએ હૈયાધરબી વાત હળવેકથી કહી, ''પપ્પાજી, હવે તમે એકલા અહીં રહો એના કરતાં અમારી સાથે જ રહી ક્વોરન્ટાઇન થઈને રહો તો સારું. ફ્લેટ ખૂબ મોટો છે અને જગ્યાની કોઈ તકલીફ નથી. કેતકીની એકલતા અને દોડધામ સહિત ટેન્શન પણ મટી જશે.''

કબાટની ઓથે ઊભેલી એકની એક દીકરી કેતકી પપ્પાનો જવાબ સાંભળવા આતુરતાભરી આંખે જોઈ રહી. વિમલકાંત બોલ્યા, 'ઉતાવળ ન કરો. હું તમને વિચારીને સમયસર જણાવી દઈશ કે આપણે શું કરવું?' કેતકી - જિતેન્દ્ર એકબીજાની સામે જોઈ રહ્યા.

હળવે હીંચકે ઝુલતા વિમલકાંતની નજર ભીંતે લટકેલ સુશીલા સાથેના યુગલ ફોટા ઉપર જઇને સ્થિર થઇ ગઈ. વિધિની વક્રતા અને કોરોનાની કઠણાઇ એમના તન-મનને વારંવાર હચમચાવી નાંખતી. હજી પખવાડિયા પહેલાં સુશીલાબેનને ખાંસી-શરદીની તકલીફ થઇ એટલે ડૉક્ટરને બતાવ્યું અને બંનેએ કોરોના ટેસ્ટ પણ કરાવ્યો. સુશીલાબેન પોઝિટિવ અને પર્સન્ટેજ વધુ નીકળ્યા એટલે સીધા હોસ્પિટલાઇઝેશનની કામગીરી થઈ ગઈ. વિમલકાંતનો રિપોર્ટ તો નેગેટિવ હતો પણ સતત સાથે રહેતા હોઈ એમને ૧૪ દિવસ હોમ ક્વોરન્ટાઇનમાં મૂકવામાં આવ્યા. કેતકી-જિતેન્દ્રની દોડધામ વધી ગઈ. સુશીલાબેનને તો બે દિવસમાં તકલીફ ઓર વધી એટલે આઈ.સી.યુ./વેન્ટિલેશન ઉપર શિફ્ટ કરવામાં આવ્યા. ત્રણે માટે હવે સુશીલાબેનના દર્શન દુર્લભ હતા. ગંભીર સ્થિતિ, ચાલુ ટ્રીટમેન્ટ, વેક્સિનેશન, વેન્ટિલેશન, ઓક્સિજન વિ.ને કારણે મોબાઇલ ઉપર પણ ક્યારેક જ તેમની સાથે વાત થઇ શકતી.

કોવિડ હોસ્પિટલના ડૉ. મહેરા સાથે જિતેન્દ્રને લાયન્સ ક્લબ એક્ટિવિટીના કારણે અંગત મિત્રતા હતી એટલે દરરોજ એકાદ વખત હેલ્થ બુલેટીનની જેમ સઘળી માહિતી મળી જતી પણ મા ની દીકરી કેતકી અને ક્વોરન્ટાઇનમાં રહેલ પપ્પાજી સાથે આ બધી વાતો વિગતે શૅર કરવી હિતાવહ ન હતી.

પપ્પા માટે નાસ્તો, દવા અને ગરમ કાઢો તૈયાર કરી એ સંબંધે ચર્ચા કરી, કેતકી - જિતેન્દ્ર પોતાના ફ્લેટ તરફ જવા સક્રિય થયા. મમ્મીની જેમ દીકરીએ પણ પપ્પાને આ માટે ફરી જણાવ્યું અને દરવાજેથી વિદાય થયા.

બીજા દિવસની સવાર થઇ એટલે દૈનિક કાર્યોમાંથી પરવારી કેતકી - જિતેન્દ્ર ફરી કોરોના કાર્ય માટે પ્રવૃત્ત થયા. કેતકીએ ગરમ કાઢો થર્મોસમાં ભર્યો અને હળવા નાસ્તાનો ડબ્બો પેક કરી જિતેન્દ્રને બૂમ પાડી, 'જીતુ, લો, આ બધું તૈયાર છે. એ ઠંડું પડે એ પહેલાં તમે પપ્પાને આપી આવો. પપ્પાને દવાનું પણ પૂછી લેજો અને વેળાસર પાછા આવી જજો. સાંજે તો હું પણ ત્યાં આવીશ.'

ત્યાં જ ડૉ. મહેરાનો ફોન રણક્યો. ટેબલ પર પગ લંબાવી બેઠેલા જિતેન્દ્રએ ફોન લઇ લાંબા ડગલે રવેશ તરફ દોટ મૂકી. ડૉ. મહેરા બોલ્યા, 'હેલો, જિતેન્દ્રભાઈ – સિરીયસ ન્યુઝ છે. તમારા સાસુમા સુશીલાબેન અવસાન પામ્યા છે. રિપોર્ટિંગની કામગીરી ચાલુ છે. એમની ડેડ બોડીને અંતિમવિધિ માટે બે-ત્રણ કલાકમાં પહોંચાડવી પડશે. તમે રૂબરૂ આવી જાઓ એટલે એમના અંતિમ દર્શન પણ કમ્પાઉન્ડ બહાર ડેડ બોડી નીકળે ત્યારે – કરી શકો. ખૂબ દુઃખ સાથે આ બધું તમને જણાવી રહ્યો છું. Prepare yourself with others.'' ડૉ. મહેરાએ ફોન મૂકી દીધો.

''હવે શું કરવું?'' – જિતેન્દ્રની કાયામાંથી સડસડાટ વીજળી પસાર થઈ ગઈ. બૂમ પાડી, ''કેતકી, આ બધું પાછું અંદર મૂકી દે અને મારી વાત સાંભળ.'' લથડાતા અવાજે જિતેન્દ્રની વાત સાંભળી કેતકી તરત પામી ગઈ કે કંઇક અજુગતી વાત છે. એને સોફા ઉપર પોતાની સાથે ખેંચીને બેસાડી એક જ વાક્યમાં સઘળી વાત કરી દીધી, ''કેતકી, મમ્મીજી અવસાન પામ્યા છે.''

ઝીણી તીણી રાડ અને ચોધાર આંસુ સહિત કેતકી જિતેન્દ્રના ખોળામાં માથુ મૂકી રડતી રહી. જિતેન્દ્રએ એને સંભાળી અને કહ્યું, ''કેતકી, હવે જે કરવાનું છે એ માટે તૈયાર થા. એમ રડ્યે નહીં ચાલશે. તારા-મારા વિના હવે આ બધું કરશેય કોણ? પપ્પાને જણાવવાનું - સમજાવવાનું, ડેડ બોડી જોવાનું, હોસ્પિટલ બીલ, પેમેન્ટ વિ. પણ સત્વરે પતાવવું પડશે. તું થોડી ફ્રેશ થઇ જા. રડવા માટે તો હવે પછીય સમય ઘણો છે પણ આ સમયનું જે કામ છે તે તો અત્યારે જ અને આપણે બેએ જ આટોપવું પડશે.''

આ સાંભળી કેતકી થોડી સ્વસ્થ થઇ. ગ્લાસમાંથી પાણી પીધું અને ધ્રુજતા અવાજે બોલી, 'જિતેન, હવે પપ્પાને કેવી રીતે જણાવીશું અને કેવી રીતે સાચવીશું? આ બધા કામ માટે આપણે બંનેએ જવું પડશે તો પપ્પા પાસે પણ કોને રાખીશું? પપ્પા જો આપણી સાથે જ આવવાની જીદ કરશે તો શું કરીશું?'' કેતકીએ સંવેદનાસભર હૈયે પ્રશ્નોની હારમાળા ખડકી દીધી.

જિતેન્દ્રએ ત્વરીત ઠાવકાઈ કેળવી સ્વસ્થતાપૂર્વક કહ્યું, ''કેતકી, તારા બધા જ પ્રશ્નો નાજુક છે. સમયસર અને વિના વિલંબે એને ઉકેલ્યા સિવાય છુટકો નથી. હું વિનુમામાને વિગતે ફોન કરી એમને પપ્પા પાસે રોકાવા જણાવીશ. ક્વોરન્ટાઇનની આ સ્થિતિમાં પપ્પાને ક્યાંય પણ લઇ જવા એ સામે ચાલીને જોખમ નોતરવા જેવું બને. હોસ્પિટલના બીલ પેમેન્ટ માટે તું એ.ટી.એમ. કાર્ડ, ચેકબુક અને રોકડા જે હોય તે તારા પર્સમાં સલામત રીતે મૂકી દે. સેનેટાઇઝર બોટલ, વધારાના માસ્ક વિ. પણ લઇ લેજે. થોડીવારમાં જ આપણે ગાડી લઈને નીકળીએ છીએ. માટે તું થોડી ફ્રેશ થઇ જા.'' કેતકીએ આ બધી વસ્તુ સાથે સ્ત્રીસહજ કૌશલ્ય દાખવી દેવસ્થાનમાંથી કંકુની ડબ્બી પણ પર્સમાં મૂકી અને ગરમ ઉકાળાનું થર્મોસ પણ સાથે લીધું.

જિતેન્દ્રએ વિનુમામાને ફોન કરી સઘળી વાત જણાવી - સમજાવી એમને સીધા પપ્પાજીના બંગલે પહોંચવા જણાવ્યું. વિનુમામા પહોંચ્યા એની પાછળ જ કેતકી - જિતેનદ્ર આવી પહોંચ્યા. વિશેષ વાતો કરતા પહેલાં કેતકીએ પપ્પાને દવા અને ગરમ કાઢો આપી દીધા. આટલી ઉતાવળ અને વિનુમામા, કેતકી અને જિતેન્દ્રના મુખભાવ નિહાળતાં અનુભવ વૃદ્ધ વિમલકાંત બોલ્યા, 'કેમ આજે આટલી બધી ઉતાવળ કરો છો? શું છે, થોડી શાંતિ રાખો! હું અહીંથી બીજે ક્યાં જવાનો છું? બેસો, જિતેન્દ્રકુમાર. વિનુભાઈ, તમે પણ બેસો.''

માંડ માંડ હૈયું બાંધીને બેઠેલી કેતકી પપ્પાની સામે અને થોડે દૂર ઊભી રહી ચિત્કારી ઊઠી, ''પપ્પા, મમ્મી જતી રહી...!'' આગળ બીજું કશું જ નહીં, એના રૂદનની કરુણ ચીસ સંભળાઈ રહી.

કેવી વિડંબના! મા ને ગુમાવ્યાના સમાચાર એક દીકરી જ રડતા હૈયે પોતાના પિતાને સંભળાવી રહી હતી. આવી વ્યથા - વેદનાની ચરમ સીમાભરી ઘટનાને ટાણે લાખ ઇચ્છા છતાં એ પોતાના પિતાને ભેટીય ન શકી કે ખભે માથું પણ ન મૂકી શકી.

એકની એક અને વહાલી બેન ગુમાવનાર વિનુમામાએ અશ્રુસભર નયને લાંબો ડૂસકો તાણ્યો. સંજોગ સ્થિતિ નિહાળી તરત સ્વસ્થતા પણ કેળવી લીધી અને ભાણી કેતકીના ખભે હાથ મૂકી સાંત્વના આપતા તેઓ બોલ્યા, 'બેટા, તું સ્વસ્થ થા અને જિતેન્દ્રકુમાર સાથે - હવે શું કરવું? — તે દિશામાં સક્રિય થાઓ. તમારા બંને વિના હવે પછીની બધીય વિધિ બીજું કોણ કરશે?''

જિતેન્દ્રકુમારે વિનુમામાને ઇશારો કરી બહાર બોલાવ્યા અને આગળની સઘળી કામગીરી માટે સંક્ષિપ્તમાં બધુંય જણાવી દીધું. સાથોસાથ આ ઘટનાથી આજુબાજુના પડોશીઓને પણ માહિતગાર કરી દીધા.

ડૉ. મહેરાની સૂચના ધ્યાને લઇ બંનેએ ગાડી હોસ્પિટલ તરફ હંકારી. ત્યાં પહોંચતા સુધી કેતકીનું ધીમું રૂદન સતત ચાલું રહ્યું. જિતેન્દ્રએ સતત સ્વસ્થતા જાળવી મર્દના હૈયાની હામનો પરચો આપ્યો. હોસ્પિટલ પાર્કિંગમાં ગાડી મૂકી, લોક કરી અને પાકિટ લઇ બંને કાઉન્ટર ઉપર પહોંચ્યા. ડૉ. મહેરાની સૂચના મુજબ બીલ અને પેપર્સ તૈયાર હતા. પેમેન્ટ કર્યું એટલે ડૉ. મહેરા પણ તરત બહાર આવ્યા. જિતેન્દ્ર અને કેતકીને દુઃખદ મને મળ્યા. કેતકી સામું જોઈ ડૉક્ટર બોલ્યા, ''Ketki, we have tried our best but afterall it is in hands of Destiny. We are deeply very sorry.'' કેતકી નીચે ટાઇલ્સ ઉપર જોઈ રહી - કશુંય ન કહી શકી.

આખરે તેઓ બંને પી.પી.ઇ. કીટ સાથે બહાર લૉન્જમાં નીકળી મમ્મીના પ્લાસ્ટિક કોટેડ દેહના દર્શન માટે રાહ જોવા લાગ્યા. કેતકીના હાથમાં કંકુની ડબ્બી હતી અને જિતેન્દ્રના હાથમાં કેમેરા ઓન સાથેનો સ્માર્ટફોન હતો. ડેડ બોડી શબવાહિની પાસે પહોંચે એ પહેલાં બંનેએ દર્શન કર્યા. કેતકીએ કંકુ છાંટી સધવા મા ની અંતિમ વિદાયે એક નાનકડી પણ સાર્થક રસમ નિભાવી લીધી. જિતેન્દ્રએ આ ઘટના કેમેરામાં ક્લિક કરી અંતિમ પ્રણામ કર્યા.

સુશીલાબેનની ડેડ બોડી શબ વાહિનીમાં ગોઠવાઇ એટલે એનો નંબર નોંધી જિતેન્દ્ર - કેતકીએ પોતાની ગાડી એની પાછળ જ હાંકી, સ્મશાન ગૃહે પહોંચ્યા. દીકરી-જમાઇએ જરૂરી પ્રોટોકોલ સાથે માતાને અગ્નિદાહ આપી અંતિમ વિધિની આખરી ફરજ પૂરી કરી.

પિતાના હૈયાના વલોપાતને પ્રત્યક્ષ-પરોક્ષભાવે અનુભવતી દીકરી કેતકી ભારે અવાજે બોલી, ''જિતેન્દ્ર, પપ્પા શું કરતા હશે? આપણે જલ્દી તેમની પાસે પહોંચવું પડશે. તેમની પાસે વિનુમામા પણ એકલા જ છે.''

શાનમાં સમજી જિતેન્દ્રએ સ્મશાન ગૃહેથી ડેડબોડી અંતિમવિધિના પેપર્સ, રસીદ અને બીજી વિધિ ત્વરિત ગતિએ આદરી અને કેતકી સાથે ગાડી ઘર તરફ હંકારી. બંને જણા ઘેર પહોંચ્યા. સ્મશાનગૃહેથી પાછા વળતાં ઘરમાં પ્રવેશતાં પહેલાં કોણ કોને પાણી છાંટણા કરે અને કોણ કોને સંભાળે એ પણ યક્ષપ્રશ્ન હતો. કોરોના - કોવિડ - સેઇફ ડિસ્ટન્સને કારણે પડોશીઓ પણ ધર્મ સંકટમાં હતા. ત્યાં એક વિધવા માસી

પડોશમાંથી પાણીનો જગ લઇને નીકળ્યા અને કેતકી - જિતેન્દ્રને પાણી છાંટણા કરી બંનેને ઘરમાં જવા જણાવ્યું – ઘરડાં ગાડા વાળે તે સિધ્ધ થયું.

ઘરમાં પ્રવેશતા જ કેતકીએ એનું પર્સ, પાકિટ અને મોબાઇલ સોફા ઉપર ફેંકી દીધા. કોરોના પ્રોટોકોલની કોઈ પણ પરવા વિના એ પપ્પાને જઇને ભેટી પડી અને નાની બાળકીની જેમ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. પપ્પાએ પણ મૌનના ડુંગરા તોડી મોટે અવાજે એ રૂદનમાં સૂર પુરાવી અશ્રુનદી વહાવી દીધી. જિતેન્દ્ર અને વિનુમામા એક સાથે બેસીને આ કરુણ કથનીને અવાચક સ્વરૂપે અભિવ્યક્ત કરતા રહ્યા.

ઢળતી સાંજે તમામ સ્વજનોના નયન ભીનાં ભીનાં થઇ ગયાં.

વિનુમામાએ હળવો ખોંખારો ખાઇ સૌને સહજકાર્ય તરફ દોર્યા. સ્નાનવિધિથી સૌ પરવાર્યા. બે-એક પડોશી પણ મસાલાયુક્ત ચા નો થર્મોસ અને કપ લઇને આવી પહોંચ્યા. એમના આગ્રહાનુસાર સૌએ ચા પીધી. પડોશીઓ ગયા એટલેચારે જણા એકબીજાને નિહાળતા બેઠા.

વિમલકાંત તો હતપ્રભ હૈયે અને ખુલ્લા હાથે સુશીલા સાથેના યુગલ ફોટાની સામે જઇ ખુરશી ઉપર બેઠા. ભરેલાં હૈયે તેઓ બોલ્યા, "સુશી... સુશી... હું કાંઈ ન કરી શક્યો તારા માટે... તને અંતિમ ઘડીએ જોઈ પણ ન શક્યો... હવે હું...?"

પપ્પાને સાંત્વના આપતાં જિતેન્દ્રએ કેમેરા ઓન કરી મમ્મીનો અંતિમ ફોટો એમને બતાવ્યો. મમ્મીના દેહ ઉપર કંકુનો છંટકાવ કરતી કેતકીને નિહાળી એમની આંખો ફરીથી ભરાઈ આવી અને સુશી... સુશી...ના ચિત્કાર સાથે ખુરશી ઉપરથી નીચે ઢળી પડ્યા. આંખો વિસ્ફારીત થઇ ગઇ અને હૈયું ધબકારા ચૂકી ગયું. સુશીલાના અંતિમ ફોટોના દર્શન કરી વિમલકાંતે પણ અંતિમ વિદાય લઈ લીધી.

કેતકીની તો એક જ દિવસમાં આખી દુનિયા લૂંટાઈ ગઈ અને તે પણ નજરની સામે જ. કેતકી, જિતેન્દ્ર અને વિનુમામા ફરીથી રૂદનાવસ્થામાં ઘેરાઇ ગયા. આ સાંભળી પડોશીઓ ફરી દોડી આવ્યા. સૌ અવાચક હતા.

કેતકી અને જિતેન્દ્ર બંને એકબીજાને વીંટળાઈને હૈયાફાટ રૂદન કરતા રહ્યા. કોરોનાની આ કરુણ ઘટનાને અંતિમ ટાણે થોડે દૂરથી બ્લ્યુ ટુથમાં એક ગીત સંભળાઈ રહ્યું હતું :

**"ઓ દૂર કે મુસાફિર... હમ કો ભી સાથ લે લે... હમ રહ ગયે અકેલે... ઓ દૂર કે મુસાફિર..."**

*એએ-૧૭, સાંઇકૃપા બંગ્લોઝ, રાજરત્ન સોસાયટી નજીક,*
*ઝાડેશ્વર, ભરૂચ - ૩૯૨ ૦૧૧.*
*મો. ૯૯૨૫૦ ૯૩૪૩૮, ૯૪૨૭૧ ૧૫૦૫૩*

## અધિકાર (લઘુકથા)

'મમ્મી, મારી ઘડિયાળ, પેન, પાકિટ, મોબાઇલ... બધું ક્યાં ગયું? અહીં તો મૂક્યું'તું?'

'તો ત્યાં જ હશે બેટા! અને હા... હવે આ બધું મને નહીં, તારી વહુને પૂછવાનું. વંદના વહુ, ધવલે કહ્યું એ સાંભળ્યું?'

'મને શી ખબર?'

'તો ખબર રાખતા શીખો... જવાબદારી સંભાળો હવે.'

બીજા દિવસે સાસુમાએ ચાવીઓનો ઝુડો વંદના વહુને સોંપતા કહ્યું, 'લ્યો, સંભાળો. જો જો ક્યાંય ખોવાઇ ન જાય, જવાબદારીનું કામ છે!'

વંદના તો રાજીની રેડ થઇ ગઈ. કેડમાં ઝુડો એવી રીતે ભરાવે કે જોનાર મહિલાઓની નજર પ્રથમ ત્યાં જ પડે!

બાજુવાળા શ્વેતાભાભીએ તો કહી જ દીધું, 'વંદના, ચાવીનો ઝુડો મુબારક હો! તું ખૂબ નસીબદાર હોં! આટલી નાની ઉંમરે... તારા સાસુ ભલા માણસ હોં...!'

'હા, તમારી વાત સો ટકા સાચી. મારા સાસુ એટલે મારા સાસુ! એમની તોલે કોઈ ન આવે.' વંદના સાસુમાની પ્રશસ્તિમાં રાચતી.

એક દિવસે તિજોરી ખોલવા જતી હતી ત્યાં જ સાસુમાએ રોકી. 'વંદના વહુ શું કરો છો?'

'તિજોરી ખોલું છું.'

'લાવો, ઝુડો મને આપો. હજુ તિજોરી અને કબાટ ખોલતા મને આવડે છે... ઝુડો ભલે તમે સાચવો, ખોલવાનું કામ મારું!'

વંદનાની નસોમાં વહેતું લોહી જાણે થીજી ગયું!

***આબિદ ભટ્ટ***
*નિર્ઝર, મદીના મસ્જિદ રોડ, પોલો ગ્રાઉન્ડ,*
*હિંમતનગર-૩૮૩ ૦૦૧. (જિ. સાબરકાંઠા)*
*મો. ૯૪૦૯૦ ૨૨૧૩૦*

*મારી પાસે સંપત્તિ જેમ જેમ વધતી ગઈ છે તેમ તેમ મારા મિત્રોની સંખ્યામાં ઘટાડો અને દુશ્મનોની સંખ્યામાં વધારો થતો જ ગયો છે. સદ્‌ગુણો મારી પાસે જેમ જેમ વધતા જાય તેમ તેમ મારા ચાહકોની સંખ્યામાં વધારો અને દુશ્મનોની સંખ્યામાં ઘટાડો થાય તેમ છે એ બાબતમાં મને કોઈ જ શંકા નથી અને છતાં સંપત્તિ ઘટાડવા હું તૈયાર નથી, સદ્‌ગુણો વધારવા હું તત્પર નથી. મારી આ મૂર્ખાઈનું કરવું શું?*



નવલિકા

# અમે ઉડણ ચરકલડી રે...



નટવર આહલપરા

ઘણા વખત પછી મનોનૌકા હાલકડોલક થવા લાગી. સોસાયટીના એક તરફના ખૂણામાં આવેલા બંગલાની ઓસરીમાં આરામ ખુરશી નાખીને બેઠેલી મનીષાનું હૈયું બેચેન થઈ ઊઠ્યું. નાની છોકરીઓ સાથે તે રમવા આવી ચડી હતી અને આ છોકરીઓની રમતો જોઈને મનીષાનું મન ગમ્મતે ચડી ગયું હતું. આડી અવળી રમતો. છોકરીઓએ નવી રમત શરૂ કરી. ચાર-પાંચ છોકરીઓ ફરતી ફરતી ગાતી હતી :

***"અમે દાદાની દીકરીઓ, અમે કાલે ઊડી જાવાની રે."***

છોકરીઓને મન તો રમત હતી. હસતી-ગાતી, ફેરફુદરડી ફરતી દોડી જતી હતી. પરંતુ મનીષાની આંખમાં અણધાર્યા આંસુ ધસી આવ્યા. આંસુઓનું ઘૂઘવતું ઘોડાપુર પાંપણના બંધ તોડીને ધસમસવા લાગ્યા. પાછળ આવી ઊભેલી મોનિકા તરફ તો મનીષાનું ધ્યાન ક્યાંથી હોય? પણ જ્યારે મોનિકાએ છોકરીઓને ધમકાવી કાઢવા માંડી ત્યારે મનીષા ઝબકી ઉઠી અને ઝટપટ પાલવની આંખને કોરી કરવાનો પ્રયાસ આદર્યો. **માણસ સદાય હસતો રહેતો હોય, તેને ઘણું દુઃખ પણ હોય છે.**

મનીષાએ માધવી ઉપર ખોટી ચીઢ કરી : 'લુચ્ચી, આમ ક્યારની ઊભી છે? કોઈ માણસ એકાંતમાં બેઠું હોય ત્યારે તેના એકાંતમાં ભંગ ના પડાય હોં.' મોનિકા દુઃખભર્યું હસીને બોલી : 'મારા લાડલા નણંદબા, તમે એકાંતમાં બેઠા હો, ત્યારે તો હું કદીય ન આવું. પણ જ્યારે મને લાગ્યું કે એકાંત અતીતમાં પરિણમીને આંખોને હેરાન કરે છે ત્યારે જ હું આવી. અવિનય બદલ ક્ષમા ચાહું છું, નણંદબા મારા!'

મનીષા અને મોનિકા આમ તો નણંદ-ભોજાઈ. પરંતુ બંને વચ્ચેનાં હેત-પ્રીત બે બહેનોથી પણ વિશેષ હતા. તેથી જ તો ક્યારેક આવો મીઠો ઝઘડો કરી લેતા.

'ચાલ મનીષા, આપણે અંદર જઈને કોફી બનાવીએ.'

'ભાભી, હું અહીં જ બેઠી છું. તમે જ મને એક આખી કિટલી ભરીને કોફી બનાવી લાવો. ભૈયા આવશે ત્યાં સુધી અહીં એમની વાટ જોતા બેસીશું. પછી ત્રણેય અંદર જાશું.'

મનીષાના પપ્પા મોહનલાલ એક રિટાયર્ડ આઈ.એ.એસ. ઓફિસર હતા. હજુ ચાર મહિના પહેલા જ એકની એક દીકરીના વૈધવ્યનો કારમો આઘાત ન જીરવાતાં એમનું અવસાન થયું હતું. મનીષાની મમ્મી ભારતીબહેન આજથી દસ વર્ષ પહેલાં ગુજરી ગયા હતા.

મનીષાનો ભાઈ અસિત ભણવામાં મનીષા જેટલો જ હોંશિયાર હતો. એમ.બી.એ.ની ડિગ્રી મેળવીને તે એક ખૂબ જ નામાંકિત કંપનીમાં એક્ઝિક્યુટિવની પોસ્ટ ઉપર હતો.

મનીષા તો ખરેખર મનીષા જ હતી. એક નાનકડી હોડી જેવી રમતિયાળ. કિનારે બંધાયેલી હોવા છતાં નદીના પ્રવાહ અને પવનના સંગાથે કિનારો છોડીને ભાગી નીકળવાની હોય તેમ. મનીષા ફક્ત એક જ વર્ષ માટે ડૉ. મનીષા થતા થતા રહી ગઈ. તે ફાઈનલ એમ.બી.બી.એસ.માં હતી. તેનો પરિચય એક સીધાસાદા પુણ્યશાળી ધનિક પુત્ર સંજય સાથે થયો. પુણ્યશાળી એટલા માટે, કે તેના પૂર્વભવના સંસ્કારો તેને ધનના ઢગલામાં આળોટતો હોવા છતાં સ્વચ્છંદી અને ઉચ્છૃંખલ બનાવતા ન હતા. સદાય ડોક્ટરોને પસંદ એવા શ્વેત રંગના સ્કુટર ઉપર શાંત ગતિએ આવતો અને જતો. સહાધ્યાયીઓ સાથે ખાસ ભળતો પણ નહીં. પરંતુ હા, તમને ભણવામાં સમજ ન પડી હોય અને તમે પૂછો તો તમને ખૂબ જ સારી રીતે સમજાવે. અસિતમાં નામ જેવા જ ગુણ હતા. કેન્ટિનમાં બેઠેલા દોસ્તોની સાથે મજાક-મશ્કરીમાં શર્ત થતાં, મનીષા, અસિતને મળવા તૈયાર થઈ ગઈ. પછી તો મનીષા યેનકેન પ્રકારે અસિતની નજીક જતી. નજીક જવા માટેના બહાના શોધતી. અંતે અસિતના હાલ વિશ્વામિત્ર જેવા થયા. મજાક-મશ્કરીની વાતમાં ને વાતમાં મનીષા પરિચયમાંથી પરિણયમાં પહોંચી ગઈ. સાચે જ મનીષા પ્રેમમાં હતી, પ્રેમમય બની ગઈ હતી. અસિત પણ...!

અને એક દિવસ મનીષાએ તેના પપ્પાને પણ વાત કરી હતી : 'પપ્પાજી, મારા માટે તમે મુરતિયો શોધવાની નાહક દોડધામ કરશો નહીં.'

પછીના દિવસે મનીષા અસિતને લઈને ઘેર આવી હતી. તેના પપ્પા અને મોટાભાઈ સાથે મુલાકાત કરાવી હતી. મોહનલાલ છોકરીની પસંદગી ઉપર ખુશ હતા. ખાનગી વાતોને સહી-સિક્કા થયા. મનીષા - અસિત પ્રેમી મટી દંપતિ બનવા તરફ એક કદમ આગળ વધ્યા.

પણ માણસ ધારે છે કાંઈ અને ભગવાન કરે છે કાંઈ! એક દિવસ મનીષા અને અસિત સ્કુટર ઉપર ફરવા નીકળ્યા.

મનીષાએ કહ્યું : 'ચાલને, આજે આપણે હાઈવે ઉપરના પેલા આશ્રમમાં જઈએ. નદી-કિનારાવાળા બાંકડા ઉપર બેસીશું. સૂર્યાસ્ત થયા પછી નીકળીશું.'

બંને પહોંચ્યા આશ્રમ ઉપર. આશ્રમમાં જઈને રાધાકૃષ્ણના મંદિરે દર્શન કરવા ગયા. દર્શન કરીને બહારના આરસના ઓટલે બેઠા. આરસના ઓટલા આજે કાયમ કરતા ઘણા ઠંડા હતા. ખરેખર વાતાવરણ સાવ અલગ અલગ લાગતું હતું. સૌમ્ય હતું. સૂરજનાં

કિરણો આશ્રમમાંના લીમડા, આસોપાલવ, વડ, કરેણ, કેળ વગેરેની છાયાઓ લાંબી કરતા જતા હતા. મનીષા - અસિત ઓટલા પરથી ઉઠીને તેમના કાયમના બાંકડે ગયા. હાઈવેથી અડધો માઇલ અંદર નદી કિનારે આશ્રમ હતો. નદી કિનારાવાળી બાજુ પર નદીથી ત્રણ માથોડા ઊંચું પ્લેટફોર્મ બનાવેલ હતું. ત્રણ બાજુ રેલિંગ બનાવી હતી. રેલિંગને અડીને હરિ ભક્તોએ બાંકડા ચણાવ્યા હતા. અસિત રેલિંગને અઢેલીને ઊભો હતો.

સંધ્યાના આછા ગાઢ કિરણોનો લેપ મનીષાના મોઢા ઉપર પડતો જોઈ રહ્યો. **બાંકડા ઉપર થઇને કપાઇને જતો પોતાનો પડછાયો નિહાળી રહ્યો. બંને શાંત હતા. સામે દૂર નદીના પાણીમાં નારંગી રંગનો સૂરજ શરમથી લાલ થઇ ગયો હોય તેમ લાગતું હતું.** પોતાની સાથે નદીનાં પાણીને પણ કેસરી રંગના બનાવી દીધા હતા. સૂરજ અડધો બહાર હતો. નાની નાની કોક-કોક વાદળી ડૂબતા સૂરજને હેરાન કરી રહી હતી. ધીરે ધીરે અંધારું છવાવા લાગ્યું. બંને જણા ઊભા થયા. પ્લેટફોર્મનાં પગથિયા ઉતરતા હતા, ત્યાં જ આશ્રમ મંદિરમાં સંધ્યા આરતીનો ઘંટારવ થયો. મનીષાના આગ્રહને વશ થઇ અસિત પણ આશ્રમવાસીઓ સાથે આરતીમાં જોડાયો. આરતી સમાપ્ત થઇ. પ્રસાદ લઇને ઘર તરફ આવવા અસિતે સ્કુટરને કીક મારી. આશ્રમની હદ વટાવી, નાની કેડી જેવા રસ્તા પરથી તે હાઈવે પર સ્કુટર લાવ્યો. મંથર ગતિએ સ્કુટર ચાલતું હતું. તમરાનું સંગીત સાથ પૂરાવતું હતું. પણ સ્કુટરના અવાજમાં અવાજ દબાઈ જતો હતો. એક ટ્રક તેજના લીસોટા અને કાન ચીરી નાખે તેવું હોર્ન વગાડતી સડસડાટ નીકળીગઈ. મનીષાનો હાથ અસિતના ખભા ઉપર વધુ પકડ આપતો હતો. ત્યાં જ સામેથી એક યમદુત સમી ટ્રક ધસમસતી આવીને અસિતને સ્કુટરને જોરદાર ટક્કર મારી, નીચેના નાળામાં પલટી ખાઈ ગઈ. ડ્રાઈવર અને ક્લિનર ભાગી છુટ્યા. ટ્રકના પાછળના ભાગમાં બેઠેલા મજૂરોમાંથી ત્રણ-ચાર જણા ટ્રક નીચે ભરાઈ ગયા હતા. તેમાં બે જણા રામશરણ થયા. બાકીના બચેલાઓ બૂમાબૂમ કરવા લાગ્યા. ટ્રકની હેડલાઇટોનું અજવાળું દૂર સુધી પ્રકાશ ફેંકીને બંધ થઇ ગયું. મનીષા ઉથલીને પાસેના ખેતરની વાડ પાસે પડી હતી. બેહોશ થઇ ગઈ હતી. અસિતની ખોપડી તડબુચની જેમ ફાટી ગઈ હતી. આંખો તથા જીભ બહાર નીકળી ગયા હતા. નસીબજોગે ત્યાંથી પસાર થતી હાઈવે પોલીસ પેટ્રોલિંગની કાર નીકળી અને મનીષા તેમજ મૃત અસિતને લઇને જરૂરી કાગળો કરી સિવિલ હોસ્પિટલમાં આવી. સતત ત્રણ દિવસ મનીષા બેહોશીમાં રહી. ડોક્ટરે આપેલી આયુષ્યની ૭૨ કલાકની અવધિ મનીષાએ પૂરી કરી. બેહોશીમાંથી ભાનમાં આવતા મનીષાના હોઠ અ...સિ...ત નો જ ફફડાટ કરતા હતા. ઘરના સભ્યોને એક જ વાતની ચિંતા સતાવતી હતી કે અમારે કયા મોઢે મનીષાને કહેવું કે તારો અસિત હવે આ દુનિયામાં નથી. અમે તેના પાર્થિવ દેહને અંતિમ મંઝિલે પણ પહોંચાડી દીધો છે.

મનીષાના ડાબા પગની ઢાંકણીના ચૂરેચૂરા થઈ ગયા હતા. કમરમાં તથા માથાની પાછળના ભાગમાં પણ મૂઢ માર લાગ્યો હતો. ડોક્ટરે ધીમે ધીમે મનીષાને બધી વાત કરી. મનીષા બહાવરી બની ગઈ હતી. ખાવાપીવાનું પણ છોડી દીધું. ડોક્ટરો તેને ઘેનમાં નાખીને પ્રવાહી ખોરાક આપતા. પંદર દિવસ બાદ તેની ડાબી ઢાંકણી સંપૂર્ણપણે કાઢી નાખવામાં આવી. તેના સ્થાને સ્ટીલની ઢાંકણી મૂકી. મનીષા આખો દિવસ સૂનમુન જ રહેતી હતી. હસતી, રમતી, નાચતી મનીષાની હાલત જોઈને મોહનલાલ મનોમન ભાંગી પડ્યા હતા. તેમાંય દીકરીનું વૈધવ્ય ન જીરવી શક્યા. અસિતના અવસાનના એક મહિના બાદ એક રાત્રે અસિત-મનીષાની તસવીર હાથમાં હતી ને તેઓ આરામ ખુરશીમાંથી મોટા ગામતરે ચાલી નીકળ્યા. હાલકડોલક મનીષાને સંજય - મોનિકાના સહારે છોડીને...!

બે વજાઘાત મનીષાના નાજુક હૃદયને ઝીલવા પડ્યા. વીસ-બાવીસની યુવતી કેટલું સહન કરી શકે? અને આ તો અપંગ યુવતી. દિવસો વીતીને મહિના થયા. આજે એ પ્રાણઘાતક અકસ્માતને છ મહિના પૂરા થયા. મનીષાને તેની જ કોલેજના પ્રોફેસર અને તેની ઢાંકણીનું ઑપરેશન કરનાર ડોક્ટરે ઘોડીની મદદથી ચાલવાનું કહ્યું હતું. બીજાના હાડકાંના દર્દોનું નિવારણ કરવાના સ્વપ્ન સેવતી મનીષા ઓર્થોપેડિક સ્ટુડન્ટ હોવાની સાથોસાથ એક દર્દી હતી. ઘરનાં સભ્યોની સાંત્વનાના ફળસ્વરૂપ હવે તેણી જાતે ઘોડીની મદદથી ચાલી શકતી હતી. ડોક્ટર સાહેબે હોસ્પિટલમાંથી તેને રજા આપી. મનીષા ઘેર આવીને મંદિરમાં રાખેલી રાધા કૃષ્ણની મૂર્તિ સમક્ષ તેણે અધૂરૂં રહેલું વર્ષ પૂરું કરીને ડોક્ટર બનવાની પ્રતિજ્ઞા લીધી.

આજે સવારે મોનિકા - મનીષાને પોતાને ટેકે આરામખુરશી સુધી મૂકી ગઈ હતી. તે ઝબકી ગઈ. મોનિકા તેને ઢંઢોળી રહી હતી. મનીષાની નજર સમક્ષથી ગોઝારો અતીત પસાર થઇ ગયો અને તે સાંપ્રતમાં આવી.

‘એય મનીષા, શું કરવા તું તારી જાતને ભૂતકાળમાં ઢસડી જઈને કષ્ટ આપતી હોઈશ? પગલી, દુઃખ તો દ્રૌપદીને પણ વેઠવું પડ્યું હતું ને સીતાને પણ! જો હવે તું, આ રીતે ફરીવાર વિચારમાં ઉતરી ગઈને તો...’


‘તો શું? એય ભાભી, મારી મીઠી ભાભી, બોલોને? તો શું?’

‘તો... તો... તો... હું તને આખી કિટલી ભરીને કોફી પીવડાવી દઈશ..

મોનિકા રસોડામાંથી કોફી બનાવીને લાવી હતી. બને મજાક મશ્કરી કરતા રહ્યા. ત્યાં સંજય આવ્યો. રોજ કરતાં આજે તે વહેલો હતો. ત્રણે જણાએ સાથે કોફી પીધી.

અસિતના આત્માને શાંતિ અને મનીષાના મનની શાંતિ માટે સંજય - મોનિકા - મનીષા હાથમાં ફૂલની થાળી અને અગરબત્તી લઇને આશ્રમના મંદિરમાં જવા નીકળ્યા. ત્યારે સામેથી છોકરીઓ દોડતી - ઉડતી આવતી હતી અને ગાતી હતી : ***“અમે દાદાની દીકરીઓ, કાલે ઉડી જાવાની.”***

*‘શ્રી પવનતનય’ - ૩, વિમલ નગર,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.*
*ફોન : (૦૨૮૧) ૨૫૬૧૦૫૧ મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨*



સૃષ્ટિ

# પાનખર



હરીશ પંડ્યા

પાનખર એટલે પાન ખરવાની મોસમ. વૃક્ષોની ડાળીઓ પરથી ખરેલાં પીળાં પર્ણોની નીચે ધરતી પર ચાદર પથરાય છે. પવનની લહેરખી સાથે અહીં - ત્યાં અથડાતા પર્ણોનો ખળખળ અવાજ કાનમાં ચચરાટ પેદા કરે છે. પર્ણો વગરની વૃક્ષની ડાળીઓ નિસ્તેજ દેખાય છે. પંખીઓ ટહુકવાનું જાણે ભૂલી જાય છે. વૃક્ષની ઉદાસી જાણે સાંજના સૂર્યને પણ ડસી ગઈ હોય એમ પીળાશ પડતો ફિક્કો તડકો માનવીને ઉદાસ બનાવી રહે છે.

પાનખર માણસને પણ અલગ પ્રકારે અસર કરે છે. માણસમાં સુસ્તી અને આળસ જગાવે છે. કોઈ કાર્યમાં રસ કે ઉત્સાહ, આનંદ જોવા મળતો નથી. પાનખરે જાણે સમગ્ર સૃષ્ટિની ચેતનાને બાનમાં રાખી લીધી હોય એવું લાગે છે. વહેતા ઝરણાનો ખળખળ નાદ પણ માણસના હૃદયને રોમાંચિત કરતો નથી. ક્યારેક તો કવિના સર્જનમાં પણ ઉદાસી અને વિષાદ છાના-છપનાં પ્રવેશી જતા હોય છે.

ઘણીવાર માણસને કાર્યમાં સફળતા નથી મળતી કે સ્વજનોમાં કડવાશ કે નારાજગી ઊભી થાય તો પણ પાનખરને દોષ આપી બેસે છે. પણ આ ઉચિત નથી જ.

**સૃષ્ટિના સર્જનહારે જે કુદરતી ક્રમ સર્જ્યો છે એને પણ આપણે હસતા હસતા વધાવવો જોઈએ.** જેમ માનવીના જીવનમાં વૃદ્ધત્વ પછી મૃત્યુ આવે છે, એમ કાળક્રમે ખરવાનો અને ખીલવાનો ક્રમ તો ચાલતો જ રહે છે. **જીવનમાં તડકો - છાંયો એટલે કે સુખ અને દુઃખ આવ્યા જ કરે છે. એ પ્રમાણે કુદરતમાં પણ પરિવર્તન થયા જ કરે છે.**

કુદરતનો આ ક્રમ સુચારૂ રૂપે ચાલે છે. એટલે સ્તો પીળા અને જીર્ણ પર્ણો ડાળીથી ખરે છે અને પછી એ જ ડાળી ઉપર નવી કુંપળો ફૂટે છે. જો પાનખર આવે જ નહીં તો પીળા પર્ણો સામે જોવું કોને ગમે?

આપણે કહી શકીએ, કે પાનખર એ વસંતના પ્રવેશ માટેની પૂર્વતૈયારી કરી આપે છે. કુંપળોમાંથી લીસા પર્ણો ફૂટે છે. પવનમાં પર્ણોની ફરફર વાતાવરણમાં સુમધુર સંગીતના સૂરો વહાવી રહે છે. વૃક્ષો લીલાછમ બને છે. પંખીઓ ફરી નવા માળાઓ રચે છે. પંખીના કલરવે વૃક્ષ ઝુમી ઉઠે છે. વાતાવરણ પણ ફૂલોની ફોરમથી સુરભિત થઇ ઉઠે છે અને માનવ જીવનમાં પણ નવી આશા અને ઉત્સાહનો સંચાર થતો જોવા મળે છે.

આમ, પાનખરનું મહત્ત્વ પણ ઓછુ આંકવા જેવું નથી જ.

*ડી-૧, ત્રિલોચન સોસાયટી,*
*ઘોઘા જકાત નાકા પાસે, રિંગ રોડ,*
*સુભાષનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧. મો. ૯૪૨૮૪ ૦૧૬૨૭*

## THANK YOU! WEL COME!!

એક વાત તો નિશ્ચિત જ છે કે પોતાને જે કાંઈપણ દુઃખ આવે છે તેમાં વાંક પોતાના પૂર્વ પાપોનો જ હોય છે, અન્ય કોઇનોય નહીં. જે અન્ય કોઈ દુઃખ આપતા જણાય છે, તે તો માત્ર નિમિત્તરૂપ જ છે. તેમાં તેમનો કાંઈ જ દોષ નથી. તે તો આપને, આપના પાપથી છોડાવવાવાળા જ છે. છતાં આવી સમજણ ન હોવાથી, આપને નિમિત્ત પ્રત્યે જરાપણ રોષ આવે, તો ફરીથી આપને પાપનું બંધન થાય છે કે જે ભવિષ્યના દુઃખોનું જનક (કારણ) બને છે. **આજ રીતે અનાદિથી આપણે દુઃખો ભોગવતા, નવા દુઃખોનું સર્જન કરતા રહ્યા છીએ અને અત્યારે પણ કરી રહ્યા છીએ.** માટે આવા અનંત દુઃખોથી છુટવાનો માત્ર એક જ માર્ગ છે કે દુઃખના નિમિત્તને હું ઉપકારી માનું કારણકે તે મને પાપથી છોડાવવામાં નિમિત્ત થયેલ છે. તે નિમિત્તનો જરાપણ વાંક-ગુનો ન ચિંતવું પરંતુ પોતાના પૂર્વ પાપો જ, **અર્થાત્ પોતાના જ પૂર્વના દુષ્કૃત્યો જ વર્તમાન દુઃખનું કારણ છે.** તેથી દુઃખ વખતે એમ ચિંતવવું કે – (૧) “ઓહો! મેં આવું દુષ્કૃત્ય કરેલું! ધિક્કાર છે, મને ધિક્કાર છે! મિચ્છામિ દુક્કડં, મિચ્છામિ દુક્કડં!! (આ છે પ્રતિક્રમણ). (૨) હવે હું નક્કી કરું છું કે આવા કોઈ જ દુષ્કૃત્યનું આચરણ હવે પછી કદી નહીં જ કરું! નહીં જ કરું! (આ છે પ્રત્યાખ્યાન) અને (૩) પોતાના દુઃખના કારણ તરીકે અન્યોને દોષિત જોવાનું છોડી, પોતાના જ પૂર્વે કરેલા ભાવો અર્થાત્ પૂર્વના પોતાના જ પાપ કર્મોનો જ દોષ નિહાળી, અન્યોને તે પાપોથી છોડાવવાવાળાં સમજીને, ઉપકારી સમજીને ધન્યવાદ આપો (THANK YOU! WEL COME!) કે જેથી શાંતિ / આનંદ મળશે અને નવા પાપથી બચાશે.

*CA જયેશ મોહનલાલ શેઠ*

***NOTE : E-Book (સુખી થવાની ચાવી) can be downloaded from www.jayeshsheth.com***



માતૃપ્રેમ

# ‘વંદે માતરમ્’ના રચયિતા બંકીમબાબુ



બી.જી. કાનાણી, પ્રિન્સિપાલ

*બંગાળના પ્રખર સાહિત્યકાર બંકીમ ચેટરજી તો ભારતના ઋષિ છે.*

*– મહર્ષિ અરવિંદ ઘોષ*

સ્વાતંત્ર્ય સંગ્રામનો મુક્તિમંત્ર **‘વંદે માતરમ્’ના રચયિતા શ્રી બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય**નો જન્મ સને ૧૯૩૮ના જૂન માસની ૨૬મી તારીખના શુભ દિને થયો હતો. જન્મ સ્થળ કલકત્તા પાસેનું કટાલપાડા ગામ. તેમના પિતા યાદવચંદ્ર ચટ્ટોપાધ્યાય ડેપ્યુટી કલેક્ટર હતા. બંકીમબાબુ ઉચ્ચ કાયદાની પરીક્ષા પાસ કરી ન્યાયાધીશ બન્યા હતા. પછી ડેપ્યુટી કલેક્ટર પણ બન્યા હતા. એમનું પ્રામાણિક, ન્યાયપૂર્ણ, સદાચારી જીવન સમગ્ર બંગાળમાં આદરપાત્ર બન્યું હતું. તેમણે ક્રાંતિકારી વિખ્યાત **નવલકથા ‘આનંદમઠ’** લખી છે. તેમાં ‘વંદે માતરમ્’ નામના ક્રાંતિના પ્રેરક અજાયબ ગીતનો સમાવેશ થાય છે. ‘વંદે માતરમ્’ ક્રાંતિ ગીત સંસ્કૃત ભાષામાં રચાયું છે. આ ઐતિહાસિક ઘટના ઈ.સ. ૧૮૭૫માં થયેલ હતી. આ ક્રાંતિ ગીત સૌપ્રથમ ડિસેમ્બર ૧૮૭૭માં **‘બંગ દર્શન’ માસિકમાં** પ્રસિદ્ધ થયું હતું. આ અદ્‌ભુત અને અજોડ ગીત કવિવર ટાગોરને એટલું બધું ગમી ગયેલું કે સને ૧૮૯૬માં કલકત્તામાં યોજાયેલ કોંગ્રેસ અધિવેશનમાં જાતે સ્વરબધ્ધ કરીને સભાના મંચ પરથી રજૂ કરેલ. ‘વંદે માતરમ્’નો જયઘોષ અનેક નવલોહિયા યુવાનોને પોતાના પ્રાણની આહૂતિ આપવાની પ્રેરણા આપનાર બન્યો હતો. અનેક યુવાનોએ કોલેજ છોડી, બ્રિટીશ સરકારની નોકરી છોડીને સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાવાની પ્રેરણા ‘વંદે માતરમ્’ ક્રાંતિ ગીતમાંથી મેળવી હતી. શહીદ ભગતસિંહે ફાંસીની સજા વખતે ફાંસીનો ગાળિયો પોતાના સ્વહસ્તે અને હસતે મુખે ગળામાં નાખી ‘વંદે માતરમ્’નો બુલંદી નાદ કરીને ફાંસીએ ચડેલ.

**મહર્ષિ અરવિંદ ઘોષે** ‘વંદે માતરમ્’નો સને ૧૯૦૬માં અનુવાદ કરેલ. આ કારણે ‘વંદે માતરમ્’નો ઉલ્લેખ એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકામાં કરવામાં આવ્યો છે. જેથી ‘વંદે માતરમ્’ જગપ્રસિદ્ધ ક્રાંતિગીત બની ગયેલ. ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવ વખતે બંકીમબાબુ વીસ વરસના નવયુવાન હતા. માતૃભૂમિ હિંદની આઝાદી એમનો જીવનમંત્ર હતો. **અંગ્રેજ સરકારે ‘વંદે માતરમ્’ ક્રાંતિગીત અને ‘આનંદમઠ’ નવલકથા જપ્ત કરી પ્રતિબંધ લાદેલ.** સને ૧૮૭૨થી ૧૮૯૪ – મૃત્યુ પર્યંત તેઓ બંગાળના સાહિત્ય જગત પર છવાયેલા રહ્યા હતા. ‘દુર્ગેશ નંદિની’, કપાલ કુંડલા, મૃણાલીની, વિષવૃક્ષ, કૃષ્ણકાંતનું વિલ, આનંદમઠ, દેવીઓધારણી વગેરે નવલકથાઓ તથા કેટલાય નિબંધો તેમણે આપેલા છે. આજે પણ ભારતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રાર્થનામાં ‘વંદે માતરમ્’ રાષ્ટ્રીય ગીત ઉત્સાહથી વિદ્યાર્થીઓ - વિદ્યાર્થિનીઓ ગાય છે અને રાષ્ટ્રપ્રેમ પ્રદર્શિત કરે છે. છેલ્લા વિશ્વ સર્વેક્ષણ પ્રમાણે રાષ્ટ્રીય ગીતોની લોકપ્રિયતામાં ‘વંદે માતરમ્’ વિશ્વમાં બીજું સ્થાન ધરાવે છે.

*‘વંદે માતરમ્’ ક્રાંતિગીત વિના ભારતીય સ્વાતંત્ર્ય અને રાષ્ટ્રવાદની ઓળખ અધૂરી છે.*

*– પ્રખ્યાત સાહિત્યકાર કાલિપદ*

આવા અનન્ય અને અનુપમ યુધ્ધગાન, ઈન્કલાબી ગાન, ક્રાંતિગાન, સ્વાતંત્ર્ય ગાન ‘વંદે માતરમ્’ અને તેના સર્જક શ્રી બંકીમબાબુને કોટિ કોટિ વંદન.

*પ્રિન્સિપાલ,*
*શ્રી ઉમિયાજી મહિલા કોલેજ - ધ્રોલ*

## ‘મંગલ મંદિર’ – કોઈપણ બાબત સંબંધી સંપર્ક સૂત્ર

*‘મંગલ મંદિર’ સંબંધી કોઈપણ પ્રશ્નો, પૂછપરછ - તપાસ જેમ કે સામયિકના અંકો ન મળવા, સરનામા-ફેરફાર, વિજ્ઞાપન, લવાજમ, ડિજિટલ માધ્યમની કોઈપણ બાબત, સમાજ દર્પણ, સંસ્થા સમાચારમાં પ્રકાશિત કરવાની કોઈપણ વિગતના સંદર્ભમાં ‘મંગલ મંદિર’ માસ ઓક્ટોબર-૨૦૨૧ના પાના નંબર-૪૨ ઉપર જે નોંધ પ્રકાશિત થઈ છે, તેને રદ ગણીને હવે પછી નારાયણભાઈ (મો. ૮૫૧૧૩ ૭૨૨૮૮) અથવા તો સમાજ કાર્યાલયના નંબર : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ / ૨ / ૩ / ૪ પર સંપર્ક કરવા અનુરોધ છે.*

*– તંત્રી મંડળ*



નોલેજ બૅંક

# ગુજરાતી સાહિત્ય નોલેજ બૅંક – (૮)

**(વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી)**



રમેશ પટેલ, લેખક-કવિશ્રી

## સામાન્ય જ્ઞાન

- કુમારપાળે કોની પ્રેરણાથી જૈન ધર્મનો સ્વીકાર કર્યો હતો? (હેમચંદ્રાચાર્ય)
- ‘સુંદરમ્’ તખલ્લુસ કોનું છે? (ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર)
- સયાજીરાવ મ્યુઝિયમ ક્યાં આવેલું છે? (વડોદરા)
- નેશનલ ડેરી ડેવલપમેન્ટ કોર્પોરેશનનું વડું મથક ક્યાં આવેલું છે? (આણંદ)
- ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણીનું મૂળ વતન કયું? (ચોરવાડ, જિ. જૂનાગઢ)
- ડાંગ જિલ્લાનું વડું મથક કયું છે? (આહવા)
- ગુજરાતમાં સૌપ્રથમ ‘રેડિયો કેન્દ્ર’ કોણે શરૂ કરાવ્યું હતું? (મહારાજા સયાજીરાવ ગાયકવાડ - વડોદરા)
- સાબર ડેરીની સ્થાપના કોણે કરી હતી? (ભોળાભાઈ ખોડીદાસ પટેલ)
- જૂનાગઢમાં ઉપરકોટના કિલ્લામાં કઇ વાવ જોવાલાયક છે? (અડી કડીની વાવ)
- પાવાગઢમાંથી નીકળતી એક નદીનું નામ કયા ઋષિના નામ પરથી પડ્યું છે? (વિશ્વામિત્ર)
- ‘કૉટન જીન’ની શરૂઆત અમદાવાદમાં સૌપ્રથમ કોણે કરી હતી? (ત્રિભુવન શેઠ)
- ચાવડા વંશના રાજાઓની રાજધાની કઈ હતી? (પંચાસર)
- હેમચંદ્રાચાર્યે સ્થાપેલું ‘જ્ઞાનમંદિર’ ક્યાં આવેલું છે? (પાટણ)
- ભારત-પાકિસ્તાનના ભાગલા પછી બંને દેશોની મિલ્કત અને જવાબદારીઓની વહેંચણીમાં કયા ગુજરાતીએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી? (એચ. એમ. પટેલ)
- લોકભારતી (સણોસરા) દ્વારા ઘઉંની કઈ નવી જાત વિકસાવવામાં આવી છે? (લોકવન)
- અંબાજીની નજીકમાં આવેલું કયું સ્થળ તેની આરસની અદ્દ્ભુત કોતરણી માટે જાણીતું છે? (કુંભારિયાનાં દેરાં)
- આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના સિદ્ધાંત પર કયા ગુજરાતી ગણિતજ્ઞએ સંશોધન કાર્ય કર્યું હતું? (ડૉ. પી.સી. વૈદ્ય)
- ‘જ્યાં સુધી ગુજરાતી ભાષાને ગૌરવ નહીં મળે ત્યાં સુધી પાઘડી નહીં પહેરું’ – આ પ્રતિજ્ઞા કોણે લીધી હતી? (કવિ પ્રેમાનંદ)
- ગાંધીજીએ કઈ કોલેજમાં અભ્યાસ કર્યો હતો? (શામળદાસ કૉલેજ, ભાવનગર)
- ગાંધીજી કઈ કંપનીની તરફેણમાં કેસ લડવા દક્ષિણ આફ્રિકા ગયા હતા? (દાદા અબ્દુલ્લા એન્ડ કંપની)
- ગુજરાતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિના આદ્યપ્રણેતા કોણ હતા? (મહર્ષિ અરવિંદ)
- ગુજરાતના કયા જિલ્લામાં ઘોરાડ પક્ષી જોવા મળે છે? (કચ્છ)
- અમદાવાદમાં ‘મજૂર મહાજન સંઘ’ની સ્થાપના કોણે કરી હતી? (મહાત્મા ગાંધી)
- ગુજરાતી ભાષાના પ્રથમ કોશકાર કોણ હતા? (કવિ નર્મદ (ઇ.સ. ૧૮૭૩))
- ઇંગ્લેન્ડ જનાર સૌપ્રથમ ગુજરાતી સાહિત્યકાર કોણ હતા? (મહિપતરામ નીલકંઠ)
- ‘અટિરા’નું પૂરું નામ શું છે? (અમદાવાદ ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ રિસર્ચ એસોસિએશન)
- ઔદ્યોગિક વિકાસની દૃષ્ટિએ ગુજરાતનું કયું શહેર પ્રથમ ક્રમે છે? (અંકલેશ્વર)
- ‘જય જય ગરવી ગુજરાત’ કાવ્યરચના કોની છે? (કવિ નર્મદ)
- ‘ઇન્દ્રોડા પાર્ક’ (પ્રાણીસંગ્રહાલય) ક્યાં આવેલું છે? (ગાંધીનગર)
- ‘લોથલ’ની શોધ કયા પુરાતત્ત્વશાસ્ત્રીએ કરી હતી? (ડૉ. એસ.આર. રાવ)
- ‘સરસ્વતીચંદ્ર’ મહા નવલના લેખક કોણ છે? (ગોવર્ધનરામ ત્રિપાઠી)
- ગુજરાતમાં ‘નેશનલ મરીન પાર્ક’ ક્યાં આવેલો છે? (જામનગર)
- જામનગર શહેરમાં આવેલો કયો કિલ્લો સંગ્રહાલયમાં ફેરવવામાં આવ્યો છે? (લાખોટા ફોર્ટ)

- કાંકરિયા તળાવ કોણે બંધાવ્યું હતું? (સુલતાન કુત્બુદ્દીન)
- અમદાવાદ અને સુરત વચ્ચે રેલવેની પ્રથમ શરૂઆત ક્યારે થઇ હતી? (૨૦ જાન્યુઆરી, ૧૮૬૩)
- ચંદ્રગુપ્ત મૌર્યે જૂનાગઢમાં કયું જળાશય બંધાવ્યું હતું? (સુદર્શન તળાવ)
- મદ્રાસ રાજ્યના પ્રથમ ગવર્નર જનરલ બનનાર ગુજરાતના રાજા કોણ હતા? (મહારાજા કૃષ્ણકુમારસિંહજી)
- મહિલા પાત્રોની ભૂમિકાને રંગભૂમિ પર જીવંત કરનાર અભિનેતા કોણ હતા? (જયશંકર 'સુંદરી')
- અપર્ણા પોપટ કઇ રમત સાથે જોડાયેલા મહિલા ખેલાડી છે? (બેડમિન્ટન)
- ગુજરાતમાં આયુર્વેદિક યુનિવર્સિટીની સ્થાપના ક્યાં અને ક્યારે થઇ હતી? (જામનગર, ઇ.સ. ૧૯૬૭)
- કયા જિલ્લામાં ઇસબગુલનું વધુ ઉત્પાદન થાય છે? (મહેસાણા)
- ગુજરાત વિદ્યાપીઠને યુનિવર્સિટીનો દરજ્જો ક્યારે મળ્યો હતો? (ઇ.સ. ૧૯૬૩)
- ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના કઇ સાલમાં થઈ હતી? (ઇ.સ. ૧૯૪૯)
- ગુપ્ત યુગ દરમિયાન હિંદુ ધર્મના કયા સંપ્રદાયનો પ્રચાર થયો હતો? (વૈષ્ણવ)
- અડાલજની વાવ કોણે બંધાવી હતી? (રાણી રૂડાબાઈ, ઇ.સ. ૧૪૯૯)
- 'મૌન મંદિર'ની સ્થાપના કોણે કરી હતી? (પૂજ્યશ્રી મોટા)
- ગાંધીજીએ દાંડીકૂચ દરમિયાન પોતાની ધરપકડ થાય તો એમના પછી નેતૃત્વ કરવા કોની પસંદગી કરી હતી? (અબ્બાસ તૈયબજીની)
- ગુજરાતના કયા શહેરમાં ખનીજ તેલનું સૌથી વધુ ઉત્પાદન થાય છે? (અંકલેશ્વર)
- અમદાવાદમાં આવેલો ભદ્રનો કિલ્લો કોણે બંધાવ્યો હતો? (સુલતાન અહમદશાહ)
- ગુજરાતમાં વેદ મંદિરોની સ્થાપના કોણે કરી હતી? (સ્વામી ગંગેશ્વરાનંદજી)
- ગુજરાતમાં નેનો કાર બનાવવાનો પ્લાન્ટ ક્યાં આવેલો છે? (સાણંદ)
- ગુજરાતમાં પ્રથમ ફાઇન આર્ટસ કોલેજ ક્યાં સ્થપાઈ હતી? (વડોદરા)
- સ્વતંત્રતા પછી 'સૌરાષ્ટ્ર રાજ્ય'ના પ્રથમ મુખ્યમંત્રી કોણ હતા? (ઉચ્છંગરાય ઢેબર)
- ગુજરાત વિદ્યાપીઠના પ્રથમ કુલપતિ કોણ હતા? (મહાત્મા ગાંધી)
- લંડનમાં 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' અખબાર કોણે શરૂ કર્યું હતું? (શ્યામજી કૃષ્ણવર્મા)
- શ્રી રવિશંકર મહારાજને કયું ઉપનામ મળ્યું હતું? (મૂઠી ઉંચેરો માનવી)
- 'બારડોલી સત્યાગ્રહ' કઇ સાલમાં થયો હતો?(ઇ.સ. ૧૯૨૮)
- કયા રાજાએ પોતાના રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત દાખલ કર્યું હતું? (મહારાજા સયાજીરાવ ગાયકવાડ - વડોદરા)
- વિદેશમાં સૌપ્રથમ ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવનાર ગુજરાતી કોણ હતા? (મેડમ ભિખાઇજી કામા)
- કયા અન્યાયી કર કાયદાનો ભંગ કરવા માટે ગાંધીજીએ દાંડીકૂચ કરી હતી? (મીઠા)
- ભારતના પ્રથમ ગુજરાતી વડાપ્રધાન કોણ હતા? (મોરારજી દેસાઈ)
- કયા મુખ્યમંત્રીના શાસનકાળ દરમિયાન 'નવનિર્માણ આંદોલન' થયું હતું? (ચીમનભાઈ પટેલ)
- ગુજરાતના કયા શહેરમાં સૌથી વધુ શાળાઓ આવેલી છે? (અમદાવાદ)
- 'મને એ જોઈને હસવું હજારવાર આવે છે, પ્રભુ! તારાં બનાવેલાં આજે તને બનાવે છે!' – આ પંક્તિ કયા ગઝલકારની છે? (હરજી લવજી દામાણી 'શયદા')
- ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ કોણ હતા? (હરસિદ્ધભાઈ દિવેટિયા)

*'પ્રાંજલ', ૩૦, આનંદ વાટિકા સોસાયટી, સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯. • મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*



## ભારતીય બંધારણ

■ ભારતીય બંધારણ સભાની પહેલી બેઠક ક્યારે થઈ?
☞ ૯ ડિસેમ્બર, ૧૯૪૬

■ બંધારણ સભાના કાયમી અધ્યક્ષ કોણ હતા?
☞ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ.

■ બંધારણ સભાના અસ્થાયી પ્રમુખ કોણ હતા?
☞ સચ્ચિદાનંદ સિંહા.

■ બંધારણ સભાની ડ્રાફ્ટિંગ સમિતિના અધ્યક્ષ કોણ હતા?
☞ ભીમરાવ આંબેડકર.

■ સંવિધાન સભામાં મૂળ રજવાડાના કેટલા પ્રતિનિધિઓ હતા?
☞ ૭૦.

■ કયા મૂળ રજવાડાએ બંધારણ સભામાં ભાગ લીધો ન હતો?
☞ હૈદ્રાબાદ

■ કોને બંધારણ સભાના બંધારણીય સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા?
☞ બી.સી.એન. રાવ

■ બંધારણ સભાની મુસદ્દાની સમિતિની રચના ક્યારે કરવામાં આવી?
☞ ૨૯ ઓગસ્ટ, ૧૯૪૭

■ બંધારણની મુસદ્દા સમિતિ સમક્ષ કોણે પ્રસ્તાવ મૂક્યો?
☞ જવાહરલાલ નહેરુ

■ કોણે પ્રથમ બંધારણ સભાની રચના માટે વિચાર રજૂ કર્યો હતો?
☞ ૧૯૨૪માં સ્વરાજ પાર્ટી

■ બંધારણ સભાએ ભારતનું બંધારણ ક્યારે સ્વીકાર્યું?
☞ ૨૬મી નવેમ્બર, ૧૯૪૬

■ બંધારણ બનાવવા માટે કેટલો સમય લાગ્યો?
☞ ૨ વર્ષ ૧૧ મહિના ૧૮ દિવસ

■ બંધારણમાં કેટલા લેખ અને અધ્યાયો છે?
☞ ૪૪૪ લેખ છે અને ૨૨ અધ્યાયો છે.

## વિશેષ સામાન્ય જ્ઞાન

■ ટેલિવિઝનની શોધ કોણે કરી?
☞ જે. એલ. બેયર્ડ

■ શા માટે હીરા ચમકતા દેખાય છે?
☞ સામૂહિક આંતરિક પ્રતિબિંબના લીધે.

■ કેન્સર સંબંધિત રોગોના અભ્યાસને શું કહેવાય છે?
☞ ઓન્કોલોજી.

■ ભારતમાં સૌથી મોટી માછલી કઈ છે?
☞ વ્હેલ શાર્ક

■ કઠોળ શાનો સારો સ્રોત છે?
☞ પ્રોટીન

■ મેઘ ધનુષ્યમાં કયા રંગનું વલણ વધુ છે?
☞ લાલ રંગ

■ સૂર્યના કિરણમાં કેટલા રંગો છે?
☞ સાત

■ કઈ મશીનથી દૂધની શુદ્ધતા માપવામાં આવે છે?
☞ લેક્ટોમીટર

■ પૃથ્વી પર સૌથી વધારે ધાતુનું પ્રમાણ કયું છે?
☞ એલ્યુમિનિયમ

■ મોતી મુખ્યત્વે કયા પદાર્થથી બનેલો છે?
☞ કેલ્શિયમ કાર્બોનેટ

■ વિટામિન-સી નો શ્રેષ્ઠ સ્રોત શું છે?
☞ આમળા

■ માનવ શરીરનો સૌથી લાંબો કોષ કયો છે?
☞ ચેતા કોષ

■ માનવ મગજ સામાન્ય રીતે કેટલા ગ્રામ છે?
☞ ૧૩૫૦

■ અળસિયું કેટલી આંખો ધરાવે છે?
☞ એક પણ નહીં

■ ગાજર કયા વિટામિનનો સમૃદ્ધ સ્રોત છે?
☞ વિટામિન-એ.

*જે ચાલતી નથી છતાં પણ જેની ગતિ વેગવાળી છે એનું નામ જીભ! પ્રભુની સૌથી અજબ કરામત હોય તો તે જીભ છે. એ બધી જાતના સ્વાદ માણી શકે છે છતાં પણ તે અલિપ્ત છે. જીભ રસને માણી શકે છે. એટલે જ એની સપાટી ઉપરથી દરેક પ્રકારના રસઝરતા શબ્દો નીકળી શકે છે અને શબ્દોનો સ્વાદ હૃદય જાણી શકે છે. કડવાં કે મીઠાં વચનોની અસર હૃદય ઉપર થાય છે. દુનિયામાં સૌથી વધુ ઊથલપાથલ કરનાર કોઈ હોય તો તે આ નાનકડી જીભ છે. જીભમાં હાડકું નથી છતાં પણ તેણે અનેકનાં હાડકાં ભાંગી નાખ્યા છે.*



કારકિર્દી

# કરંટ અફેર્સના રીડિંગની ત્રણ આઈએમપી ટિપ્સ



હીરેન દવે

કરંટ અફેર્સના રીડિંગને લઈને અનેક કન્ફ્યુઝિંગ ઓપ્શન્સ છે! રોજ દિલ્હીથી લઈને અમદાવાદ ગાંધીનગરની ઈન્સ્ટિટ્યૂટ્સના અનેક વિલોગ્ઝ, ટેલિગ્રામ ચેનલ્સ, ફેસબુક કરન્ટ અફેર્સ, યુ-ટ્યુબના વીડિયો, વોટ્સએપ ગ્રુપ, અનેક એપ પરના એમ.સી.ક્યુ. પ્રશ્નો સોલ્વ કરવા. દરેકમાં ફેક્ટ્સના બોમ્બાર્ડિંગ વચ્ચે કેવી રીતે તૈયારી કરવી?

**૧. કેટલા સમયનું વાંચન કરવું?**

જી.પી.એસ.સી. માટે ૬ મહિના અને યુ.પી.એસ.સી. માટે ઓછામાં ઓછા ૧ વર્ષની ઘટનાઓનો અભ્યાસ કરવો જોઈએ. પરીક્ષામાં વેઈટેજ ૧૫% કે મેક્સિમમ ૨૫% કરતા વધુ નથી. રોજિંદા ૧ કલાકથી વધુ સમય આ વિષય માટે આપી શકાય નહીં. સ્પર્ધાત્મક પરીક્ષાઓની રેસ જીતવા બેલેન્સ તૈયારી જરૂરી છે. અહીં, માસ્ટર ઓફ વન કરતા જેક ઓફ ઓલ જલ્દી સિલેક્ટ થાય છે. બધા વિષયોની બેલેન્સ તૈયારી સફળતા અપાવે છે. **આથી સ્ટેટિક વિષયો અને ડાયનેમિક (રોજ નીતનવા) કરન્ટ અફેર્સ વચ્ચે સમયનું બેલેન્સ જરૂરી છે.** જે લોકો સ્પર્ધાત્મક પરીક્ષાના ફિલ્ડમાં જસ્ટ એન્ટર જ થયા છે તેમણે સાંસ્કૃતિક વારસો, રાજ્ય વ્યવસ્થા, અર્થવ્યવસ્થા, વિજ્ઞાન અને પ્રૌધ્યોગિકી વગેરેનો અભ્યાસ બાકી છે તેમણે વધુ ધ્યાન તેની ઉપર આપવું જોઈએ. કારણકે આ સ્ટેટિક વિષયોની તૈયારી એક વખત કરવાની હોય છે અને આવનારી તમામ પરીક્ષાઓમાં કામ લાગશે. જ્યારે કરન્ટ અફેર્સના પોઈન્ટ દરેક પરીક્ષા માટે નવા હોય છે. માટે દરેક પરીક્ષા માટે ફ્રેશ તૈયારી કરવી પડે! જે કેન્ડિડેટ્સ એકથી વધુ એટેમ્પ્ટ આપી ચૂક્યા છે અને ટ્રેડિશનલ સબ્જેક્ટ પર ગ્રિપ સારી છે, તેઓ કરન્ટમાં વધુ સમય ઈન્વેસ્ટ કરી શકે!

**૨. શું વાંચવું?**

યુ.પી.એસ.સી. /જી.પી.એસ.સી. માટે કરન્ટ ડેવલપમેન્ટને તમારા સિલેબસ સાથે રિલેટ કરતા જાવ. કરન્ટ પોલિટિક્સ (જેમ કે સંસદ અને વિધાનસભા દ્વારા ઘડાયેલ નવા કાયદા, સંવિધાન સુધારા, સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના ચુકાદાઓ - હાલમાં ૯૭માં સંવિધાન સુધારા વિરુધ્ધ ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો, લહ જેહાદ એક્ટની કેટલીક કલમો પર હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ સ્ટે), કરન્ટ ઈકોનોમિ, ઈન્ટરનેશનલ રિલેશન (હાલમાં અફઘાનિસ્તાનની સમસ્યા) વગેરે પ્રમાણે રિલેટ કરતા જાવ. ઈતિહાસનો સાંપ્રત પરસ્પેક્ટીવ સામાન્ય રીતે હોતો નથી પણ જેમકે સરકારે જલિયાંવાલા બાગનું રિનોવેશન કરી મેમોરિયલ ખુલ્લું મૂક્યું તો આવા વિષયોના પ્રશ્નો આવવાની સંભાવના વધી જાય છે. દરરોજના વાંચનને તથ્યપ્રધાન કરતાં એનાલિટિકલ બનાવો. જેમ કે નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન દ્વારા સરકાર ૬ લાખ કરોડ બજારમાંથી ઊભા કરશે. આમાં ફેક્ટબેઝ એપ્રોચથી વાંચન કરનારા માત્ર રોડ, રેલવે, પાવર વગેરે ક્ષેત્રે કેટલા લક્ષ્યાંકો છે તે મેમરાઇઝ કરવાના પ્રયત્ન કરશે. પણ એનાલિટીકલ તૈયારી વધુ ડીપમાં જશે. જેમકે પ્રાઈવેટાઈઝેશન, ડિસઈન્વેસ્ટમેન્ટ અને એન.એમ.પી.માં શું તફાવત છે? એવા મુદ્દાઓનો પણ અભ્યાસ કરવા પ્રયત્ન કરો.

**૩. શેમાંથી વાંચન કરવું?**

**ન્યુઝ પેપર રીડિંગ બેસ્ટ છે. વધુ ભાર એડિટોરિયલ પર આપો કે જેમાં કોઈ એક્સપર્ટ જે તે વિષયના રિસર્ચ સાથે તેને સમજાવતા હોય.** સરકારનો એપ્રોચ એવો છે કે જે સરકારી અધિકારી હોય તેને સરકારના વલણ અને સરકારના પ્રશ્નો વિશે સારી એવી સમજ હોય. ઑફ કોર્સ આવનાર ઓફિસર પોઝિટિવ એટિટ્યુડ ધરાવતો હોય તે અપેક્ષિત છે. ખાનગી મીડિયા સરકાર માટે વધુ ક્રિટિકલ છે. આથી કદાચ એકતરફી વ્યુ મળે. સિક્કાની બીજી બાજુ જાણવા અને સમજવા માટે સરકારની માહિતી પર એક નજર કરો. આ માટે 'યોજના' અને 'કુરુક્ષેત્ર' બેસ્ટ છે. રાજ્યસભા ટી.વી. અને ડીડી ન્યુઝ પણ ફોલો કરો. સરકારની વેબસાઈટ / વિકાસપીડિયા પર વિવિધ યોજનાઓની લેટેસ્ટ માહિતી પર એક ઉડતી નજર નાખો. આ ઉપરાંત કેટલીક થિન્ક ટેન્કના રીપોર્ટ જોઈ જાવ. જેમ કે દેશની સંસદ પર 'પીઆરએસ લેજિસ્લેટિવ રિસર્ચ'ના અહેવાલ, દેશની ચૂંટણી પર એસોસિએશન ફોર ડેમોક્રેટિક ફોર્મના રીપોર્ટ, ભારતીય સંરક્ષણ, ઈન્ડિયા ચાઈના જેવા ટોપિક્સનો અભ્યાસ કરવા વિવેકાનંદ ફાઉન્ડેશન, ઓ.આર.એફ. દેશની થિન્કટેન્ક ગણાય છે. આજ રીતે 'ધ હિંદુ' વર્તમાનપત્રના એડિટોરિયલમાં અનેક ટોપ બ્યુરોક્રેટ્સના આર્ટિકલ આવે છે. ગુજરાત સરકાર દ્વારા ઓનલાઈન 'ગુજરાત' મેગેઝિન પ્રકાશિત કરવામાં આવે છે. જો આવા ઓથેન્ટિક સોર્સનો ઉપયોગ કરશો તો નોલેજ બેઝ મજબૂત થશે અને પ્રીલિમ ઉપરાંત મેઈન્સ કે ઈન્ટરવ્યૂમાં પણ સારો સ્કોર કરી શકશો! ■

## જ્યોતિર્લોક

*તારી માફક*
*ક્ષણોને મેં*
*મણકાની જેમ માળામાં પરોવી*
*અંગૂલી વચ્ચે જકડી નથી રાખી*
*કે ઈચ્છા થાય ત્યારે*
*અંગુલીઓ ફેરવું અને*
*ઘટનાઓ તાદૃશ થાય ફિલ્મી કચકડાની પટ્ટી માફક*
*નજર સમક્ષ*
*મેં તો મારી ક્ષણેક્ષણને*
*વિખેરાઈને વ્યાપી જવા દીધી છે*
*નભો મંડળમાં*
*અનંત અવકાશ લગી.*
*એ બધી આજ ઝળહળે છે*
*કોઈ અવકાશી જ્યોતિર્લોક સમી*
*અને કોઈ સૂમસામ અંધારઘેરી રાતે*
*અજવાળે છે મારા માનસ-પટલને!*
*કદીક શુક્ર-તારિકા સમી,*
*તો કદીક કોઈ ઉલ્કા બની*
*ક્ષણિક ઝબકી ખરી પડે છે.*
*ને કેટલીક ક્ષણો તો ઝાંખી-ઝળૂમ્બી*
*આકાશગંગા સમી*
*સમગ્ર માનસપટને આવરી રહે!*
*ને કોઈ એકાદ ક્ષણ*
*વર્ષો અગાઉ ઝળકી*
*પછી અનંત અંતરાલમાં*
*ગુમ થઈ ગયેલ કોઈ*
*ધૂમકેતુની માફક*
*ફરી પૂંછડી ફેલાવી*
*મારી આંખો સુધી વિસ્તરે છે.*
*ને ક્યારેક કોઈ ક્ષણ*
*શનિની માફક પીડે પણ ખરી!*
*આવા તો કેટલાય*
*ગ્રહો - નક્ષત્રો - તારાઓ*
*ઉલ્કાઓ ને ધૂમકેતુઓથી*
*ભર્યું ભર્યું*
*ઝળહળતું મારું આકાશ!*
*તું –*

***સુધા ઝવેરી - અમદાવાદ***

ગઝલ / કાવ્ય સૃષ્ટિ

*પોતાની જાતમાંથી વિશ્વાસ ગુમાવવો*
*એ એક પ્રકારનો આપઘાત છે.*

## તપ્ત અમદાવાદ

અહીંની સાંજ છે તપતી સવારો ધખધખે સાચું
અહીં વિષુવવૃત્તિય બાફ ને તડકો જ જીવન છે

અહીંના માણસો ખારા કહો કે સાવ મૃગજળિયા
રખેને સાચવે રાત્રે સવારે લાત પણ મારે
ટપકતા નળ બતાવીને કહે કે આજ શ્રાવણ છે

અહીં તડકો મળે છે હંમેશાં છાંયડાને શોધતો
ખજૂરો જેમ લટકે છે અહીં મધુરતા અધ્ધર

હવે તન હોઠે મન અહીં છે જોર ગરમીનું
અહીં વિષુવવૃત્તિય બાફ ને તડકો જ જીવન છે.

***ભાવના ધૃતેશકુમાર રાવલ - અમદાવાદ***

## ઘર બનાવ્યું છે

પવનથી પાતળી ક્ષણમાં ખૂંપીને ઘર બનાવ્યું છે,
જીવનની આગવી ક્ષણને ટૂંપીને ઘર બનાવ્યું છે.

ગઝલની રાજસી ક્ષણને સીંચીને ઘર બનાવ્યું છે,
સફર સંવેદનાની કૈં ખૂંદીને ઘર બનાવ્યું છે.

હતું ત્યાં પાનખરનું રાજ એથી કોયલે જુઓ,
કરી ટહુકો વસંતી પણ પૂછીને ઘર બનાવ્યું છે.

મને દુઃખો પછી ક્યાંથી ચલિત કરવામાં ફાવે છે?
સુખોની મેં બધી પગલી લૂછીને ઘર બનાવ્યું છે.

ખબર ક્યાં કે ગમે ત્યારે પડે પથ્થર હવામાંથી,
મેં પાયામાં જ પથ્થરને મૂકીને ઘર બનાવ્યું છે.

***પ્રજ્ઞા વશી - સુરત • મો. ૯૨૨૮૩ ૩૧૧૫૧***

## એકલા હતા?

કેટલા એકલા હતા?
શ્વાસ વિણ એકલા હતા?

કોઈનો સ્પર્શ ક્યાં થતો,
એટલા એકલા હતા?

છો સમુદ્ર દૂર છે નદી,
એટલા એકલા હતા?

ફૂલ છૂટી સુગંધભર,
એટલા એકલા હતા?

પૂર્ણતર મૌન શબ્દ ક્યાં?
એટલા એકલા હતા?

***ભૂપેન્દ્ર પટેલ "નીલમ" - જામનગર***
***મો. ૯૫૧૦૧૨૯૪૧૯***

## તારે ભરોસે...

હાથ મારો ઝાલજે રે વાલા,
તારે ભરોસે હું હાલું છું.

સાથ મારો નિભાવજે રે વાલા,
તારે ભરોસે હું મહાલું છું.

પલ પલ વીતી જાય રે વાલા,
તારા વિના ના રહેવાય રે વાલા,
તારે ભરોસે હું હાલું છું.

રૂદિયામાં કેદ તું થયો રે વાલા,
અંતરને ઓરડે છુપાયો રે વાલા,
તારે ભરોસે હું હાલું છું.

મિસરી, માખણ તને ભાવે રે વાલા,
ગોપિયું મહીડા લાવે રે વાલા,
તારે ભરોસે હું હાલું છું.

દુઃખડા અમારા કાપજે રે વાલા,
સુખડા અમને આપજે રે વાલા,
તારે ભરોસે હું હાલું છું.

*મનુભાઈ પી. પટેલ - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૧૯૪૨૮*

## ગઝલ

જરી પણ ના કરીને બંદગી બેઠા,
નકામી વેતરીને જિંદગી બેઠા!

ખબર ના કેમ પાછું વાળવું ગાડું,
વડીલોની પહેરી પાઘડી બેઠા!

થયું ના ઘર સળગતું ઠારવા જઈએ,
બધા ખુદના મકાનો સાચવી બેઠા!

પગેરું કાઢશો ના લાગણીનું કોઈ,
કરીને ઝુંપડીની તાપણી બેઠા!

વિના બુલબુલ ચમનમાં કોણ ગાવાનું?
ઊડો ભઈ, બાણ તાણી પારધી બેઠા!

તમે સંવેદનાને ગીરવે મૂકી,
ભૂખ્યાનો કોળિયો પણ આંચકી બેઠા!

તમારે સ્વાદ લેવો હોય તો લઇ લો,
અમે તો આ જગતને પારખી બેઠા!

*આબિદ ભટ્ટ - હિંમતનગર*
*મો. ૯૪૦૯૦ ૨૨૧૩૦*

ગઝલ / કાવ્ય સૃષ્ટિ

## ફોરમ તો લઇ આવો કોઈ!

શબ્દોને સમજાવો કોઈ,
અર્થોને લઇ આવો કોઇ!

દીવા પાછળ અંધારું છે,
આકાશે લટકાવો કોઇ!

અજવાળાની પાછળ શું છે?
દિવસને પલટાવો કોઇ!

કલરવમાં શું સાવ જ મશગુલ?
પંખાને ફફડાવો કોઈ!

અગ્નિ-અગ્નિ શાને શાથી?
દીપ હવે પ્રગટાવો કોઈ!

ઉપવનમાં જાગ્યાં છે ફૂલો,
ફોરમ તો લઇ આવો કોઈ!

*રમેશ પટેલ - સુરત*
*મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*

## પીછો કરવા આવ્યા છીએ

ક્યાં કાંઠાનો પીછો કરવા આવ્યા છીએ,
મધદરિયાનો પીછો કરવા આવ્યા છીએ.

જે ખિસ્સામાં રાસ રમે નકરા ખાલીપા,
એ ખિસ્સાનો પીછો કરવા આવ્યા છીએ.

અંધારાને બાથ ભીડી ઓઝલ થઇ જાનારા
પડછાયાનો પીછો કરવા આવ્યા છીએ.

એ પગલાં છે સાચોસાચ અમારા પગલાં
જે પગલાંનો પીછો કરવા આવ્યા છીએ.

જન્મ અમારી વાણીએ દીધો છે જેને
એ પડઘાનો પીછો કરવા આવ્યા છીએ.

દોસ્ત સમયની જેમ સતત બદલાતા રહેતા
સરનામાનો પીછો કરવા આવ્યા છીએ.

બે ત્રણ ક્ષણની મૂડીના સથવારે સાહિલ
જન્મારાનો પીછો કરવા આવ્યા છીએ.

*સાહિલ - રાજકોટ*
*મો. ૯૪૨૮૭ ૯૦૦૬૯*

*દરેક માણસે બીજાને ઓળખવા કરતાં*
*પોતાની જાતને જાણવાનો વધુ ને વધુ પ્રયત્ન કરવો જોઈએ.*

# SOME GOLDEN THOUGHTS....

*Presentation : Dinesh R. Mehta*

*Sometimes you face difficulties
not because you're doing
something wrong,
but because you're doing
something right.*

*Life is not qualified by fluent English,
branded clothes or a rich lifestyle.
It is measured by
the number of faces who smile
when they hear your name!!*

*Calmness is a human's superpower.
The ability to not over react or take
things personally keeps your mind
clear and your heart at peace.*

*You are responsible for
your own happiness.
If you expect others to make you happy,
you will always be disappointed.*

*Hardwork is like stairs and
luck is like lift.
Sometimes lift may fail
but stairs will always take you to the top.*

*Never ignore a person who cares for you.
Because one day
you'll realize you've lost a diamond,
while you were busy collecting stones.*

*Always believe that
something wonderful is
going to happen.*

*Money is the worst discovery of
human life. But it is the most trusted
material to test human nature.*

*If the heat bothers you, plant a tree
If the water bothers you, plant a tree
If you like fruits, plant a tree
If you like birds, plant a tree
and if you like life, plant many trees.*

*Words are free to use...
but may prove to be very costly
if misused...!
On one can touch words...
but words can touch any one's heart...!*

*There is no greater wealth
in this world than peace of mind.*

*Never judge someone without
knowing the whole story.
You may think you understand,
but you don't.*

# આંજો કાગર

## પાલડી ખાતેના મેડિકલ સેન્ટર અંગે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત પાલડી ખાતેની મેડિકલ સેન્ટરની સુવિધા અને વ્યવસ્થા સારી છે. મારી તબીબી સારવાર દરમિયાન મને સારો અનુભવ થયો છે. આવી સુવિધા કચ્છમાં કોઈ સ્થળે નથી. અગર આવી સગવડ કચ્છમાં કોઈ સ્થળે હોય તો ઘણાં લોકોને ફાયદો થાય તેમ છે.

*વિવેક ભાવસાર*
*મો. ૯૮૨૫૦ ૩૬૭૪૨*

★

## શાહીબાગ ખાતેના વિશ્રાંતિગૃહમાં ઉત્તમ સગવડ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શાહીબાગ ખાતેના વિશ્રામ ગૃહની અમારી ટીમે તા. ૦૪-૧૨-૨૦૨૧ના રોજ મુલાકાત લીધી હતી. તે દરમિયાન સર્વેને ખૂબ આનંદ થયો હતો. વિશેષમાં જણાવીએ તો, ત્યાં સ્વચ્છતાનું ધોરણ ઉત્તમ જોવા મળ્યું હતું. તે સિવાય, વિશ્રામગૃહનો સ્ટાફ વર્ગ પણ ખૂબ સહકારમય અને કાર્યરત જોવા મળેલ. અમારી ટીમની વિદ્યાર્થિનીઓએ પણ જણાવ્યું કે, ‘અહીં ઘરના જેવું જ વાતાવરણ છે.’ આ સ્થળે અમારી ટીમનો રોકાણ કરાવવા અર્થે અમે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી અને શ્રી લાલભાઇનો ખાસ આભાર માનીએ છીએ. આ વિશ્રાંતિગૃહમાં રહેવા તથા જમવાની ઉત્તમ સગવડ હતી, જેનાથી અમારી ટીમના સભ્યો ખૂબ પ્રભાવિત થયા હતા. આ પ્રકારની સામાજિક સંસ્થાઓ વધુ વિકાસ પામે તેવી અમારી પ્રાર્થના છે. સહકાર બદલ ખૂબ ખૂબ આભાર.

અતિથિગૃહ સિવાય, ત્યાંના કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ અને ડાયાલિસિસ સેન્ટર પણ ખૂબ સરસ રીતે ચાલે છે. આ પ્રકારની સામાજિક સેવાઓ બદલ સમાજને ધન્યવાદ.

*વી. ડી. ભરવાડ*
*ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ, વાત્રક જનરલ હોસ્પિટલ - વાત્રક*
*મો. ૯૪૨૬૩ ૭૯૫૧૧*

★

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શાહીબાગ ખાતેના વિશ્રાંતિગૃહનું મ્યુઝિયમ ખૂબ સુંદર છે

અત્યંત આનંદ વ્યક્ત કરતા જણાવવાનું કે મેં તા. ૨૩-૦૬-૨૦૨૧ના રોજ શાહીબાગ વિશ્રાંતિગૃહ ખાતેના કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લીધી હતી. આ મ્યુઝિયમમાં ખરેખર અતિ સુંદર રીતે કચ્છની સંસ્કૃતિને પ્રદર્શિત કરવામાં આવેલ છે. દરેક કચ્છીને ખૂબ જ ગૌરવ થાય તેવું આ મ્યુઝિયમ છે. અમદાવાદ મધ્યે કચ્છી વિશ્રામ ગૃહમાં બહારથી આવતા લોકો અહીં કચ્છની ભવ્ય સંસ્કૃતિના દર્શન કરી શકે તેવા આ સુંદર મ્યુઝિયમની રચના બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને અભિનંદન ઘટે છે. **હું કચ્છનો રહેવાસી હોવા છતાં પણ કચ્છની ઘણી બધી માહિતીથી અજાણ હતો, તે અહીં આવીને જાણી શક્યો.**

આ મ્યુઝિયમમાં દરેક વિભાગનું ખૂબ જ આબેહૂબ રીતે સેટિંગ કરવામાં આવ્યું છે. જેથી કચ્છની સંસ્કૃતિના સાક્ષાત્ દર્શન કરતા હોઈએ તેવો અનુભવ થાય છે.

આ માટે તેના સંચાલકો તેમજ વ્યવસ્થાપકો પ્રત્યે હું ધન્યવાદ તેમજ આભારની લાગણી પ્રદર્શિત કરું છું.

*પ્રદીપકુમાર એસ. જોશી - ભુજ, કચ્છ*
*(રીટાયર્ડ સુબેદાર)*
*મો. ૭૦૦૯૫ ૯૭૭૯૫*

★

## “Kutchi Vishram Gruh” – Shahibaug runs by Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad

I was transferred from Kutch to Ahmedabad in 2013. Since then I have stayed here. This place has all facilities that one gets at home.

The soft spoken peoples are managing this place. Rooms are being kept clean & hygenic. In its Canteen, food quality is also good & “SATVIK.”

I take this opportunity to “THANK” Trustees and all Staff members of the Vishram Gruh.

*– Ishwar Motwani*

★

## “Kutchi Vishram Gruh” – Shahibaug

The rooms & beds provided were very decent & clean. Very helpful staff. It was indeed a very nice stay in all.

*Hetal Gala - Mumbai*
*M. 98195 25485*

★

## “Kutchi Vishram Gruh” – Shahibaug

The rooms, beds, wash room were good & clean. Vishramgruh Staff and every people we met, were nice. Thank you for all.

*Sanket Chavda - Nashik*
*M. 98811 59599*

## રાષ્ટ્રીય અખબાર 'જયહિંદ'માં 'મંગલ મંદિર' સામયિકના દીપોત્સવી અંકનો પડઘો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ના દીપોત્સવી અંકમાં લક્ષ્મીજી અને ગણેશજીના રંગીન મુખપૃષ્ઠને જોતા ગમી જાય છે. ૧૩૦ પાનાના આ દળદાર અંકમાં જોઈએ તો પ્રારંભે દિનેશ આર. મહેતાની શુભેચ્છા બાદ દીપશીખા વિભાગમાં ડૉ. પૂજા કોટક, પ્રાસંગિકમાં વિપિન પંડ્યા, બકુલા ઘાસવાલા, ડૉ. શ્રદ્ધા ત્રિવેદી, ચંદ્રકાંત પટેલ 'સરલ' જેવા લેખકોના લેખો છે.

ગઝલ - કાવ્ય સૃષ્ટિમાં ડૉ. નિરંજન રાજ્યગુરૂ, મુસાફિર પાલનપુરી, દિનેશ દેસાઇ, ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' સહિત અન્ય જાણીતા કવિઓની રચનાઓ છે. કચ્છ વિભાગમાં ડૉ. યાસીન દલાલ, ડૉ. પૂર્વી ગોસ્વામી સહિતના લેખકોના માહિતીસભર લેખો છે. ચિંતનમાં ડૉ. કાલિંદી પરીખ, ડૉ. ભાવેશ જેતપરિયા, ઈતિહાસ કથામાં નટવર હેડાઉ 'વનવિહારી', લોક સાહિત્યમાં ડૉ. બલરામ ચાવડાના લેખ છે. ગુલશનમાં ચંદ્રકાંત પટેલ ઉપરાંત નારી ગૌરવ, સંસ્કૃતિ, રહસ્ય, શિક્ષણ, અભ્યાસ, વાર્તાઓ, નિબંધ, નાટક, સ્વાસ્થ્ય, લઘુકથાઓ, બાળ વિભાગ, નોલેજ બેંક, ચિત્રપટ સહિતના વિભાગનુરૂપ લેખો સરસ રહ્યા છે. તંત્રી પ્રતાપ નારાણજી દંડ અને સહતંત્રી દિનેશ આર. મહેતાએ આ અંક માટે સારી જહેમત ઉઠાવી છે.

*રજૂઆત : બાલેન્દુશેખર જાની*
*મો. ૯૭૧૨૧ ૭૭૯૯૯*

★

## 'મંગલ મંદિર'ની ચાતક નજરે રાહ જોતો વિશાળ વાચકવર્ગ મોજૂદ છે

'મંગલ મંદિર' સામયિકનો ડિસેમ્બર માસનો અંક મળી ગયેલ છે. સમગ્ર અંક વાંચીને ખૂબ જ આનંદ થયો છે. કાયમના ક્રમ મુજબ આપણું આ સામયિક પોતાની ઉત્કૃષ્ટતા જાળવવામાં સફળ રહેલ છે અને સદાય નિત્ય નૂતન ઊંચાઈઓ પ્રાપ્ત કરે છે. જેમાં સમગ્ર ટીમ અને અનુભવી, સિધ્ધ તંત્રી મંડળનો બહુ મોટો ફાળો, યોગદાન રહેલો છે. જેના ફળ સ્વરૂપે કાયમ 'મંગલ મંદિર'ની ચાતક નજરે રાહ જોતો વિશાળ વર્ગ મોજૂદ છે. સૌને શુભેચ્છા... વંદન... પ્રણામ.

*યોગેશ નટવરલાલ ભટ્ટ - અમરેલી*
*મો. ૯૯૨૪૦ ૧૩૪૬૪*

★

## 'મંગલ મંદિર' વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છા

આપના તરફથી 'મંગલ મંદિર' સાહિત્ય સરગમ દીપોત્સવી વિશેષાંક મળ્યો. આભાર. આપ સહુને નવ વર્ષ મુબારક. પ્રસ્તુત અંકનું મુખપૃષ્ઠ અત્યંત આકર્ષક તથા પ્રસંગને અનુરૂપ છે. સરગમના સાત સૂરોની જેમ આ અંક વિવિધ સાત ધારાઓથી મિશ્રિત બન્યો છે. 'મંગલ મંદિર' તેના વાચકો માટે અનન્ય સેવા કરી અલભ્ય માહિતી, મનોરંજન તથા જ્ઞાન આપે છે, તે હકીકત છે. સાહિત્યના દરેક પ્રકારો જેમ કે કાવ્ય, નવલિકા, ચિંતન, હાસ્ય, સ્વાસ્થ્ય, શિક્ષણ, પ્રવાસ – દરેકને આવરી લેવાયા છે તે ઉત્તમ છે. બાળકો, બહેનો, વડીલો તથા યુવાનોને અનુરૂપ લખાણો પ્રસિધ્ધ કરીને સહુની જરૂરિયાત, શોખ, માંગનો વિચાર કરવામાં આવ્યો છે. એક સૂચન છે કે છેલ્લા પાનાઓ પર ફિલ્મ, ટેલીવિઝન કે સોશિયલ મીડિયા વિશે પણ ક્યારેક માહિતી આપતા રહેશો. ફિલ્મ કલાકારોના અસલી નામ તથા ફિલ્મી નામની વિગત આપી છે, તેવું જ મનોરંજનને લગતું લખાણ આપશો તો ગમશે. **ભારતના કોઈ પણ ધર્મ, મંદિર કે સંસ્થા વિશે માહિતીદાયક લેખ પણ જો પ્રગટ થશે તો તેને જરૂર વધાવીશું. સહુને તે ગમશે.**

**'મંગલ મંદિર'ના દ્વાર દરેક લેખકો માટે ખુલ્લા છે તે આનંદની વાત છે. આજકાલ કોવિડ-૧૯ પછી ગુજરાતના ઘણા સામયિકો બંધ થઇ ગયા છે ત્યારે 'મંગલ મંદિર' વધુને વધુ પ્રગતિ કરતું રહે તેવી શુભેચ્છાઓ.**

*ભરતભાઈ અંજારિયા - રાજકોટ*
*મો. ૯૪૨૬૪ ૧૭૮૫૪*

★

## 'મંગલ મંદિર' દીપોત્સવ વિશેષાંક એટલે 'ગાગરમાં સાગર' સમાવવાની અનોખી શૈલી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્રનો મંગલ મંદિર 'સાહિત્ય સરગમ' દીપોત્સવી વિશેષાંક સાચે જ વિશેષ રહ્યો.

'ગાગરમાં સાગર' સમાવવાની અનોખી શૈલી ગમી. સમગ્ર અંક સાહિત્યની સરવાણી સાથે રસપ્રદ રહ્યો. દરેક સાહિત્ય વિભાગો ખૂબ ખૂબ ગમ્યા. વિચારપ્રેરક લેખો સાથે પાને પાને શણગાર શૈલીને કારણે અંક રસપ્રદ બની ગયો.

દરેક વિભાગો આકર્ષક રહ્યા. ઘરની લાઇબ્રેરીની શોભા વધી છે.

*કિશોર આર. ટંડેલ, પૂર્વશિક્ષક - નવસારી*
*મો. ૯૫૩૭૯ ૭૫૬૬૬*

★

## સંસ્કાર અને સમજણના બીજ વાવતું 'મંગલ મંદિર'

'મંગલ મંદિર'નો દીપોત્સવી વિશેષાંક-૨૦૨૧ મળ્યો.

પત્ર લખવાનું પ્રયોજન એ જ કે તમો 'મંગલ મંદિર'માં

જે સાહિત્યિક સામગ્રી તથા વિશિષ્ટ પરિચય લેખો સાથે ચિંતનાત્મક લેખો પ્રગટ કરો છો એ જીવનલક્ષી તો છે જ સાથે જીવન જીવવાની સુંદર કળાને પણ પ્રતિપાદિત કરે છે.

હું સમજું છું, જીવન વિષય લેખો લખતાં નાની-મોટી વયના પણ છે. આમ છતાં, શરૂઆતથી જ એમનામાં જે સંસ્કાર અને સમજણનું બીજ વવાયું છે એ બહેતર સમાજની — તંદુરસ્ત સમાજની માર્ગદર્શિકા બની જ રહેશે.

સાહિત્યના અન્ય વિભાગો, સાહિત્ય સર્જક તરીકે મને રૂચિકર રહ્યા છે અને રહેશે જ.

'મંગલ મંદિર'નું નામ સાર્થક કરવામાં આપનો અદ્વિતીય ફાળો અને ઉઠાવાતો શ્રમ ખરેખર પ્રશંસાને પાત્ર છે જ.

અભિનંદન તથા શુભેચ્છાઓ સાથે...

*હરીશ પંડ્યા - ભાવનગર*

*મો. ૯૪૨૮૪ ૦૧૬૨૭*

★

## 'મંગલ મંદિર' — અત્યંત આકર્ષક અને વાંચનસભર

સહર્ષ જણાવવાનું કે આપના દ્વારા મોકલવામાં આવેલ 'મંગલ મંદિર'નો ડિસેમ્બર-૨૦૨૧નો અંક મળ્યો. વાંચી ખૂબ જ આનંદ થયો.

ખાસ તો મંગલ મંદિર પેજ નંબર ૧૯-૨૦-૨૧ પર 'દિલની જબાન' વિભાગમાં કવિશ્રી ચંદ્રકાંત પટેલ 'સરલ' દ્વારા મારા સર્જકત્વ વિશે લખાયેલ લેખ વાંચી અનહદ આનંદ થયો. ખરેખર હું ધન્ય થયો છું. આટલો સરસ મારો પરિચય પ્રગટ કરવા બદલ તંત્રી મંડળનો તથા ચંદ્રકાંત પટેલ 'સરલ' સાહેબનો દિલથી આભાર વ્યક્ત કરું છું.

આ ઉપરાંત 'વિક્રમ સંવત ૨૦૭૮' — દિનેશ આર. મહેતાનો લેખ ગમ્યો. 'શિક્ષણના અભાવથી જન્મતા પ્રશ્નો' કપીલ સતાણીના લેખમાં શિક્ષણથી વંચિતો માટે સાચી ચિંતા વ્યક્ત થઈ છે. ડૉ. મિહિર એમ. વોરાએ માનવ અધિકાર અંગે સરસ છણાવટ કરી છે. ડૉ. જે.પી. પટેલે પોતાના લેખમાં સાહિત્ય સાથે જીવનના સંબંધની સુંદર વાત કરી છે. નારી ગૌરવગાથા અંતર્ગત ડૉ. શીલા વ્યાસ દ્વારા 'આરતીબેન ધોરિયા' પર લખાયેલ લેખ ખૂબ ગમ્યો. 'સુમિરે... બલબીરા' જાડેજા સાહેબનો સંસ્મરણાત્મક લેખ સરસ છે. ડૉ. રૂપલ ભટ્ટનો લેખ આશાદીપ પણ ગમ્યો. ભારતીબેન ગોહિલે પોતાના લેખ 'પિગાળો રે તમે આતમનો અંધકાર'માં ઉપનિષદ જેવા વિચારો વ્યક્ત કર્યા છે.

અંકિતા બરવાડિયા, હરજીવન રંગપરિયા, ભરત અંજારિયા, હરેશ ધોળકિયા, એમ.ડી. સોલંકી, ભાવેશ જેતપરિયા, વિપિન પંડ્યા વગેરેના લેખો સારા થયા છે. આશુ પટેલનો ભોલાભાઈ ગોલીબાર પરનો લેખ ખૂબ જ ગમ્યો.

ગઝલ - કાવ્યસૃષ્ટિ વિભાગમાં પણ સુંદર કાવ્યો પ્રગટ થયા છે. જાણે કવિતાનો બાગ ખીલ્યો હોય તેવું લાગ્યું.

અત્યંત આકર્ષક અને વાંચનસભર અંક થયો છે. આટલા સુંદર અંકમાં મારો ખૂબ સરસ પરિચય પ્રગટ કરવા બદલ 'મંગલ મંદિર'ની સમગ્ર ટીમનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર. ખૂબ સુંદર કાર્ય કરો છો તે બદલ ધન્યવાદ.

*શ્યામ ઠાકોર - ગોધરા*

★

## પૂર્ણ પારિવારિક સામયિક : 'મંગલ મંદિર' તેમાં શું છે કહેવા કરતાં — શું નથી કહેવું વધુ યોગ્ય લાગે છે...

'મંગલ મંદિર' સામયિક શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત થતું હોવા છતાં **મને લાગે છે, એ સમસ્ત ગુજરાતી પ્રજાનું સામાયિક છે.**

**આ પત્રિકામાં શું છે કહેવા કરતાં શું નથી? કહેવું વધારે યોગ્ય લાગે છે. પ્રાયઃ પૂર્ણ પારિવારિક સામયિક છે.**

દીપોત્સવ વિશેષાંકની વાત કરીએ તો... તેમાં કવિવર રમેશ પારેખની કવિતા પર વિશિષ્ટ લેખ છે, તો ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'ના પ્રેમ પરના શેરનું ભાવજગત પણ માણવા મળે છે. તો દિવાળી પર્વ પરના કાવ્યો તથા ઈતર કાવ્યો પણ માણવા મળે છે.

આ અંકમાં એક સાથે ચાલીસ જેટલાં વિભાગ છે. જેમાં સાહિત્ય, ધર્મ, ઈતિહાસ, વાર્તા, લઘુકથા, સ્વાસ્થ્ય, નાટક, પર્યાવરણ, રહસ્યકથા, સંસ્કૃતિ, શિક્ષણ, પ્રવાસ જેવા વિવિધ વિષય પર સ્તરીય લેખ પણ છે તો આજની યુવા પેઢી માટે ઉપયોગી નોલેજ બેંક, કારકિર્દી પરના લેખ છે, તો અધ્યાત્મ વિષયક લેખ પણ છે. ક્રોસ વર્ડ, સુડોકુ, શબ્દ ચોકડી જેવી મગજને કસરત કરાવતી સામગ્રી પણ છે. તમામ વાંચન સામગ્રી સ્તરીય છે. ભાષા સરળ છે. **ભાષા શુદ્ધિ પણ ભારોભાર છે.**

**માતબર કલમની સાથે નવલોહિયા કલમને પણ સ્થાન આપ્યું છે.**

સાંપ્રત ગુજરાતી દીપોત્સવ અંકોમાં અલગ તરી આવતો આ વિશેષાંક છે.

**એક જ અંકમાં ચાલીસ ચાલીસ વિભાગોને સુપેરે પ્રસ્તુત કરવા એ સંપાદકની સુઝ સમજ વિના અશક્ય છે** છતાં આવું કપરું કામ સહજતાથી પાર પાડવા બદલ દિનેશભાઈ અભિનંદનના અધિકારી છે.

'મંગલ મંદિર' વધુને વધુ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે એવી હાર્દિક શુભકામનાઓ.

*સાહિલ - રાજકોટ*

*મો. ૯૪૨૮૭ ૯૦૦૬૯*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા 'ગીરનાર એવોર્ડ' – વિતરણ સમારંભ

બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ વર્ષ ૧૯૯૪થી વિવિધ ક્ષેત્રોમાં સિધ્ધિ પ્રાપ્ત મુંબઈના ગુજરાતીઓનું 'ગીરનાર ઍવોર્ડ' વડે અભિવાદન કરે છે. બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ ૩૭મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે ત્યારે... તે સંસ્થા દ્વારા શુક્રવાર, તા. ૭મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ મુંબઈના દાદર ખાતે યોગી સભાગૃહમાં આમંત્રિતો માટે ગીરનાર એવોર્ડ - ૨૦૨૨ના વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે તેમ તે સમાજની એક યાદીમાં જણાવાયું છે.

## આદર્શ અમદાવાદ દ્વારા વિના મૂલ્યે મોતિયાના ઓપરેશન

આદર્શ અમદાવાદ સંસ્થા દ્વારા અત્યાર સુધી વિનામૂલ્યે મોતિયાના ૩૧૨થી વધુ ઓપરેશન સફળતાપૂર્વક થયેલા છે. આ યોજનાનો લાભ લેવા ઇચ્છનાર જરૂરતમંદ વ્યક્તિ માટે જરૂરી માહિતી નીચે જણાવેલ છે.

(૧) જે વ્યક્તિને મોતિયો છે તેવું લખાણ તમારા વિસ્તારના આંખના ડૉક્ટર પાસેથી તેમના લેટરપેડ ઉપર લખાવીને લાવવા વિનંતી છે. (૨) તે લેટર લઈને આદર્શ અમદાવાદ – 'નેહલ', જૈન ઉપાશ્રયની બાજુમાં, વિજય ચાર રસ્તા અને કોમર્સ છ રસ્તા વચ્ચે, નવરંગપુરા, અમદાવાદના કાર્યાલયમાં (ફોન : (૦૭૯) ૨૬૫૬ ૫૪૧૬) લાવવા વિનંતી. (૩) તે લખાણને આધારે આદર્શ અમદાવાદ મોતિયાના ઓપરેશનની ચિઠ્ઠી લખી આપશે. (૪) જે ચિઠ્ઠી આદર્શ અમદાવાદ માટે સેવા આપતા આંખના ડૉક્ટરને રાણીપમાં આપવી. (૫) જેના આધારે મોતિયાના ઓપરેશનની તારીખ અને સમય તે ડૉક્ટર આપશે. (૬) ઓપરેશન, લેન્સ તથા પાછળની સારવાર – બધું જ વિનામૂલ્યે કરવામાં આવે છે. (૭) ઇઝરાયેલ પદ્ધતિથી ટાંકા વગરનું ઓપરેશન થશે. ઇન્ડિયન ફોલ્ડેબલ લેન્સ નાખવામાં આવે છે, એમ ઉપરોક્ત સંસ્થાની એક યાદીમાં જણાવાયું છે.

*શનિવાર ● સવારે ૧૦ થી ૧૨*

*ડૉ. હર્ષદભાઈ શાહ*

*તેજસ હોસ્પિટલ, ચામુંડા માતાના મંદિર સામે, સરદારચોક, રાણીપ.*

## રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શિક્ષક - સાહિત્યકારનો અમૃત ઉત્સવ યોજાયો



રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અને રાષ્ટ્રીય કક્ષાનો શ્રેષ્ઠ એવોર્ડ વિજેતા અને અનેક પારિતોષિકો મેળવનાર તથા ૧૧૦ જેટલા પુસ્તકોના રચયિતા તેમજ સુરત શહેરના જાણીતા સાહિત્યકાર શ્રી રમેશ પટેલના ૭૬માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે વિશાળ મિત્ર વર્તુળ અને પરિવારજનોની ઉપસ્થિતિમાં તાજેતરમાં અમૃત મહોત્સવ યોજાયો હતો. યુનિયન સ્કૂલના પૂર્વ આચાર્ય અને રમેશભાઈના સાથી પ્રફુલ્લ ભટ્ટે તથા "વિચાર ગોષ્ઠિ"ના શ્રી ઈશ્વર પટેલે રમેશભાઈ પટેલના સદ્‌ગુણો અને કાર્યશૈલીને પોતાના પ્રાસંગિક પ્રવચનમાં વ્યક્ત કર્યા હતા. કવિ કિરણ ચૌહાણે તેમના વિશેની ગઝલ રજૂ કરી હતી. સુદર્શન માસ્ટર, વડીલ શ્રી રમણકાકા (રાંદેર)એ ઉપસ્થિત રહી ઋજુ સ્વભાવના રમેશભાઈને વધુ પ્રગતિ અર્થે શુભેચ્છા પાઠવી હતી. પુત્રવધૂ મમતાએ તેમનું પ્રેમાળ વર્તન ઉજાગર કર્યું હતું. દોહિત્રી ઈવાએ અંગ્રેજીમાં તેમના વિશે કવિતા રજૂ કરી હતી. તેમના પરિવારજનો અને વિશાળ મિત્રગણે નમ્ર એવા રમેશભાઈને તંદુરસ્તીભર્યું જીવન જીવી, સદી વટાવી જવાની શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જગદીશ મ. પટેલે કર્યું હતું. રમેશ પટેલે લાગણીવશ થઈને પોતાનો નમ્ર પ્રતિભાવ આપ્યો હતો.

*રજૂઆત : કિશોર આર. ટંડેલ - નવસારી*
*મો. ૯૫૩૭૯ ૭૫૬૬૬*



# કચ્છ દર્શન

*બનાવી દઉં ગઝલને એક ગૌરવનો વિષય 'ઘાયલ'*
*હતી એ ઉરની આરત ને હજી એ ઉરની આરત છે.*

## શ્રી અમૃત 'ઘાયલ' ફાઉન્ડેશન દ્વારા મુશાયરાનું આયોજન થયું

ભુજ - કચ્છ નગરપાલિકા પ્રાયોજિત – શ્રી અમૃત 'ઘાયલ' ફાઉન્ડેશન દ્વારા એક ભવ્ય મુશાયરાનું આયોજન તા. ૨૯-૧૨-૨૦૨૧ના રોજ ભુજ ખાતે ટાઉનહોલમાં બહોળી સંખ્યામાં ગઝલ ચાહકો અને ભાવકોની ઉપસ્થિતિમાં થયું હતું. મુશાયરાનું સંચાલન કવિશ્રી મિલિન્દ ગઢવીએ કર્યું હતું. જેમાં કવિશ્રી જયંતી જોષી 'શબાબ', પબુ ગઢવી 'પુષ્પ', વિનોદ માણેક 'ચાતક', કૃષ્ણકાંત ભાટિયા 'કાન્ત', અરુણા ઠક્કર 'માધવી', મિલિન્દ ગઢવી સહિત અનેક કવિ મિત્રોએ પોતાની રચના રજૂ કરીને શ્રોતાઓને ડોલાવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન 'ઘાયલ'ની ગઝલોની રજૂઆત નિલેશ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

## કચ્છી ભાષા માટે કચ્છ યુનિ.માં અલાયદો વિભાગ બનશે

કચ્છી ભાષા મીઠી છે અને આ કચ્છી ભાષા માટે કચ્છ યુનિ.માં એક અલાયદો વિભાગ શરૂ કરવાની પ્રક્રિયા ચાલુ છે તેવું ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ભુજના ધારાસભ્ય નીમાબેન આચાર્યએ કવિ પબુ ગઢવી 'પુષ્પ'ના કચ્છી કાવ્યસંગ્રહ 'વિરાંઢડી'ના પુસ્તક વિમોચન પ્રસંગે અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું.

શરદબાગ ખાતે કચ્છી સાહિત્ય મંડળ દ્વારા પ્રકાશિત કવિ 'પુષ્પ'ના કચ્છી કાવ્ય સંગ્રહ 'વિરાંઢડી'ના વિમોચન કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને રહેલા નીમાબેને જણાવ્યું હતું કે, કવિ 'પુષ્પ'માં રહેલી સર્જનક્ષમતા હજુ વધુ વિકસે અને નવી પેઢીને માર્ગદર્શન આપે. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, કચ્છ યુનિવર્સિટીમાં કચ્છી ભાષાના કોર્સ માટે એક અલગ વિભાગ રચવાની પ્રક્રિયા ચાલુ છે. જેનાથી કચ્છી ભાષાનો વિકાસ થશે.

ભુજની આર.આર. લાલન કોલેજમાં ગુજરાતી વિભાગના વડા તરીકે કાર્યકાળ દરમિયાન 'પુષ્પ' ભણ્યા હતા, એ યાદ કરીને નામાંકિત સાહિત્યકાર ડૉ. ધીરેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું કે, શિષ્ય સર્જન કરે અને તેનું વિમોચન મારી ઉપસ્થિતિમાં થાય તે પ્રસંગથી ગૌરવ અને આનંદની લાગણી અનુભવું છું.

જાણીતા સાહિત્યકાર અને આકાશવાણી કેન્દ્રના પૂર્વ નિયામક જયંતી જોષી 'શબાબ'એ 'વિરાંઢડી'નું લોકાર્પણ એટલે વિચારોની વિરાંઢડી, વસંત આવે એટલે સરસ્વતીનું આગમન થાય તેવું કહ્યું હતું.

## મણિલાલ ભવાનજી ગાલાનું નિધન

કચ્છી ભાષાના જાણીતા સાહિત્યકાર અને સંશોધક એવા મણિલાલ ભવાનજી ગાલાનું પત્રી ગામે નિધન થતાં કચ્છે એક પત્રકાર, સંશોધક, સર્જક સહિત બહુમુખી પ્રતિભા ગુમાવી છે.

કારકિર્દીના પ્રારંભથી જ હાઈ પ્રોફાઇલ કામ કરીને લૉ પ્રોફાઈલ રહેલા શ્રી ગાલા, ગુજરાતી ફિલ્મ 'ભવની ભવાઇ'માં કેતન મહેતા સાથે સંકળાયેલા હતા. કચ્છ ઉપર તૈયાર થતી ડોક્યુમેન્ટરી ઉપર ૨૦ વર્ષ સુધી સંશોધન કાર્ય કર્યું. કચ્છી ભાષામાં ૩૦થી વધારે પુસ્તકો પ્રકાશિત કર્યા છે. 'વાઘોડ' પ્રિન્ટ મેગેઝિન ૧૯૯૮થી ૨૦૦૪ સુધી ચલાવ્યું.

'કચ્છજી ભુગોર' નામના પુસ્તકમાં નાની નાની વિગતોને સાંકળી લીધી છે. 'રબારી કચ્છજા' – વિષય ઉપર કરેલા સંશોધનને કારણે તેમને વધુ ખ્યાતિ મળી હતી. તેમણે કચ્છ જા ભીત ચિતર ઉપર પણ ઊંડું સંશોધનાત્મક કામ કરી પુસ્તક પ્રકાશિત કર્યું હતું.

તેઓશ્રી તાજેતરની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતદાન કરવા પણ પહોંચી ગયા હતા અને **મતદાન પહેલાંની જરૂરી પ્રક્રિયા પૂરી કરી મત આપવા જાય એ પહેલા મતદાન મથકમાં જ ઢળી પડ્યા હતા.**

સ્વર્ગસ્થ મણિલાલભાઈ એક ઉમદા પત્રકાર હતા. તેમણે આન્દ્રે તાર્કોવસ્કી રશિયન લેખકની આત્મકથા 'ટાઇમ વિધિન ટાઇમ'નું અંગ્રેજીમાંથી કચ્છી ભાષામાં ભાષાંતર કર્યું હતું. 'કાર મીં જોટો કાર' નામનું આ પુસ્તક ૨૦૦૭માં પ્રકાશિત થયું હતું.

***(અખબારો પર આધારિત)***

## કચ્છમાં સમારંભોમાં વધી પડેલી રસોઇમાંથી ૧૦ હજાર જરૂરતમંદ લોકો ભરપેટ જમ્યા

કચ્છમાં લગ્ન પ્રસંગોમાં તથા અન્ય ઉજવણી, સમારંભોમાં વધારાની રસોઈ ભુજની માનવ જ્યોત સંસ્થાએ એકત્ર કરીને, ભુજ આસપાસની ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરતમંદ લોકોને ત્યાં પહોંચતી કરી હતી. વિતરણ વ્યવસ્થા પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, રફીક બાવા, દીપેશ શાહ, જયેશ લોડાયા, દીપેશ ભાટિયા, અક્ષય મોતા તથા અન્ય કાર્યકરોએ સંભાળી હતી, એમ માનવ જ્યોત સંસ્થાના પ્રબોધ મુનવરે જણાવ્યું હતું.

## ૩ વર્ષ પહેલાં ગુમ થયેલો ભુજનો યુવાન ઉત્તર પ્રદેશમાંથી મળ્યો

ભુજનો યુવાન રાહુલ રાકેશ રાજપુત (ઠાકુર) ઉં.વ. ૧૮, ત્રણ વર્ષ પહેલાં ગુમ થયો હતો. તે બરેલી ટ્રેન મારફતે ઉત્તર પ્રદેશ પહોંચ્યો હતો. પિતા રાકેશે તેની સતત શોધ ચલાવી હતી. ઉત્તર પ્રદેશનાં અલ્હાબાદ તથા અન્ય શહેરો - ગામોમાં ત્રણ વર્ષ દરમિયાન રાહુલે ઘણી મુશ્કેલીઓ વેઠી હતી. કોઈ તેને સાંભળવા કે મદદ કરવા તૈયાર નહોતું. તેની ઉંમર ૨૧ વર્ષની થઇ ગઇ. આખરે એની મુશ્કેલીઓનો અંત આવ્યો. ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદનાં નંગલાખંગર પોલીસ સ્ટેશનનાં પોલીસ અધિકારી રાહુલની મદદે આવ્યા. રાહુલને પૂછ્યું, તું ક્યાંનો છે? જવાબમાં રાહુલે કહ્યું હતું કે, 'હું ભુજનો છું.' આથી ત્યાંના પોલીસ અધિકારીશ્રીએ ભુજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતા જિલ્લા પોલીસ તંત્રે ભુજની માનવ જ્યોત સંસ્થાનો સંપર્ક કર્યો હતો.

રાહુલની માહિતી માનવ જ્યોત સંસ્થા ભુજ પાસેથી મેળવી તેના પિતા રાકેશને ફિરોઝાબાદ મોકલ્યો. જ્યાં પિતાએ ૩ વર્ષ બાદ પુત્ર રાહુલનો કબજો મેળવતાં પિતા-પુત્રની આંખો અશ્રુભીની બની હતી. ત્યાંથી ભુજ પહોંચતા પરિવારમાં ખુશી છવાઈ હતી એમ માનવ જ્યોત સંસ્થાના પ્રબોધ મુનવરે જણાવ્યું હતું.

## ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા કચ્છીને વૈકલ્પિક ભાષાના વિષય તરીકે સમાવવા ઠરાવ કરવામાં આવ્યો....

ભુજ તાલુકાના સેડાતામાં તાજેતરમાં ત્રણ દિવસ માટે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૨મું જ્ઞાનસત્ર યોજાયું હતું. ઈન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલપમેન્ટના યજમાન પદે યોજાયેલ આ સંમેલનમાં કચ્છી ભાષાને અભ્યાસક્રમમાં વૈકલ્પિક વિષય તરીકે સમાવવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો અને તે અંગે યોગ્ય કાર્યવાહી કરવાનું નક્કી થયું હતું.

*શરીરમાં બનતું લોહી, રોટલીની સંખ્યા પર એટલું નિર્ભર નથી જેટલું પાચનશક્તિ પર નિર્ભર છે. પાચનશક્તિ જ જો નબળી છે તો છ રોટલી પણ નકામી છે. પાચનશક્તિ જો મજબૂત છે તો એક રોટલી પણ તાકાતપ્રદ છે.*

*પ્રસન્નતાની અનુભૂતિ રૂપિયાની સંખ્યાને એટલી બંધાયેલી નથી જેટલી સંતુષ્ટ ચિત્તવૃત્તિને બંધાયેલી છે. આ સત્ય આપણી શ્રદ્ધાનો વિષય જેટલો વહેલો બની જાય એટલું આપણા લાભમાં છે.*

# પુસ્તક સમીક્ષા

## લઘુ નવલ : "સતયુગનો માણસ"

*(સત્ય હકીકત પર આધારીત – કલ્પનાની પાંખે ઉડતી રોમાંચક કથા)*

*લેખક : બલવીરસિંહ જાડેજા*
*પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧*
*પૃષ્ઠ સંખ્યા : ૮ + ૯૦ = ૯૮*
*કિંમત : રૂા. ૧૦૦/-*

પ્રસ્તુત પુસ્તક સત્ય ઘટના પર વેદના, સંવેદનાસભર તથા રોમાંચક કથાથી ભરપૂર છે. જેને આપણી ભાષાના સાહિત્યકારો શ્રી રજનીકુમાર પંડ્યાએ સુંદર રીતે આવકાર આપેલ છે. જ્યારે શ્રી કિરીટ દૂધાત દ્વારા પુસ્તકની અનોખી શૈલીમાં પ્રસ્તાવના લખવામાં આવી છે. પુસ્તકના લેખકશ્રીએ પોતાની વયસ્ય વયે આ લઘુનવલ લખીને સાહિત્ય જગતમાં એન્ટ્રી મારી છે. એમની આ કથા વાંચવાની શરૂઆત કરનાર વાચકવર્ગને જૂના જમાનાના પ્રતિષ્ઠિત અને જાણીતા અનેક લેખકોની જરૂર યાદ આવશે. **લેખકશ્રીએ સત્ય હકીકતોને અત્રે ખૂબ અદ્‌ભુત રીતે ઉજાગર કરી છે. પુસ્તકના દરેક પાના પર રોમાંચ ખડો થાય છે** અને હવે પછી શું થશે, તે જાણવા આગળ વાંચવા પ્રેરે છે. જે તેની સફળતા દર્શાવે છે.

લેખકશ્રી 'મંગલ મંદિર' અને અન્ય સામયિકોમાં વાર્તાકાર છે. હાલે 'મંગલ મંદિર'ની 'સુમિરે બલબીરા' કોલમનું તેઓ સંપાદન કરી રહ્યા છે. એમના તરફથી અત્યાર સુધી જે વાર્તાઓ પ્રગટ થઇ છે તેને વિદ્વાન સાહિત્યકારો તથા રસજ્ઞ વાચકવર્ગ તરફથી બહોળો આવકાર અને પ્રશંસા પ્રાપ્ત થયેલા છે.

દરેક વાચકવર્ગે આ પુસ્તક પોતાની લાઈબ્રેરીમાં વસાવવા યોગ્ય છે.


### 'મંગલ મંદિર'ના વાચકો માટે ખાસ ઓફર....

જેમને આ પુસ્તક લેવાની ઈચ્છા હોય તેઓ નીચે જણાવેલ પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાનેથી પ્રાપ્ત કરી શકશે.

પુસ્તકની મૂળ કિંમત રૂા. ૧૦૦/- તથા કુરિયર ચાર્જ મળીને રૂા. ૧૪૦/- છે. જે 'મંગલ મંદિર'ના વાચકોને માત્ર રૂા. ૧૦૦/- (કુરિયર ચાર્જ સહિત) મર્યાદિત સમય માટે મળી શકશે.

*શ્રી બલવીરસિંહ જાડેજા*
૧૨, ઘર આંગણ ફ્લેટ્સ, પ્રોફેસર્સ કોલોની સામે,
ચાઇલ્ડ કેર યુનિટની પાછળ, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૦૯. ● મો. ૯૮૨૫૭ ০০০৯৬

***સમીક્ષક : દિનેશ આર. મહેતા***



ગેમ્સ ગેલેરી

# મકરસંક્રાંત : પતંગની ગેમ



ભાવના એ. ઝવેરી

ઉત્તરાયણ આવી ગઈ... કરો તૈયારી... ઊંધીયુ, જલેબી, ચીકી, ખીચડો – ને સાથે પતંગ અને ફીરકી. લાગે છે કે હજુ કંઈક રહી જાય છે. એ છે ગેમ્સ અને ગિફ્ટની તૈયારી... કેમ સાચી વાત ને?

આપેલ ચિત્રની કલર પ્રિન્ટ અને પેન, રમનાર બધાને આપો. ચારેય પતંગમાં ચાર-ચાર રાઉન્ડ આપેલા છે. તેમાં ૧ થી ૬૦ માંથી મનગમતા આંક લખીને તૈયાર કરો.

***હોસ્ટ*** : હાઉસીનું બોર્ડ અને ટોકન લઇ આ ગેમ રમાડશે.

***નિયમ*** : પતંગની બાજુમાં મૂવીના નામ અને ગીતની કડી આપેલ છે. તે મુજબ જવાબ પણ આપવાના અને નંબર કટ પણ કરવાના રહેશે.

***ઊડી ઊડી જાય...*** પતંગના નંબર કટ થાય તો તે કયા મૂવીનો સોંગ છે...? જવાબ : 'રઈસ.'

***ઢીલ દે દે...*** પતંગના નંબર થાય તો તે કઈ મૂવીનું સોંગ છે...? જવાબ : 'હમ દિલ દે ચૂકે સનમ.'

***કાપ્યો છે –*** પતંગના નંબર કટ થાય એણે ગીતની કડી ગાવાની. ગીત : રૂઠે ખ્વાબોં કો મના લેંગે.

***'કટી પતંગ'***ના નંબર થાય તેને તે મૂવીનું સોંગ ગાવાનું રહેશે. ગીત : ના કોઈ ઉમંગ હૈ... ના કોઈ તરંગ હૈ... મેરી જિંદગી હૈ ક્યા... એક કટી પતંગ હૈ...

***ફુલ હાઉસી ૧ - ૨ :*** જેના બધા જ નંબર થાય તે.

**સરપ્રાઇઝ :**

★ આપેલ ચિત્રમાં કેટલી ફીરકી છે. જે પહેલા જવાબ આપે તે વિનર. (૧૮ ફીરકી છે.) તો જેણે પોતાના પતંગમાં ૧૮ નંબર લખેલ હશે તે વિનર.

★ આપેલ ચિત્રમાં પાંચ પતંગ આપેલ છે. જેણે પાંચ અંક લખેલ હોય તે વિનર.

***લક્કી વિનર*** : જેણે પોતાના પતંગમાં ૧૪ અને ૧ નંબર લખેલ હશે તે વિજેતા. કેમકે ૧૪ જાન્યુઆરી.

રમનાર બધાને અને વિજેતાને ગિફ્ટ આપી નવાજો.

મકર સંક્રાંતિની શુભેચ્છા....




*ખુદાનું તેજ વાતાવરણના અણુએ અણુમાં છુપાયેલું છે, પણ એનો અનુભવ તો ત્યારે જ થાય કે એને ઝીલવા માટે તન અને મન તૈયાર હોય. હવાના મોજા ઉપર સંગીતના સૂર ગતિ ધારણ કરે છે અને આખો રેડિયો જો બરાબર હોય તો સંગીતને ઝીલી શકાય છે. એવી જ રીતે હૃદયના રેડિયોમાં પણ શુભ ભાવનાની ચાવી ફેરવવાથી ખુદાનું દિવ્ય સંગીત જરૂર સાંભળી શકાય છે.*

# તીર્થ દર્શન

## ભક્ત લોકોના દિલને હરી લેતી એક નવી કોલમ

*જગતના તમામ ધર્મોમાં જૈન ધર્મની એક મહત્તા એનાં ભવ્ય, અલૌકિક અને અધ્યાત્મ ભાવનાથી ભરપૂર તીર્થો છે. આ તીર્થો ભક્તની ભક્તિ, શ્રેષ્ઠીની દાનવીરતા, સાધકની ઉપાસના અને સાધુજનોની સમતાનો સંદેશ આપીને સંસાર સમુદ્ર તરવા માટે જિન ભક્તિનો ઉપદેશ આપે છે. સમગ્ર દેશમાં નહીં પરંતુ વિદેશોમાં અનેક જિનાલયો છે. આ બધા જિનાલયની યાત્રા કરીને પોતાની ભક્તિ ભાવનાને ધન્ય કરવાની પળ સૌને સાંપડતી નથી. ક્યારેક શારીરિક કે આર્થિક શક્તિ ન હોય, ક્યારેક સમય અથવા અન્ય સગવડનો અભાવ હોય. આથી જ પાલિતાણામાં આવેલા શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન અને શ્રી સમવસરણ મહા મંદિરમાં એક સાથે અનેક તીર્થોના દર્શન અને ભાવપૂજનનો લાભ મળે છે.*

*આ સંગમ સ્થાન તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ ચડતાં જ જમણી તરફ આવેલું છે. દેશ-વિદેશના પ્રત્યેક જૈન શ્રી શત્રુંજયની યાત્રા કરવાની ઝંખના - ભાવના રાખતો હોય છે. આથી જ શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન પાલિતાણામાં નિર્માણ કરવામાં આવ્યું. જેથી યાત્રાએ આવનાર યાત્રાળુને અનોખો તીર્થદર્શન, વંદન અને પૂજનનો ધર્મમય સુયોગ સાંપડે છે.*

*એ ભાવના - ઝંખના ધારણ કરીને આ તીર્થના દર્શન, તેની માહિતીના આધારે કરી શકાય છે....*

*આ કોલમમાં આપણે એક પછી એક તીર્થના દર્શન કરીશું....*

*– તંત્રી મંડળ*

## તીર્થ દર્શન-૧

### ગિરિરાજની ગોદમાં... દરેકના મનને હરી લેતા... પાલિતાણાના શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન – સમવસરણ મહામંદિરની આછેરી ઝલક

### (૧) – શ્રી સિદ્ધગિરિ પાલિતાણા તીર્થ (શ્રી આદિશ્વર ભગવાન)




તારે તે તીર્થ. તીર્થને પ્રવર્તાવે તે તીર્થંકર. આવા તીર્થોમાં સૌરાષ્ટ્ર ભાવનગરથી ૪૮ કિ.મી. દૂર અને શિહોરથી ૨૯ કિ.મી. દૂર આવેલું શ્રી શત્રુંજય તીર્થ એ પ્રાયઃ શાશ્વતુ તીર્થ ગણાય છે. જૈન ધર્મના પ્રથમ તીર્થંકર અને માનવ સંસ્કૃતિના આદિ સ્થાપક શ્રી ઋષભદેવ ભગવાન આ તીર્થમાં પૂર્વ નવ્વાણું વાર સમોસર્યા હતા. ચોવીસ તીર્થંકરોમાંથી શ્રી નેમિનાથ ભગવાન સિવાયના ત્રેવીસ તીર્થંકરોએ આ તીર્થ પરથી વિશ્વને જૈન ધર્મનો મંગલકારી સંદેશ આપ્યો હતો. મંદિરોની મહાનગરી જેવું શત્રુંજય તીર્થ એ આગમમાન્ય પ્રાયઃ શાશ્વત સિદ્ધક્ષેત્ર છે. **એના મૂળનાયક શ્વેતવર્ણીય પદમાસનસ્થ શ્રી આદિશ્વર ભગવાન છે.** ગિરિરાજની ઊંચાઈ ૧૬૪૦ ફૂટ છે અને એના પરનો ગઢ વિસ્તાર વીસ એકરમાં પથરાયેલો છે. એની નવ ટુંકોમાં ૧૦૮ મોટા દેરાસર અને ૮૭૨ નાની દેરીઓ આવેલી છે અને **સાતેક હજાર જેટલી જિન પ્રતિમાઓ છે. વિશ્વમાં કોઈ પણ સ્થળે આટલી બધી પ્રતિમાજી નહીં મળે** અને એ જ રીતે આટલી ઊંચાઈએ આટલી વિપુલ સંખ્યામાં કમનીય કારીગરી ધરાવનારાં દેરાસરો જગતમાં મળશે નહીં. પ્રાચીન સમયમાં આ તીર્થ પર ભગવાન ઋષભદેવના ગણધર પુંડરિક સ્વામી મોક્ષે પધાર્યા હતા. તેથી એને પુંડરિકગિરિ તરીકે પણ ઓળખવામાં આવે છે. ૧૦૮ નામ ધરાવતા આ મહાતીર્થનો અવસર્પિણી કાળમાં સોળ વાર જીર્ણોધ્ધાર થયો. આ તીર્થની એક યાત્રા એકસો યાત્રા બરાબર ગણાય છે. આજે પ્રતિ વર્ષ ચાર લાખથી પણ વધુ યાત્રાળુઓ છ'રી પાળતા સંઘો મારફતે અને અન્ય રીતે આ અજોડ તીર્થની યાત્રાએ આવે છે. તળેટીથી શિખર સુધી પહોંચવાનો રસ્તો સવા બે માઈલનો તથા ૩૭૫૦ પગથિયા ધરાવતો છે. કશાય રાજ્યાશ્રય વિના કે મજૂરો પાસે વેઠ કરાવ્યા વિના લોકસમૂહની ધર્મભાવનાથી થયેલું આ તીર્થ જગતમાં અજોડ ગણાય છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## NanoNine® શબ્દ રમત-૧૭૮

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૧-૨૦૨૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. મનને ગમતું (૫)
૪. સમશેર, ખડગ (૪)
૭. શ્રેષ્ઠ, ઉજ્જવળ, પ્રકાશ (૪)
૯. તાકડો, દાવ, યુક્તિ (૨)
૧૧. ઝટઝટ (૪)
૧૩. યુક્તિ (૨)
૧૪. વજન (૨)
૧૫. ભય, બીક (૨)
૧૭. અક્કલ, ડહાપણ (૩)
૧૯. સુઝ, સમજણ (૪)
૨૧. જ્ઞાતિ (૨)
૨૨. કંટાળેલું, તોબા, પીડા (૨)
૨૩. પક્ષી, સૂર્ય, દેવ (૨)
૨૫. ચીં... ચીં... બોલતું પક્ષી (૩)
૨૭. _____ પધરાવો સાવધાન (૨)
૨૯. મેડો, મજલો (૨)
૩૦. કેરીની એક જાત (૪)
૩૨. હવન, યજ્ઞ (૨)
૩૩. મીઠું (૩)
૩૪. પાણીનો કુંડ (૨)
૩૫. શૂળ, કાંટો (૨)
૩૬. કઠોળના દાણામાંથી બનાવેલી વાનગી (૨)
૩૭. ગ્રહણ કરવું તે, સમજવું તે (૪)
૩૯. ખરાબ, હીન (૨)
૪૧. નવીનતા (૩)
૪૨. _____માં ભીંડો ન ખવાય (૪)
(આ મહિનામાં જૈનોની સંવત્સરી આવે)
૪૩. સંસારરૂપી સમુદ્ર (૫)

### ઊભી ચાવીઓ

૧. મનોહર, સુંદર (૪)
૨. નવું, એક સંખ્યા (૨)
૩. ઘોંઘાટ, અવ્યવસ્થા, ગોટાળો (૪)
૫. કપાળ (૩)
૬. વાક, લગામ (૨)
૮. શણનું કપડું, ગુણપાટ, થાળ (૨)
૯. મોજો, તરંગ, જથ્થો (૨)
૧૦. સારવાર, સંભાળ (૪)
૧૨. ફૂલમાંની રજ (૩)
૧૩. વાસના, મનોભાવ, ઈચ્છા (૩)
૧૪. હિંદુસ્તાન (૩)
૧૬. મોહ, મમતા, સૂર (૨)
૧૮. પાઠ, ઘડો (૩)
૧૯. હાથી (૨)
૨૦. યજ્ઞ, ઉત્સવ (૨)
૨૪. ઊનું, ઉષ્ણ (૩)
૨૫. આંદોલન, વલોપાત (૪)
૨૬. ઈટાલીનું ચલણ (૨)
૨૭. હાથી (૨)
૨૮. સારો મેળ (૩)
૨૯. ધનવાન, તવંગર (૪)
૩૧. ખર્ચ, ઉધારેલી રકમ (૩)
૩૨. જઠર, પેટ (૩)
૩૫. બહાદુર, હિંમતવાન (૪)
૩૭. માન (૩)
૩૮. પ્રાપ્તિ, સિધ્ધિ, ઐશ્વર્ય (૨)
૩૯. ખરાબ, હીન (૨)
૪૦. હોડી, વહાણ (૨)
૪૧. ફેણવાળો સાપ (૨)

*મનની તાકાત! એ ધારે તો તમને હિમાલયની ટોચે ચડાવી દે અને તમારામાં તાકાત હોય છતાં પણ જો મન ધારે તો તમને તણખલું પણ ન ઉપાડવા દે! એ ધારે તો સર્પમાં તમને દોરડું દેખાય અને તમે એને પકડીને ઉપર ચઢી જાઓ અને દોરડામાં સર્પ બતાવીને તમને તે ભયથી ધ્રુજતા કરી શકે. મન જ્યારે માયા પાથરે છે ત્યારે બગીચાની જગ્યાએ ઉકરડો દેખાડી શકે છે અને સાક્ષાત્ પ્રભુ સામે આવીને ઊભા હોય તો તેમાં પથ્થરનું ભાન કરાવી શકે છે.*

# હિંદી ફિલ્મોના યાદગાર ગીતો

- **૧૯૭૨ : કુછ તો લોગ કહેંગે... લોકોં કા કામ હૈ કહના... (અમર પ્રેમ)** : આનંદ બક્ષીના વાતચીત શૈલીમાં ગવાયેલા આ ગીતમાં વિષાદને કેવી રીતે વાચા આપવામાં આવી છે. તે તેના એકેએક બોલમાં સ્પષ્ટ થાય છે. રાજેશ ખન્ના અને શર્મિલા ટાગોરે આ ગીતને પોતાના અભિનય દ્વારા યાદગાર બનાવી દીધું છે.

- **૧૯૭૩ : હમ તુમ, એક કમરે મેં બંદ હો, ઔર ચાબી ખો જાય (બોબી)** : લક્ષ્મીકાંત – પ્યારેલાલના આ ગીતે ઋષિ કપૂર અને ડિમ્પલ કાપડિયાને રાતોરાત સ્ટાર બનાવી દીધા હતા.

- **૧૯૭૩ : ચુરા લીયા હૈ તુમને જો દિલ કો... (યાદોં કી બારાત)** : આ ગીતમાં બોટલોના ટકરાવથી પેદા થતો રણકાર યાદગાર બની ગયો છે અને પ્રેમીજનો માટે તો આ ગીત આજે પણ એટલું જ માનીતું છે.

- **૧૯૭૫ : તેરે બીના ઝિંદગી સે કોઈ શિકવા તો નહીં... (આંધી)** : વિખૂટું પડેલું યુગલ ઘણા વર્ષો પછી પાછું મળે છે ત્યારે આ ગીત ગાઈને પોતાના મનની વાતને અદ્‌ભુત રીતે વાચા આપે છે. **વાસ્તવમાં ગુલઝારની આ મૂવી કટોકટીના વર્ષમાં જ રજૂ થઈ હતી અને તેમાં સુચિત્રા સેનનું મુખ્ય પાત્ર ઇંદીરા ગાંધીને ઘણું મળતું આવતું હોવાથી આ ફિલ્મ પર બે વર્ષ સુધી પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો.**

- **૧૯૭૫ : યે દોસ્તી... હમ નહીં તોડેંગે... (શોલે)** : હિંદી ફિલ્મ ઉદ્યોગની યાદગાર ફિલ્મોમાંની એક ફિલ્મ શોલેમાં અમિતાભ બચ્ચન અને ધર્મેન્દ્ર પર ફિલ્માવવામાં આવેલા આ ગીતને દોસ્તીના સદાબહાર ગીતોમાં સ્થાન મળ્યું છે. સલીમ – જાવેદ લિખિત આ મૂવીના આ ગીતમાં આર.ડી. બર્મનની ગીટારે કમાલ કરી હતી.

- **૧૯૭૬ : કભી કભી મેરે દિલ મેં ખયાલ આતા હૈ... (કભી કભી)** : સાહિર લુધિયાનવીના આ ગીતમાં છૂટાં પડી રહેલા પ્રેમી યુગલનું અંતર કઇ હદે ઘવાય છે તે બખૂબી રજૂ કરવામાં આવ્યું છે. પરંતુ ઘણાં લોકો દ્રઢપણે માને છે કે ગીતકારના હૈયામાં અમૃતા પ્રીતમ પ્રત્યે રહેલા પ્રેમને વાચા મળી છે.

- **૧૯૭૭ : પર્દા હૈ પર્દા... (અમર અકબર એન્થની)** : મોહમ્મદ રફીના આ ગીતમાં ઋષિ કપૂરે જે કમાલ કરી છે તે સદાબહાર બની ગઈ છે.

- **૧૯૭૮ : હમ બેવફા... હરગીઝ ન થે... (શાલીમાર)** : આ મૂવી બોક્સ ઓફિસ પર સદંતર નિષ્ફળ ગઈ હતી પરંતુ આ ગીત અત્યંત લોકપ્રિય બન્યું હતું.

- **૧૯૮૦ : તુમ ઇતના જો મુસ્કુરા રહે હો, ક્યા ગમ હૈ જીસકો... (અર્થ)** : પતિનો પ્રેમ ગુમાવી ચૂકેલી પત્ની પોતાના દિલના દર્દને સંતાડવા પરાણે સ્મિત વેર્યા કરે છે. પરંતુ તેનો મિત્ર આ વાત સમજી જાય છે. મહેશ ભટ્ટની આ મૂવીમાં શબાના આઝમી અને રાજ કિરણ પર ફિલ્માવવામાં આવેલી આ ગઝલને જગજીત અને ચિત્રા સિંહના કંઠ તેમજ સંગીતે હૃદયંગમ બનાવી દીધી છે.

- **૧૯૮૦ : આપ જૈસા કોઈ મેરી ઝિંદગી મેં આયે, તો બાત બન જાયે... (કુરબાની)** : ફિરોઝ ખાન અને ઝિન્નત અમાન પર ફિલ્માવવામાં આવેલા આ ગીતે તે વખતે તો કમાલ કરી જ હતી પરંતુ આજદિન સુધી તેની ગણના ક્લાસિક ડિસ્કો ગીતમાં થાય છે. ■

*આપણું જીવન વડના ઝાડ જેવું વિશાળ હોવું જોઈએ કે જેની છાયા નીચે બાળકો ખેલીકૂદી શકે અને વૃદ્ધો દિવસના તાપમાં આશરો લઈ શકે.*

## NanoNine® શબ્દ રમત-૧૭૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હ | રી | શ | ચં | દ્ર | | ઇ | શ | ર | ત | જ | હાં |
| મ | | ગ | | | લ | ય | | જ | | જ | લ |
| સ | મ | | ર | ખે | વા | ળ | | ની | | | ક |
| ફ | ર | મા | ન | | દ | | હું | | ચે | | ડો |
| ર | જી | વ | | લા | | સ | | ન | ક | સ | લ |
| | વા | ત | ચી | ત | | ર | જ | ત | | | ક |
| જી | | ર | સ | | જી | ગ | ર | | અં | ગ | |
| શ | વ | | | પ | | વા | જ | તે | ગા | જ | તે |
| સ | દ | ન | | ડ | ર | | વે | | ર | | ત |
| ર | ન | વે | | ત | | વે | રા | ન | | પ | ર |
| | | સ | વા | ર | | | ત | ર | સ | | |
| કા | ત | ર | | | ધ | રા | | ક | જા | ગ | રૂ |

## BREAKING NEWS!!

### 2021 Bye Bye... 2022 Welcome....

*This is to inform you all that our beloved and well known friend Mr. 2021 is retiring on the 31st of this Month.*

*His 12 wives, 52 children and 365 grand children will be attending the grand send off on Friday, the 31st December at 23.59 Hrs.*

*However, his family members asked me to inform you that he is retiring with all your problems, sickness, disappointments, frustration, untimely death, shame, disgrace, barrenness, discouragement, failure and rejection.*

*Yet his successor – Mr. 2022 asked me to inform you that he is going to compensate you with : long life, good health, wealth, love, abundant blessings, peace, joy, righteousness, promotion, prosperity etc.*

*Next 6 days should be filled and packed with "Non-stop fun parties" coupled with joy, humour and laughter all around... to greet and enter Big 2022.*

***– With best wishes for 2022.***

*(N.B. : Published on 25th December, 2021)*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૩૬અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૧-૨૦૨૨ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૩૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | | 9 | 5 | 1 | | 4 |
| | | 1 | | | | | | 7 |
| 8 | 4 | | 1 | | 2 | | 9 | |
| | | 4 | 8 | | | | 7 | 2 |
| | 2 | | 7 | | | | 1 | |
| 1 | 8 | | | | 6 | 4 | | |
| | 1 | | | | 7 | | 3 | 6 |
| 5 | | | | | | 7 | | |
| 7 | | | 2 | 6 | | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | 1 | 4 | | 6 | | | 7 |
| | 7 | | 2 | | | | | 1 |
| | 9 | | | 1 | | 8 | 6 | |
| | | 9 | | 8 | | 3 | | |
| 1 | 3 | | 9 | | 4 | | 8 | |
| | | 2 | | 3 | | 6 | | |
| | 1 | 8 | | 4 | | | 2 | |
| 2 | | | | | 7 | | 9 | |
| | | 7 | 1 | | 9 | 5 | | 8 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | | | | 6 | | 1 |
| 4 | | | 9 | 1 | | | | 2 |
| | | 5 | 2 | | 6 | | 9 | |
| | 5 | 4 | 7 | | 1 | | 6 | |
| | | 6 | | 3 | | 4 | | |
| | 8 | | 6 | | | 2 | 7 | |
| | 4 | | 3 | | 7 | 5 | | 6 |
| 6 | | | | 5 | 2 | | | 8 |
| 5 | | 2 | | | | | 3 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | | 3 | | 4 | 8 | | |
| 1 | | 2 | 6 | | | 3 | | |
| | | 8 | | 2 | | | 6 | 4 |
| 4 | 7 | | | 6 | | | 8 | |
| 8 | | | 4 | | 1 | | | 6 |
| | 2 | | | 9 | | | 7 | 3 |
| | | | | 4 | | 5 | | |
| 9 | | 4 | | | 5 | 7 | | 2 |
| 5 | | 3 | 7 | | 2 | | | 9 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૩૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 8 | 9 | 3 | 2 | 4 | 5 | 6 | 7 |
| 3 | 7 | 2 | 5 | 6 | 8 | 1 | 4 | 9 |
| 5 | 4 | 6 | 9 | 1 | 7 | 8 | 2 | 3 |
| 6 | 1 | 8 | 2 | 4 | 9 | 3 | 7 | 5 |
| 7 | 3 | 4 | 6 | 5 | 1 | 9 | 8 | 2 |
| 9 | 2 | 5 | 7 | 8 | 3 | 4 | 1 | 6 |
| 2 | 9 | 1 | 8 | 7 | 5 | 6 | 3 | 4 |
| 4 | 5 | 7 | 1 | 3 | 6 | 2 | 9 | 8 |
| 8 | 6 | 3 | 4 | 9 | 2 | 7 | 5 | 1 |

**B**


| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 2 | 6 | 4 | 1 | 8 | 9 | 7 | 3 |
| 4 | 3 | 8 | 5 | 7 | 9 | 2 | 6 | 1 |
| 1 | 9 | 7 | 6 | 2 | 3 | 8 | 4 | 5 |
| 3 | 7 | 5 | 1 | 6 | 2 | 4 | 9 | 8 |
| 8 | 6 | 2 | 9 | 3 | 4 | 1 | 5 | 7 |
| 9 | 1 | 4 | 7 | 8 | 5 | 6 | 3 | 2 |
| 7 | 8 | 3 | 2 | 4 | 6 | 5 | 1 | 9 |
| 2 | 4 | 9 | 3 | 5 | 1 | 7 | 8 | 6 |
| 6 | 5 | 1 | 8 | 9 | 7 | 3 | 2 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 6 | 3 | 4 | 2 | 5 | 9 | 1 |
| 2 | 5 | 9 | 1 | 7 | 6 | 4 | 3 | 8 |
| 1 | 3 | 4 | 5 | 9 | 8 | 2 | 7 | 6 |
| 4 | 9 | 1 | 2 | 8 | 7 | 3 | 6 | 5 |
| 7 | 2 | 5 | 6 | 1 | 3 | 9 | 8 | 4 |
| 6 | 8 | 3 | 4 | 5 | 9 | 7 | 1 | 2 |
| 3 | 1 | 2 | 9 | 6 | 4 | 8 | 5 | 7 |
| 5 | 4 | 7 | 8 | 3 | 1 | 6 | 2 | 9 |
| 9 | 6 | 8 | 7 | 2 | 5 | 1 | 4 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 4 | 1 | 7 | 8 | 6 | 3 | 9 | 5 |
| 5 | 3 | 6 | 4 | 1 | 9 | 8 | 7 | 2 |
| 7 | 8 | 9 | 5 | 2 | 3 | 1 | 4 | 6 |
| 1 | 7 | 5 | 6 | 9 | 8 | 4 | 2 | 3 |
| 3 | 2 | 8 | 1 | 7 | 4 | 6 | 5 | 9 |
| 6 | 9 | 4 | 3 | 5 | 2 | 7 | 8 | 1 |
| 9 | 6 | 3 | 2 | 4 | 7 | 5 | 1 | 8 |
| 8 | 1 | 7 | 9 | 6 | 5 | 2 | 3 | 4 |
| 4 | 5 | 2 | 8 | 3 | 1 | 9 | 6 | 7 |



# માહિતી

## વીજળીમાં એસી અને ડીસી કરંટ

ધાતુના તારમાં વીજપ્રવાહ ઈલેક્ટ્રોનની ગતિવિધિથી વહે છે. તેની બે રીત છે. એક તો ઈલેક્ટ્રોન આગળ વધીને તારના એક છેડેથી બીજે છેડે જાય અને બીજું ઈલેક્ટ્રોન એક સ્થળે રહી એક સેકન્ડમાં ૬૦ વખત આઘાપાછા થાય. સળંગ ગતિ કરતા પ્રવાહને ડાયરેક્ટ કરન્ટ કે ડીસી અને ઈલેક્ટ્રોનના આઘાપાછા થવાથી વહેતા પ્રવાહને 'ઓલ્ટરનેટ કરન્ટ' એટલે કે એસી કહે છે.

એસી કે ડીસી બંને પ્રવાહની વચ્ચે લાઈટ બલ્બ કે કોઈ ઉપકરણ જોડાય ત્યારે વીજપ્રવાહનો ગતિરોધ થઈને તેમાં ગરમ અને પ્રકાશ જેવી ઊર્જા પેદા થાય છે. જૂના વખતમાં એસી અને ડીસી બંને રીતે વીજ પુરવઠો મોકલાતો. એસી કરન્ટથી દૂર સુધી વીજળી મોકલી શકાય છે અને તેમાં ટ્રાન્સફોર્મરના ઉપયોગથી માત્રામાં વધઘટ કરવી સરળ હોવાથી વીજ પુરવઠો એસી કરન્ટથી જ મોકલાય છે. કેટલાક સાધનોમાં એસી કે ડીસી કરન્ટથી કોઈ ફેર પડતો નથી. ઈલેક્ટ્રિક મોટર એસી અને ડીસી બંને પ્રવાહથી ચાલે. જો કે બંનેની રચના જુદી જુદી.

હળવો વીજ પ્રવાહ વાપરતા સાધનોમાં ડીસી પાવર વપરાય છે. પાવરના સેલ અને બેટરી ડીસી પાવર આપે છે. **આપણા ઘરમાં વીજપ્રવાહ એસી કરન્ટથી આવે છે. તેને નાના સાધનોમાં વાપરવા ડીસી કરન્ટમાં ફેરવવા એડેપ્ટરનો ઉપયોગ થાય છે.**

## કમ્પ્યુટરની અંદરનું વિજ્ઞાન

ધાતુના વાયરમાંથી ઈલેક્ટ્રિસિટી પસાર થાય ત્યારે તે વીજળીનો પ્રતિકાર કરે છે અને તેથી ગરમ થાય છે. ઈલેક્ટ્રિકના સાધનો ટી.વી., ફ્રીજ, કમ્પ્યુટર અને મોબાઈલ ફોન પણ ચાલુ હોય ત્યારે ગરમ થાય છે. કમ્પ્યુટર પણ વીજળી વડે ચાલે છે. કમ્પ્યુટરના પ્રોસેસર ઝડપથી રૂમમાં વાપરવા સલાહભર્યું છે. તેમ છતાં કમ્પ્યુટરના સી.પી.યુ.માંથી ગરમી દૂર કરવા નાનકડા પંખા હોય છે. **પ્રોસેસર ઉપર હીટ સિન્ક નામનું સાધન હોય છે. હીટ સિન્ક મહત્ત્વનું છે.** તેના વિના પ્રોસેસર ચાલે જ નહીં. હીટ સિન્ક એલ્યુમિનિયમના અનેક સ્તરની ગોઠવણીવાળું સાદું સાધન છે. તે કારના રેડિયેટર જેવું કામ કરે છે. એલ્યુમિનિયમ ઝડપથી ગરમ થાય છે અને અન્ય ગરમ પદાર્થની નજીક આવે ત્યારે તેમાંથી ગરમીનું શોષણ કરે છે.

એલ્યુમિનિયમમાં ગરમી ઝડપથી વહે છે અને પવન લાગે તો ઝડપથી ઠંડું પણ થાય છે. પ્રોસેસરની નજીક રાખેલી હીટ સિન્ક પ્રોસેસરમાંથી સતત ગરમી શોષે છે અને પંખાની મદદથી નિકાલ કરે છે. હીટ સિન્ક એલ્યુમિનિયમના અનેક પાતળા પડવાળું હોય છે. તેનો આકાર ચોરસ કે ગોળાકાર હોય છે. પડની વચ્ચેથી હવાની આવ-જા થઈ શકે છે. તે જેટલી ગરમી મેળવે તેટલી જ ઝડપથી ગુમાવે છે. એટલે પ્રોસેસરને ગરમ થતું અટકાવે છે.

## તાપમાન અને થર્મોસ્ટેટ

વીજળી વડે ગરમી મેળવતા ઈસ્ત્રી, રૂમ હીટર, ગીઝર વગેરે સાધનો વધુ પડતા ગરમ થઈ જાય તો આપમેળે વીજપ્રવાહ બંધ કરવાની ગોઠવણવાળા હોય છે. આ ગોઠવણથી અકસ્માતની શક્યતા ઘટી જાય છે. **આવા સાધનોમાં તાપમાન પર કાબૂ રાખવા થર્મોસ્ટેટ વપરાય છે.** વિવિધ સાધનોમાં થર્મોસ્ટેટનો વિવિધ રીતે ઉપયોગ થાય છે. ઘરમાં હીટર હોય તો રાત્રે રૂમ વધુ પડતો ગરમ ન થઈ જાય તે માટે થર્મોસ્ટેટ ઉપયોગી થાય છે. આ સાધન દીવાલ ઉપર લટકાવી શકાય છે. ધાતુ ગરમ થાય ત્યારે તેનું કદ વધે છે અને ઠંડી થાય ત્યારે સંકોચાય છે. આ સિદ્ધાંત ઉપર થર્મોસ્ટેટ કામ કરે છે. પિત્તલ કે લોખંડની બે નાનકડી ઠેસીવાળા આ યંત્રમાં આબાદ રીતે આ સિદ્ધાંત વપરાયો છે. વિવિધ ધાતુઓ પર ગરમીની અસર વધતી ઓછી થાય છે. ગરમીથી લોખંડ વધુ વિસ્તાર પામે અને પિત્તળ કે તાંબુ ઓછો વિસ્તાર પામે છે. લોખંડ અને પિત્તળની બે પટ્ટીઓ જોડીને ગરમ કરવાથી આ વધઘટ સર્જાય. બંને પટ્ટી ગરમ થતાં એકતરફ ઝુકી જાય છે. પટ્ટી ઝુકી જાય એટલે વીજપ્રવાહની સર્કિટથી દૂર થઈ જાય અને વીજપ્રવાહ બંધ થઈ જાય. પટ્ટી ઠંડી થઈને મૂળ સ્થિતિમાં આવી જાય એટલે સર્કિટ આપોઆપ જોડાઈને હીટર શરૂ થઈ જાય. આમ, થર્મોસ્ટેટ સાધનોને વધુ પડતા ગરમ થવા દેતું નથી.

આધુનિક થર્મોસ્ટેટમાં ધાતુની પટ્ટીના સ્થાને જુદા જુદા વાયુ ભરેલી બે ડિસ્ક વપરાય છે. ગરમી અને ઠંડીની અસર વાયુ ઉપર ઝડપથી થાય છે. એટલે વાયુની ડિસ્કવાળા થર્મોસ્ટેટ વધુ ઝડપી અને વધુ ક્ષમતાથી કામ કરે છે. ■

*સ્વજનનું મૃત્યુ એ એક એવી પરિસ્થિતિ છે કે જે બદલી શકાય નહીં. અને જીવનમાં આવું તો ઘણી વાર બને છે કે ઊભા થયેલા અમુક સંજોગો આપણે બદલી શકતા નથી અને તેથી એને અનુકૂળ થયા વિના છૂટકો જ નથી.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૨ના કાર્યક્રમ અંગે...

*તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૨ બુધવારના રોજ પ્રજાસત્તાક દિવસનો કાર્યક્રમ નીચે મુજબ છે.*

| | |
|---|---|
| સવારે ૦૯.૦૦ વાગે | પાલડી ભવન ખાતે ધ્વજવંદન કાર્યક્રમ – સમાજના મહાનુભાવોના વરદ્ હસ્તે. ધ્વજવંદન બાદ હળવો નાસ્તો. |
| સવારે ૧૦.૦૦ વાગે | મહાનુભાવો અને મહેમાનોની હાજરીમાં ગીતા મંદિર ખાતે નવનિર્મિત ડાયાલિસિસ સેન્ટરનું ઉદ્ઘાટન. |
| સવારે ૧૦.૩૦ વાગે | ટાગોર હોલ, પાલડી ખાતે ડાયાલિસિસ સેન્ટરના ઉદ્ઘાટન નિમિત્તે સ્ટેજ પ્રોગ્રામ. |
| બપોરે ૦૧.૩૦ વાગે | ભોજન સમારંભ |
| બપોરે ૦૨.૩૦ વાગે | સાંસ્કૃતિક સમિતિ તરફથી વિવિધ કાર્યક્રમ. |
| સાંજે ૦૫.૩૦ વાગે | હાઈ-ટી |

**સમાજના સભ્યોએ ધ્વજવંદન બાદ સીધા ટાગોર હોલ ઉપર આવવાનું રહેશે.**

કોરોનાના ગાઈડ લાઈન અનુસાર મર્યાદિત સંખ્યામાં કાર્યક્રમ યોજવાનો હોઈ, તા. ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૨થી તા. ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૨ સુધી પોતાના પાસ, વ્યક્તિ દીઠ રૂા. ૫૦/- ચૂકવી નીચે જણાવેલા સ્થળો પરથી મેળવા લેવા. સમય સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી.

★ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી

★ નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

★ શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ

★ સમ્રાટ સિલેકશન, મણિનગર (હસ્તે શ્રી કમલેશભાઈ શાહ)

*માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા આયોજિત "સક્ષમ" કાર્યક્રમ અંગે....

શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા તા. ૨૬-૧૨-૨૦૨૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે હ્યુમન ડેવલોપમેન્ટ સેન્ટરની જાહેરાતના એક કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં ૭૪ જેટલા જાગૃત સભ્યો તેમજ તેમના બાળકોએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સમિતિના કન્વીનર વિમેશ શાહના આવકાર પ્રવચન બાદ, હીરેન શાહે છેલ્લા ૧૫ વર્ષ દરમિયાન સમિતિ દ્વારા થયેલી પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન કર્યું હતું. ત્યારબાદ ફેકલ્ટી ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા અને ડૉ. નીરવ ઠક્કર એ હ્યુમન ડેવલપમેન્ટ સેન્ટર, પેરેન્ટિંગ, કારકિર્દી - કાઉન્સેલિંગ તથા જનરલ કાઉન્સેલિંગ આ માટે જરૂરી છે તથા ખૂબ ઉદ્દેશપૂર્ણ એવા "સક્ષમ" કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન સક્ષમ-૧ના ઉપસ્થિત વિદ્યાર્થીઓને સંસ્થાના માનદ્ મંત્રી રજનીકાંત પારેખના હસ્તે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ 'સક્ષમ' કાર્યક્રમ અંતર્ગત શું જ્ઞાન / લાભ મેળવી શક્યા, તે વિશે કેટલાક વિદ્યાર્થીઓ તથા તેમના વાલીમંડળના કેટલાક સભ્યોએ રજૂઆત કરી હતી. સમાપનના સમયે દેવેન છેડાએ કાર્યક્રમની આભારવિધિ કરી હતી. સમિતિના અન્ય સક્રિય સભ્યો દેવેન દંડ, વિશાલ શાહ, સ્મિતા શાહ, પ્રિયેશ સંઘવી, બોબી ખોના, શિલ્પી શાહ, હાસ્યલતા મહેતાએ સક્ષમ કાર્યક્રમનું આયોજન કરવામાં તથા તેને સંપન્ન કરવામાં ખૂબ ઉત્સાહપૂર્વક પોતાનો રોલ અદા કર્યો હતો, તેવું સમિતિના કન્વીનર દ્વારા જણાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને સંસ્થાની અન્ય એક પ્રવૃત્તિ 'કચ્છ ઓર્ગેનિક' વિશે માહિતી આપવામાં આવી હતી અને તે સંબંધી કાઉન્ટરની મુલાકાત લેવા જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ, રાષ્ટ્રીય ગીત સન્માન સાથે સમૂહમાં ગાવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સૌએ અલ્પાહારની મજા માણી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંસ્થા - કાર્યાલયના સ્ટાફવર્ગે નિષ્ઠાપૂર્વક પોતાની સેવા પ્રદાન કરી હતી.

***કન્વીનર, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### સાભાર સ્વીકાર

**મેડિકલ સેન્ટરના આયુર્વેદિક વિભાગ માટે સપ્રેમ...**

| | | |
|---|---|---|
| રૂા. | ૨૫,૦૦૦/- | શ્રી ગૌરવ ગિરીશ દેઢિયા |
| રૂા. | ૨૫,૦૦૦/- | શ્રી દીપેન ગિરીશ દેઢિયા |
| રૂા. | ૨૫,૦૦૦/- | શ્રીમતી નવલબેન ગિરીશ દેઢિયા |

**વયસ્ક સમિતિ માટે સપ્રેમ....**

| | | |
|---|---|---|
| રૂા. | ૧૫,૦૦૦/- | શ્રીમતી ભદ્રાબા વાઘેલા |
| રૂા. | ૧૦,૦૦૦/- | સ્વ. અલકાબેન અરવિંદભાઈ સંઘવી અને અરવિંદભાઈ હેમચંદ સંઘવીની પુણ્ય યાદમાં તેમના સુપુત્ર અમીર અને રાહુલ તરફથી. |
| રૂા. | ૧૦,૦૦૦/- | શ્રી નિરંજન વાડીલાલ શાહ હસ્તે શ્રી મહેન્દ્ર વિશનજી શાહ |
| રૂા. | ૭૫૦૦/- | શ્રીમતી મીનાક્ષી રજનીકાંત ધરમશી પારેખ |
| રૂા. | ૫૦૦૦/- | શ્રીમતી કોકિલાબેન ભોગીલાલ કોરડિયા |
| રૂા. | ૩૧૦૦/- | શ્રીમતી રેવંતીબેન મણિલાલ ગોસર – તેમની દોહિત્રી જૈની અમીષા નિલેશ સાવલાના લગ્ન નિમિત્તે |

**મેડિકલ ખાતે સપ્રેમ....**

| | | |
|---|---|---|
| રૂા. | ૫,૦૦૦/- | સ્વ. કલ્યાણજી રવજી રાંભિયાની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે હ. રંજનબેન કલ્યાણજી રાંભિયા |

*દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર....*

***નોંધ :*** 'મંગલ મંદિર'ના ગત અંકમાં રૂા. નવ લાખના ડોનેશનની વિગત સાથે જે તસવીર પ્રગટ થઇ છે તેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ખજાનચી શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) (ડાબી તરફ) ચેકનો સ્વીકાર કરતા નજરે પડે છે. જ્યારે વચ્ચે શ્રી ગુણપ્રભાશ્રીજી સ્વાધ્યાય ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જીતેન્દ્રભાઈ શાહ છે અને ચેકની અર્પણ વિધિ કરનાર સામાજિક કાર્યકર શ્રી ભરતભાઈ ગાલા (જમણી તરફ) છે.

*ખીલીના માથા ઉપર જ જો હથોડીના ઘા પડ્યા કરે તો એ ખીલી ભીંતમાં ટટ્ટાર ઊભી રહે છે અને પોતાના કરતાં અનેકગણું વજન ઊંચકી શકે છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### તબીબી સહાય તથા સમાજ સુરક્ષા અને બાલ કલ્યાણ સમિતિ મેડિક્લેઇમની પોલિસી લેવા અંગે...

સમાજના સભ્ય પરિવારની પાંસઠ વર્ષની નીચેની વ્યક્તિને અનિવાર્ય સંજોગોમાં જ સમાજ તરફથી તબીબી સહાય આપવામાં આવે છે. આવા સંજોગોમાં મેડિક્લેઇમ લેવો જરૂરી છે. ખૂબ જ ઓછા પ્રીમિઅમથી મેડિક્લેઈમનો વિમો, કોઈપણ જાતની ડોક્ટરી તપાસ વગર લેવા માટે નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધવો.

★ *શ્રી રજનીકાંત પારેખ : ૯૮૯૮૦ ૫૩૫૨૧*

★ *શ્રી કે.ડી. શાહ : ૯૪૨૭૩ ૯૦૦૦૭*

★ *શ્રી નરેન્દ્ર કોઠારી : ૯૯૨૪૬ ૩૩૯૪૫*

આર્થિક રીતે સક્ષમ ન હોય તેવા પરિવારના સભ્યનો મેડિક્લેઇમ ઉતરાવવા માટે સમાજ તરફથી યોગ્ય સહાય કરવામાં આવશે. આ અંગે આપની ઉદાસીનતા છોડી, આ બાબત પર ધ્યાન આપશો. મેડિક્લેઇમ ન ધરાવતી વ્યક્તિએ આ સમિતિનો સંપર્ક સાધવા વિનંતી છે.

***રજનીકાંત પારેખ***
***કન્વીનર, તબીબી સહાય તથા સમાજ સુરક્ષા અને બાલ કલ્યાણ સમિતિ***

*પાણીનો પ્રવાહ ધીમે ધીમે જેમ ભારે પથ્થરોને ઘસી નાખે છે તેમ સમયનો પ્રવાહ દુઃખના ભારને આખરે તોડી નાખે છે.*

### જોઇએ છે

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાઉન્ટર માટે કોમ્પ્યુટર જાણકાર ક્લાર્કની જરૂરત છે.*

રસ ધરાવનારે પોતાની અરજી નીચેના સરનામે મોકલી આપવી.

**મેનેજરશ્રી**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
**E-mail : kutchijanamd@gmail.com**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વયસ્ક સમિતિ

## લેકે પહેલા પહેલા પ્યાર... ભરકે આંખોમેં ખુમાર...

***વયસ્ક સભ્યોને આનંદ સાથે પોતાની મનગમતી પ્રવૃત્તિ કરવાનું પ્લેટફોર્મ એટલે વયસ્ક સમિતિ. આ વયસ્ક સમિતિ ઘણાં સમયથી પોતાના મંડળના સભ્યોના હૃદયને પરસ્પર એક તાંતણે જોડવાનું કામ કરે છે. આ રીતે વયસ્ક સમિતિના કાર્યક્રમો વયસ્ક સભ્યોના જીવનની સૌથી યાદગાર સફર હોય છે. કોરોનાના સમયમાં પણ તેઓ વોટ્સએપ પર એકબીજા સાથે જોડાયેલા રહ્યા હતા અને એકબીજાના વિચારો જાણીને આનંદ મહેસૂસ કરતા હતા. હજુ પણ એ જ રીતે આ સંપર્કસૂત્ર કાર્યરત છે.***

કોરોનાના કપરા કાળ બાદ લગભગ બે વર્ષના લાંબા સમય બાદ સમિતિ દ્વારા તા. ૨૫-૧૧-૨૦૨૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે બપોરે ૩ વાગે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સૌપ્રથમ કન્વીનરશ્રીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે આ સમય દરમિયાન આપણા કેટલાક વડીલો અથવા તેમના પરિવારજનો કોરોનાથી અથવા અન્ય રીતે અવસાન પામેલાં છે. જેમાં સમિતિના સભ્ય એવા શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી કલ્યાણજીભાઈ રાંભિયા તથા કાર્યક્રમ માટે હંમેશાં આર્થિક સહયોગ આપવા તૈયાર રહેતા એવા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા, અલકાબેન – અરવિંદભાઈ (યુગલ), હંસાબેન સાવલા, ગુલાબચંદ નાગડા, કાર્યકર કિશોર લાલકા, જગદીશ ત્રેવાડિયા જેવા પચાસથી વધુ વડીલો આપણી વચ્ચેથી વિદાય લઈ ગયા છે. તેમના માનમાં બે મિનિટનું મૌન – બાર નવકાર અને શાંતિ-સ્નાત્રનો પાઠ કરવામાં આવેલ હતો.

ત્યારબાદ સૂરાંજલિ ક્લબ દ્વારા શ્રી ઉમેશભાઈ, શ્રીમતી અર્પણાબેન, ડૉ. શિલ્પા તોશનીવાલ અને રંજન રાવલ દ્વારા સુંદર ગીતોની પ્રસ્તુતિએ સૌને કપરો કાળ ભૂલાવીને આનંદના સરોવરમાં લઈ ગયા હતા. અંતે શ્રીમતી અર્પણાબેને ગરબા ગવડાવી છેલ્લા બે વર્ષની ખોટ પૂરી કરી હતી. ડૉ. હિમાંશુ શાહે માઉથ ઓર્ગન પર પોતાની કલાનો રસાસ્વાદ કરાવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ખૂબ જ સિનિયર કેન્સર નિષ્ણાત ડૉ. ભાવેશ પારેખે કેન્સર વિશે સુંદર માહિતી આપી હતી અને "કેન્સર એટલે કેન્સલ" એવો ડર લોકોના મગજમાંથી કાઢી નાખ્યો હતો.

***ડૉ. ભાવેશ પારેખે અત્યાધુનિક ટ્રીટમેન્ટની માહિતી આપતા જણાવ્યું હતું કે હવે ત્રીજા કે ચોથા સ્ટેજનું કેન્સર પણ કિમોથેરાપી કે અન્ય જટિલ સારવારના બદલે માત્ર ટેબલેટથી પણ કેન્સર મટાડી શકાય છે.*** તેમની આ માહિતીએ દરેક શ્રોતાને અચરજમાં મૂકી દીધા હતા.

***તેમણે જણાવ્યું હતું કે કેન્સરના ઉપચાર કરવા કરતાં તેને આવતાં જ અટકાવવું જોઈએ અને તે માટે બોડી ચેક-અપ અને અન્ય ચેક-અપ નિયમિત સમયે કરાવવા જોઈએ*** અને આપણું રહન-સહન જૈન ધર્મના સિદ્ધાંત પ્રમાણે કરવું જોઈએ. જેમકે ચૌવિહાર, આયંબિલ, ઉકાળેલ પાણી વગેરે.

***સમિતિના આ કાર્યક્રમ માટે નીચે પ્રમાણે વડીલો પાસેથી સ્પોન્સરશિપ મળી હતી :***

*રૂા. ૧૫,૦૦૦/- ભદ્રા બા વાઘેલા*
*રૂા. ૧૦,૦૦૦/- સ્વ. અલકાબેન અરવિંદ સંઘવી અને અરવિંદ હેમચંદ સંઘવીની પુણ્ય યાદમાં તેમના સુપુત્ર અમીર અને રાહુલ તરફથી.*
*રૂા. ૧૦,૦૦૦/- શ્રી નિરંજન વાડીલાલ શાહ – હસ્તે શ્રી મહેન્દ્ર વિશનજી શાહ*
*રૂા. ૭,૫૦૦/- શ્રીમતી મીનાક્ષી રજનીકાંત પારેખ*
*રૂા. ૫,૦૦૦/- શ્રીમતી કોકિલાબેન ભોગીલાલ કોરડિયા*
*રૂા. ૩,૧૦૦/- શ્રીમતી રેવંતીબેન મણિલાલ ગોસર – તેમની દોહિત્રી જૈની અમીષા નિલેશ સાવલાના લગ્ન નિમિત્તે*

> જે કોઈ વડીલને **નિઃશુલ્ક ઓડિયોગ્રામ** મણિનગર, આશ્રમ રોડ અને આનંદનગર ખાતેના ક્લિનિકમાં કરાવવું હોય તેમણે કન્વીનર રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)નો સવારે ૧૦ થી ૧૨માં સંપર્ક સાધવો.

આ કાર્યક્રમના એક ભાગરૂપે સાઉન્ડ લાઈફ સ્પીચ એન્ડ હિઅરીંગ કંપની તરફથી ૩૩ વડીલોના ઓડિયોગ્રામ નિઃશુલ્ક કરવામાં આવ્યા હતા.

કેનેરા બેંકના ચીફ મેનેજર શ્રી પ્રશાંતજીએ બેંક દ્વારા અપાતી સેવાઓ અને તેમાંય ખાસ કરીને ખૂબ જ ઓછા દરે અપાતી મેડિક્લેઈમની માહિતી આપતાં જણાવ્યું હતું કે માત્ર રૂા. ૭,૧૦૦/-માં પાંચ લાખનો મેડિક્લેઈમ કેનેરા બેંક આપે છે.

અત્રે જણાવેલ સ્પોન્સરશિપ દાતા અને અન્ય મહાનુભાવોનું ઉચિત બહુમાન, આ કાર્યક્રમ દરમિયાન કરવામાં આવ્યું હતું.

ડૉ. ભાવેશ પારેખ, ડૉ. શિલ્પાબેન તોશનીવાલ, ડૉ. હિમાંશુ શાહ, શ્રી ઉમેદભાઈ (સાઉન્ડ લાઈફ સ્પીચ એન્ડ હિઅરીંગ), શ્રી પ્રશાંતજી (ચીફ મેનેજર - કેનેરા બેંક), ભદ્રાબા વાઘેલા, રાહુલ અરવિંદ સંઘવી, શ્રીમતી કોકિલાબેન કોરડિયા, શ્રી ઉમેશ શર્મા (સંગીતકાર), શ્રીમતી અર્પણા ભટ્ટ પંડ્યા (સંગીતકાર), શ્રી રંજન રાવલ (સંગીતકાર)

અંતમાં ચલતે... ચલતે... મેરે યે ગીત યાદ રખના... કભી અલવિદા ના કહેના... – ગીત બાદ સૌએ રાષ્ટ્રગીત ગાયું હતું અને ભોજન બાદ સૌ છૂટા પડ્યા હતા.

***રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વયસ્ક સમિતિ

### • આગામી કાર્યક્રમ •

સમિતિ તરફથી એક કાર્યક્રમ ૨૪મી જાન્યુઆરી, ૨૦૨૨ને સોમવારે બપોરે ૩.૦૦ વાગે યોજવામાં આવેલ છે. મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોઈ કાર્યક્રમમાં હાજરી આપનારાઓએ પોતાના પાસ રૂા. ૫૦/- આપીને પાલડી ભવન ખાતે તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૨થી ૨૦મી જાન્યુઆરી, ૨૦૨૨ દરમિયાન સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધીમાં મેળવી લેવા.

★

*જે વડીલોને મેડિક્લેઈમ ઉતરાવવામાં મુશ્કેલી પડતી હોય તેવા લોકોએ વ્યાજબી ભાવે વીમો ઉતરાવવા માટે પાલડી ભવન ઉપર સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધીમાં કન્વીનર શ્રી રજનીકાંત પારેખનો મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ ઉપર સંપર્ક સાધવો.*

★

*કાનની બહેરાશ અને અન્ય દર્દો માટે ઓડિયોગ્રામની જરૂરિયાતવાળા વડીલોએ નિઃશુલ્ક ઓડિયોગ્રામ કરાવવા માટે શ્રી રજનીકાંત પારેખનો પાલડી ભવન ઉપર સવારે ૧૦ થી ૧૨માં સંપર્ક કરવો (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧).*

***કન્વીનર - વયસ્ક સમિતિ***

## નવા સરનામાની માહિતી ન હોવાથી તથા અન્ય કારણોસર ‘મંગલ મંદિર’ના અંકો મોકલાવવાનું બંધ કરવા અંગે....

***(કોઈ સંબંધી અથવા મિત્ર વર્તુળ પાસે જરૂરી માહિતી હોય તો અત્રે મોકલાવવા અનુરોધ છે.)***

પ્રાપ્ત માહિતી અનુસાર ‘મંગલ મંદિર’ સામયિકના કેટલાક ગ્રાહકોનું અવસાન થયું છે અથવા કેટલાક સભ્યોએ અમદાવાદથી અન્યત્ર સ્થળાંતર કર્યું છે. પરંતુ તેમના નવા સરનામાની કોઈ માહિતી અત્રે ઉપલબ્ધ નથી. આ સિવાય, કેટલાક ગ્રાહકોના લવાજમ માસ નવેમ્બર-૨૦૨૧માં પૂરા થયા છે. આ કારણે નીચે જણાવેલ સભ્યોને ‘મંગલ મંદિર’ સામયિકના હવે પછીના અંકો મોકલાવવાનું નાછૂટકે બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે, જેની નોંધ લેવા અનુરોધ છે.

આ પ્રકારના અન્ય નામોનું લિસ્ટ ક્રમશઃ પ્રકાશિત થતું રહેશે.....

- શશીકાંત મોહનલાલ ઠક્કર
- કલ્યાણજી રવજી રાંભિયા
- શાંતિલાલ ઉજમશી સંઘવી
- પ્રવીણ પાસુભાઈ શાહનંદ
- વિજય રતનલાલ ધારશી શાહ (મુનવર)
- ડૉ. ભોગીલાલ કાંતિલાલ શાહ
- અરુણ રસિકલાલ દામજી શાહ
- રતિલાલ નેણશી નાગડા
- જય કીર્તિકુમાર મોમાયા
- નરેન્દ્ર રામજી દેઢિયા
- હસમુખભાઈ રામદેપુત્રા - રાજકોટ
- હરખચંદ કુંવરજી ગોસર - અમદાવાદ
- વિશાલ મહેન્દ્રભાઈ શાહ - અમદાવાદ
- હિતેશ હસમુખભાઈ મહેતા - અમદાવાદ
- મૂળજીભાઈ ધુળાભાઈ સોલંકી - ધોળકા
- કુસુમબેન ધીરજ નાગડા - આણંદ
- માનવ જ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ - મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- હર્ષદભાઈ શાહ - કોલકત્તા
- ભૂપેન્દ્ર નેણશી બાબરિયા - અમદાવાદ
- કિશોરચંદ્ર મગનલાલ ઝોટા - અમદાવાદ
- નીતિન મગનલાલ દેઢિયા - અમદાવાદ
- ભરત શિવજી નાગડા - અમદાવાદ
- મહેન્દ્ર આણંદજી શેઠિયા - વલસાડ
- પદમકુમાર ડી. નાગડા - હુબલી
- જવેર મુલજી લાલકા - અમદાવાદ
- મોહનલાલ નાગજી જૈન ગાંધી - અમદાવાદ
- તારક રશ્મિકાંત શાહ - અમદાવાદ
- વિશાલ શાંતિલાલ લાપસિયા - અમદાવાદ
- મધુકર મેઘજી શાહ - અમદાવાદ
- ભાનુબેન સાવલા - જુહુ, મુંબઈ
- રાજેશકુમાર શાહ એન્ડ કાં. - ચેન્નાઈ

***આ સંબંધી કોઈપણ બાબતે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના ‘મંગલ મંદિર’ વિભાગનો સંપર્ક કરવા અનુરોધ છે.***




## અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ

- VT/VX ની ૬૫૦+ શાખાઓ
- ISO 9001:2015 પ્રમાણિત કંપની
- Robust Systems & Processes પર કાર્યરત
- Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ નેટવર્ક
- બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
- ૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
- ૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
- Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
- રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
- વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management

**V-TRANS**®
Driving Excellence

Our other Divisions | **V-Xpress** Safe and Reliable - For Your Peace of Mind | **V-Logis** Warehousing & Inventory Management

Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660, 09227055777
ઈ-મેઈલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380 015
ફોન : 079-26934340, 98252 68759
ઈ-મેઈલ :
gurjarprakashan@gmail.com
વેબસાઈટ :
www.gspbooksmall.com

## હાસ્ય-વ્યંગ્યના હીંચકે ઝુલાવતું શિષ્ટ હાસ્યસાહિત્ય

| | | |
|---|---|---|
| જ્યોતીન્દ્રતરંગ | જ્યોતીન્દ્ર દવે | 340 |
| જ્યાં ત્યાં પડે નજર મારી | જ્યોતીન્દ્ર દવે | 250 |
| ભદ્રંભદ્ર | રમણભાઈ નીલકંઠ | 300 |
| અમે બધાં | ધનસુખલાલ મહેતા, જ્યોતીન્દ્ર દવે | 325 |
| નિર્મિશ ઠાકરનો હાસ્યવૈભવ | સંપા. નિર્મિશ ઠાકર | 280 |
| સાત અંગ, આઠ નંગ અને... | રમણ સોની | 140 |
| બત્રીસ કોઠે હાસ્ય (પુરસ્કૃત) | ઉર્વીશ કોઠારી | 150 |
| વાચક ક્યાંય નથી ગ્રંથાલયમાં (પુરસ્કૃત) | કિશોર અંધારિયા | 125 |
| દે દામોદર, દાળમાં... | કિશોર વ્યાસ | 80 |
| વાછટ વિનોદની | મહેશ ધોળકિયા | 100 |
| ક્લીન બોલ્ડ (પુરસ્કૃત) | પ્રકાશ લાલા | 60 |
| ડાબે હાથે | હિમાંશી શેલત | 80 |
| પરદુઃખભંજન પેસ્તનજી | ધીરુબહેન પટેલ | 90 |
| ઘર એટલે | ઈલા આરબ મહેતા | 75 |
| સાંબેલાના સૂર | કૃષ્ણ પંડિત | 80 |
| સૂડી વચ્ચે સોપારી | અલ્પા નીરવ શાહ | 100 |
| ગપ્પેગપ્પાં | માલતી દેસાઈ | 32 |
| હાસ્યકલરવ (પુરસ્કૃત) | પ્રદ્યુમ્ન આચાર્ય | 100 |
| અઢારેય અંગ વાંકાં | રમણલાલ છગનલાલ પટેલ | 70 |
| હાસ્યમંદિર | રમણભાઈ નીલકંઠ (વિદ્યાગૌરી નીલકંઠ સાથે) | 125 |
| પુષ્પો અને પતંગિયાં | ડૉ. રતન રુસ્તમજી માર્શલ | 70 |
| હળવી કલમનાં ફૂલ | ચંદ્રકાન્ત શેઠ | 60 |
| આનંદગુલાલ | શશિન ઓઝા | 70 |
| હાસ્યનું મેઘધનુષ | ચિત્રસેન શાહ | 120 |

### સંપાદિત હાસ્ય સાહિત્ય

| | | |
|---|---|---|
| બકુલ ત્રિપાઠીનો હાસ્યવૈભવ | સંપા. હસિત મહેતા | 225 |
| બહુરંગી (ગુજ. લેખિકાઓની હાસ્યરચનાઓ) | સંપા. સ્વાતિ મેઢ | 160 |
| હાસ્ય-કણિકા | સંપા. મહેન્દ્ર મેઘાણી | 40 |
| સરદાર : અસરદાર | સંપા. શરીફા વીજળીવાળા | 10 |
| ફન.કોમ | સંપા. પ્રસંગ શાહ | 10 |
| હાસ્યપલ્લવ (પુરસ્કૃત) | પલ્લવી મિસ્ત્રી | 55 |
| હાસ્ય-વસંત (પુરસ્કૃત) | પલ્લવી મિસ્ત્રી | 120 |
| હાસ્યવર્ષા (પુરસ્કૃત) | પલ્લવી મિસ્ત્રી | 140 |

### વિનોદ ભટ્ટ

| | |
|---|---|
| ઇદમ્ ચરિત્રમ્ | 180 |
| અને હવે ઇતિહાસ | 100 |
| મારું વહાલું અમદાવાદ | 140 |
| ઇદમ્ વિનોદમ્ | 170 |
| આંગળી ચિંધ્યાનું પુણ્ય | 250 |

### રતિલાલ બોરીસાગર

| | |
|---|---|
| 'જ્ઞ'થી 'ક' સુધી | 75 |
| એન્જોયગ્રાફી (પુરસ્કૃત) | 70 |
| મરકમરક (પુરસ્કૃત) | 80 |
| સંભવામિ યુગે-યુગે | 100 |
| ભજઆનંદમ્ | 170 |
| મરક મરક | 130 |

### મધુસૂદન પારેખ

| | |
|---|---|
| જરાક હસતું મોં | 90 |
| હાસ્ય મધુર મધુર | 80 |
| ઘરઘરની રામાયણ | 130 |
| સંસારની ભવાઈ | 120 |

### નિરંજન ત્રિવેદી

| | |
|---|---|
| માર ખાયે સૈંયા હમારો | 90 |
| ગૂગલી અને વાઈડબોલ | 40 |
| કોના બાપની હોળી ? | 200 |

### જયંતિ પટેલ 'રંગલો'

| | |
|---|---|
| રંગલાની રામલીલા (પુરસ્કૃત) | 250 |
| ગાંધીજી, ચેપ્લિન અને હું (પુરસ્કૃત) | 125 |

### કલ્પના દેસાઈ

| | |
|---|---|
| આજનું કામ કાલે | 160 |
| Punch ત્યાં પરમેશ્વર | 125 |
| પંદરમું રતન | 120 |

### નલિની ગણાત્રા

| | |
|---|---|
| લાફ પાંચમ | 150 |
| છહહાસ્ય | 120 |
| મૂળચંદ સાતમો | 140 |

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

**To,**